પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨૨ ॥


## શ્રી નમસ્કાર મહામંત્ર

| | | | | |
|---|---|---|---|---|
| नमो | न | नमो | न | नमो |
| अरिहं | मो | आ | मो | लो |
| ता | सि | य | उ | ए |
| णं | द्धा | रि | व | स |
| | णं | या | ज्झा | व्व |
| | | णं | या | सा |
| | | | णं | हू |
| | | | | णं |

एसो पंच नमुक्कारो, सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ।

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

ॐ पार्श्वनाथाय ह्रीं

णमो अरिहंताणं ।१।

णमो अरिहंताणं ।२।

णमो अरिहंताणं ।३।

णमो अरिहंताणं ।४।

णमो अरिहंताणं ।५।

णमो अरिहंताणं ।६।

णमो अरिहंताणं ।७।

णमो अरिहंताणं ।८।

णमो अरिहंताणं ।९।

णमो अरिहंताणं ।१०।

णमो अरिहंताणं ।११।

णमो अरिहंताणं ।१२।

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨૨ ॥

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

श्रीँ


- HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts, musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

- VOLUME - 22

August 2019
300 Copies / 224 Pages
For Private Circulation only.

- PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

- SPONSOR

Shri C. K. Mehta
Mumbai

- ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

- eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com


Amazon Kindle

- SHRI AARADHNA DHAM JAIN TIRTH


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


- **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# આત્મોત્થાનકારક ચિંતનોની હારમાળા



‘ચેતન! જ્ઞાન અજવાળીએ...’ એટલે ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજા રચિત અમૃતવેલની સજ્જાય, જે પૂજ્ય સાહેબજીને અત્યંત પ્રિય હતી. દરેક ઉપધાન તપમાં તેના અર્થ ઉપર જ્યારે પ્રવચનો ફરમાવીને પૂજ્યશ્રી નિત્યનૂતન પદાર્થોના રહસ્યોને પ્રગટ કરતા, તે વખતે તેઓના હાવ-ભાવ જાણે કે આત્મદળમાં જ ઓગળી ગયા ન હોય, તેવા અનુભવાતા! એ ચિંતનોને ડાયરીઓમાં કંડારતી વખતે ય સાહેબજી અધ્યાત્મભાવથી ભાવિત બની જતા, એ અમારા સ્મરણમાં છે. સાહેબજીના ચેતનની જેમ જ જીવનની એક-એક ક્ષણ પણ જો કે પૂર્ણ આત્મજાગૃતિવાળી જ હતી.

જૂઓને, આજના આ ભાગના પ્રથમ પૃષ્ઠમાં જ સાહેબજીએ ત્રણ વર્ષનો મન-વચન-કાયાની શુદ્ધિનો કેવો સંકલ્પ કરેલો, તે વંચાય છે! તે સંકલ્પ તો સિદ્ધ થયેલો જ તથા તે પછીનું સાહેબજીનું જીવન પણ વિશેષ-વિશેષ આત્મરમણતા તરફ ઢળતું ગયેલું, એ અમોએ નજીકથી જોયું છે.

તેઓના જીવનની એક વિશિષ્ટ કામના હતી કે ‘શિવમસ્તુ સર્વ જગતઃ’ની ભાવના સાથે વ્યાખ્યાન બાદ સમુહમાં ૧૨ નવકાર મહામંત્રનું નિત્ય પઠન થાય. તે માટે ગુરૂ સમર્પિત સાહેબજીને જે દિવસે તેની અનુમતિ મળેલી, તે દિવસે અનુભવેલા ઘણા આનંદને એમણે આ ડાયરીમાં વ્યક્ત કરેલ. આજે તે વાંચતા હર્ષાશ્રુથી છલછલતી આંખોથી કહેવાનું મન થાય છે કેઃ ‘સાહેબજી, જીવો પ્રત્યેની અનહદ આત્મિયતાના કારણે આપની સર્વજીવકલ્યાણની ભાવના ઘર-ઘરમાં પ્રસરાવવા વડિલ ગુરૂદેવની અનુમતિ મળી, ત્યારનો આનંદભાવ આ હસ્તાક્ષરોમાંથી સ્પષ્ટ ઉપસી આવે છે.’

ॐ

આ ડાયરીમાં તેઓએ કરેલા અલગ-અલગ ચિંતનો કેવા તો કમાલના છેઃ

'સર્વ જીવોમાં આત્મસ્વરૂપ કે પરમાત્મસ્વરૂપના દર્શન એ જ તાત્ત્વિક મૈત્રી છે.'
'સ્વાધીન મનવાળાને ગામમાં કે અટવીમાં જઈને રહે તો પણ કાંઈ વિક્ષેપ નથી. જેનું મન કાબુમાં આવ્યું છે, તેને મન નગર કે સ્મશાન - સર્વ સ્થાનો સરખા છે.'
'બ્રહ્મ રસરૂપ છે એ ભાવ પુનઃ પુનઃ અભ્યાસનીય છે. બ્રહ્મજ્ઞાનને જ આત્મદર્શન કે આત્માનુભવ કહે છે. તેના પ્રકાશથી જ તો આપણો અજ્ઞાનાંધકાર દૂર થાય છે.'
'આપણે ચૈતન્યસ્વરૂપ છીએ-એ સત્યનું વિસ્મરણ થવું એ જ અજ્ઞાનના અંધકારમાં ડુબવું છે. અધ્યાત્મમાં આત્મવિસ્મૃતિ અજ્ઞાન ને આત્મસ્મૃતિ એ જ્ઞાન કહેવાય છે.'

એક એક નાનકડું ચિંતન પણ કેટલું કહી જાય છે! આવા તો અનેક ભાવો તેમના હૃદયમાંથી પ્રગટ થયા છે. આ ડાયરીઓ દ્વારા આવા અત્યંત આત્મોત્થાનકારક ચિંતનોની હારમાળા પ્રાપ્ત થઈ રહી છે, જે વાંચતા-વિચારતા હૈયું ગદ્‌ગદ્ બની કહેવા લાગી જાય છે કેઃ સાહેબજી, આપે આ કેવું અમૃત અમોને આપી દીધું... ધન્ય છો!

આ અમૃતનું આચમન કરાવવામાં જેમનું હિમાલય જેટલું ઉત્તુંગ પ્રદાન છે, તેવા ગુરૂભક્ત અમારા શ્રાવકરત્ન **સી.કે.મહેતા**ની ઉદારતાને હૃદયથી દાદ દેવી જ પડે! ગુરૂભક્તિથી જ પૂજ્ય સાહેબજીના એક એક શબ્દથી ભાવિત બનેલા રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈ મહેતાના સુપુત્ર દિપકભાઈના ધર્મપત્ની **ભારતીબેન**ને પણ કહેવું પડે કેઃ બેન! તમને ધન્યવાદ છે કે આવા અત્યંત જીર્ણ થઈ ગયેલા કાગળોમાંથી છેકછાક કરેલા શબ્દોને શુદ્ધ કરીને સુવાચ્ય બનાવવા તમો તમારા જૂથ સાથે દિવસ-રાત મથી રહ્યા છો. બસ! તેનાથી જ આ ખજાનો ખરેખર અખૂટ અક્ષયપાત્ર બની રહ્યો છે, તેનો આનંદ છે.

આ અમુલ્ય ગ્રંથોમાં રહેલ મૈત્રીભાવ આપણા સૌનો મોક્ષમાર્ગ ઝીલમીલતો કરે તેવી અભિલાષા સહ આ ગ્રંથોની વાચનામાં રમમાણ સાધકાત્માઓની અનુમોદના.

ઑગષ્ટ, ૨૦૧૯
**જામનગર.**

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

श्रीं

# હવે તો જીવન જ
# જાણે એક ઉજમણું...



પૂજ્ય ગુરુમહારાજ પાસે રાજસ્થાનમાં શ્રી નવપદજી ભગવાનની ઓળી તથા તેના ઉજમણાનું માહાત્મ્ય જાણીને સતત સાડા ૪ વર્ષ તેઓના સાંન્નિધ્યમાં જ આયંબીલની ૯ ઓળી સંપન્ન કરી. અંતિમ ઓળી દરમ્યાન સાહેબજીને મેં પૂછેલું: 'મારે ઉજમણામાં શું કરવું?' તેઓએ ઉત્તરમાં કહેલું કે: 'સી.કે., જ્ઞાન પરત્વે તમારો સદ્‌ભાવ જોયે મને એમ થાય છે કે મુંબઈ તથા ગુજરાત-સૌરાષ્ટ્ર સુધીની પાઠશાળાના દરેક પંડિતજીઓ-શિક્ષકોનું તમે યથાયોગ્ય બહુમાન કરો. આ જ્ઞાનાદરથી તમારા જ્ઞાનાવરણીય કર્મો તૂટશે અને શાસનની પણ ઉત્તમ સેવા થશે.'

પૃચ્છા વિના કદી યે કોઈને કશું ય ન કહેનારા ગુરુમહારાજે આ રીતે તે મંગલઘડીથી 'જ્ઞાનદાન'નો માર્ગ મારા માટે ખોલી આપ્યો. એ ઉજમણાંનો આનંદ જે રીતે મારી અંદર રગેરગમાં ફરતો મને આજે પણ અનુભવાય છે, એને કહેવા માટે શબ્દો નથી!

આજે પૂજ્ય ગુરુ મહારાજે પોતાની રોજનીશીઓમાં વહાવેલી અધ્યાત્મની જ્ઞાનધારાને 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' રૂપે પ્રકાશિત કરવાનો જે સર્વોત્તમ લાભ મને મળી રહ્યો છે, ત્યારે તેઓએ 'જ્ઞાનસંપદા સહાય'માં મને સૌ પ્રથમવાર જોડેલો, તે સમય ફરીથી મારા સ્મરણમાં ઉજાગર થયો છે, તેનો કૃતજ્ઞતાભાવ વ્યક્ત કરૂં છું.

ઑગષ્ટ, ૨૦૧૯
મુંબઈ.

સી. કે. મહેતા









દોર્ભિર્યુક્તા ચતુર્ભિઃ સ્ફટિકમણિનિભૈરક્ષમાલાન્દધાના
હસ્તેનૈકેન પં સિતમપિ ચ શુકં પુસ્તકં ચાપરેણ ।
ભાસા કુન્દેન્દુશઙ્ખસ્ફટિકમણિનિભા ભાસમાનાઽસમાના
સા મે વાગ્દેવતેયં નિવસતુ વદને સર્વદા સુપ્રસન્ના ॥

શ્રી

ૐ

## શુભ સંકલ્પ

ચૈત્ર સુદ ૮, સં. ૨૦૧૯ થી ચૈત્ર સુદ ૮, સં. ૨૦૨૨ સુધીના
ઓછામાં ઓછા આ ત્રણ વર્ષ
હું શરીર, મન અને વચનનો દુરુપયોગ થતો અટકાવીશ
કે જેથી હું મારી ૬૪ વર્ષની વયે
પરમોચ્ચ આંતરિક શાંતિને પામી શકું.

I decide to stop the wastage of
body, mind and speech
for at least 3 years
Starting from 31-3-63 to 31-3-66
so that I can obtain inner peace
at the age of 64.

નમો અરિહંતાણં

ह्रीँ

## નામસ્મરણનો મહિમા

સર્વ શાસ્ત્રો અને સંસારના સર્વ ધર્મો ઈશ્વરના નામસ્મરણનો મહિમા જોરશોરથી વર્ણવે છે, કારણકે આપણો આત્મા વસ્તુતઃ ઈશ્વર છે, તેથી 'ઈશ્વરનું રટણ સતત કરવાથી ઈશ્વર થવાય' એ વાત બુદ્ધિગમ્ય છે. પ્રભુના નામસ્મરણનો મહિમા અગાધ છે અને સર્વ ધર્મક્રિયાનો સાર પણ ઈશ્વરમય થવું તે છે, તેથી સર્વ શાસ્ત્રો ઈશ્વરમય થવા માટે ઈશ્વરના નામનું સતત રટણ કરવાનું બતાવે છે. આથી કહેવાયું છે કે:

જિણસાસણસ્સ સારો ચઉદસ પુવ્વાણ જો સમુદ્ધારો ।
જસ્સ મણે નવકારો સંસારો તસ્સ કિં કુણઇ ?

અર્થાત્: જિનશાસનનો સાર અને ચૌદ પૂર્વનો ઉદ્ધાર એવો નવકાર જેના મનમાં છે, તેને સંસાર શું કરે? નવકાર મંત્ર એ જિનશાસનનો અને સંસારનો પણ સાર છે, કેમકે તેના રટણમાત્રથી ઈશ્વરમય થવાય છે. Right convictionની સાથે constant practice અને તે માટે શ્રોત્ર-ચક્ષુ ઉભયનું આકર્ષણ આવશ્યક છે. નામનો સ્પર્શ, રસ અને ઘ્રાણ સાથે જેટલો સંબંધ છે, તેના કરતાં વધુ સંબંધ ચક્ષુ અને શ્રોત્ર સાથે છે.

શ્રી

## ટેવ બીજો સ્વભાવ

ઈશ્વરનું નામ ઈશ્વરના જ્ઞાન માટે છે અને
ઈશ્વરનું જ્ઞાન પોતાના શુદ્ધ આત્માના જ્ઞાન માટે છે.
જ્ઞાન માટે વધારે પ્રબળ ઈંદ્રિય ચક્ષુ અને શ્રોત્ર હોવાથી
તે બે ઈંદ્રિયોના નિગ્રહથી લેવાતું નામ શીઘ્ર ટેવમાં પરિણમે છે.
એ ટેવ સુટેવ હોવાથી અંતે સ્વભાવરૂપ બની જાય છે,
એટલા માટે ટેવને બીજો સ્વભાવ માન્યો છે.

*Habit is second nature.*

૦ જેમ નદી સમુદ્રમાં મળી જાય છે, તેમ અનિરૂપ
આત્મા પરમાત્મામાં મળી જાય, ત્યારે તે પૂર્ણ થાય છે.

## સુખપ્રાપ્તિની કુંચી

સ્વસુખની જ ચિન્તા કરનારો હંમેશા દુઃખી થાય છે.
સહુના સુખની ચિન્તા જે કરશે તે સુખી થશે.
આ છે સુખપ્રાપ્તિની કુંચી, જે આપણે ખોઈ નાંખી છે.
જ્યાં બાળ જીવોથી કપાયા, ત્યાં ઈશ્વરથી પણ કપાઈ ગયાં.
જીવો અને ઈશ્વરને જો વળગી રહીએ તો જીવતા છીએ.
આ વાત એટલી બધી સરળ છે કે હર કોઈ સમજી શકે.
'જે કરુણામય ઈશ્વરમાં શ્રદ્ધા રાખી સહુ ઉપર પ્રેમ ધરાવે,
તે જ સુખી છે' એટલું સહુ આસાનીથી સમજી શકે છે.

ૐ

આસ્તિકતા અને વિવેકાદિ પ્રભુ પ્રત્યેની ભક્તિપૂર્ણ બુદ્ધિ
અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધાપૂર્ણ બુદ્ધિ જન્મે છે.

## સુખ - દુઃખ - પ્રેમ - સંતોષ

સુખની સાથે સાથે દુઃખને પણ વંદો.

Imp. સાધકે દુઃખનો સામી છાતીએ સ્વીકાર કરવો,
એ પણ સુખ જેટલું જ જરૂરી છે.

પ્રેમ એ પારસમણિ છે.

પ્રેમબીજનું ફળ અગણિત પ્રેમફળ જ હોય.

જ્યાં પ્રેમ છે, ત્યાં ક્ષેમ છે. જ્યાં વેર છે, ત્યાં વિનાશ છે.
આખા જગત પ્રત્યે પ્રેમ રાખવામાં ઈશ્વરની ઓળખ છે.
શરીરને રોગ અને દુર્બળતાદિ, હૃદયને કઠોરતા અને ભાગ્યહીનતાદિ તથા આત્માને કૃપણતા અને અહંકારના પાપાદિ મુક્ત કરે, તે જ સાચી વિદ્યા અને તે જ કેળવણી.
થોડામાં થોડા ધનાદિ સંતુષ્ટ થઈ શકે તે મોટામાં મોટો શ્રીમંત છે, કેમકે સંતોષ એ સર્વશ્રેષ્ઠ અને કુદરતી ધન છે. સાચી વિદ્યા સંતોષ રાખવાનો સંકલ્પ કરાવે. વિશ્વની કે ધર્મતીર્થની આદિ ઉત્પત્તિનું કારણ સંકલ્પ જ છે. નિવૃત્તિમાર્ગ = ધ્યાન. આમ મનથી મનને શાંત કરી, વિષયોદિ વિમુખ બનાવી, પરમાત્માના સાકાર કે નિરાકાર સ્વરૂપમાં સ્થિર કરવું.

'હું દેહ છું' એવી પાશવ બુદ્ધિ જ સઘળાં ભય અને
સઘળી વાસનાઓની ઉત્પત્તિનું કારણ છે.

નમ્રતાથી નિર્ભયતા આવે છે.

પુદ્ગલનું અભિમાન છોડવાથી નમ્રતા અને આત્માની શક્તિનો વિશ્વાસ કરવાથી સૌમાં નિર્ભયતા આવે છે.

આત્મશક્તિના વિશ્વાસમાંથી જ
નમ્રતા-નિર્ભયતા કેળવનાર નવકાર મંત્રની ઉત્પત્તિ છે.

## સમત્વભાવ

સમદૃષ્ટિ = સર્વ પ્રાણીઓ પ્રત્યે આત્મૌપમ્યભાવ.

સ્વાર્થને નિર્મૂળ કર્યે પ્રચંડ શક્તિનું અવતરણ થાય છે. સર્વ ઘટનાઓ તરફ અને સર્વ સ્થિતિમાં ચિત્તને શાંત-પ્રસન્ન રાખવાની તે શક્તિને જ 'સમત્વ' કહેવામાં આવે છે.

સમતાનાં બે અંગો કે બાજુઓ: હકારાત્મક અને નકારાત્મક.

સંસારના સર્વ પદાર્થોને ક્ષણભંગુર વિચારી કર્મ અને તેના ફળમાં અનાસક્તિ કેળવવી, તે નકારાત્મક સમતા છે.

પરમાત્માના શુભ સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે
જે કર્મ કરવામાં આવે છે, તે નિરાશંસ બને છે.

'સર્વ સંયોગોમાં પરમાત્માનું જ અસ્તિત્વ છે' એમ સમજી અંતરથી આનંદ અનુભવવો, એ હકારાત્મક સમતા છે.

ૐ

## ધર્મપરાયણતા

જે કર્મથી આપણા ચિત્તની શુદ્ધિ થાય,
તે કર્મ ધાર્મિક ગણાય છે.
જે ચિત્તની અધોગતિ કરે, તે અધાર્મિક છે.
સકામ બુદ્ધિથી કરેલાં સર્વ કર્મો અધાર્મિક અને
નિષ્કામ બુદ્ધિથી કરેલાં દરેક કર્મો ધાર્મિક છે.
આનો આધાર કર્મના પ્રકાર ઉપર નહિ પણ હેતુ ઉપર છે.
બાહ્યક્રિયાઓનું આચરણ અહર્નિશ કરવા છતાં મનમાંથી
હિંસા, સ્વાર્થ, અહંતા, મમતા વગેરે જો નાબૂદ ન થાય,
તો તેને ધર્મ પરાયણતાની સંજ્ઞા આપી શકાય નહિ.
પ્રાણીમાત્રનાં દુઃખની આત્યંતિક નિવૃત્તિ જેનાથી થાય,
તે જ શાસ્ત્ર, સમય અને ધનનું દાન સર્વોત્તમ ગણાય.
આવું આધ્યાત્મિક દાન આપવાની લાયકાત સિદ્ધ પુરુષો
કે ઉત્તમ કોટિના સાત્ત્વિક સ્વભાવવાળા સાધકોમાં હોય.
જેઓ પોતે જ વિકારને આધીન હોય,
તેઓ બીજાને આરસી કેવી રીતે બતાવી શકે?
જેઓ પોતાના જીવન અને કવન દ્વારા
અધ્યાત્મલાભનું દાન કરે છે,
તેઓ જગતના ખરેખરા હિતચિંતકો-કલ્યાણકર્તાઓ છે.

श्रीं

# Surrender

બુદ્ધિનો નિર્ણય એ જ્ઞાન નથી પણ જ્ઞાનનું પહેલું પગથિયું છે.
બુદ્ધિ માત્ર માર્ગદર્શક છે. તે માત્ર ભોમિયાનું કામ કરે છે.
રસ્તો બતાવનાર જેમ પોતાનું કામ પૂરું કરી ચાલ્યો જાય,
તેમ બુદ્ધિને પણ નિશ્ચલ થતી વખતે પોતાનો વ્યાપાર
સમેટી લેવો પડે છે. બુદ્ધિ સાધક છે તેમ બાધક
પણ છે. જ્યારે ચિત્ત શાંત અને વિમળ થાય છે, ત્યારે
સર્વના અધિષ્ઠાન તરીકે રહેલા આત્મતત્ત્વનું ભાન થાય છે.
આ માટે તીવ્ર આલોચના અને સંસારના સર્વ ક્ષણભંગુર
પદાર્થો પ્રત્યેની લોલુપતાને જડમૂળથી ઉખેડી નાંખવી જોઈએ.
એ કાર્ય Surrender અને સમર્પણબુદ્ધિ જ શક્ય છે.
આત્મતત્ત્વમાં દૃઢ નિષ્ઠા એ જ સાચું Surrender છે.

આત્મા સર્વ ક્રિયાઓનું નિર્લેપ અધિષ્ઠાન છે.
સુખદુઃખાદિમાં સુખદુઃખાદિની બુદ્ધિ છોડીને
સર્વત્ર બ્રહ્મબુદ્ધિ રાખવી જોઈએ.

કર્મ, કર્મફળ, કર્મભોગ અને કર્મકર્તા, એ બધું બ્રહ્મ છે.
કર્મેન્દ્રિયોને કર્મ કરતાં અટકાવીને જે
મનથી વિષયોનું ચિંતન કરે, તે ઢોંગી તથા
બહારથી ત્યાગી અને અંદરથી વાસનાગ્રસ્ત મિથ્યાચારી છે.

श्रीँ

## મનને ઇંદ્રિયોને સંયમમાં રાખો

સ્વધર્માનુસાર કર્મમાં પ્રવૃત્ત રહે, તે સાધક જ શ્રેષ્ઠ છે.

દેહાત્મબુદ્ધિ અથવા પશુબુદ્ધિનો ત્યાગ એ જ ખરો ત્યાગ છે.

## પંચવાયુના બીજમંત્રોના સ્થાન અને પરિણામ

| | | | |
|---|---|---|---|
| પ્રાણ | - યૈં | હૃદય | શરીર સાવ હલકું બને. |
| અપાન | - પૈં | ગુદા | શરીર નિર્મળ બને છે. |
| સમાન | - વૈં | નાભિ | અધિક પ્રાણસંચાર થાય. |
| ઉદાન | - રૌં | કંઠ | જળમાં સહજ તરી શકાય. |
| વ્યાન | - લૌં | ત્વચા | ટાઢ ને તાપનો જય થાય. |

## આપાદમસ્તક ધ્યાન ધરાતા ૨૦ અંગો

(૧) ડાબા પગનો અંગુઠો (૨) પગનું તળીયું (૩) પાની (૪) ઘુંટી (૫) પિંડી (૬) ઢીંચણ (૭) સાથળ (૮) ગુદા (૯) લિંગ (૧૦) નાભિ (૧૧) ઉદર (૧૨) હૃદય (૧૩) કંઠ (૧૪) જીહ્વા (૧૫) તાળુ (૧૬) નાસાગ્ર (૧૭) નેત્ર (૧૮) ભ્રુકુટી (૧૯) કપાળ (૨૦) મસ્તક.

## વૃત્તિ અને તેના આકાર

અગ્નિના અસ્તિત્વને કારણે

જે વિશિષ્ટ આકારવાળી વૃત્તિઓ ઉપસ્થિતતામાં જાગે છે, તેવા વૃત્તિઓ અગ્નિના અસ્તિત્વ વિના કદાપિ ન જ જાગે.

ઉપયોગિતામાં વૃત્તિઓ જાગે એ એનો સ્વભાવ છે એટલે
ઉપયોગિતાનો સ્વભાવ છે પણ એમાં
વિશિષ્ટ પ્રકારનો આકાર આપનાર તો આલંબન જ છે.
મમતા-ઉપયોગિતા વૃત્તિની નહિ પણ વૃત્તિના આકારની છે.
વૃત્તિને આકાર આપવાનું કાર્ય પરમાત્મા કરે છે.
વૃત્તિ તે જીવની યોગ્યતા અને આકારાર્પણ તે પરમાત્માની.
યોગ્યતા-કૃપા એ બે મળીને આરાધનારૂપ કાર્ય નીપજે છે.
કર્માધીન એટલે રાગદ્વેષાધીન. રાગ તે જીવનનો શ્વાસ છે,
ધર્મ તે સાચી તૃષ્ણા છે અને સમકીત તે સાચો દાગીનો છે.

'કંચન તજવું સહેલ છે, સહેલ ત્રિયાનો નેહ;
આપબડાઈ અને ઈર્ષા, એ તજવાં મુશ્કેલ.'

## આત્મવિસ્મૃતિ એ જ દુઃખ

આપણા માટે સમાધિ = સુખ અને સમાધિભંગ = દુઃખ છે.
એ દુઃખ વખતે આત્મસ્વરૂપની વિસ્મૃતિ થયેલ જ હોય,
અન્યથા દુઃખ હોઈ શકે જ નહિ, તેથી દુઃખ વખતે દુઃખ દૂર
કરવાના પ્રયત્નોમાં ન પડતાં તેના કારણભૂત આત્મસ્વરૂપ
વિસ્મૃતિને જ દૂર કરવી જોઈએ. સુખ અને દુઃખને
આત્મસ્મૃતિ અને વિસ્મૃતિ સાથે અવિનાભાવ સંબંધ છે.
આત્મસ્મૃતિ એટલે નિજજ્ઞાન પરમાત્મરૂપનો અભેદાનુભવ.

પરમાત્માના આલંબન દ્વારા એ પરમાત્મરૂપનો અનુભવ
થતાં જ અંદર રહેલા અજ્ઞાનજન્ય વિકલ્પો દૂર થાય છે.

## તાત્વિક મૈત્રી

સર્વ જીવોમાં આત્મસ્વરૂપના અથવા
પરમાત્મસ્વરૂપના દર્શન એ જ તાત્વિક મૈત્રી છે.

સ્વાધીન મનવાળાને ગામમાં રહેતાં પણ વિક્ષેપ થતો નથી
અને અટવામાં જઈને રહે તો પણ કાંઈ વિશેષ નથી.
જેનું મન કાબુમાં આવ્યું છે, તેને સર્વ સ્થાનો સરખાં છે.

આ સંસારે આત્મા અને જડ - એમ બે વસ્તુઓ છે.
તેમાં નિઃસાર જડ વસ્તુમાં આસક્તિ કરી ભાન ભૂલાય છે,
ફક્ત ચૈતન્ય વસ્તુ જ સારભૂત છે.

આત્માના ઉપયોગનું જડ સાથે પરિણમવું, તે ભેદ અને
તેનું સ્વરૂપમાં જ પરિણમવું કે સ્થિર થવું, તે અભેદ છે.

આત્મસ્વરૂપમાં અભેદ-એકરસ થઈ રહેવું, તે સર્વજ્ઞની
આજ્ઞા છે. નિર્વાણપ્રાપ્તિ માટે આ જ ઈશ્વરની આજ્ઞા છે,
સર્વજ્ઞનો નિશ્ચય છે કે આત્મસ્વરૂપમાં સ્થિરતા કરવી.
તે સિવાયના જગતના સર્વ પદાર્થો અને સર્વ પર્યાયો
તે સર્વ વિભાવ છે તથા આત્માથી છુટા પાડનાર છે.
આ રીતે નિશ્ચય કરવો તે 'આજ્ઞાવિચય ધર્મધ્યાન' છે.

श्रीं

<u>સદ્ભાવની સુવાસ</u>

ક્રોધ પ્રીતિનો, માયા મૈત્રીનો, માન વિનયનો અને
લોભ એ બધી કષાયનો નાશ કરે છે.

મૈત્રીનાશથી પ્રત્યય-પ્રતીતિ-વિશ્વાસનો અંત આવે છે.
મોહોદય આત્મસ્થિરતાનો વિરોધ હોઈ વ્યાકુળતા જન્માવે.

<u>દેહમાં કર્તૃત્વ આરોપીને</u>
<u>પ્રત્યેક જૈન કર્તા બની ગયો અને નિર્ગ્રન્થ ગુરૂનો લક્ષ,</u>
<u>અંદર તેમ જ બહારની ગાંઠોનો એક નમુનો બની ગયો.</u>

નમસ્કાર અનિત્યના વિલોપ માટે છે.
સામાયિક અંદર-બહારની ગાંઠ ઉકેલી નાંખવા માટે છે.
સદ્ભાવનાની સુવાસના એક કણ જેટલું સત્કાર્ય પણ
પૃથ્વીમંડળમાં ભરેલું બધું ચિંતી છે કે આત્મવિચારણામાં
ઊંડા ઉતરનાર વ્યક્તિને જ તેની ખરી ચિંતા સમજાય છે.

कल्मषक्षपणमनसा स्मृतिमात्र-निरोधिनात् ।
ध्यायते परमं ध्येयं गमागमपदे स्थितम् ॥८९॥

તે પછીના પૃષ્ઠમાં કહ્યું છે કે:

तत्तन्नियताकार-संकोचाभावात् परमं ध्येयं शिव-
लक्षणं परमकारणं ध्यायते स्वात्माऽभेदेन परामृश्यते ।

<u>-તંત્રાલોક, પ્રથમ આહ્નિક, પૃષ્ઠ ૨૩૩, ૨૩૪</u>

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

સ્મૃતિમાત્ર નિરોધનાત્ = સ્મૃતિમાત્રં
શરીરમુખહસ્તાદ્યાત્મકં વિકલ્પનમ્ તસ્ય નિરોધનમ્ ।
અર્થાત્: સ્મૃતિમાત્ર નિરોધન એટલે
શરીર, મુખ, હસ્ત વગેરેના વિકલ્પોનો નિરોધ કરવો તે.
આમ પરમેષ્ઠિનો નમસ્કાર અભેદ પ્રણિધાન જેવો છે.
ધ્યાતાનો ધ્યેયમાં દ્રવ્ય અને ભાવસંકોચ નમ્રતા લાવે છે.
તે નમ્રતાને ઉત્કૃષ્ટે સાધક કે ધ્યાતા ધ્યેયાકાર બને છે.
વિચાર મનની સપાટી ઉપરનો સામાન્ય તરંગ નહિ પરંતુ
વિચાર વડે સમગ્ર આત્માની ગતિને એક વેગ મળે છે.

તીર્થોમાં જે મહત્ત્વ સિદ્ધાચલજીનું અને
નવકારમાં જે મહત્ત્વ ચૂલિકાનું છે,
તે મહત્ત્વ તત્ત્વાર્થના પહેલા સૂત્રમાં રહેલા સમ્યગ્ પદનું છે.
તત્ત્વાર્થનું પ્રથમ સૂત્ર એ ચૌદ પૂર્વનો સાર છે.

નવકાર = creative understanding.
તત્ત્વાર્થનું પ્રથમ સૂત્ર = creative awareness.
કરેમિ ભંતે = creative movement.

સમ્યગ્ = ચૂલિકાના ચાર પદો. દર્શન = સવ્વસાહૂણં ।
જ્ઞાન = ઉવજ્ઝાયાણં । ચારિત્રાણિ = આયરિયાણં ।
મોક્ષ = સિદ્ધાણં । માર્ગ = અરિહંતાણં ।

ह्रीँ

## સંવરભાવનું કેન્દ્ર

પુરુષાર્થ ઉપરનો એકાંગી ભાર અહંકાર જગાડે છે.
કૃપા (grace) ઉપરનો એકાંગી ભાર પ્રમાદ લાવે છે.
સમર્પણ પ્રત્યેનો સહજ પુરુષાર્થ
શુદ્ધિકરણનો એકમાત્ર અમોઘ ઉપાય છે.
નમસ્કાર સંવરભાવનું મહાન પ્રતીક છે અને આત્માને પોતાના પરમોચ્ચ સ્વરૂપ તરફ પ્રેરિત કરનાર છે.
અંતઃકરણની શુદ્ધિ વિના જો સુખ મળતું નથી, તો
પછી શાંતિ તો મળે જ ક્યાંથી?
દાનાદિ પ્રવૃત્તિધર્મ છે તથા તપાદિ પરિણતિધર્મ છે.

## ઉત્તમ ક્ષમા

સર્વ જીવોને સત્તાએ શુદ્ધ સ્વરૂપવાળા જોવાની ટેવ પાડવાથી ઉચ્ચકોટિની ચંદનગંધતુલ્ય ક્ષમા કેળવી શકાય છે.
આત્મદૃષ્ટિથી સર્વને સરખા કે સત્તાગત જોવા,
પરમાત્મદૃષ્ટિથી અન્યને મોટા જોવા તથા
વ્યવહારદૃષ્ટિથી પોતાને નાનો જોવો.
આવા માયા માયાને જીતવા માટે ઉપયોગી નીવડે છે.

दारिद्र्यनाशनं दानं शीलं दुर्गतिनाशनं ।
अज्ञाननाशिनी प्रज्ञा भावना भवनाशिनी ॥ (परिशिष्ट-२)

ॐ

## ૪ સંસારભાવના

(૧) સંસાર અપાયસ્વરૂપ છે, કેમકે તે અપાયના હેતુભૂત
મિથ્યાત્વ, અવિરતિ, કષાયાદિ આશ્રવ દ્વારોથી યુક્ત છે.
(૨) સંસાર અશુભ સ્વરૂપ છે, કેમકે વિરૂપ સ્વરૂપ છે.
(3) સંસાર અનંત સ્વરૂપ છે,
નરકાદિ ૪ ગતિમાં અનંતભવોની પરંપરાનું કારણ છે.
(૪) સંસાર વિપરિણામરૂપ છે.
સચિત્ત - અચિત્ત સર્વ સ્થાનો - પર્યાયો અશાશ્વત છે.

0 તત્ત્વજ્ઞાન દૃષ્ટિએ...

(૧) લોકાલોક = આત્માનું કેવળજ્ઞાન.
(૨) સ્વભાવ અને વિભાવ = આત્માનું મતિજ્ઞાન.
(3) ઉપચરિતાનુપચરિત = ગ્રન્થોમાં રટેલું શ્રુતજ્ઞાન.

સાધનાની દૃષ્ટિએ...

(૧) અંતિમ સાધ્ય એ નિશ્ચય છે.
(૨) એના સાધનરૂપ તપ-જપ-મંત્રાદિ એ બાહ્યવ્યવહાર
અને પ્રાયશ્ચિત્ત - ધ્યાનાદિ એ અંતરંગવ્યવહાર છે.
લક્ષ્ય કે ધ્યેયવિહીન એ અસદ્ભૂત અનુપાદેય,
તે નિશ્ચયના સદ્ભૂત ઉપાદેય છે.
(3) 'મનનું મૌન' એટલે ઇચ્છાનો અભાવ.

ॐ श्री

## સંસ્કૃતિથી વિરુદ્ધ સભ્યતા

'સંસ્કૃતિ' એ એક સાત્વિક અને સ્પંદનશીલ તત્ત્વ છે.
સંસ્કૃતિ આત્મશક્તિની પ્રભા- એક પવિત્રતમ ચેતના છે,
'સંસ્કૃતિ' એ આત્મના શુચિતમ ભાવના છે. સત્ત્વથી પ્રગટ
થયેલા મનુષ્યની સર્વોચ્ચ પ્રતિભાનું એક પ્રતિબિંબ છે.

સભ્યતા કેવળ બાહ્યસ્વરૂપને સ્પર્શે છે.

સંસ્કૃતિ અંતઃપ્રજ્ઞ તત્ત્વ છે, જે કેવળ બાહ્ય આચાર અને
વ્યવહારને જ નહિ પણ આંતરવિચાર-ભાવને સ્પર્શે છે.

સભ્યતા જડ છે, સંસ્કૃતિ ચિન્મય છે.
સભ્યતા પરિવર્તનશીલ છે, સંસ્કૃતિ ચિરંતન છે.
એકમાં અતિરંજન છે બીજામાં સ્વાભાવિકતા છે.

વિશ્વજ્યોતિ અને આત્મજ્યોતિ ઉભયનો શુભ પ્રકાશ
સંસ્કૃતિમાં રહેલો છે. કહ્યું છે: સત્યં શિવં સુન્દરમ્ ।
એષા હિ જગતાં ધાત્રી એષા સર્વસ્વ જીવનમ્ ।
સ્વના સ્થાન ઉપર પરની સ્થાપના સંસ્કૃતિનું સ્વાભાવિક
સ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપિણી, શક્તિદાયિની, શક્તિમયી
એવી સનાતન શુભ સંસ્કૃતિ પ્રત્યેકનું સત્કર્મ છે.

૦ એકાગ્રચિન્તાનિરોધ ધ્યાન

પવિત્ર આલંબનમાં એકાગ્રતા અથવા આભ્યન્તર ધ્યાન.
ધર્મધ્યાન ૨ પ્રકારે: (૧) આભ્યન્તર ધ્યાન (૨) બાહ્ય ધ્યાન.

દ્રવ્યપૂજા, સ્વાધ્યાય, પ્રતિક્રમણ વગેરે બાહ્ય ધર્મધ્યાન છે, એમ 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય'ની મોટી ટીકામાં કહ્યું છે.

## સિદ્ધચક્ર

જેની સિદ્ધિ માટે બીજું કોઈ જ વિધાન નહિ અને માત્ર ધ્યાન કરતાં જ જે સિદ્ધ થાય, તેવું અનાદિસિદ્ધ ચક્ર, તેનું જ નામ 'સિદ્ધચક્ર'. સિદ્ધમંત્રની જેમ જે જાપ કરવા માત્રથી સિદ્ધ થાય, માત્ર પાઠસિદ્ધ હોય તે 'સિદ્ધમંત્ર' છે.

આત્મા અને પરમાત્મા જાતિથી કોઈ રીતે ભિન્ન નથી. ભેદ તે ભ્રમ છે અને એ ભ્રમ જ સંસારાદિનું મૂળ કારણ છે. પરમાત્માથી કથંચિત્ અભિન્ન એવા આત્માના દર્શન કે સ્મરણ વિના બીજી કોઈપણ વસ્તુથી શાંતિ, સમાધિ કે સુખ કદાપિ ન મળે, માત્ર નિરાશા મળે. તેથી પરમાત્માને છોડી કોઈપણ વસ્તુ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન વૃથા છે, અનર્થકર છે. પરમાત્મા તથા ગીતાર્થો (સૂત્રાર્થ રહસ્યોમાં નિપુણ) કહે છે: દયાનું વિવેક-જ્ઞાનની જ્યોત પ્રગટાવો.

Mind is an instrument of ignorance, which tries to know and never knows.

Man may be perfectly ethical, but he may not be always spiritual.

ॐ श्री

## પરમાત્માની સ્તુતિ

મૂર્તિમાં આપણે આપણું જ લક્ષ સ્થાપીએ છીએ અને તેને જ પૂજીએ છીએ, એ વાત સ્પષ્ટ રીતે સૂચવે છે કે

'તું તારા આત્માને જ પરમાત્મા રૂપે પૂજ.'

તારો લક્ષ કે આત્મા, એ સિવાય બીજું ઈશ્વર રૂપ તારા માટે અત્યંત ઉપયોગી નથી. તારો આત્મા એ જ સર્વફલપ્રદ તત્વ છે. એ જ તાત્વિક પરમાત્મા તત્વ છે.

ઈશ્વર જીવ પરમાત્માથી ભિન્ન નથી.

પ્રત્યેક જીવની વર્તમાન સ્થિતિ જ દરેક વિવેકશીલ માટે પરમાત્મતત્વની એક ઉપાસનીય છે. જીવનો જે કોઈ લક્ષ છે, તે પરમાત્માથી ભિન્ન નથી જ.

પરમાત્મામાં સામાન્ય કે વિશેષ લાગુ પડતા નથી.

એ જે છે, તે જ છે.

દરેક જીવમાં વર્તમાન એવું પરમાત્મતત્વ જે ન જોઈ શકે તે સાક્ષી કેમ કહેવાય? પરમાત્મામાં ચિત્તનો લય એ એક એવી વસ્તુ છે કે જેમાં બધું જ સુંદર સમાઈ જાય છે.

### શાશ્વત સત્ય

સત્ય ભગવાન છે, સત્ય પરમેશ્વર છે, સત્ય મનુષ્યનો આત્મા છે. સત્ય મનુષ્યનો સ્વભાવ છે.

શ્રી

સત્ય અને વળી શાશ્વત સત્ય પોતાનો આત્મા છે.
તે શરીરરૂપી આવરણથી આવૃત્ત છે.
એ આવરણને મૃત્યુ જ દૂર કરી આપે છે.
તે મૃત્યુ દેહનું અગર મોહનું અથવા બે પ્રકારનું હોય છે.
મોહનું મૃત્યુ એ મોક્ષ છે અને આખરે મોક્ષ પણ શું છે?
સત્યની પ્રાપ્તિ તે મોક્ષ છે. સત્ય એટલે આત્મા.
આત્મા એ તો સર્વમાં વિદ્યમાન હોવા છતાં સર્વ તેને પ્રાપ્ત કરી શકતા નથી. એ પ્રાપ્ત કરવા માટે મોહનું, અજ્ઞાનનું, અસત્યમાં સત્યના ભ્રમનું મૃત્યુ થવું જોઈએ.

o રાજા મેઘરથ અને શિબિરાજા, પ્રભુ નેમનાથ અને મહાત્મા મેતાર્ય, શેઠ સુદર્શન અને ગજસુકુમાલ, ભગવાન મહાવીર અને ખંધકઋષિ - અહિંસાના આદર્શ દૃષ્ટાંતો છે.

સર્વસત્ત્વહિતાશય રૂપી આત્મપરિણામની
શુદ્ધિ અને પુષ્ટિ માટે દશવિધ ચારિત્રધર્મ છે.

સર્વસત્ત્વહિતાશય રૂપી અમૃતભર્યા પરિણામ ત્યારે જ ટકે, જ્યારે શુદ્ધ રીતે ૧૦ પ્રકારના ચારિત્રધર્મનું પાલન થાય. દા.ત. ક્ષમાગુણ હોય તો જ સર્વ પ્રાણીવિષયક કલ્યાણનો ભાવ ટકી રહે. ક્ષમાધર્મ ન હોય તો અપરાધી ઉપર કોપ થાય અને તેની સાથે જ તે શુદ્ધ ભાવ તૂટી પડે.

માનત્યાગ કે માર્દવ હોય તો જ ક્ષમા રહી શકે.
માયાત્યાગ હોય તો જ માર્દવ ટકે અને તો જ ક્ષમા ટકે.
સંતોષ હોય તો જ સરળતા ટકે.
સંતોષ ન હોય તો માયા કરવાનું મન થાય.

આમ દશે પ્રકારનો ચારિત્રધર્મ સર્વજીવવિષયક હિતચિંતાનો વિશુદ્ધ પરિણામ ટકાવવા માટે જ યોજાયો છે.

પાંચે પરમેષ્ઠિ ભગવંતો

સર્વ પ્રાણીવિષયક હિતચિન્તાના ભાવથી ભરેલા છે અને એ ભાવની રક્ષા ખાતર ૧૦ પ્રકારના ચારિત્રધર્મનું પાલન કરી-કરાવી રહ્યાં છે, તેથી તે ભાવ શાશ્વત છે અને એના પ્રભાવે જ વિશ્વનું તંત્ર વ્યવસ્થિત ચાલી રહ્યું છે.

## દ્રવ્યધર્મ-ભાવધર્મ

સકલસત્ત્વવિષયક હિતચિંતાનો પરિણામ એ ભાવધર્મ છે. એ ધર્મમાં વિશ્વના તમામ પદાર્થોને નિયમનમાં રાખવાની શક્તિ છે. એ ધર્મને પેદા કરવા, ટકાવવા કે વૃદ્ધિ કરવા જેટલા માર્ગો છે, તે કારણમાં કાર્યના ઉપચારથી ધર્મ છે. ભાવધર્મના કારણરૂપ જેટલા ધર્મો છે, તે સૌ દ્રવ્યધર્મ છે.

એક પ્રભુની આજ્ઞા પાળવાનો ધર્મ ભાવપાલનરૂપ છે અને બાકી દ્રવ્યપાલનરૂપ છે.

ઉક્ત પ્રકારે આજ્ઞાનું પાલન એ બોધિરૂપ છે અને
એ પાલન ઈશ્વરનું બહુમાન એ જ્ઞાનરૂપ છે.
એ બોધિ અને જ્ઞાન વડે
ભવવિરાગ - મોક્ષાભિલાષ (સંવેગ - વૈરાગ્ય) દૃઢ થાય છે
અને જિનશાસનનો પ્રભાવ વિશ્વ ઉપર વિસ્તરે તથા
સૂર્ય-ચંદ્ર, મેઘ - સાગર, સિંહ - વાઘ, પૃથ્વી - પર્વત,
ધરતીકંપ, જ્વાળામુખી, દાવાનળ આદિ અંકુશમાં રહે છે.
જીવને સુખ આપતી વસ્તુઓ ઉપર પ્રભાવ સર્વસત્વ-
હિતાશયરૂપ આત્માના અમૃતપરિણામરૂપ ભાવધર્મનો છે.

સર્વસત્વહિતાશયરૂપી ભાવધર્મ = સામાયિકધર્મ.

તે ભાવને ટકાવી રાખનાર ક્રિયારૂપ દશવિધ યતિધર્મ છે.
સામાયિકના ૪ પ્રકાર અને યતિધર્મના ૧૦ પ્રકાર
એ બે મળીને ૧૪ પ્રકારનો ધર્મ જ વિશ્વનો નિયંતા છે.

## ૪ વિચારરત્નો

(૧) સંસારનાં દુઃખો યાદ રાખો. (૩) સન્તોનું સ્મરણ કરો.
(૨) મૃત્યુનો નિરંતર વિચાર કરો. (૪) ઈશ્વરચિંતન કરો.

પહેલાં બે વિચારરત્નો વૈરાગ્ય જગાડશે,
ત્રીજું રત્ન પ્રેરણા આપશે અને
ચોથું રત્ન ઈશ્વરાભિમુખ કરી તેનો સાક્ષાત્કાર કરાવશે.

આધારરૂપ ઉદ્દેશપદ - આધેયરૂપ વિધેયપદ છે. આધેયવિધાન આધારને ઉદ્દેશીને છે. એકને ઉદ્દેશીને બીજાનું વિધાન કરાય, ત્યારે તે બેની કોઈ રીતની પણ એકતા હોવી જોઈએ.

જેમ જનાવર ચોપગાં છે, એમાં જનાવર અને ચોપગાં એ બેની એકતા જ રહેલી છે.

પ્રભુપ્રાપ્તિમાં વાસના એ અંતરાય છે.

વાસણનો કાટ છૂટકે છે, તેટલો વાસનાનો કેમ નહિ?

વાસનાને દૂર કરવાની ઇચ્છા સેવે તે <u>પુરુષ</u>,
પ્રયત્ન કરે તે <u>મહાપુરુષ</u> અને દૂર કરે તે <u>પરમપુરુષ</u>.

<u>જ્ઞાન - વૈરાગ્ય - મન તથા શરીરનાં મૂળપ્રયોજન</u>

પોતામાં રહેલા અજ્ઞાનને જાણવા માટે <u>જ્ઞાન</u> છે.
જગતમાં રહેલા જ્ઞાનને જાણવા માટે <u>વૈરાગ્ય</u> છે.
જગત પ્રત્યે મૈત્રી કરવા માટે <u>મન</u> છે.
પોતાને આત્મસ્વરૂપે ઓળખવા માટે <u>શરીર</u> છે.

પોતાના અજ્ઞાનને ન ઓળખાવે, તે જ્ઞાન પાપાચાર છે.
જગતના જ્ઞાનને ન જાણવા દે, તે વૈરાગ્ય શસ્ત્ર છે.
જગત પ્રત્યે આત્મતુલ્યભાવ ન આવવા દે, તે મન શેતાન છે અને પોતાના આત્માને આત્મસ્વરૂપે ન જાણવા દે,
તે શરીર એક ગળે બાંધેલો પથ્થર છે.

ॐ श्री

## ઈશ્વરવાદ

The God has no defination.

ઈશ્વર ખરેખર વાદનો વિષય નથી.

તે મગજ કરતાં હૃદય અને બુદ્ધિ કરતાં શ્રદ્ધાનો વિષય છે.

ઈશ્વર તર્કથી પર છે.

આપણે જ્યાં છીએ તેનાં કરતાં વધારે ઉચ્ચ કક્ષાની ચેતનસૃષ્ટિ સુધી પહોંચવાથી આત્મા સિદ્ધિ મેળવી શકે છે. ધ્યાન, યોગ, Superman, સૂફીવાદ, અધ્યાત્મવાદ વગેરે તેનાં જ નામો છે. તેમાં આત્મવિલોપન અનિવાર્ય છે અને હૃદયગ્રંથીને ભેદીને નિર્ગ્રંથ થવાની જ જરૂર છે.

one can never define God.

I and my God are one.

અનલહક - હું તે છું.

o ગરીબી અને અમીરી ધનમાં નથી પણ મનમાં છે.
બીજાને સુખી જોઈને દુઃખી થનારા દિલથી ગરીબ છે.
બીજાને સુખી જોઈને સુખી થનારા દિલથી તવંગર છે.

જો જાગત હૈ સો પાવત હૈ,
જો સોવત હૈ સો ખોવત હૈ.

દયા રૂપેરી છે, પ્રેમ સોનેરી છે.

શ્રી

<u>પ્રેમસગાઈ આગળ લોહીની સગાઈ કાંઈ નહિ.</u>

પ્રેમ એ નર્કને સ્વર્ગ અને શત્રુને મિત્ર બનાવે છે.

મૃદુ પુષ્પ જેવાં શબ્દ એવો સંજીવની મંત્ર છે પ્રેમ.

પ્રેમ વસુધાને કુટુંબભાવથી જોતાં શીખવે છે.

પાપ એ આંબલીના કાતરાની જેમ બાળકને લોભાવે છે.

પુણ્ય કડવા ઔષધ જેવું છે, જે બાળકનું મુખ મચકોડાવે છે.

<u>આચરણશુદ્ધિ</u>

દિવ્યજીવનના સાધકો માટે

આચરણશુદ્ધિ અને વાણીસંયમ આવશ્યક વસ્તુઓ છે.

કહેવા કરતાં કરવું મુશ્કેલ છે.

બેસત બારા, ચલત અઢારા, સૂતાં ત્રીસ-બત્રીસા,

મૈથુન કરતાં ચોસઠ તૂટે, કૈસે મિલે જગદીશા?

મૈથુન માર ચોસઠ ઘર લાવો, આસન સાધો ત્રીશ-બત્રીસ જતો.

ગુરુગમથી આચરણને સાધો, સુઈ રહો નચિંતો. - <u>કબીર</u>

<u>ગુરુ વિના જ્ઞાન નહિ</u>

ગુરુની પ્રત્યે ગુરુભાવ કેળવાશે તો જ જ્ઞાન મળે, તેનું કારણ શું? કારણ એ છે કે આપણું શરીર અહંતાથી ભરેલું છે, તેથી તેનું માન સચવાય, પેટ ભરાય અને બધી સગવડ મળે એવી ચિંતા અને એવા પ્રયત્નના સ્વભાવવાળું છે.

પ્રાણીમાત્રમાં આ વૃત્તિ સ્વાભાવિક છે.
વિવેક વડે આ વૃત્તિઓ ઉપર સંયમ મેળવી આત્માના અસ્તિત્વનો પણ સ્વીકાર કરવો એ જ સાચું લાભ છે. આત્મ પ્રત્યે ગદ્ગદ્ભાવ કેળવવાથી આંતરબાહ્ય વૃત્તિઓને ઓળખીને તેને પરિવર્તિત કરવાનું બળ પ્રાપ્ત થાય છે.

## જયકારનું રહસ્ય

'જય જય' શબ્દ વડે અહીં ઇચ્છા પ્રગટ કરાય છે કે:
આત્મ પ્રત્યે એક બાજુ આદર અને
બીજીબાજુ આંતર-બાહ્યવૃત્તિઓ પર વિજય પ્રાપ્ત કરો.
જ્યારે આત્મ પ્રત્યે આદર વ્યક્ત કરવો હોય, ત્યારે આપણે લઘુ થઇએ અને સામી વ્યક્તિ કરતાં અંશે મોટી છે, એનો અંતરમાં સ્વીકાર કરવો જ પડે છે.
પોતાથી ઉપર કે અનુભવમાં મોટાને નમસ્કાર કરવાના સંસ્કારનું જતન સાચું લાભ પામવાનું સાધન બને છે.

० उद्यमेन नाऽस्ति दारिद्र्यम् पठने नाऽस्ति मूर्खता।
मौनेन कलहो नाऽस्ति नास्ति जागरतो भयम् ॥१॥

અનૂદિત: ઉદ્યમ વડે દારિદ્ર્ય નહિ, અભ્યાસ વડે મૂર્ખતા નહિ,
મૌન વડે કલહ નહિ, જાગૃતને ભય નહિ.

०

Action speaks louder than words.

24

Imp.

## બુદ્ધિ અને લાગણી

બુદ્ધિ = નીરસ નિરીક્ષણ. લાગણી = રસની જમાવટ.

એકલી બુદ્ધિ લાગણીને કચડી નાંખે છે.

લાગણી પ્રેમ આપે પણ છે અને પ્રેમને પારખે પણ છે.
બુદ્ધિ બાળનાં દુઃખને નિરખી શકશે, લાગણી પરખી શકશે.
બુદ્ધિ કલમના બળે મૃત્યુનું દુઃખ આલેખી પણ શકશે.
લાગણી હૈયાનાં પ્રત્યેક તાર ઝણઝણાવીને મૃત્યુશય્યાના
એકેએક તંતુને પલાળે તેટલું જળ ચક્ષુથી વહાવી શકશે.
લાગણીપ્રધાન માનવમાં જ વિશ્વમૈત્રીભાવ આકાર લઈ શકે.

0 उपासनं नाम समानप्रत्ययप्रवाहीकरणं ध्यानं ।

અર્થાત્: ઉપાસના એટલે સમાનપ્રત્યય અથવા
એકસરખા ભાવને પ્રવાહિત કરતું ધ્યાન.

अनुभवावसानत्वात् भूतवस्तु-विषयत्वाच्च ब्रह्मज्ञानस्य।

અર્થાત્: બ્રહ્મજ્ઞાન એ અનુભવરૂપ ફળવાળું અને
અસ્તિત્વ ધરાવનાર વસ્તુના વિષયવાળું છે.

0 या वै विद्याः साध्नन्तीह कार्यं,
तासां फलं विद्यते नेतरासाम् ।

અર્થાત્: જે વિદ્યા કાર્યને સિદ્ધ કરે છે,
તે વિદ્યાનું ફળ હોય છે, અન્યનું નહિ.

श्रुतिश्च नोऽतीन्द्रियविषये ज्ञानोत्पत्तौ ।

અર્થાત્: અતીન્દ્રિય વિષયવાળા જ્ઞાનની ઉત્પત્તિ
થયે છતે શ્રુતિની જરૂર રહેતી નથી.

न तु शास्त्रं भृत्यानिव बलान्निवर्तयति, नियोजयति वा।

અર્થાત્: સેવકને પરાણે કાર્યમાં ન જોડાય કે અટકાવાય,
તેમ જ શાસ્ત્રો બળાત્કારે અટકાવતા કે જોડતા નથી.

प्रागात्मज्ञानात्प्रवृत्त्युपपत्तेः ।

અર્થાત્: પહેલાં આત્મજ્ઞાન થાય તો પ્રવૃત્તિ થાય જ છે.

आचारोऽपि च धर्मविशेष एव यस्तु अधिकृतः।
संगं फलाभिसंधि च त्यक्त्वा नित्यकार्य करोति ।

અર્થાત્: આચાર પણ ધર્મવિશેષ જ છે કે જે અધિકૃત
આચાર, સંગ અને ફળઇચ્છા છોડી નિત્યકર્મ કરે છે.

## પરાત્પર તત્ત્વ

જાગો, જાગવા દો, જગાડો, જગાડો.

પરિમિત અહંતાનો ત્યાગ એ આદર્શ હોવો જોઈએ.
માનવે પોતાના અસ્તિત્વમાં, ચૈતન્યમાં અને આનંદમાં
પરમાત્મા સાથે ઐક્ય સાધવું જોઈએ.
પરમાત્માના સંકલ્પને મૂર્ત સ્વરૂપ આપવા માટે
કુદરતની લીલામાં સજાગ કેન્દ્ર તરીકે ભાગ લેવો જોઈએ.

શ્રી

## માનવનાં ૪ કરણો

શરીર (સ્થૂલ-સૂક્ષ્મ-કારણ), પ્રાણ, મન અને વિજ્ઞાન.

જીવનમાં સર્વ કરણોને પરમ શાશ્વત સત્ય પ્રત્યે ખુલ્લાં કરે, ત્યારે જ માનવ પરાત્પર તત્ત્વમાં નિવાસ કરી શકે, તેની પૂર્ણતાનો માનવજીવન મારફત પ્રાદુર્ભાવ કરી શકે.

આંતરશૌચ તથા મૈત્રી, પ્રમોદ વગેરે ૪ ભાવના ઉપરાંત સંતોષ-તૃપ્તિની ભાવના ઈશ્વરના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન અને પ્રણિધાન સાથે અત્યંત આવશ્યક ગણાવ્યું છે. આસનમાં સ્થૈર્ય થવાથી આસનની સિદ્ધિ શીઘ્ર થાય છે.

°°°

શ્રી શત્રુંજયભૂષણં જિનવરં શ્રી નાભિભૂપાત્મજમ્
સેન્દ્રૈર્નાકિવરૈર્નરેન્દ્ર-નિકરૈર્ભક્ત્યા પ્રણુન્નોન્નતમ્ ।
જ્ઞાનં યસ્ય ત્રિકાલવસ્તુવિષયમ્ લોકોત્તરાભાસકમ્
સર્વેષાં હિ કૃપાસુધારસમયમ્ વન્દે તમાદીશ્વરમ્ ॥૧॥

અર્થ: ઇન્દ્રો સહિત દેવો અને રાજાના સમૂહથી અત્યંત ભક્તિપૂર્વક નમાયેલા તથા ત્રણે કાળની સર્વવસ્તુના વિષયના વિસ્તૃત-લોકોત્તર જ્ઞાનવાળા, સર્વ જીવો પ્રત્યે કૃપારૂપી અમૃતરસવાળા શ્રી શત્રુંજયશણગાર શ્રી નાભિનંદન એવા તે આદિનાથ પ્રભુને હું વંદન કરું છું.

## સમત્વનું યથાર્થસ્વરૂપ = સમત્વ એ જ યોગ.

અંતઃકરણના બે વિભાગઃ એક દૃષ્ટા અને બીજો દૃશ્ય. જેમ ઉચ્ચતર ભૂમિકામાં કર્મપરાયણતા અને નૈષ્કર્મ્ય સિદ્ધિનો સમન્વય શક્ય છે, તેમ ચિત્તમાં નિરાકુળતા, શાંતિ અને નિષ્ક્રિય ઉદાસીનતાની સાથે સક્રિય પ્રેમ અને આનંદનું સહઅસ્તિત્વ છે, જે સમત્વનું યથાર્થસ્વરૂપ છે. અવિદ્યા આચ્છાદિત પ્રકૃતિમાંથી આપણે દિવ્ય પ્રકૃતિમાં પ્રવેશ કર્યો છે કે નહિ તેની કસોટી સમતામાં છે. સમતામાં સર્વદા - સર્વ સંજોગો - સર્વ પદાર્થો - ઘટનાઓમાં માત્ર આનંદનું જ આસ્વાદન રહેલ છે.

કર્મયોગ તિતિક્ષાનો, જ્ઞાનયોગ ઉદાસીનતાનો અને ભક્તિયોગ સમર્પણ-શરણાગતિનો માર્ગ સ્વીકાર કરે છે.

તિતિક્ષા વડે સહનશક્તિમાં બેહદ વધારો થાય છે. ઉદાસીનતા વડે સ્વસ્વરૂપનો જ વિચાર અને પરમાં અલિપ્તતાનો અભ્યાસ પડે છે તથા 'જગતનું સંચાલન પ્રભુની ઇચ્છાનુસાર થાય છે' એ ભાવના વડે શુભાશુભ, પ્રિયાપ્રિય વસ્તુઓને સમભાવે સ્વીકારવાનું બળ મળે છે. આ ત્રણે માર્ગમાંથી ગમે તે એક માર્ગે પ્રયાણ કરનારને અંતે એક જ ફળ મળે છે.

કર્મમાર્ગમાં જગતચિંતન, જ્ઞાનમાર્ગમાં સ્વરૂપચિંતન અને
ભક્તિમાર્ગમાં જગદીશ્વરનું ચિંતન પ્રધાનપણે રહેલ છે.

बलात् नामयतीति नाम।

નામ લેનારના મન સમક્ષ

સાક્ષાત્ ભગવાનને ખડા કરી દે એવું સામર્થ્ય નામમાં છે. પ્રભુપ્રાપ્તિ માટે નામ એ સૌથી ઉત્તમ સાધન ગણાય. નિર્ગુણબ્રહ્મ સગુણબ્રહ્મથી અભિન્ન છે, તેથી સગુણ-બ્રહ્મના નામો વડે નિર્ગુણબ્રહ્મની પણ સ્તુતિ થાય જ છે.

आदरेण यथास्तौति धनवन्तं धनेच्छया।
तथा चेद् विश्वकर्त्तारं को न मुच्येत बन्धनात्॥

અર્થ: જેવી રીતે ધનની ઇચ્છાથી ધનવાનની આદરથી સ્તુતિ કરે છે, તેવી રીતે જો વિશ્વકર્તાની સ્તુતિ કરે, તો બંધનથી કોણ મુક્ત ન થાય?

જીવનની સફળતા શેમાં?

धर्मार्थकाममोक्षाणां शरीरं साधनं मतः।

અર્થ: ધર્મ-અર્થ-કામ અને મોક્ષનું સાધન શરીર છે. ધર્મપૂર્વક પ્રાપ્ત કરેલ અર્થ-કામનો ઉપભોગ કરતાં ભોગથી નિઃસ્પૃહ થઈ મોક્ષસ્વરૂપ આત્માનો અને પરમાત્મા સત્ય સ્વરૂપનો અનુભવ કરવો એમાં જ જીવનની સફળતા છે.

મહાન ધર્મને છોડીને કુપથ અર્થ અને કામ પાછળ જ પડે તો વધુને વધુ મોહ, આસક્તિમાં ડૂબતો જાય અને પરિણામે પોતાના અવિનાશી સ્વરૂપનો અનુભવ ન કરતાં દુઃખ, અજ્ઞાન અને અંધકારરૂપ મૃત્યુનો અનુભવ કરે. શરીરનો આવો ઉપયોગ કરવો એ દુરુપયોગ છે અને પરિણામે આધિ-વ્યાધિ-ઉપાધિરૂપ આપત્તિઓ આવે છે. શરીર માટે વાત-પિત્ત-કફની સમતા જરૂરી છે. મન માટે સત્ત્વ-રજ-તમસ કે રાગ-દ્વેષ-મોહની સમતા જરૂરી છે.

## ૫ શિખામણ

(૧) સાજાને ખોરાક આપાય અને માંદાને લંઘન કરાવાય.

(૨) પારણાં મોસંબીથી નહિ પણ મગના પાણીથી કરાય.

(૩) કેલ્શિયમ શરીરમાં ધાતુને વધારતું નથી પણ બાળે છે.

(૪) પાચકરસોને નબળા પાડતા મનના ૬ દોષો જાણવા.
તે રાગ, દ્વેષ, લોભ, મોહ, ઈર્ષ્યા અને દીનતા છે.
એ સર્વ દોષોને સત્સંગ અને સદ્વાંચનથી દૂર કરો.

(૫) ખોરાકમાંથી મન અને બુદ્ધિનું સર્જન થાય છે,
માટે જ આચાર એ પ્રથમ ધર્મ છે.

o सदयं हृदयं यस्य भाषितं सत्यभूषितम् ।
कायः परहितो यस्य कलिस्तस्य करोति किम् ?

(પરિશિષ્ટ-૩)

श्री

## સિદ્ધિ – સમાધિ

સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ।

સમજૂતિ: પોતપોતાના કર્મમાં રક્ત મનુષ્ય સિદ્ધિ મેળવે છે.

માણસ સ્વ માટે વિચારતો બંધ પડે તો આખું કામ કરી ચૂક્યો.

### ત્રણ પ્રકારનાં વાક્યો

(૧) રોચક (૨) ભયાનક (૩) યથાર્થ.

બાળ માટે રોચક, મધ્યમ માટે ભયાનક અને બુધ માટે યથાર્થ.

### ત્રણ પ્રકારનાં યોગ

પ્રત્યેક કર્મ વખતે ત્રણ યોગ સંધાય છે:

કર્મયોગ = અનાસક્તપણે થવું = નિદિધ્યાસન.

રાજયોગ = સમજપૂર્વક થવું = શ્રવણ.

ભક્તિયોગ = ભાવપૂર્વક થવું = મનન.

○

सर्वदा सर्वभावानां सामान्यं वृद्धिकारणम् ।
ह्रासहेतुर्विशेषश्च प्रवृत्तिरुभयस्य तु ॥१॥
सामान्यमेकत्वकरं विशेषस्तु पृथक्त्वकृत् ।
तुल्यार्थता हि सामान्यं विशेषस्तु विपर्ययः ॥२॥

– चरकसंहिता (परिशिष्ट-४)

○

I am unique, so I shall be like me.

શ્રીં

શાંતિ, આનંદ, ઉત્સાહ કે આશ્વાસનને માટે ઠેકાણે-ઠેકાણે ભટકવા સિવાય બીજો એકપણ માર્ગ નથી જ.

સિદ્ધિ = શાંતિ, મોક્ષ કે કાર્યની સફળતા.

સમાધિ = મનની પરમ શાંત સ્થિતિ, ચિત્તની એકાગ્રતા તથા સંકલ્પ-વિકલ્પરહિત અવસ્થા. એક અખંડ તત્ત્વ સાથે એકરૂપતા, નિદિધ્યાસનની અંતિમ દશા, અહંભાવનો વિલય.

## મહાન શક્તિ

'વિશાળ હું' એટલે હું નું પણ મૂળ સ્વરૂપ;
અખંડ એકરસ સત્-ચિત્-આનંદતત્ત્વ, પરમાત્મા.
શરીર અને મન સાથે મૈત્રી રાખવા કરતાં
આ સત્, ચિત્ અને આનંદ સાથે જ મૈત્રી રાખવાથી
સમગ્ર વિશ્વ સાથે રૂડી મૈત્રી સધાય છે.

## માનવમાં કેટલી મહાન શક્તિ છે!

જે પળે તે શરીર અને મન ઉપરથી મારાપણું ઉઠાવી લે છે, તે જ પળે તે પરમાત્મા સાથે એકરૂપ થઈ શકે છે.

આ ચમત્કાર નહિ તો બીજું શું?

અંતર્દૃષ્ટિ મેળવવાનો સરળમાં સરળ નુસખો એ પૂછવું છે કે 'હું કોણ છું?' એ સવાલનો જે પણ જવાબ મળે, એ જવાબમાં વારંવાર સ્થિતિ કરવાનો અભ્યાસ જારી રાખવો.

सत्-चित्-आनंदतत्त्व साथे मन एकरूप थई जाय,

સત્-ચિત્-આનંદતત્ત્વ સાથે મન એકરૂપ થઈ જાય,
પછી એનાથી વિશેષ વિકાસ સાધવાનો રહ્યો કયો?

સંતોને ઓળખવાની કુંચી તેમનું આચરણ છે.

પોતે કોણ છે તેનો વિચાર કરવો તે આત્મવિચાર છે.

ભાવના એ મહત્ત્વની વસ્તુ છે.

ભાવનાની દૃઢતા શ્રદ્ધામાં પરિણમે છે.

'ભાવના વિનાનાને શાંતિ નહિ' એમ ગીતા પણ કહે છે.
ભાવના=શુભ સંસ્કારોનો પુટ. શુભ સંસ્કારોનો પુટ આપવા
માંડશો કે તરત અશુભ સંસ્કારોનો પુટ દેવાતો બંધ થશે.

પ્ર. મન શું છે? ઉ. તે શુભાશુભ સંસ્કારોની ગાંસડી છે.
અશુભને ધોવા માટે શુભને વધારો એ જ સરળ ઉપાય છે.

શુભથી પણ શુભતર શું?

શુભથી પણ શુભતર, શુદ્ધ, શુદ્ધાતિશુદ્ધ એક આત્મા છે.
આત્માનું શ્રવણ, મનન, નિદિધ્યાસન અશુભ અને
અશુદ્ધ સંસ્કારોને શુદ્ધ કરવાનો રામબાણ ઉપાય છે.
જીવનનાં કાર્યો કરતી વેળા બની શકે એટલી વિવેકબુદ્ધિ
વાપરો, પરન્તુ વચ્ચે વચ્ચે આત્મવિચાર કરતાં રહો.
તે એવો યોગ છે કે એથી પ્રત્યેક કાર્યમાં ઉત્સાહના પૂર
વહે છે; મૈત્રી આદિનું પાલન સ્વાભાવિક બની જાય છે.

શ્રી

## હું કોણ? આત્મા. તે કેવો છે? તે...

અખંડ, પૂર્ણ, સત્ય, શુદ્ધ, નિત્ય, સત્, ચિત્, આનંદસ્વરૂપ છે. આત્માના એ લક્ષ સાથે રહેજો એકરૂપ થઈ જશો. વિશ્વાસ રાખો કે સર્વદ્ધિ સિદ્ધિ તમારી આત્મા જ છે.

## શ્રદ્ધા અને વિશ્વાસ

હૃદય એકીકરણ કરે છે, બુદ્ધિ પૃથક્કરણ કરે છે. હૃદયનો ઉત્તમ વિકાસ તે શ્રદ્ધા અને બુદ્ધિનો ઉત્તમ વિકાસ તે વિશ્વાસ. જીવનમાં શ્રદ્ધા એ જવાબદારી છે અને વિશ્વાસ એ આધારસ્તંભ છે. શ્રદ્ધા અને વિશ્વાસ એ બંને એકબીજાનાં પૂરક અને પોષક અંગો છે. આત્મશ્રદ્ધા એ જીવનવિકાસનું ગૂઢતમ રહસ્ય છે. આભૂષણો અને અલંકારો આત્મા વડે જ કિંમતી છે. સારા વિચારો એ અમૃતનું પાન અને બૂરા વિચારો એ વિષપાન છે. જનપ્રિય બનવું હોય તો ગુણગ્રાહક બનો. ભોગ વચ્ચે પણ જેને યોગ પ્રિય છે, તે એકકર્મી છે. દુઃખી પર દયા કરનારો જ પ્રભુ પાસે દયા માંગવાનો અધિકારી છે.

દયાર્દ્ર ઉભરાતું દિલ એ મોટામાં મોટી દોલત છે.

o સુવર્ણની અગ્નિથી, સ્ત્રીની સુવર્ણથી અને પુરુષની કસોટી સ્ત્રીથી થાય. વિનય વિશ્વને વશ કરનારું વશીકરણ છે.

ૐ શ્રી

## આત્મલાભ અને આત્મસમાન દૃષ્ટિ

એકવાર આત્મલાભ પ્રગટાવો પછી
જગતના તમામ જીવોને એ દૃષ્ટિએ જોવાનો પ્રયત્ન કરો.
પછી કોઈ પંથ, વાદ કે સંપ્રદાયની જરૂર નહિ રહે.
આત્મોત્કર્ષ માટે સુખ-દુઃખ, સંપત્તિ-વિપત્તિ અનિવાર્ય છે.
આપત્તિ મહાપુરુષને વિચાર કરતાં શીખવે છે.
ગુણો ગાવા કે ગવરાવવા કરતાં તે પ્રગટાવવા જરૂરી છે.
દુરાચારીને ઉચ્ચપદ આપ્યે તેની પુષ્ટિ-પ્રતિષ્ઠા થાય છે.

મહાપુરુષના મરણ કરતાં
મનુષ્યત્વનું મરણ એ વધુ આઘાતજનક લાગે છે.
શાસ્ત્રરૂપી લોચન પ્રાપ્ત કર્યાં નહિ, તે અંધતુલ્ય છે.
દૃશ્યમાન પદાર્થોમાં નામરૂપ બાદ કરીએ તો આપણું શુદ્ધ
સ્વરૂપ બાકી રહે. તે જ સત્-ચિત્-આનંદસ્વરૂપ છે.
તે સર્વગત છે, સર્વ શક્તિમાન છે, સર્વજ્ઞ અને
અજર, અમર, નિર્વિકાર, નિર્વિકલ્પ, નિરાકાર, નિરંજન છે.
તે સૂર્યની જેમ અંધકારથી પર છે.
તેને જાણીને જીવ મૃત્યુને તરી જાય છે.
નાઽન્યઃ પન્થાઃ વિદ્યતેઽયનાય ॥૧॥
અર્થાત્: મુક્તિ પામવા માટે બીજો કોઈ માર્ગ નથી.

# પર અપમાન તે પરવધ

પહેલાં આત્મદર્શન કરો પછી જગતનું સ્વરૂપ સમજાશે.

આપ ભૂલ્યો તે આપમાં, ઢૂંઢ્યો આપહિ આપ,
જેને શોધે નરભવ, તે તું આપોઆપ.

મૌનં સર્વાર્થસાધનમ્ | મન અ-મન કરો.

આત્મશ્લાઘા તે આત્મઘાત. એનાથી મરતાં પહેલાં જાગી મરો.

પરનિન્દા તે પરઘાત - બીજાનું અપમાન તે બીજાનો વધ.

ધર્મ વિનાનું જીવન એ મરણ છે.

ચાર વેદ છઃ શાસ્ત્ર મેં, બાત લિખી હૈ દોય;
દુઃખ દીને દુઃખ હોત હૈ, સુખ દીને સુખ હોય.

કર્મક્લેશને ટાળવા માત્ર જ્ઞાન કે ક્રિયાથી કામ ચાલતું નથી પણ જ્ઞાન અને ક્રિયાના પૂર્ણ સમન્વયની જરૂર પડે છે.

કંચન - કામિની એ સંગ્રહશીલતા અને વિલાસપ્રિયતાનાં અપર નામો છે. એનો પ્રતિકાર સંયમ અને ત્યાગથી થાય છે.

શરીરને જાણવાથી સંયમ, મનને જાણવાથી તપ, આત્માને જાણ્યે અભય અને ભવ્યત્વને જાણ્યે નિશ્ચિંતતા આવે છે.

સ્વાન્તઃસુખાય | સ્વાત્મસુખાય ચ |
અર્થાત્: અંતઃકરણના સુખ માટે અને
સ્વાત્માના સુખ માટે (પ્રભુનું શરણ સ્વીકારવું જોઈએ).

न हि मुच्येत दुःखेभ्यस्त्वदालम्बनवर्जितः ।
अतस्त्वां जगदाधारं प्रपद्ये शरणं प्रभो ।।१।। અર્થ:
તમારા આલંબનરહિત મનુષ્ય દુઃખમુક્ત થતો નથી, તેથી
હે જગતના આધાર પ્રભુ! હું આપનું શરણ સ્વીકારું છું.

0 અનુભવ પ્રાપ્ત કરે તે ગુરુ.

माहात्म्यज्ञानपूर्वकः सर्वाधिकसुदृढस्नेहो भक्तिः ।
અર્થ: (પ્રભુના) માહાત્મ્યના જ્ઞાનપૂર્વક
પ્રભુ પ્રત્યે સર્વાધિક અત્યંત સ્નેહ રાખવો તે ભક્તિ છે.

## દાનની ખરી વિધિ

अवज्ञया न दातव्यं कस्यचिल्लीलयाऽपि वा ।
अवज्ञया कृतं हन्याद् दातारं नाऽत्र संशयः ।।
- रामायण बालकांड० सर्ग १३ श्लोक -३३

અર્થ: દેવું તો ના અવજ્ઞાથી, નહિ વા નાટકી ઢબે,
અવજ્ઞાથી દીધેલું તે, દાતાને હણતું નક્કી.

## ભક્તિના પાંચ ભાવો

(૧) વાત્સલ્યભાવ (૨) સખ્યભાવ (૩) દાસ્યભાવ
(૪) માધુર્યભાવ (૫) શાંતભાવ

## મુક્તિના ૪ પ્રકારો

(a) સાલોક્ય (b) સામીપ્ય (c) સારૂપ્ય (d) સાયુજ્ય.

॥ શ્રી ॥

## શ્રદ્ધા

'જીવન' એટલે શ્રદ્ધા અને પ્રકાશ.

શ્રદ્ધા વિનાનું જીવન પાંગળુ અને પ્રકાશ વિનાનું આંધળું છે.

જ્યારે દલીલની જરૂર ન પડે ત્યારે શ્રદ્ધા પાકટ કહેવાય છે.

બુદ્ધિ આદર્શોને શોધે છે, શ્રદ્ધા તેને જીવંત રાખે છે.

શ્રદ્ધા વિદ્યુત છે. તે વિઘ્નનાશક, આનંદદાયક હોઈ દિવ્યતા પ્રગટાવે છે. શ્રદ્ધા વિના સાક્ષાત્કાર થઈ શકતો નથી.

પરમાત્માના નામમાં, શાસ્ત્ર અને ગુરૂના ઉપદેશમાં તથા પોતાના આત્મામાં શ્રદ્ધા એ આત્મસાક્ષાત્કારની મહાન ચાવી છે.

## પ્રેમ

જગતના અણુએ અણુમાં પરમાત્માનો પ્રેમ રહેલો છે.

પ્રેમ એ સર્વ ધર્મની પરાકાષ્ઠા છે.

દાન, સેવા, માનવતા એ બધા પ્રેમના જ પ્રકારો છે.

પ્રેમ સૌને સમાન બનાવે છે.

પ્રેમ વિનાની સેવા, દાન, પૂજન, તપ, ચારિત્ર- નિરર્થક છે.

સાચો ધર્મ સૌને આત્મસમાન ચાહવામાં રહેલો છે.

શુદ્ધ પ્રેમમાં સૌને સરખું સ્થાન છે.

પ્રભુપ્રેમ મોક્ષદાયી છે.

ભક્તિ=આત્મા-પરમાત્માનો શાશ્વત સંબંધ જોડનાર પ્રેમ.

કીડીથી કુંજર, ચાંડાળથી બ્રાહ્મણ, રાજાથી રંક અને
દુષ્ટોથી સંત સુધી સૌને પ્રેમમાં સ્થાન છે.
દિવ્ય પ્રેમથી રાગ-દ્વેષ અને અહંત્વ-મમત્વ નાશ પામે છે.
વિશ્વપ્રેમના વિકાસ માટે ક્ષમા, ઋજુતા, સહનશીલતા,
શાંત, ઉદારતા, ધૈર્ય, સત્ય, બ્રહ્મચર્ય, નિરાભિમાનતા
દયા, અહિંસા જેવા સાત્વિક ગુણો ખાસ કેળવવા જોઈએ.
જે પ્રેમ હૃદયમાં ઉત્પન્ન થઈ વિશ્વનાં પ્રાણીમાત્રને
આવરી લે છે, તે ખરેખર આત્મસાક્ષાત્કારનું ફળ છે.
જીવનનો હેતુ પ્રેમ છે, તેને સિદ્ધ કરવા માનવનો દેહ છે.
પ્રેમના મંદિરમાં પ્રવેશવા પ્રભુ સાથે તદાકારવૃત્તિ ઊપજે છે.

## મંદિર અને મસાણ

માનવ કેવળ હાડ-ચામનું પુતળું જ નથી,
તેને દયા માટે દિલ છે, દાન માટે હાથ છે,
દર્શન માટે દૃષ્ટિ છે અને પ્રભુપંથે સંચરવા માટે પગ છે.
માનવ ધારે તો આ દેહને મંદિર બનાવે, ધારે તો મસાણ.
મસાણમાં ભૂતનો વાસ છે, મંદિરમાં દેવનો વાસ છે.
દેહને મંદિર બનાવવા આજે જ દેવત્વને જાગ્રત કરો.
તમારું દિલ, તમારા હાથ, તમારી દૃષ્ટિ-
એ બધાં જ દેવત્વને પ્રગટાવનારાં પવિત્ર સાધનો છે.

ૐ શ્રી

દિલની દયાને દાનમાં વહેતી કરી દેહને દેવાલય બનાવાય છે.
પશુ-પ્રાણી, દુઃખી અને અપંગ વગેરે સૌ
તમારી દયા અને તમારા નિઃસ્વાર્થ દાનની રાહ જુએ છે.
હિંસા અને ક્રૂરતા એ દેવાલય બનવાને યોગ્ય એવા દેહને
સ્મશાન-કબ્રસ્તાન બનાવે છે.

પ્રેમના અગ્નિમાં મન, વચન, કર્મને વિશુદ્ધ કરો.
પ્રેમના પવિત્ર જળમાં સ્નાન કરી પ્રેમના અમૃતનું પાન કરો.

કૃષ્ણની બંસી - રાસલીલા

હૃદય એ વૃંદાવન, મન એ રાધા = આરાધના, ઈંદ્રિયો એ ગોપીઓ, અનાહત ધ્વનિ = બંસીમાંથી નીકળતું મધુર સંગીત, સહસ્ત્રચક્ર એ પરમ ધર્મ, શ્રી કૃષ્ણ એ પરબ્રહ્મ, પંચકોશ એ પાંચ કિલ્લા, ત્રિગુણો એ દરવાનો, ષટ્ચક્ર એ દરવાજા, અમરત્વ એ યમુના, બ્રહ્મરંધ્ર એ કદંબ વૃક્ષ, મનની બ્રહ્મમાં લીનતા એ રાધા અને કૃષ્ણનો યોગ, શરીર એ બંસી. અહંતા કાઢી સંપૂર્ણ આત્મનિવેદન થાય તો તેમાંથી મધુર રાગો નીકળે. પ્રભુની ઈચ્છા એ જ સાધકની ઈચ્છા. મન-હૃદય-આત્માના પુરેપુરા ભાવથી સંપૂર્ણ સમર્પણ કર્યા પછી પ્રભુની અનુકંપા જ સૌનું સઘળું કામ કરે છે. ઈશ્વર શું માગે છે? ઈશ્વરનો બેશરત ભાવનો અંગીકાર છે.

માર્જાર = cat theory, વાનર = monkey theory.

અકામ નિર્જરાથી ભવ ઊંચો આવે છે.

ત્યાં અજ્ઞાન હોવાથી cat theory કામ કરે છે.

મનુષ્યપણામાં જ્ઞાન પ્રધાન હોવાથી

ત્યાં monkey theory કામ કરે છે.

જ્યાં સુધી મહાપુરુષને મન છે ત્યાં સુધી મનને આલંબન જોઈશે અને સાધનાનો હેતુ મનને પવિત્ર આલંબન પુરું પાડવાનો છે. લંકાના ૧૦ મસ્તકવાળા રાવણનો નાશ કરવો એટલે મનની ૧૦ અશુભ વૃત્તિઓ: રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, માન, મત્સર, દંભ, અહંકારનો વિનાશ કરવો એ છે.

V. Imp.

## રામાયણનું રહસ્ય

સીતા = મન, રામ = પરબ્રહ્મ.

સીતા અને રામની એકતા = ધ્યાન અને જપથી મન બ્રહ્મમાં લીન થાય છે તે. રામ એ બે અક્ષરનો મંત્ર છે.

ભાવના અને એકાગ્રતાથી કરેલો જપ

મનના સંયમ તરફ અને અંતે સમાધિ તરફ લઈ જાય છે.

ધ્યાતા-ધ્યેય અને ઉપાસક-ઉપાસ્ય એક બની જાય છે,

મન રામથી ઊભરાઈ જાય છે.

તદાકાર, તદ્રૂપ, તન્મય અને તલ્લીન મન રામરૂપ બને છે.

જપની ઈચ્છા એ ભગવાનની ઈચ્છા બની જાય છે.

'રામ' એ મહામંત્ર છે, કેમકે તેમાં

ૐ નમઃ શિવાય। તથા

ૐ નમો નારાયણાય। અને

પંચાક્ષરી અને અષ્ટાક્ષરી એ બંને મંત્રો સમાઈ જાય છે, જેના સતત જપથી મન શુદ્ધ અને સ્થિર બને છે.

Imp.

## ભ્રૂમધ્યદૃષ્ટિ-સંમુખદૃષ્ટિ એ યોગક્રિયા

મોક્ષ મેળવવા નિષ્કામભાવે જપ કરનારને કોઈ જાતના વિધિનિષેધ રહેતા નથી. જપ એ આત્માનો દિવ્ય ખોરાક છે. બે ભ્રમરોની વચ્ચે આંખોને એકાગ્ર કરવી (ભ્રૂમધ્યદૃષ્ટિ) એ દરેક સાધક માટે ઉપયોગી ક્રિયા છે. અડધી મિનિટથી શરૂ કરી 30 મિનિટ સુધી તેનો અભ્યાસ વધારી કરવો.

તેને 'સંમુખદૃષ્ટિ' કહેવાય છે.

નાસાગ્રદૃષ્ટિથી પણ તેવો જ લાભ મળે છે.

0 અંગુઠ - પૃથ્વીતત્ત્વ - શરીર

તર્જની - જળતત્ત્વ - પ્રાણ

મધ્યમા - અગ્નિતત્ત્વ - મન

અનામિકા - વાયુતત્ત્વ - બુદ્ધિ

કનિષ્ઠિકા - આકાશતત્ત્વ - આત્મા

શ્રી

## મનુષ્ય શરીરનાં વિવિધ કેન્દ્રો

વિશ્વરૂપ શરીરનાં તે જ કેન્દ્રો સાથે સંબંધ ધરાવે છે.

### મંત્ર દેવતા

સોહમ્ કે ૐ એ આત્મા અને પરમાત્માનું સાચું નામ છે.
હંસઃ સોઽહમ્ । God in love & love in God.
ભગવાનના નામનું વારંવાર ઉચ્ચારણ તે 'જપ' છે અને
સગુણસ્વરૂપના રૂપનું વારંવાર મનન કરવું, તે 'ધ્યાન' છે.
ધ્યાન એ જપસહિત અને જપરહિત બન્ને હોય છે.
જપની પ્રગતિ વધે છે, ત્યારે જપ બંધ થઈ જાય છે અને
પછી તો કેવળ ધ્યાન જ બાકી રહે છે.
મંત્ર એ દેવતા છે અર્થાત્ ધ્વનિરૂપે પ્રગટતી દિવ્યશક્તિ છે.
મૂર્તિને પથ્થર માને, મંત્રને અક્ષર માને અને
ગુરુને મનુષ્ય માને, તે આત્મા જરૂર નરકે જાય છે.
મૂર્તિ ભગવાન છે, મંત્ર એ દેવતા અને ગુરુ બ્રહ્મ છે.
'ધર્મ' એટલે પરમાત્માને જાણવા-પામવાનો શ્રેષ્ઠતમ માર્ગ.
એ વાદ-વિવાદ કે ચર્ચાની વસ્તુ નથી. એ મનની નિગૂઢ
અભિલાષાનું પરિણામ છે, આત્માનો અપરોક્ષ અનુભવ છે.
વિવેક અને વૈરાગ્યરૂપી લગામો વડે
ઇંદ્રિયોરૂપી ચંચળ ઘોડાઓને વશમાં રાખી શકાય છે.

કોઈને ઈજા કરવાથી તમે તમારી જાતને ઈજા કરો છો.

કોઈને ચાહવાથી તમે તમારી જ જાતને ચાહો છો.

એકતા જીવન છે, ભિન્નતા મરણ છે.

'આપણે જગતથી અલગ છીએ' એમ માનવું એ મૂર્ખતા છે.

આપણે બધાની સાથે એકરૂપ છીએ.

મરણ પછી ભાંગેલી કોડી પણ સાથે આવતી નથી.

## ભગવાન

ભગવાન એ પતિતપાવન, ભક્તવત્સલ, દીનદયાળ, અનાથો-દ્ધારક વગેરે વિશેષણો ધારણ કરનારા છે, તે યથાર્થ છે.

ત્રિપુરારિ કામ, ક્રોધ, લોભને હણનારા જ્યોત પ્રગટાવે છે.

ભગવાન પ્રેમ, ત્યાગ, દયા અને જ્ઞાનની મૂર્તિ છે.

શિવ, જ્ઞાન તથા અમૃત એકાર્થક છે.

જ્યારે શક્તિ શિવ સાથે જોડાય છે અર્થાત મન આત્મા સાથે ભળે, ત્યારે યોગી પૂર્ણ તેજનો અનુભવ કરે છે.

ત્રિશૂળ એ સત્વગુણ, રજોગુણ અને તમોગુણનું પ્રતીક છે.

ડમરૂં જ્ઞાનનું પ્રતીક છે. તે ૐ સ્વરૂપ છે, જેમાંથી બધી ભાષાઓ નીકળે છે. લિંગ એ અદ્વૈતનું પ્રતીક છે.

૧૧ રુદ્ર = ૧૦ પ્રાણ અને મન.

યોગીનાં મન તથા શરીર પરબ્રહ્મનાં સાધક છે.

ૐ શ્રીં જીવનના બાધક રાજસી સ્વભાવ પલટાઈને
ચિત્તમાં એકાગ્રતા અને પવિત્રતા આવે છે,
તેથી વૈરાગ્ય અને અંતર્મુખ વૃત્તિ રૂપ નવા વિચારો
ઉપર કાબુ આવે અને પાંચ કોષ એકતાથી કામ કરે છે.

હૃદય = વૃંદાવન, ક્રિયાશક્તિ = દ્વારિકા, જીવ = અર્જુન,
જ્ઞાનશક્તિ = રાધા, કુરૂક્ષેત્ર = અંતરસ્થળભૂમિ,
દ્રૌપદી = મન, પાંડવો = ઈંદ્રિયો, ગોપીઓ = નાડીઓ,
ગોપીરમણ = નાડીઓના સંયમથી મેળવેલું આત્મસુખ.

## તત્ ત્વમ્ અસિ

કર્મ - તત્ = ગીતાના પ્રથમ છ અધ્યાય.
ભક્તિ - ત્વમ્ = ગીતાના બીજા છ અધ્યાય.
જ્ઞાન - અસિ = ગીતાના ત્રીજા છ અધ્યાય.

હું = સૈનિક, ઈશ્વર = સેનાપતિ, આજ્ઞાપાલન = કર્મ.

## ઉપાસના

મનુષ્યના મર્યાદિત મનથી અમર્યાદિત અને
અનંત પરમાત્માનો ખ્યાલ આવવો મુશ્કેલ હોવાથી
સગુણબ્રહ્મની કલ્પના કરવામાં આવી અને
તે દ્વારા નિર્ગુણબ્રહ્મ સુધી પહોંચવાની યોજના થઈ છે.
ઉપાસના પ્રાર્થનારૂપે, સ્તુતિરૂપે, ધ્યાનરૂપે, કીર્તનાદિરૂપે છે.

## ઉપાસનાનો ગર્ભિત હેતુ

નિસર્ગ પૂજા (સૂર્ય, અગ્નિ, ઇંદ્ર, વાયુ, વરૂણાદિ), અવશેષ પૂજા (દંત, કેશ અને અસ્થિપૂજાદિ) તથા અન્ય વિશિષ્ટ પૂજાઓ (૨૪ વારની પૂજા, ગરૂડપૂજા, ઋષિપૂજા, દેવપૂજાદિ) દરેક ઉપાસનાનો ગર્ભિત હેતુ પ્રભુ સાથે એકતા સાધવાનો જ છે. બધા એક જ સત્યની પૂજા કરે છે અને તે પરમાત્મા જ છે. જે તફાવત પડે છે તે નામરૂપનો છે અને તે સાધકોમાં રહેલા તફાવતના કારણે છે. બધા ધર્મોનાં મૂળતત્ત્વો સરખાં છે. સદાચાર, સત્યવચન, બ્રહ્મચર્ય, પ્રેમ અને અન્ય સદ્‌ગુણો તથા ધ્યાન અને ભક્તિ વડે આત્મમુક્તિ પ્રાપ્ત થાય છે.

## સૌનું હિત

સમકીતની ભૂમિકામાં સૌના હિતની ભાવના હોવી જોઈએ.

મૈત્ર્યાદિભાવો જ ધર્મનું મૂળ છે.

આત્માને પરમાત્મસ્વરૂપમાં વિસર્જન કરવાનો સાચો અધિકાર ત્યારબાદ જ પ્રાપ્ત થાય છે.

ચિત્ત પળે પળે કંઈકનું પણ શરણું શોધતું જ રહે છે.

આ જ એની ચંચળતા અને વિક્ષિપ્તતા છે.

જો એને સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વકરૂણામય તત્ત્વ સાથે જોડી દેવાય, તો એ તૃપ્તિને અનુભવે છે.

શ્રી

સાધનાનો મૂળમાર્ગ પરમાત્માની શરણાગતિનો સ્વીકાર છે.

મદારી પોતાના વાંકા અજગરને ફેરવીને સીધા કરી શકે, તેમ પોતાના વાંકા વિચારોને બદલીને સીધા કરીને પછી પોતાના ભાવિને પણ પલટાવી શકે છે.

પ્રભુનો ભક્ત સર્વ તરફ મૈત્રી અને સમભાવ રાખે છે. તે સદા સૌનું ભલું જ ચાહે છે, કોઈની લાગણીને ન દુભાવે. ભક્તિથી સર્પ ફુલમાળા, અગ્નિ શીતળ તથા વિષ અમૃત બને છે. ભક્ત સૌજન્યમૂર્તિ હોય છે. તે સર્વનું શુભ ચાહે છે. જે સૌના ભલામાં રાચે છે, તે શાશ્વત શાંતિ પ્રાપ્ત કરીને પ્રભુનાં દર્શન પામે અને અંતમાં આત્મૈક્ય પ્રાપ્ત કરે છે. કામના દોષો: જુગાર, શિકાર, નિદ્રા, નિન્દા, હલકા ગીત, નૃત્ય, ભ્રમણ, મદ્ય તથા ક્રોધના દોષો: અપવાદ, અવિચારિતા, દ્વેષ, જુલમ, ચોરી, કર્કશતા, ક્રૂરતાદિ છે. ક્રોધ-માન-માયા તથા લોભ દોષ છે, માટે તેનો નિઃશેષ નાશ તે જ મુક્તિ છે.

સર્વ શત્રુઓનો ક્ષય, સર્વ વ્યાધિઓનો વિલય, અર્થનો સંયોગ અને ઇચ્છાઓની પૂર્તિ વડે જે સુખ થાય, તેનાથી અનંતગણું સુખ મુક્તિમાં છે. સર્વવ્યાપીને બંધ અને મોક્ષતત્ત્વ ન ઘટે. મોક્ષતત્ત્વની શ્રદ્ધાવાળાને જ ધર્મમાં મન સ્થિર રહે. મુક્તિની ઇચ્છા મોટો રોગ છે.

## મંત્રજપ અને ૧૨ ભાવના

મંત્રજપ કાળે ચિત્ત અનિત્ય પદાર્થોથી વ્યાવૃત્ત થતું હોવાથી અનિત્ય ભાવનાનો ઉપદેશ સાર્થક થાય છે. એ રીતે પાંચ પરમેષ્ઠિનું શરણ તે કાળે લેવાતું હોવાથી અશરણ ભાવના, ધર્મનું ઉપાર્જન એકલાને થતું હોવાથી એકત્વ ભાવના, 'સર્વથી ભિન્ન આત્મા છે' એવી પ્રતીતિ કરવાનો ઉપાય હોવાથી અન્યત્વ ભાવના, જપના કાળે આશ્રવનો નિરોધ થતો હોવાથી સંવર ભાવના, શુભનો આશ્રવ થતો હોવાથી આશ્રવ ભાવના, નિર્જરા થતી હોવાથી નિર્જરા ભાવના, બોધિનો લાભ થતો હોવાથી બોધિ-દુર્લભ ભાવના, ધર્મ ભાવના, લોકસ્વરૂપ ભાવના, સંસાર ભાવના, અશુચિ ભાવના - ૧૨ ભાવનાનું ચિંતનફળ જપકાળે જીવનમાં પ્રગટે છે, તેથી જપની શક્તિ અચિન્ત્ય મનાય છે.

## સર્વોચ્ચ લક્ષ્ય

મનુષ્યનાં સર્વ કાર્યોનો ઉદ્દેશ આનંદ પ્રાપ્ત કરવો એ જ છે. નિત્ય સુખ એ મનુષ્યમાત્રનું નિર્વિવાદ સર્વોચ્ચ લક્ષ્ય છે અને તે તો કેવળ આત્મામાં જ પ્રાપ્ત થાય તેમ છે. વિષયોના સંસ્પર્શથી પ્રાપ્ત કરાયેલું ઇંદ્રિયસુખ ભયપૂર્ણ અને ક્ષણિક છે. એમાં ચિન્તા, ભય, દુઃખ, પાપનું મિશ્રણ છે.

## શાંતિ એટલે શું? તે ક્યાં છે?

નિર્મળ આત્મા, શુદ્ધ ચેતના કે પરમાત્મામાં નિત્ય જીવન,
એનું જ નામ 'શાંતિ' છે.

શાંતિ અંદર છે.

એકાગ્ર ચિત્તવૃત્તિ-ધ્યાનથી અંતરમાં શાંતિની શોધ કરવી.

જીવનનું પરમ ધ્યેય શાંતિ પ્રાપ્ત કરવાનું છે,
નહિં કે પદ નામના, યશ અને ધન.

જે મનુષ્ય પોતાનું મન ધ્યાનમાં રોકી શકતો નથી,
તેને આત્મલાભ પ્રાપ્ત થતું નથી.

અસ્થિર મનુષ્ય ધ્યાન કરી શકતો નથી,
તો તેને માનસિક શાંતિ કે સુખ પ્રાપ્ત જ ક્યાંથી થાય?

પ્રેમ અને શાંતિ એ બે વસ્તુઓ અભિન્ન છે, જુદી નથી.
જ્યાં શાંતિ છે, ત્યાં પ્રેમ છે.

સર્વ આત્માની એકતાનું દર્શન શાંતિ મેળવી આપે છે.

## સાચી સ્વતંત્રતા

નિત્ય અવિનાશી આત્મામાં જ જીવવું એ સાચી સ્વતંત્રતા છે.

જ્યાં ધર્મ છે, ત્યાં ઈશ્વર છે.

સુખ-શાંતિનો પાયો ધર્મ છે અને ધર્મનું મૂળ ઈશ્વર છે.

ધર્મનું ખરું ધ્યેય આત્મદર્શન છે.

ह्रीँ

## સાચી સ્વતંત્રતાના બે ઉપાયો:

કર્મફળની આશાનો અને કર્તાપણાના ભાવનો નાશ.

વિશ્વપ્રેમ એ અહંકાર અને વાસનાઓનો નાશ કરે છે.

પ્રેમ કેવળ સાધના જ નહિ કિન્તુ સાધ્ય અને લક્ષ્ય પણ છે,
કેમકે ઈશ્વર પણ પ્રેમમય છે.

ભગવાનનું નામ મનરૂપી રાક્ષસનો વિનાશ કરવા માટે ભયંકર તલવાર સમાન છે. નામ અને નામી જુદાં નહિ.

શાસ્ત્રોનું મંથન કરીને કાઢેલ અમૃત એ પ્રભુનું નામ છે.

## ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય

(૧) ઉત્પાદ - સુખ - સમાજ પ્રત્યે કર્તવ્ય.
(૨) વ્યય - દુઃખ - સંન્યાસ પ્રત્યે કર્તવ્ય.
(3) ધ્રૌવ્ય - આનંદ - આત્મા પ્રત્યે કર્તવ્ય.

સંસાર એક મેળો છે. મેળામાં કેટલાક લોકો રમત-ગમત વડે માન-પાન મેળવે છે. કેટલાક દ્રવ્યોપાર્જનમાં (લોભ) રત રહે છે. કેટલાક માન કે ધનના લોભી નહિ, પણ માત્ર દૃશ્યના દૃષ્ટા રહે છે. દૃષ્ટા થવામાં આત્માનન્દ ગૌરવ છે.

## ભક્તિરૂપી ભિક્ષા

બિલાડીના મસ્તક ઉપરનો દીવો ઉંદર આવતાંની સાથે જ ઊંધો વળી જાય છે. આ દૃષ્ટાંતનો રહસ્યાર્થ એ છે કે:

ૐ

ઇંદ્રિયો = બિલાડી, વિષયો = ઉંદર,
આત્મા = બાદશાહ, મન = બીરબલ.
વિષયો ઇંદ્રિયોને તંગ કરે છે, મોક્ષ મનને તંગ કરે છે,
ભક્તિ આત્માને તંગ કરે છે.
બાદશાહને ભોજન માટે વિષયોરૂપી બિલાડીને
માથા ઉપર વૈરાગ્યના દીવા પ્રગટાવવાની જરૂર નથી,
પણ મનમંદિરમાં મોક્ષ-વિવેકરૂપી દીવો પ્રગટાવીને
હૃદયરૂપી સિંહાસન ઉપર ભક્તિનું ભોજન આરોગવાનું છે.
સિદ્ધાંત અનેકાન્તથી નક્કી કરાય,
વ્યવહાર એકાંતથી નક્કી થઈ શકે.
પ્રવૃત્તિ માટે એક નય કામ આવે,
પણ વૃત્તિ માટે તો સર્વનય બધાય જરૂરના ગણાય.
ઘરમાં રહીને પણ મોક્ષ મળે - જનક કે ભરતની જેમ.
ઘર છોડીને ય મોક્ષ મળે - બાહુબલી કે આર્દ્રકુમારની જેમ.
જેવી વૃત્તિ તેવો માર્ગ. જેવો પ્રશ્ન તેવો જ ઉત્તર.
શુદ્ધ - સર્વવ્યાપી ચૈતન્યને 'બ્રહ્મ' કહે છે.
બ્રહ્મને મનથી જાણી શકાય નહિ, કેમકે
ત્યાં જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાનીની ત્રિપુટી રહેતી નથી.
તેને ઓળખવા માટે જ પરબ્રહ્મમાં 'પર' વિશેષણ છે.

શ્રી

## ભવનિર્વેદ

'ભવનિર્વેદ' એટલે સ્વાર્થ પ્રત્યે ઉદ્વેગ.

પરકલ્યાણ એ મોક્ષનું, પરમપદનું સાધન છે.

'સ્વાર્થ' એટલે ભવનું સાધન, 'પરાર્થ' એટલે મોક્ષનું સાધન.

પરાર્થ વડે જ સ્વાર્થ જીતી શકાય.

'પર' એટલે સાધ્ય, ઉત્કૃષ્ટ અથવા મોક્ષ.

'સ્વાર્થમાંથી મોક્ષ અપાવનાર, ઉત્કૃષ્ટ પદે પહોંચાડનાર પોતાથી ભિન્ન સદા સાધ્ય જ છે' સદા એનો તાત્પર્યાર્થ છે.

સ્વાર્થથી ઉભગી પરાર્થ પ્રત્યે પ્રીતિવાળા બનવું, એનું જ નામ 'ભગવદ્ બહુમાન' અથવા તો 'ભવનિર્વેદ' છે.

વિષયો પ્રત્યે વૈરાગ્ય અને જીવો પ્રત્યે સદ્ભાવ - એવા બે અર્થ ભગવદ્ બહુમાનરૂપી ભવનિર્વેદમાં રહેલા છે.

ભગવદ્ બહુમાન એકબાજુ વિષયોથી પરાઙ્મુખ બનાવે છે, બીજીબાજુ જીવોના ભલા પ્રત્યે પ્રીતિવાળા બનાવે છે.

## સાધનામાર્ગની પ્રક્રિયા

બુદ્ધિથી સ્વરૂપનો નિર્ણય કરી સમાધિ વડે તેનો એટલે સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ લેવા પ્રયત્ન કરવો જોઈએ.

નિર્ણય માટે શંકા દૂર થવી જોઈએ અને શંકાને દૂર કરવા માટે શાસ્ત્રવિચાર કરવો જોઈએ.

વચન દ્વારા વિચાર અને વિચાર દ્વારા શંકાનું દૂરીકરણ કરી તે દ્વારા નિર્દ્વંદ્વ થયા પછી તેનું પુનઃપુનઃ પરિશીલન અને પછી ધ્યાન દ્વારા સમાધિ સિદ્ધ કરી શકાય છે.

'વિવેક ચૂડામણિ'માં કહ્યું છે કે:

વિચાર દ્વારા જેની શંકા દૂર થઈ છે
અને જેને પોતાના સ્વરૂપનો ચોક્કસ નિશ્ચય થયો છે,
તે સાધકે શાંત અને એકાંત સ્થળમાં બેસીને
નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.
નિર્વિકલ્પ સમાધિ વડે આત્માનો અપરોક્ષ અનુભવ
એ જ રાજમાર્ગની ખરી પ્રક્રિયા છે.

## નિર્વિકલ્પ સમાધિ

રાજ-યોગના ગ્રન્થોમાં કહ્યું છે: 'પવિત્ર-શાંત-એકાંત પ્રદેશમાં ધ્યાનાદિ કર્યે મન જલ્દી એકાગ્ર થઈ જાય છે'. બાહ્ય બધી વાતોમાંથી મનને પાછું વાળીને ધ્યાનપરાયણ બનાવવા માટે એકાંત સ્થાન વધારે સહાયકારક થાય છે. સતત પરિશ્રમ વિના તેવા અનુભવોની ઈચ્છા ન સંતોષાય. વિધિ, વિશ્વાસ, ઈચ્છા, પ્રયત્ન, ઉત્સાહ, ખંત, ચિંતન, શ્રદ્ધા વગેરેની માત્રાને વધારી, પ્રમાદ અને દીર્ઘસૂત્રીપણાનો કાયમ માટે ત્યાગ કરી, શાંત મને સાધના કરવી પડશે.

જેનું મન એક ક્ષણ પરબ્રહ્મ પરમાત્માના ધ્યાનમાં લીન થયું,
તેનું જીવન ધન્ય, કુળ પવિત્ર, જનની કૃતાર્થ
અને પૃથ્વી પુણ્યશાળી થઈ સમજવી.

સમાધિના સમય ઉપર ભાર નહિ પણ મહત્ત્વ ઉપર ભાર છે.
સમય ગમે તેટલો હોય પણ સમાધિ પછી
બધે પરમાત્માની સત્તાનું દર્શન થવું જોઈએ.

## અહંકાર

લૌકિક વ્યવહારમાં અહંકાર સર્વથા ત્યાજ્ય નથી.
મનુષ્યનું લૌકિક જીવન તો ઘણેભાગે અહંકારથી વિકસે છે.
'હું વર્ગમાં પહેલે નંબરે આવું' એ પ્રકારના અહંભાવથી
તો વિદ્યાર્થી વિદ્યા માટે પ્રયત્ન કરે છે. માને પોતાના
છોકરાનો અહંકાર છે, માટે તો તેનું રક્ષણ થાય છે.
રાષ્ટ્રને સંસ્કૃતિનો અહંકાર હોવો જોઈએ,
જો કે એ અહંકારને મર્યાદા પણ હોવી જોઈએ.
બધાં વિકારો કાઢવા કરતાં એને ઓગાળી દેવા જરૂરી છે.
મુખ્યત્વે અહંકાર 3 જાતનાં છે: દાહક, મોહક અને ભદ્રક.
વિત્ત, સંપત્તિ અને સત્તાનો અહંકાર દાહક છે.
એ અહંકારથી મનુષ્ય આખી દુનિયાને હલકી સમજવા માંડે છે.
જો કે આ અહંકારવાળા ભીરૂ હોય છે, ભયભીત રહે છે,

શ્રી

કેટલાક મંગળ કે શનિ જેવા ગ્રહોને ખુશ કરવા રોજ જપ જપતા હોય છે. આવતી કાલ કેવી જશે? અથવા તો આવતી કુંડળી કેવી હશે? એનો ભય રહ્યા જ કરે છે. 'હું ભગવાનનો છું' એવો અહંકાર પ્રેરક છે. આ અહંકારમાં દ્વૈત રહે છે, એમાં અદ્વૈતનો આનંદ અનુભવાતો નથી, છતાં 'હું તેનો છું' એ વિચારથી ભય ચાલ્યો જાય અને વિચારે: 'મારી તરફ વક્ર નજરે જોવાની કોની તાકાત છે?' કેટલાક અહંકાર ભદ્રક હોય છે. એમાં કોઈનું બગાડે એવા વિચાર નથી પણ 'આ મને આવડ્યું, નહીં આવડ્યું' વગેરેમાં કોઈને હલકા પાડવાનો વિચાર નથી, તેથી બહુ દોષવાળો નથી.

વિદ્વત્તાનો અહંકાર પણ બે જાતનો હોય છે, કેમકે વિદ્વત્તા બે જાતની છે: અર્થકરી અને ચિદ્કરી.

ચિદ્કરી વિદ્વત્તા સાત્વિક છે,
તેથી લેનાર-આપનાર બંનેમાં સાત્વિકતા વધે છે.
અહંકારરહિત થતાં દીનતા ન આવી જાય,
તેની ખાસ સંભાળ રહેવી જોઈએ.

'I am helpless' વૃત્તિ દીનતાના ઘરની છે, તે ત્યાજ્ય છે.

o

Complex of superiority or inferiority, both are the worst thus undesirable.

## સમાધિનું ફળ

દૃષ્ટિને દૈવી કરીને અંદર-બહાર બધે પરમાત્માનું દર્શન નહિ કરાવનારી કળાઓ, દિવસો કે મહિનાઓની સમાધિ કરતાં તેવું દર્શન કરાવનારી એક ક્ષણની સમાધિ ચઢિયાતી છે. સમાધિથી કાળાંતરે કેટલીક સિદ્ધિઓ મળે, પણ પરમાત્મદર્શન સમા મુખ્ય સિદ્ધિ સાધવામાં જ સમાધિની સફળતા છે. ચરાચરમાં પરમાત્માનું દર્શન કરવાનો અભ્યાસ જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ હૃદય પ્રેમથી ભરાઈ, ઊભરાઈ અને છલકાઈ જાય છે. એને જ બીજા શબ્દોમાં 'અદ્વૈતનો અનુભવ' અથવા 'અદ્વૈતનો સાક્ષાત્કાર' કહેવાય છે.

## એકાંતસેવનનું માહાત્મ્ય

વ્યવહારમાં મનુષ્યની મોટાભાગની શક્તિ અને સમય પ્રતિકૂળ વાતાવરણને અનુકૂળ કરવામાં જ વપરાઈ જાય છે. જ્યારે એકાંતમાં એ સમસ્યા ઉત્પન્ન થતી નથી. ત્યાં વાતાવરણની સાથે કામ, ક્રોધ, મદ, મત્સરના પ્રસંગોની સાથે ઝઝૂમવાનું અથવા મોરચા માંડવાનું હોતું જ નથી એટલા માટે જેણે થોડા વખતમાં જ આત્મોન્નતિની સાધનામાં કંઈ પણ નોંધપાત્ર સફળતા મેળવવી હોય, તેમણે થોડો વખત એકાંતસેવન કરતાં શીખવું જોઈએ.

શ્રીં

એકાંતમાં મનને જીતવું કે વશ કરવું સહેલું થઈ પડે છે. અમુક પ્રકારની ધ્યાનાદિ સાધના એકાંત વગર ન થઈ શકે. કોલાહલમય વાતાવરણમાં કે પછી અતિ પ્રવૃત્તિનું સેવન કરતાં મન અસ્વસ્થ બને, તેનું મુખ્ય કારણ એ છે કે

સાધનાની શરૂઆત અને વચગાળાની દશામાં
મન સંપૂર્ણપણે વશવર્તી થયું હોતું નથી,
તેને શાંતિની તીવ્ર ઝંખના હોય છે, એટલે
અશાંત વાતાવરણ તેને ભારે પ્રત્યાઘાત પેદા કરે છે.
જેમ જેમ મન શાંત અને સ્થિર થતું જાય છે,
તેમ તેમ આ સમસ્યા આપોઆપ ઉકેલાઈ જાય છે.

## વિકારોમાં પણ વિકાર

ચૈતન્યમાંથી 'હું છું'નું સ્ફુરણ થતાં ભાવ ઉત્પન્ન થયો - I am. ભાવ ઉત્પન્ન થતાં જ 'હું કેવો છું?' How am I? એ પ્રશ્ન આવ્યો. 'હું કેવો છું' એ પ્રશ્ને સૃષ્ટિ ઊભી કરી દીધી એટલે સૌ પ્રથમ તો એ જ પ્રશ્નને મનમાંથી દૂર કરવો.

એ પછી 'હું છું'માંથી 'છું'ને દૂર કરવું જોઈએ. પછી જે 'હું' રહે તેને મંદ પાડીને નમ્ર બનાવવો જોઈએ, પણ સર્વથા નાબુદ નહિ. 'હું' વગર અસ્તિત્વ જ ન રહે. એ 'હું' તો પ્રભુની ભેટ છે, એમાંથી અભિમાનને કાઢો પણ

અહંકારને અરીસે 'હું' પણાને કાઢવા પ્રયાસ ન કરો,
કેમકે તે કદી નાબૂદ થવાનું નથી.
અહંકાર અરીસે 'હું' પણું.
એ તો નૈસર્ગિક છે, દિવ્ય છે,
તેથી વિકારોને ગાળો આપવાને બદલે
તેને ઈશ્વરના સાધન બનાવો.
બાળપોથીમાંથી પહેલામાં જતો છોકરો અહંકારથી જ જાય છે.

## અહંકારનો ફાળો

જીવનવિકાસમાં અહંકારનો ફાળો છે, પણ જીવનસાફલ્યમાં એને કાઢવો જ પડે છે. જો કે એને કાઢવો ઘણો કઠિન છે. અહંકાર છોડાતો નથી, મરાતો નથી અને એને મારવાની જરૂર પણ નથી. અહંકારને ફક્ત બાજુએ વાળી શકાય છે.
અહંકારને સંતોના ખોળે આપી દો અરીસે બસ!
અહંકારને બેડી કે પાશ નહિ પણ ઘરેણું સમજો.
જનકને રાજસત્તા પાશરૂપે ન બની અને રઘુરાજાને વિત્ત બંધનકર્તા ન બન્યું પણ અહંકાર અને આભૂષણરૂપ થયું.
અહંકારને પણ બંધન નહિ, દાગીનો સમજો.
પરમાત્માને વર્ણવવાના નહિ પરન્તુ પામવાના હોય છે,
રોમરોમમાં અનુભવવાના હોય છે.

શ્રી

## પરબ્રહ્મ

પ્રાણીમાત્રમાં અને સર્વત્ર જગતમાં એક પરબ્રહ્મ નીગૂઢ રહેલું ચૈતન્ય છે છતાં તે દૃશ્ય નથી. વિશ્વમાં વ્યાપક છે અને છતાં તે પણ ઈશ, સમર્થ અને નિયમન કરનાર છે.
આ બ્રહ્મની વિશેષતા છે.

યોજન અને યોજનાર એ સંસ્થા અને સંચાલકની જેમ બે વસ્તુ નથી. પોતે જ સંચાલન અને પોતે જ સંચાલક છે. તે 'પરબ્રહ્મ' કહેવાય છે. તે અચ્છેદ્ય, અભેદ્ય, અદાહ્ય, અશોષ્ય, વર્ણનાતીત છે - વર્ણવવાનો વિષય નથી, અનુભવવાનો છે. 'બ્રહ્મ સત્યમ્ જગન્મિથ્યા' એ વચન ભાવાત્મક રીતે જ કહેવાય છે, આ સૃષ્ટિને અસત્ કરાવવા માટે નહિ.

પત્ની પતિને જોઈને જ્યારે તલ્લીન થઈ જાય છે,
તે વખતે તેને બાકીની સૃષ્ટિ અસત્ નથી લાગતી.

પ્રત્યેક વસ્તુ સ્વરૂપથી સત્ છે, પરરૂપથી અસત્ છે.
જગત ક્ષણિક છે પણ અસત્ નથી.
જગત શાશ્વત નથી પણ સુંદર તો છે જ.

o સાહિત્યનું કામ આપણા શુભ ભાવનાઓને જાગ્રત કરી પોષવાનું છે. જો કે આજનું સાહિત્ય તેથી ઉલટું કરે છે. એ જીવની લૌકિક વાસનાઓને ખીલવવાનું કાર્ય કરે છે.

ह्रीं

This is a promise of one to himself that

'હું મને પાળીશ.'

લેખક Stevenson કહે છે કે:

આપણે સવારે ઉઠવાથી માંડી રાત્રે સુવા સુધીનો જીવનનો એક દિવસ પુરતો જોઈએ તો ઉઠાવી શકીએ તેમ છીએ.

આવતી કાલ હજુ આવી નથી,

તો આવતી કાલની ચિન્તા શા માટે?

ગઈકાલની ચિન્તા શા માટે?

કારણકે ગઈકાલ ફરીને આવવાની નથી, તે જ સત્ય છે.

માત્ર આજનો દિવસ, આજનો પુરૂષાર્થ જ

આપણા ભવિષ્યને મનમાન્યો આકાર આપી શકશે.

એ આકાર પ્રમાણે આજના દિવસ જેવી આવતીકાલ હશે.

ધર્મ - ધ્રુવ

'ધર્મ' એટલે એક જીવની અન્ય દરેક જીવ પ્રત્યેની ફરજ.

તે ફરજ બજાવવા માટે

સર્વ સજીવ પ્રત્યેનો વૈરાગ્ય પણ

કારણકે કાર્યના ઉપચારથી ધર્મ જ છે.

'શિક્ષણ' એટલે વિદ્યાપીઠોમાંથી મળતી ડીગ્રી નહિ,

પણ આત્માને સંસ્કારી બનાવનારૂં ભણતર.

પાનખર આવે છે, ત્યારે વૃક્ષનાં પાંદડાઓ ખરી પડે છે
પણ વૃક્ષનું મૂળ સલામત હોવાને કારણે નવાં પાંદડાઓ
આવે છે અને વૃક્ષ ફરીથી નવપલ્લવિત થાય છે.
ધ્રૌવ્ય અંશ એ મૂળ છે. તે સદા સલામત છે અને પૂર્વ
પર્યાયનો વ્યય થતાં જ ઉત્તર પર્યાયની ઉત્પત્તિ થાય છે.
જ્યારે વૃક્ષનું મૂળ ખવાઈ જાય, ત્યારે વસંત વિદ્યમાન હોય,
તો પણ વૃક્ષ નવપલ્લવિત થતું નથી.
એને તો સદા માટે પાનખર જ રહે છે.
ધર્મવૃક્ષના મૂળ વસ્તુનો ધ્રૌવ્ય અંશ કદી નાશ પામતો નથી,
એટલે એના પ્રભાવે એક વ્યય નવા ઉત્પાદને કરીને જાય છે.

## જ્ઞાનનું અજીર્ણ

ભૌતિક જગતને જેટલી જરૂર
સૂર્યના પ્રકાશની, ચંદ્રની ચાંદનીની અને મેઘનાં જળની છે,
તેથી ઘણા વધારે અગત્ય માનવને સત્પુરુષોના સદ્વિચારની છે.
તે વિના માનવનું મન શાંતિ કે સ્થિરતાને મેળવતું નથી.
ખોરાક ન પચે તો જેમ અજીર્ણ અને તેમાંથી અનેક રોગો
જન્મે છે, તેમ જ્ઞાન પણ ન પચે તો અજીર્ણ થાય અને
તેમાંથી અનેક દોષો જન્મે. સાચો શિક્ષક એક મીણબત્તીનું
કામ કરે છે, પોતે બળીને બીજાને પ્રકાશ આપે છે.

શ્રી

સાચા શિક્ષકની ખોજ જ એક સાચો સાધુ પણ
એક સળગતી અને સુગંધિત અગરબત્તી જેવો જ છે,
કે જે પોતે બળીને બીજાને સદ્ગુરુની સુવાસ આપે છે.

કળાનું શિક્ષણ આપનાર 'શિક્ષક' કહેવાય.
જીવનના સંસ્કારો આપનાર 'ગુરુ' કહેવાય.
આત્માને ઓળખાવે તે 'સદ્ગુરુ' ગણાય.

'સદ્ગુરુના શરણ વિના અનાદિકાળનાં રહેલું અજ્ઞાનરૂપી અંધારું નાશ પામવાનું નહીં' એમ સંતપુરુષો ફરમાવે છે.

## નમસ્કારનો પદાર્થ

મંત્રજાપની સાથે અર્થની ભાવના ભાવે ત્યારે તે અંતરાયનો ક્ષય અને અંતરાત્મભાવની પ્રાપ્તિ કરાવનાર થાય છે. નમસ્કાર એ મહામંત્ર છે, તેથી તેના અક્ષરોના જાપની સાથે તેના અર્થની ભાવના પણ અવશ્ય હોવી જોઈએ.

## ...તો નમસ્કારનો અર્થ શો?

નમસ્કારનો એક અર્થ પૂજા છે, બીજો અર્થ પ્રશંસા છે.
પૂજા દ્રવ્ય-ભાવ ઉભયરૂપ છે.

દ્રવ્યપૂજા તનની ક્રિયારૂપ-ભાવપૂજા મનના વ્યાપારરૂપ છે. જ્યારે જેને નમવામાં આવે અને તે ગુણની પ્રશંસારૂપ બને, ત્યારે મનનો વ્યાપાર ભાવનમસ્કારરૂપ થાય છે.

ह्रीं

## ધર્મપ્રશંસા

નમસ્કાર એ તત્ત્વતઃ ધર્મની પ્રશંસારૂપ છે. ધર્મ રત્નત્રય સ્વરૂપ છે. તેની પ્રશંસાથી બોધિનો લાભ થાય. બોધિ સમ્યક્ત્વ સ્વરૂપ છે, બીજું નામ પણ ધર્મપ્રશંસા છે. ધર્મપ્રશંસાથી સમ્યક્ત્વ, સમ્યક્ત્વથી રત્નત્રય, રત્નત્રયથી સમાધિ અને સમાધિથી કર્મક્ષય - મોક્ષસુખ પ્રાપ્ત થાય. નવકારમંત્રના પહેલા પાંચ પદોમાં ધર્મની પ્રશંસા છે અને છેલ્લા ચાર પદોમાં ધર્મની પ્રશંસાની પણ પ્રશંસા છે.

ધર્મની પ્રશંસાના પરિણામ સ્વરૂપ થતો ધર્મ એ પાપનો નાશક બને પણ પ્રણાશક ન બની શકે; મંગલ બને પણ સર્વ મંગળોમાં પ્રધાન મંગલ ન બને. ધર્મમંગળનું આરાધન પણ જો ધર્મ પ્રત્યે પ્રશંસાના ભાવથી યુક્ત હોય તો જ તે સાનુબંધ બનીને મુક્તિ પર્યંત પહોંચાડે. એથી ધર્મની આદિમાં પણ નમસ્કાર એટલે ધર્મપ્રશંસા છે અને ધર્મના પરિણામે પણ ધર્મપ્રશંસા જ કહેલી મળે છે. ધર્મનું અંતિમ ફળ તીર્થંકરપણું છે, તે પણ નિરન્તર આજીવનપણે ધર્મની પ્રશંસા કરનાર ધર્મદેશના વડે ભોગવાય છે અને સિદ્ધપણું પણ સાધકને ધર્મના ઉત્કૃષ્ટ ફળ તરીકે અવિનાશીપદની સ્મૃતિ કરાવીને ધર્મમાં પ્રેરે છે.

## સુવર્ણ તથા શીલવાન સાધુના ૮ ગુણોની સરખામણી:

વિસઘાઇ રસાયણ મંગલત્થ વિણીએ પયાહિણાવત્તો ।
ગરુએ અડજ્ઝે અકુત્થે અટ્ઠ સુવણ્ણગુણા હોંતિ ॥
- સ્નવપરિસા, ગા-૮૩

સમજૂતિ: (૧) સુવર્ણ ઝેરનો નાશ કરે છે. (૨) ઉંમરને ટકાવી રાખનાર રસાયણ છે. (૩) મંગળરૂપ કે મંગળ કરનાર છે. (૪) જેમ વાળવું હોય તેમ વળી શકે છે. (૫) અગ્નિમાં પીગાળ્યા પછી જમણી બાજુ જ ઘૂમે છે. (૬) પ્રમાણમાં નાનું છતાં મૂલ્ય અધિક છે. (૭) તેની રાખ થતી નથી. (૮) તે સડતું નથી.

### શીલવાન સાધુના ૮ ગુણો

(૧) મોહ ઝેરનો નાશ કરે. (૨) તેમનો ઉપદેશ રસાયણતુલ્ય છે. (૩) શીલવંત મુનિ મંગળરૂપ બને છે. (૪) સ્વભાવથી જ વિનયશીલ હોય. (૫) અવળે માર્ગે ન જતાં સદા સદાચારના અને માર્ગાનુસારીના સીધા માર્ગે જાય છે. (૬) ગાંભીર્ય ગુણથી ગરુ છે. (૭) ક્રોધાગ્નિથી દાઝતા નથી. (૮) કુશીલથી સડતા નથી.

સોનું ઔષધિ તરીકે ઝેરનો નાશ કરે અને ઉંમરને ટકાવવામાં એક મહાન રસાયણરૂપ બને છે. સોનું એ મંગળરૂપ છે. શબ્દકોષમાં સુવર્ણનું નામ 'માંગલ્ય' એવું આપેલું છે, એથી જ મંગલસૂત્રમાં ચોખ્ખા સોનાનો આગ્રહ રખાય છે.

श्रीँ

મંગલમય સોનાનું મંગલમય ગહનાનું મંગલસૂત્ર
રાખવાની પાછળ આ જ શાસ્ત્રભાવાર્થ છે.
સોનું ઔષધરૂપે આંતરડામાંથી પસાર થઈ રોગહર બને, તેમ
આભૂષણરૂપે બહાર પહેરવાથી ક્ષયાદિ રોગોને હરનારું છે.

આ બધા ગુહ્યો ઉપરાંત
શાસ્ત્રકાર મહર્ષિઓનું કથન છે કે:
'આધ્યાત્મિકગુહ્યો શબ્દરૂપી સોનાના અલંકારોમાં રહેલાં છે.'

<u>પિંડ-બ્રહ્માંડની એકતા</u>

દુ:ખમાં પણ પરના સુખની ઇચ્છા એ શુભની નિશાની છે.
મોટી વાત કરવામાં કે કેવળ પરોક્ષ જાણવામાત્રમાં નહિ,
પણ પીંડ અને બ્રહ્માંડનો જે જુદાપણાના રૂપે ભાસ છે,
તેના અપરોક્ષ એકતા અનુભવવામાં રહેલી છે.
શુભ કર્મબંધ ચિત્તશુદ્ધિ એ એકતાનું પ્રથમ પગથિયું છે.
<u>જેનું ચિત્ત શુદ્ધ થયું છે, આલંબનરહિત બન્યું છે,</u>
<u>તેવાનો પ્રાણ સહજ રીતે વિશ્વપ્રાણ સાથે એકતા ગ્રહે છે.</u>
પોતાના સ્વજનને નહિ પણ અસ્વજનને જાણનાર ખરો જ્ઞાની છે.
પિંડ અને બ્રહ્માંડનું ઐક્ય સ્વયંસિદ્ધ છે.
તેમાં વિક્ષેપ કરનાર ચિત્તવૃત્તિ છે.
'ચિત્ત' એટલે વસ્તુઓમાં મારાપણું અર્પનાર મનોધર્મ.

શ્રીં

'અહંકાર' એટલે તે મારાપણાને હુંપણા સાથે જોડવાનો મનોધર્મ. એ ઉભય જીવમાત્રને બંધનરૂપ છે. એ બેને મારવા રહે જ મોક્ષ. તેનું સાધન સમાધિ અને સાધન ચતુષ્ટય છે તથા જ્ઞાનની સપ્તભૂમિકાદિનો ક્રમ રહે જ રાજયોગ અને તે સિદ્ધ થયો છે તે જાણવાનું સાધન પિંડ. પ્રાણમથનરૂપ યોગ તે હઠયોગ અને ચિત્તમાત્રનો લય થવાથી પિંડ-બ્રહ્માંડના પ્રાણની એકતા તે રાજયોગ.

રાજયોગના ધ્યેય વિનાનો હઠયોગ નિષ્ફળ છે,
તેથી સિદ્ધિ મળે પણ મોક્ષ ન મળે.

શ્રદ્ધા = ચિત્તરૂપી ગુંદરનું શ્રદ્ધેય વસ્તુ સાથે વળગવું.
શ્રદ્ધા એ શક્તિ, વિશ્વાસ એ વિશ્વનાથ, ભક્તિ એ ભગવાન.
[illegible]. એ શ્રદ્ધા વડે પ્રાપ્ત થતી કૃપા એ તારણહાર.

ભજન માટે સમય, સ્થળ, સ્થિતિ, સંયોગ, શુકન કે મુહૂર્ત કાંઈ જોવાનું હોતું નથી. ભલ ભળાવવાનો કે માળાના મણકા ફેરવવાનો પ્રયાસ પણ કરવાની આવશ્યકતા રહેતી નથી. માત્ર હૃદયને શુદ્ધ તથા મનને સ્થિર-એકાગ્ર કરવાનું છે. એકવાર ભજન કે પ્રાત સમય ભજન, એમાં પણ જો ફેર પડતો નથી કારણકે માત્ર એક જ વાર ભજવાથી કે ખરા હૃદયથી પોકાર થાય તો પણ ઉદ્ધાર થઈ જાય છે.

જડ પત્થર અને અજ્ઞાન પશુ-પક્ષી પણ તરી જાય તો
બુદ્ધિ અને ઋદ્ધિ વિભૂષિત માનવ માટે તો કહેવું જ શું?

## ઇચ્છાનિરોધ

૧૦ ઇંદ્રિયો ઉપર કાબુ અસ્થિર મનનો છે અને
મન ઉપર કાબુ તૃષ્ણાવાન જીવનો છે.

ઇચ્છાને આધીન મન અને મનને આધીન ઇંદ્રિયો છે.
ઇચ્છાનિગ્રહ અને મનોનિગ્રહ પર્યાયવાચી શબ્દો થયા.
ઇચ્છાનિગ્રહ માટે સ્વરૂપનું ભાન આવશ્યક છે.

બુદ્ધિ વ્યભિચારિણી છે કારણકે તે સારને સાર અને
અસારને પણ સાર માનતી રહે છે, તેથી તે ચલ છે.
જડબુદ્ધિ જડને અને ચેતનબુદ્ધિ ચેતનને સાર માને છે.
પત્થર જેમ જડ છે, તેમ જે પોતાના સહજસ્વભાવ ભાન-
સ્વરૂપને ન જાણે તે ચેતન પણ પત્થરની જેમ જડ જ છે.
સ્વરૂપનું ભાન ધારણ કરનારી બુદ્ધિ એ જ 'પ્રજ્ઞા' છે.
જે જીવ ગુણે કરીને આત્મવત્ છે પણ પર્યાયે કરીને પોતાનાં
સ્વરૂપ સ્વભાવથી વિમુખ છે અને પરભાવમાં ઉન્મુખ છે,
તે જ સમયે હું પણાનો - અહંકારનો આવિર્ભાવ થાય છે.
અન્ય આત્માઓમાંથી ભેદભાવ જાય ત્યારે આત્મદૃષ્ટિએ
અહંકારનો વિલય થઈ 'આત્મવત્ સર્વભૂતેષુ' ભાવ પ્રગટે.

શ્રીँ

## નાસ્તિક

જે વ્યક્તિ ઈશ્વરમાં માને નહિ તે તો નાસ્તિક છે જ પણ
જેને આત્મામાં વિશ્વાસ નથી, તે મોટો નાસ્તિક છે.
'આત્મા પવિત્ર, પૂર્ણ અને શાશ્વત સુખનો અધિકારી છે'
એમ જે ન માને તે પાપી અને નાસ્તિક છે.
આત્મામાં જ પરમાત્માના દર્શન કરે, તે જ આસ્તિક છે.
તેને પછી પરમાત્મામાં પોતાનો આત્મા અને
પોતાના આત્મામાં પરમાત્મા દેખાય છે.
કોઈપણ કાર્યની પાછળ ઈશ્વરી સંકેત અને
કર્મનું ફળ અવશ્ય ભાગ ભજવે છે.
'સર્વ પ્રવૃત્તિઓનું કેન્દ્ર પોતે છે' એમ મનુષ્ય માની બેસે છે.
એ સંકુચિત વ્યક્તિવાદી વૃત્તિ અને પ્રવૃત્તિ
મુખ્યત્વે આપણા અજ્ઞાનનું જ કારણ છે.
સત્ય સમષ્ટિવ્યાપક સત્ત્વ છે.
અજ્ઞાન એ વ્યક્તિની વિકૃત માનસિક સ્થિતિમાત્ર છે.
વ્યક્તિમાં બંધાઈ પોતાને જ પ્રવૃત્તિનું કેન્દ્ર અને કારણ માનવું
તે અહંકાર, પાતક, આત્મઘાતક અને જીવનસંહારક છે.

o

Evil is not a reality.
Reality is truth - Cosmic truth.

श्रोत्रं श्रुतेनैव न तु कुंडलेन, दानेन पाणिर्न तु कंकणेन।
विभाति कायः खलु सज्जनानां परोपकारेण न तु चन्दनेन॥

(પરિશિષ્ટ-૫)

આત્મનિષ્ઠાનો આવિર્ભાવ અને અહં (ego) બે એક નથી. આત્મનિષ્ઠા શક્તિદાયક છે, અહંકાર એ શક્તિદાયક નથી.

## ઇંદ્રિયોનો સદુપયોગ

માનવ! તું બધું જ સારું ન કરી શકે,
તો પણ સારું ઇચ્છી તો શકશે જ.

## દુઃખનું રહસ્ય

શાસ્ત્રોમાં કહેલા છ પ્રકારના વાદમાં દુઃખના રહસ્યની જે છ પ્રકારે વિભાવના જોવા મળે છે, તે નીચે મુજબ છે:

(૧) દૃષ્ટિસૃષ્ટિવાદ = દુઃખનો અનુભવ રાગ આપે છે.

(૨) સૃષ્ટિદૃષ્ટિવાદ = દુઃખ તૃષ્ણાનો અંત કરે છે.

(3) અવચ્છેદવાદ = દુઃખ સહાનુભૂતિ વિકસાવે છે.

(૪) બિંબપ્રતિબિંબવાદ = દુઃખ પ્રભુ કે ધર્મશ્રદ્ધાની કસોટી છે.

(૫) અજાતવાદ = દુઃખ એ રહસ્યમય રીતનું સુખ છે.

(૬) અધ્યાસવાદ = દુઃખ-સુખ સાથે મળીને જ નિત્ય આનંદના અધિકારી બનાવે છે. સુખ = નર, દુઃખ = નારી. બંને જુદા હોવા છતાં બંનેના મળવાથી જ પૂર્ણતા પ્રાપ્ત થાય છે.

સ્યાદ્વાદ શ્રુત ભાવાત્મક શ્રુત છે. સર્વ અલિપ્રાણી પ્રત્યે સમાન આદરભાવ સહિતનું હોવાથી માત્ર જ્ઞાનાત્મક નહિ પણ તે ભાવાત્મક છે અને પરમજ્ઞાનનું કારણ બને છે. પરમ કે કેવળજ્ઞાન એ માત્ર જ્ઞાન નહિ, ભાવાત્મકજ્ઞાન છે.

## કોને શેનો ભાર ?

भारोऽविवेकिनः शास्त्रं, भारो ज्ञानं च रागिणाम् ।
अशान्तस्य मनो भारो भारोऽनात्मविदो वपुः ॥१॥ ઉક્તિ:

અજ્ઞાનીને શાસ્ત્રનો ભાર છે, રાગીને જ્ઞાનનો ભાર છે, અશાન્તને મનનો ભાર છે, અનાત્મજ્ઞને શરીરનો ભાર છે. શરીરને જાણવાથી સંયમ, મનને જાણવાથી ધર્મ, નિયતિને જાણે નિશ્ચિંતતા અને આત્માને જાણે નિર્લેપતા આવે છે.

V. શરીરને આત્મા માનવાથી ભય વધે છે.
મનને આત્મા માનવાથી અશાંતિ વધે છે.
નિયતિને ન માનવાથી ચિન્તા વધે છે અને
આત્માને ન માનવાથી ભય, ચિન્તા, અશાંતિ ત્રણે વધે છે.

આત્મજ્ઞને શરીર એ ભાર નહિ પણ અમૂલ્ય સાધન છે.
તેના માટે તો મન એ મોટું સાધન છે,
જ્ઞાન એ સમાધિનું અને શાસ્ત્ર કેવળજ્ઞાનનું કારણ બને છે,
કારણ કે શાસ્ત્રથી જ્ઞાન અને જ્ઞાનથી સમાધિ મળે છે.

શ્રી

પ્રસિદ્ધિ પહેલાં સિદ્ધિ જરૂરી છે.
સત્ય એ ન્યાયનો પર્યાયવાચી છે.
ન્યાય એ પ્રેમનો પરિચય કરાવે છે.
પ્રેમ એ અહિંસાનો પરિચાયક છે અને
અહિંસા એ આત્માનો સ્વભાવ છે.

પ્રેમ પાષાણ હૃદયને પણ પીગળાવે છે. જળકમળ, જળમીન, જળચાતકની જેમ મન પ્રભુપ્રેમવાળું બનાવવું જોઈએ.

જેણે ગોત્યું તેણે મેળવ્યું,
જેણે મેળવ્યું તેણે છુપાવ્યું, એવો પ્રભુપ્રેમ છે.

આજે શરીર નહીં, મનને જ સર્વોપરી સત્તા સમજાઈ રહી છે, એ તો કેટલું બધું ભૂલ ભરેલું વર્તન કહેવાય?
મનનો અહંકાર અને શરીરની મમતા ફગાવી દેવા જોઈએ.
વિશ્વાસ વિના મંત્ર, મિત્ર અને ભગવાન ફળતા નથી.
આખરે શ્રદ્ધાવાદી જીતે છે અને બુદ્ધિવાદી હારે છે.
આંતરિક દર્શન એ સાચું દર્શન બાકી બધું પ્રદર્શન.
ઈશ્વર પાસે માંગતી વખતે સંપત્તિ નહિ, સન્મતિ માંગજો.

## Freedom and Truth

Freedom takes precedence over peace & truth takes precedence over freedom.

ॐ

## ધર્મ - વિવેકતાનું પાલન

શેરડીમાં સાંઠો અને રસ બંને છે.

વિવેકી બુદ્ધિ સાંઠો છોડીને રસ ગ્રહણ કરે છે.

કસ્તરતિ? કોણ તરે? આત્મવિત્ = આત્માને જ જાણનાર.

ધર્મ એ તર્ક, દલીલ, પ્રતિપાદન, કલ્પના, અનુમાન અથવા વાગાડંબરીન વિતંડાનો વિષય નથી.

ધર્મ એ તો માનવતાનો ઉપવસ્ત્ર અને વિવેકતાનું પાલન છે.

'અહમ્' એ દુર્ગુણ-કથીર છે. 'અસ્મિતા' સદ્ગુણ-સુવર્ણ છે.

'અહમ્' એ સ્વભાવ છે. એ સ્વભાવ શું છે?

ઇંદ્રિયો, મનોવૃત્તિઓ, કલ્પના અને મનના ચૈતન્યનો સમૂહ છે. તેનું સ્વતંત્ર વ્યક્તિત્વ કે નિરાળું જીવન નથી.

તે માનસિક જ છે, તેથી ક્ષણિક મર્યાદિત પણ છે.

દુઃખનો અનુભવ એ ઈશ્વરે પોતાની શક્તિને વારંવાર યાદ કરવાને માટે યોજેલો પ્રયોગ છે.

મનુષ્યનું મન ઘણું નાનું છે,

છતાં તેને મોટી મોટી ઇચ્છાઓ કરવાની ટેવ પડી ગઈ છે.

સંતોષઃ પરમો લાભઃ સત્સંગઃ પરમં ધનઃ ।

વિચારઃ પરમં જ્ઞાનં શમશ્ચ પરમં સુખમ્ ॥ (પરિશિષ્ટ-૬)

o

*Thought is another name of fate.*

## દયા અને પ્રેમ

દયા પારકાને પોતાનો કરે, પ્રેમ પોતાને પરાયો કરે છે.

દયા નીચે જુએ છે, પ્રેમ ઉંચે જુએ છે.

દયા ગરીબાઈ જુએ છે, પ્રેમ સર્વદર્શી છે.

દયા વૈષમ્ય દર્શન કરે છે, પ્રેમ સમદર્શન કરે છે.

દયા રૂપેરી છે, પ્રેમ સોનેરી છે.

બંને કર્મો છે - ત્યાગી, વૈરાગી, સંન્યાસી છે.

બંનેનું હૃદય ભલાઈ છે. બંને વિનયી, સહનશીલ, લજ્જાવાન છે. બંને અહંકાર, આત્મભાવિતા અને સ્વાર્થશૂન્ય હોઈ ધાર્મિક જીવનના મોટા મદદગાર અને મુક્તિલાભનાં પરમ સોપાન છે.

## એકાગ્રતા

એકાગ્રતા રાખવાનો પ્રયાસ એ સાધ્ય નહિ પણ સાધન છે. એકાગ્રતારૂપી સાધન વડે જે સિદ્ધ કરવાનું છે, એ તો જીવનને સર્વની પ્રત્યે સદ્ભાવથી ભરેલું બનાવવાનો જાગ્રત પુરુષાર્થ જ છે. ચિત્તરૂપી આયના મનને દરવાજે જે જે વૃત્તિઓ આવીને પસાર થતી જાય છે, તેને વિષે સંપૂર્ણ ચોકીદારી રાખવી એ જ સાચી એકાગ્રતા છે.

પાપનું પ્રાયશ્ચિત કરવું. દુઃખી હતાશ થવું નહિ.
તિતિક્ષાવૃત્તિ કેળવવી. પાપને કબૂલ કરવા. દુર્ગુણને ઢાંકવા.

પ્રભુની ઇચ્છાને અનુકૂળ થતાં શીખવું.

પ્રભુના વિરહમાં ઋષિ ભુવનને પ્રભુમય જોયા.

રસાયણ લોઢાને સોનું બનાવે છે.

ધર્મરસાયણ નરને નારાયણ બનાવે છે.

ભક્તિભાવ અને ત્રીજું સાધન આત્મવિદ્યા એ ખરા રસાયણ છે.

પાપ ન કરે તે દેવ, પાપ કરી પ્રાયશ્ચિત કરે તે માનવ.

પાપ કરી તેને છુપાવવા બીજાં અનેક પાપ કરે તે દાનવ.

૦ 'ગુરુ વિના જ્ઞાન નહિ' એનો અર્થ
સર્વ પ્રત્યે નમ્ર બનીને ચાલવું તે છે.

જ્યાં સુધી અન્યની પ્રત્યે ગુરુભાવ ન કેળવાય,
ત્યાં સુધી આપણામાં નમ્રતા પ્રગટતી નથી.

નમ્રતા, ઋજુતા, કોમળતા સમાન આંતરગુણાદિકથી જ્ઞાન વિકસે છે. જ્ઞાનપ્રાપ્તિ માટેની અનિવાર્ય શરત જીવનમાં સહુની પ્રત્યે આદર અને સમભાવ કેળવવો, તે જ છે.

જીવમાત્રમાં ઈશ્વરને જોઈ સર્વની પ્રત્યે આદર કેળવવો
એ જ સાચી ઈશ્વરભક્તિ કે નમ્રતા છે.

જેના જેના ઉપકારથી આ પૃથ્વી પર નભીએ છીએ, તે સર્વની પ્રત્યે આદરભાવ-ગુરુભાવ કેળવવો એ સાચો નમસ્કાર.
નમસ્કાર એક ભાગ છે, અભેદ સાધવાની તાલાવેલી છે.

નમસ્કાર એ તો જ્ઞાન મેળવવાનું અપૂર્વ સાધન છે.

જ્ઞાન એટલે પાંડિત્ય જ નહિ, કિન્તુ

આંતર-બાહ્યવૃત્તિઓનો પરિચય થવો તે.

પોતાની પ્રગતિને રૂંધનાર અને ઊર્ધ્વગતિને સાધનાર

તત્ત્વોને પીછાનવા માટે બાહ્ય પ્રત્યે ગુરૂબુદ્ધિ અને

પોતામાં શિષ્યબુદ્ધિ અનિવાર્ય છે.

પોતાના અજ્ઞાનને શોધવું એ જ્ઞાન છે, જ્યારે

બીજાના જ્ઞાનને શોધવું એ અજ્ઞાન છે.

પોતાના આત્માને જરૂરી એ દેહ છે.

પરના આત્માને ઉપયોગી મન છે.

## ૪ વસ્તુનો ઉપયોગ

મન વડે પરહિતચિંતા, શરીર વડે સ્વહિતરક્ષા,

જ્ઞાન વડે સ્વઅજ્ઞાનની શોધ, શાસ્ત્ર વડે પરજ્ઞાનની શોધ

એ મળેલા ચાર વસ્તુનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ છે.

## ૪ આયામ

દરેક વસ્તુને ૪ હદ હોય - લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ અને કાળ.

સાચી દૃષ્ટિથી જોનારને કાળ બંધનરૂપ લાગતો નથી.

સાગર અને નદી, મેઘ અને સમુદ્ર તથા

જળ અને તેલનો સંવાદ સદા બોધપ્રદ લાગે છે.

ॐ श्री

## બુદ્ધિનું બળ – ભાવનાની કળ

બુદ્ધિનું શસ્ત્ર એકબીજાને જુદા પાડે છે.

ભાવનાનું શસ્ત્ર એકબીજાને સાથે અભેદ સાધી આપે છે.

જ્યાં ભેદભાવ છે, ત્યાં દુઃખ છે.

જ્યાં અભેદભાવ છે, ત્યાં સુખ છે.

બુદ્ધિનું બળ ઝઘડા કરાવીને ભેદ પાડશે.

ભાવનાની કળ મેળ કરાવીને અભેદ સાધશે.

o

भिक्षाप्रदा जनन्यः, पितरो गुरवः, कुमारकाः शिष्याः,
एकान्त रमणहेतुः शान्तिर्वनिता विरक्तस्य ।(પરિશિષ્ટ-૭)

To the sanyasin, all those who offer alms are mothers, preceptors occupy the place of father, disciples are sons and the supreme peace that has to be enjoyed in solitude is his wife.

o Sense gratification & flesh mortification are one & the same. Religion is not a body of knowledge to be acquired but a way of life to be lived; not only a form of thought but a way of life.

## બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ

ઇંદ્રિયોની પ્રવૃત્તિ અનુસાર ચાલવાનો અભિપ્રાય એ બુદ્ધિ છે.
આગમની આજ્ઞાપૂર્વક ચાલવાનો અભિપ્રાય એ જ્ઞાન છે.
શ્રેષ્ઠ અનુષ્ઠાનપૂર્વક જ્ઞાન એ અસંમોહ છે.

कारणं निर्वृत्तेरेतच्चारित्रं व्यवहारतः ।
विविक्तचेतनध्यानं जायते परमार्थतः ॥
- अमितगति मोक्षाधिकार श्लोक ६५ (પરિશિષ્ટ-૮)

## અજ્ઞાનની બે ગ્રન્થિઓ

દ્વૈતભાવનાની શરૂઆત મનથી થાય છે, તે જ અજ્ઞાન છે.
તેની બે ગ્રન્થિઓ છે: કામના અને અહંતા.
પુરુષ ધારે તો સત્, ચિત્ અને આનંદ તથા વિજ્ઞાન-
(અદ્વૈતાનુભૂતિ, મુક્તિનું ભાન, તપ:શક્તિનો સાક્ષાત્કાર)
એમાંના કોઈપણ ભૂમિકામાં પોતે નિવાસ કરી શકે છે.
આ અવસ્થાઓ આપણી માનસિક કલ્પનાઓથી પર છે પણ
તે સુગમ્ય-સુપ્રાપ્ય છે, કેમકે
આમાં વિચારશક્તિનું પ્રાધાન્ય હોઈ અજ્ઞાનને સ્થાન નથી.
મનુષ્ય પૃથક્ભાવે જે કાંઈ કરે છે, તે અસત્ છે.
'પોતે સૌથી જુદો છે, પોતાનું હિત સૌથી જુદું છે' એવી
વૃત્તિ સાથે મનુષ્ય જે કાંઈ કરે, તેનું પરિણામ પ્રલય જ આવે.

તે જ્યારે 'અપૃથક્ત્વાત્ - પોતે અને જ્ઞાન સૌ એક છે'
એવા ભાવનાથી કામ કરે, ત્યારે તે સત્ બની જાય.
શરીરના મૃત્યુનો જે ભય છે, તેના પાયામાં અજ્ઞાન છે.

## સર્વવ્યાપક ઈશ્વર

પરમાત્મા સર્વવ્યાપક છે એટલે તે સૌના અંતઃકરણમાં છે.
જો અંતઃકરણ સ્થિર અને શુદ્ધ હશે, તેમાં તે સ્પષ્ટ દેખાશે.
મનમાંના સર્વ સંકલ્પ-વિકલ્પો દૂર થાય એ મનની શુદ્ધતા.
શુદ્ધ મન એ જ સ્થિર અને શાંત છે;
એ જ જ્ઞાન, કૈવલ્ય, બ્રહ્મ અને શુદ્ધ ચૈતન્ય છે.
સંકલ્પ-વિકલ્પ મટવા, મન શાંત થવું અને
આત્મસ્વરૂપ પ્રગટવું, એ બધું સાથે સાથે જ ચાલે છે.
આત્મસ્વરૂપ પ્રત્યક્ષ છે, માત્ર એનું ભાન લાવવાની જરૂર છે.
સાક્ષી હંમેશાં આત્મા છે અને તે શાંત જ છે.
સમાધિ પામવાની આ ટૂંકામાં ટૂંકી રીત છે.
આત્મવિચારરૂપી યોગથી મન ધીરે ધીરે
પણ ચોક્કસપણે સમાધિસ્થ થઈ શકે છે.
નિર્વિકલ્પ તે અસંપ્રજ્ઞાત અને સવિકલ્પ તે સંપ્રજ્ઞાત છે.
ત્રિપુટીને ભૂલી જવું - અખંડ બ્રહ્માકારવૃત્તિ તે નિર્વિકલ્પ.
બ્રહ્મના ચિન્તનમાં મન રહે તે સવિકલ્પ સમાધિ છે.

શ્રીં

આત્મા સત્યકામ - સત્યસંકલ્પ છે.

આત્મધર્મ એ આચરવાનો ધર્મ છે, કેવળ માનવાનો કે બોલવામાત્રનો નહિ, તેથી સદાચાર કે સદાચરણ તેનો પાયો છે. 'વેરભાવે પણ વૈકુંઠ મળે છે' એનું તાત્પર્ય એ છે કે વેરવૃત્તિથી પણ જેનો ત્યાગ કરવાનો હોય, તેની યાદ તો આવે જ. માટે વેરવૃત્તિથી પણ વિષયોને યાદ ન જ કરો. રાવણને વેરવૃત્તિથી પણ રામસ્મરણ રહેતું, તેથી ઉદ્ધાર થયો. વેર અને દ્વેષવૃત્તિની સામે મૈત્રી અને પ્રેમની વૃત્તિ વધારો.

વિનોદવૃત્તિ

મૂર્ખ મનુષ્યો પાસે વિનોદવૃત્તિથી કામ લેતાં શીખો.
ભારે અનિષ્ટો પણ વિનોદવૃત્તિથી ટાળી શકાય.
મૂર્ખ મનુષ્ય દલીલથી નહિ સમજે.
એની વાતો હાસ્યવિનોદમાં જ ઉડાવી દેવાની હોય.
ચાર ભાવના સાથે પાંચમી વિનોદવૃત્તિ ઉમેરી શકાય.
આ ભાવનાઓ વધશે તેમ તમારામાં પરિવર્તન થવા માંડશે,
બળ મળશે, પ્રેમ વધશે, જીવન સ્વાભાવિક બનશે.

0 મોહાન્ધદુર્ગગ્રહણ, તમોગ્રન્થિભેદાનન્દઃ |
ગુહાન્ધકારાલોકકલ્પ ભવોદધિઃ દ્વીપસ્થાનઃ ||

- લલિત વિસ્તરા (પરિશિષ્ટ-૯)

યોગશાસ્ત્રકારોએ વિવેકનો મહિમા ગાયો છે.
વિવેકપૂર્વકનું શ્રુત એ પ્રવૃત્તિ, વિઘ્નજય,
સિદ્ધિ, વિનિયોગ અને બોધિલાભની વૃદ્ધિ કરે છે.

## વાસનાનો ક્ષય

વાસના = એકની એક વસ્તુ વારંવાર મેળવવાની ઇચ્છા.
સર્વ વાસનાનો ક્ષય કરનાર એક વાસના તે સેવાભાવ છે.
એ વાસનાને વિકસાવવાથી બધી વાસનાઓ નિર્મૂળ થાય છે.
કોઈને બને તેટલા ઉપયોગી થવાની ભાવના શુદ્ધ વાસના છે.

દૃશ્યાઃ સર્વે સત્ત્વાઃ સમતયા ત્વયા ।
અર્થાત્ : સર્વ જીવો તારા વડે સમભાવે જોવાય.

## પ્રેમનો પ્રાણ - ક્ષમા

હૃદય સમુદ્ર જેવું ગંભીર અને આકાશ જેટલું વિશાળ કરવું.
કોલસા ધોવાથી નહિ પણ બાળવાથી રંગ બદલાય છે.
ગર્વ એ અંતરનો જ્વર, જ્યારે ક્ષમા એ પ્રેમનો પ્રાણ છે.
વૈર વૈરને અને પ્રેમ પ્રેમને પ્રગટાવે છે.
ભાગ્યે જ કોઈ એવો અપરાધ છે કે જેની માફી ન અપાય.
દૃષ્ટિ બદલાય ત્યારે સૃષ્ટિ બદલાય,
પણ દૃશ્યમાં કશો જ ફેર પડતો નથી.
પરમ સત્ય એ મન-ઇંદ્રિયોથી અગમ્ય છે.

બીજાના દોષ જોનાર પોતાના દોષની જ જાહેરાત કરે છે.

ચમારની મનુષ્ય નર્યાં ચામડાં-પદાર્થને જુએ છે, જ્યારે
સાધુની એની અંદર રહેલ ચૈતન્ય-ભગવાનને જુએ છે.

જાત પર કાબૂ મેળવ્યા વિના ત્યાગીનો વેશ ધારણ કરવો,
તે વાઘનું ચામડું ઓઢીને ચરી રહેલ ગધેડા જેવું અથવા
ઝાડીમાં છુપાઈને પક્ષીઓને પકડનાર વાઘરી જેવું કૃત્ય છે.

અંતરદૃષ્ટિ કરો, ચેતનાને જાગ્રત કરો, અંદર સ્થિરતા કરો.

દુર્જનકી કરુણા બુરી, ભલો સજ્જન કી ત્રાસ
સૂરજ જબ ગરમી કરે, તબ બરસન કી આસ. -કબીર

ઇન્દ્રિયાણિ પરાણ્યાહુરિન્દ્રિયેભ્યઃ પરં મનઃ।
મનસસ્તુ પરા બુદ્ધિર્યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ ॥ ૩/૪૨

અર્થાત્: ઇન્દ્રિયો શ્રેષ્ઠ છે, ઇન્દ્રિયથી શ્રેષ્ઠ મન છે,
મનથી શ્રેષ્ઠ બુદ્ધિ છે અને બુદ્ધિથી પણ પર તે (આત્મા) છે.

ગીરનારજીમાં રહેલ સમ્રાટ અશોકનો લેખ

તમામ લોકોનું ભલું કરવાનું મેં કર્તવ્ય માનેલ છે.
તમામ લોકોના ભલાં સિવાય બીજું કાંઈ મારે કર્તવ્ય નથી.
તમામ જીવધારીઓના ઋણમાંથી હું મુક્ત થઈ શકું,
એ માટે હું પરાક્રમ-પુરુષાર્થ કરી રહ્યો છું અને
આ ટકી રહે તે માટે આ ધર્મલિપિ લખાવેલ છે.

## પરમાત્મભાવનો ઉપાય

આત્મા તો ચૈતન્યનો મહાસાગર છે.
સંકલ્પ-વિકલ્પરહિત શુદ્ધ મન એ જ શુદ્ધ બ્રહ્મ,
કેવળ ચૈતન્ય, આત્મા અને પરમાત્મા પણ તે જ છે.
'હું દેહ છું' એ સામાન્યાવસ્થા છે.
'હું આત્મા છું' એ પરમાત્માવસ્થા છે.
એ પરમાત્માવસ્થામાં નિરંતર રહેવું,
એ જ પરમાત્મભાવ પામવાનો ઉપાય છે.
સાક્ષી એ જ પરમાત્મા, પરબ્રહ્મ, ભગવાન, Lord વગેરે છે.
એકસરખાં લક્ષણવાળી બે વસ્તુઓ ન હોઈ શકે, હોય તો
પણ બંને એક જ ગણાય, માટે સાક્ષી તે જ પરબ્રહ્મ છે.
સાક્ષીનું સ્વરૂપ વાણીથી વર્ણવી શકાય નહિ,
તે માત્ર અંતરથી અનુભવી શકાય.
તે 3 અવસ્થા, પંચકોષ, 3 શરીર, ઇંદ્રિયો તથા મનથી પર છે.
માત્ર અંતઃકરણના મીઠા-મધુરા આનંદરૂપે અનુભવાય છે.
એ અનુભવનાર શુદ્ધ સત્વ છે.
શુદ્ધ સત્વ કે આનંદમય અવસ્થાનો સાક્ષી એ જ બ્રહ્મ છે.
એ પદ ઉપર બને એટલો વધારે સમય સ્થિતિ કરતાં શીખો.
એ જ પરમાત્મભાવ કેળવવાનો પરમોચ્ચ ઉપાય છે.

V. Imp. સાધની હંમેશા જળની દૃષ્ટિ રાખે છે.
જળદૃષ્ટિ આવતાં જ મોજા શાંત થઈ જાય છે.
શાંતિ એક મોજું છે, અશાંતિ બીજું મોજું છે,
આનંદ ત્રીજું અને ખેદ એ ચોથું મોજું છે.
ચૈતન્યરૂપી મહાસાગરના બધાં મોજાં છે.
ભલેને મોજાં ઉછળે અને મહાસાગરને ખળભળાવી મૂકે,
તેમાં મહાસાગરના જળને શું થવાનું હતું?
શાંતિ એ મનની અવસ્થા છે.
શરીર કરતાં ઇંદ્રિયો શ્રેષ્ઠ, સૂક્ષ્મ તથા ભિન્ન છે.
ઇંદ્રિયોથી મન પર છે; શ્રેષ્ઠ, સૂક્ષ્મ અને અલગ છે.
મનથી બુદ્ધિ - સમતાવાળી બુદ્ધિ અથવા શુદ્ધ સત્ત્વ રૂ
પર છે, શ્રેષ્ઠ છે, સૂક્ષ્મ છે, અલગ છે.
એ સમતાવાળી બુદ્ધિ, શુદ્ધ સત્ત્વ કે વિશુદ્ધ અંતઃકરણથી
પણ જે અત્યંત પર છે, શ્રેષ્ઠ છે, સૂક્ષ્મ છે, ભિન્ન છે,
તે આપણો આત્મા છે.
'હું' એટલે શરીર નહિ, મન નહિ, ઇંદ્રિયો નહિ. એ બધાથી
પર, બધાને જાણવાવાળો અને બધાથી જુદો આત્મા છે.
o માનવી જીંદગીભર દોડધામ કરીને દૂધ પીવા કરતાં તો
ઠરીઠામ બેસીને પાણી પીવું બહેતર છે. - ફ્રેંચ કહેવત

श्रीँ

મોટા માંઢા, વિ. સં. ૨૦૨૦, વીર સં. ૨૪૯૦, તા. ૧૮-૧૦-૧૯૬૩

કારતક સુ-૧, શુક્રવાર

तथा हृत्पद्ममध्यस्थं, शब्दब्रह्मैककारणम् ।
स्वर-व्यंजन-संवीतम्, वाचकं परमेष्ठिनः ॥२९॥
मूर्ध-संस्थित-सितांशु-कलामृतरसप्लुतम् ।
कुम्भकेन महामंत्रं प्रणवं परिचिन्तयेत् ॥३०॥

- યોગશાસ્ત્ર - પ્ર-૮ (परिशिष्ट-१०)

સં-૨૦૨૦, પ્ર-કા-સુ-૧૪ ને ગુરુવાર

नाऽमूलं लिख्यते किंचित् नाऽनपेक्षितमुच्यते ।

અર્થાત્: મૂળ વગરનું કાંઈ લખાય નહિ અને અપેક્ષા વગરનું કાંઈ બોલાય નહિ.

મંત્રાક્ષરોનું એકાગ્ર ચિત્તે સ્મરણ કરવાથી મંત્રદેવતા જાણે સામે આવી હૃદયમાં પ્રવેશ કરતા ન હોય; જાણે પોતાની સાથે મધુર ભાષણ કરતા અને અંગોઅંગમાં આવી મળતા કે તન્મયી ભાવને પામતા ન હોય તેમ અનુભવાય છે.

જાપમાં અનુક્રમે નીચે પ્રમાણે અનુભવ થાય છે:
(૧) દર્શન (૨) પ્રવેશ (૩) સંભાષણ (૪) અભેદ-તાદાત્મ્ય.

આવો અનુભવ થાય ત્યારે સમજવું કે મંત્રની સાધના યોગ્ય રીતે થઈ રહી છે.

શ્રી

સંદંશીસ્યાચ્છરીરસ્થો મનોરમાતા ચ દાર્શિકઃ ।
નિવર્તિતાસ્તુ નિર્ભિન્ના આત્મરાઃ સ્યાદિ નિર્ભેદઃ ॥૧॥
(પરિશિષ્ટ-૧૧)

શબ્દ-સંકેત-મંત્રથી કલ્પના, કલ્પનાથી વિશ્વાસ, વિશ્વાસથી વિચાર, વિચારથી શક્તિ, શક્તિથી પરિણામ એ નિયમ છે.

## વીર અને મહાવીર

ક્ષમા આપે તે વીર - ક્ષમા માંગે તે મહાવીર છે. એકમાં ક્રોધને - બીજામાં ક્રોધ અને માન ઉભયને જીતવાનું હોય છે! ક્ષમા આપે ક્રોધ જીતાય છે અને ક્ષમા માગે માન જીતાય છે. કનક, કામિની અને કીર્તિ એ ત્રણે ભયંકર છે અને આ કાળમાં તેનો વધુ ભય છે. જો માનવ જાગ્રત ન રહે, તો ક્યા સમયે તેમાં સપડાય, તે બિલકુલ કહી ન શકાય.

°

The Rishis who discovered the law of non-Violence in the midst of violence really were great geniuses than Newton: also greater warriors than Wellington. Non-Violence is the law of our spieces as Violence is the law of brutes.

-Roma Rola

## દૃષ્ટિના ૩ પ્રકારો

શ્વાન (પશુ)દૃષ્ટિ, બાળદૃષ્ટિ, પુરુષદૃષ્ટિ.

'શ્વાનદૃષ્ટિ' એટલે કૂતરો પોતાનું પ્રતિબિંબ આરીસામાં જોઈ 'તે મારાથી ભિન્ન મારો દુશ્મન છે' એમ દ્વેષબુદ્ધિથી તેની જોડે લડવા કે તેને ભસવા માંડે છે તે.

'બાળદૃષ્ટિ' એટલે બાળક આરીસામાં પોતાનું પ્રતિબિંબ દેખી 'તે હું છું કે અન્ય છે' તે ભ્રમથી આશ્ચર્ય પામે છે તે.

'પુરુષદૃષ્ટિ' એટલે પુરુષ જ્યારે દર્પણમાં જોઈને પોતાનો ચહેરો વગેરે ટાપટીપ કરીને 'હું છું' એમ જાણે છે તે.

શ્વાનદૃષ્ટિવાળા અજ્ઞાની મનુષ્યો 'આ મારા શત્રુ છે અને આ મિત્ર છે' એ ભેદદૃષ્ટિથી લડાલડી કરી રાગ-દ્વેષ કરે છે.

બાળદૃષ્ટિવાળાઓ શાસ્ત્ર અને ગુરુવાક્ય વડે પોતાનું સ્વરૂપ તો જાણે છે પણ એનો અનુભવ હોતો નથી. તેઓને કોઈ વખતે રાગ-દ્વેષ સ્ફુરે છે પણ તેને વિચાર કરી ટાળી પણ શકે છે.

પુરુષદૃષ્ટિવાળાને તો 'આખું જગત મારું જ સ્વરૂપ છે' એમ લાગે છે; સમજે છે, તેથી રાગ-દ્વેષ હોતો નથી.

પશુદૃષ્ટિવાળો અજ્ઞાની છે, બાળદૃષ્ટિવાળો જિજ્ઞાસુ છે, પુરુષદૃષ્ટિવાળો જ્ઞાની છે.

પશુ-પક્ષી આદિ પ્રાણીઓ તથા પામર અને વિષયી મનુષ્યને 'હું દેહથી ભિન્ન આત્મા છું' એ ભાન હોતું નથી. વિવેકી મનુષ્યને જ શાસ્ત્ર દ્વારા એ ભાન થાય છે. પામર અને વિષયી મનુષ્યો પશુ જેવા જ જાણવા. જિજ્ઞાસુ શાસ્ત્ર દ્વારા સમજે છે, જ્યારે જ્ઞાની તો પૂર્ણાનુભવ દ્વારા સમજીને આનંદ કરે છે. કહ્યું છે કે:

देहबुद्धिरियं पशुवत् वैरं कुर्यात् न केनचित्।

અર્થાત્: પશુની જેમ દેહના કારણે કોઈની સાથે વેર ન કરવું.

योगमुद्रान्विता स्वस्था वराभय-करान्विता ।
देवेन्द्रादिस्तुता या च सात्त्विकी सा प्रकीर्तिता ॥

-शुक्रनीति

અર્થાત્: જે પ્રતિમા યોગમુદ્રાવાળી (અર્ધોન્મીલિત નેત્રદ્વય અને દૃષ્ટિ ભ્રૂમધ્ય કે નાસિકાગ્ર ઉપર હોય તે), સ્વસ્થ (શાંત પદ્માસન સ્થિત), જેના હસ્ત વર અને અભય આપતા હોય(વામ હસ્ત વડે અભય અને દક્ષિણ હસ્ત વડે વરપ્રદાન) તથા ઇંદ્રાદિ દેવો નમ્રીભૂત બનીને ઉત્તમ સ્તોત્રો વડે જેની સ્તુતિ કરતા હોય એવા યોગરૂપા, પદ્માસન સંસ્થિતા, અભય-વરદહસ્તા અને સાત્ત્વિક દેવાર્ચિતા પ્રતિમાને શુક્રનીતિમાં 'સાત્ત્વિક પ્રતિમા' તરીકે વર્ણવવામાં આવી છે.

સાત્ત્વિકમુદ્રા = યોગમુદ્રા, રાજમુદ્રા, અભયમુદ્રા, વરમુદ્રા.

સાત્ત્વિક મૂર્તિ અને સાત્ત્વિકમુદ્રાઓનું દર્શન પાપનાશક, પૂર્ણોદ્ધારક, સર્વ કામનાઓને પૂર્ણ કરનારૂં કહ્યું છે.

o દર્શ કરતાં મનનું અધિપતિપણું મોટું છે.

જગતની સત્તા સાક્ષિસત્તાથી ભિન્ન નથી.

अन्यस्मात् सौलभ्यं भक्तौ ।

सा त्वस्मिन् परमप्रेमरूपा । અર્થાત્:

ભક્તિ સરળ છે; પ્રભુ પર પ્રેમ જોડવો તેને 'ભક્તિ' કહે છે. કર્મયોગમાં ધનની અને રાજયોગમાં વિદ્યાની અપેક્ષા છે.

<u>શરણાભક્તિ</u>

Imp

तस्यैवाहं ममैवासौ स एवाहमिति त्रिधा ।
भगवच्छरणत्वं स्यात् साधनाभ्यासपाकतः ॥१॥

અર્થાત્: સાધનનો અભ્યાસ જેમ પરિપક્વ થતો જાય તેમ પ્રભુનું શરણ ઉત્તરોત્તર ત્રણ પ્રકારનું સ્વરૂપ ધારણ કરે: (૧) હું તેનો છું (૨) ભગવાન મારા જ છે (૩) હું તે જ છું. સાત્ત્વિક પ્રતિમાનું પૂજન કરતા રહેવ સદા આનન્દ ભગવદ્ ભક્તના હૃદયમાં 'હું તેનો દાસ છું' એવી ભાવના પ્રથમ ઉદ્ભવે છે. અધિક પરિપાક થવાથી પૂજકના હૃદયમાં 'પૂજ્ય દેવ મારૂં સત્ય છે' એવી ભાવના ઉદ્ભવે અને આ

ॐ श्री

ભાવનાના પરિપાકથી અંતે મુમુક્ષુ પોતાનું સ્વરૂપ પામે છે. કહ્યું છે કે: ભગવચ્છરણાગત્ય અને સાધનાભ્યાસના પરિપાકથી કૃતકૃત્ય પ્રાપ્ત થાય છે. ધ્યેયદેવતાની જેવી આકૃતિ હોય, તેવી જ ધ્યાન કરનારાની હાર્દિક ભાવનાઓ બને છે.

પ્રભુની આજ્ઞાનું પ્રેમપૂર્વક પાલન કરવું તે જ દાસ્યભક્તિ.

कृत्वा देहादिकं तस्मै प्रीत्यै सर्वं तदर्पणात् ।
निर्वाहाय च शून्यत्वं स्वत् तदात्मसमर्पणात् ॥१॥

અર્થાત્: બધું સમર્પણ કરીને પોતાના નિર્વાહ માટે પણ પાસે કાંઈ ન રાખવું તે 'આત્મસમર્પણ ભક્તિ' કહેવાય છે.

सत्य-प्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् । અર્થાત્: સત્યમાં સ્થિરતા થવાથી ધાર્મિક ક્રિયાઓનું ફળ પ્રાપ્ત થાય.

સત્ય વિના યજ્ઞ, દાન, તપ વગેરે કે કર્મ, ઉપાસના, જ્ઞાન વગેરે જેવા ધાર્મિક ક્રિયાઓનું ફળ પણ વિધિના નિષ્ઠાપૂર્વક અંતઃકરણની શુદ્ધિ દ્વારા આવરણ ભંગ થતું નહિ. સત્ય સર્વ ધર્મના પાયારૂપ છે.

ધર્મને જાણ્યા વિના ધર્મનું પ્રતિપાદન કરે તે ગુરુ અંધ. વૈરાગ્ય વિના જ ધર્મનું શ્રવણ કરે તે શિષ્ય બધિર.

શાસ્ત્રનો અભ્યાસ કરીને જે અનુભવ વિના ઉપદેશ કરે તે 'અંધ પરંપરા' કહેવાય છે.

શ્રી

## મૂળાવિદ્યા - તૂલાવિદ્યા

બ્રહ્મચૈતન્યને આશ્રયે રહેલી હોય તે મૂળાવિદ્યા.
વિષયાવચ્છિન્ન ચૈતન્યને આશ્રયે રહેલી હોય તે તૂલાવિદ્યા.
આત્માના સ્વરૂપનો યથાર્થ બોધ ન થવા દે તે મૂળાવિદ્યા.
વિષયોનો યથાર્થ બોધ ન થવા દે તે તૂલાવિદ્યા.
મૂળાવિદ્યાના બંધનથી છૂટવું તે મોક્ષ છે. એનું સાક્ષાત્ કારણ જ્ઞાન છે, જે ભક્તિ અને વૈરાગ્ય વિના સંભવતું નથી.

## નિર્વિકલ્પ સમાધિના બે પ્રકાર

ધ્યેયાકાર વૃત્તિ ધ્યેયાકાર બને તેને નિર્વિકલ્પ સમાધિ અથવા 'જ્ઞાનસમાધિ' પણ કહે છે. તેના બે પ્રકાર છે:
જેમાં ત્રિપુટીનો અભાવ છે છતાં વૃત્તિ બ્રહ્માકાર છે, તે અદ્વૈતભાવનારૂપ નિર્વિકલ્પ સમાધિ અને વૃત્તિ સ્વરૂપમાં લય પામે ત્યારે અદ્વૈતાવસ્થાનરૂપ નિર્વિકલ્પ સમાધિ છે.

વૈરાગ્યરૂપી તલવારથી રાગ-દ્વેષાદિ શત્રુને મારી
મોક્ષરૂપી કિલ્લો પણ સર કરી શકાય છે.

પરાવરે = સર્વાત્મક બ્રહ્મ, સર્વ ઉપાધિરહિત વ્યાપ્ત બ્રહ્મ,
સર્વોત્કૃષ્ટ બ્રહ્મ અથવા સર્વવ્યાપ્ત બ્રહ્મ.
પરાવરે = તે સિવાય અવર - બીજું નહિ તે.
મિશ્ર સત્ત્વ = દૈવી સંપત્તિ. શુદ્ધ સત્ત્વ = આત્મસાક્ષાત્કાર.

## પાપપ્રતિઘાત - ગુણબીજાધાન

અધ્યારોપ = વિધાન }
અપવાદ = નિષેધ } તત્વનિષ્પત્તિ

પાપ પ્રતિઘાત માટે સર્વ જીવને નમવું જોઈએ.
અપરાધની ક્ષમાપના વડે પાપનો પ્રતિઘાત થાય છે.
પૂર્વકૃત કર્મના અનુબંધનો વિચ્છેદ કરવા માટે
અપરાધની ક્ષમાપના એ જ એક સાધન છે.
ખમવા માટે નમવું અનિવાર્ય છે.
સર્વ જીવના નમસ્કારનો અવચ્છેદક અપરાધની ક્ષામણા છે!
તે વડે પૂર્વકૃત પાપનો પ્રતિઘાત થાય છે
અને નવીન અપરાધના અનુબંધનો વિચ્છેદ થાય છે.
'નમસ્કાર એ જિનશાસનનો સાર છે અને
ચૌદપૂર્વરૂપી શ્રુતજ્ઞાનનો ઉદ્ધાર છે.'
એનો અર્થ એ છે કે જિનશાસનના સમગ્ર શ્રુતમાં જીવોનું
તથા કર્મોનું સ્વરૂપ, તેના બંધ-મોક્ષ તથા તેના હેતુઓનો
વિસ્તારપૂર્વક વિચાર છે. એ તત્ત્વજ્ઞાનનો સાર એક જ
નીકળે છે કે સર્વ પ્રકારના દુઃખોમાં અપરાધી કર્મ છે.
જીવોની કર્મબંધવાળી અવસ્થા છે.
એ અવસ્થામાં અપરાધ ન થાય એ અશક્ય છે.

તેનાથી પાછા ફરવા વારંવાર અપરાધની ક્ષમાપના જરૂરી છે.

જિનશાસનનું તત્ત્વજ્ઞાન શીખવે છે કે
જીવોને નહિ પણ કર્મને અપરાધી માનવા.

તેનાથી વિપરીત શ્રદ્ધા અને વર્તન
ભૂતકાળમાં જેટલું થયું છે, વર્તમાનમાં જેટલું થાય છે અને
ભવિષ્યમાં થવાની જેટલી સંભાવના છે,
તે બધાથી નિવૃત્ત થઈ જવું એ આરાધનાનું પ્રથમ સોપાન છે.
એ માટે ક્ષમાપના ધર્મ છે.
એ ધર્મનું સેવન કરવા વડે પૂર્વકૃત પાપોનો ધ્વંસ અને
નૂતન પાપોના અનુબંધનો અંત આવે છે.

તત્ત્વજ્ઞાનનો સાર જાણવું અને જણાવવું તે છે.
અધ્યાત્મનો સાર શમવું અને શમાવવું છે.

ક્ષમાપનાની ક્રિયાની પાછળ અવશ્ય કથિત તત્ત્વજ્ઞાનનો
આધાર છે અને એના આધારે જ જેઓ પાપ પ્રતિઘાત
કરીને ગુણભાવનું આધાન કરી ગયા છે અને કરી રહ્યા છે,
તેમને વારંવાર નમવાની ક્રિયા આવશ્યક છે.
અપરાધને જાણવું અને ગુણને - નિરપરાધ દશાને નમવું.

'દુષ્કૃતને ગર્હવું અને સુકૃતને અનુમોદવું'
એ જ જિનશાસનના તત્ત્વજ્ઞાનનો નિચોડ છે.

દુષ્કૃતયુક્ત પોતાની જાતને નિંદવા અને
સુકૃતવાન સર્વ જીવોની જાતને પ્રશંસવા એવું તત્ત્વજ્ઞાન
એ પરિણામ પામ્યાની નિશાની છે.

ગુણ પામવા માટે નમવું એમ અનિવાર્ય છે,
તેમ અપરાધને ખમવા માટે પણ નમવું અપરિહાર્ય છે.

દોષથી મુક્ત થવા માટે ખમવું અને નમવું આવશ્યક છે,
તેમ ગુણથી યુક્ત થવા માટે જેઓ ખમ્યા અને નમ્યા છે,
તેમને નમવું પણ તેટલું જ આવશ્યક છે.

દુષ્કૃતગર્હા જેમને ઈષ્ટ છે, તેમણે દુષ્કૃતની ગર્હા વડે દુષ્કૃતથી
જેઓ મુક્ત થયા છે, તેમને નમવું એ ઈષ્ટ લેખવું જોઈએ.

દુષ્કૃતરહિતને જ નમનારો દુષ્કૃતનો ગર્હક નહિ,
કિન્તુ પ્રતિપક્ષનો અનુમોદક છે.

એ રીતે દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદન એક જ સિક્કાની
બે બાજુ અથવા એક જ કાગળના બે પાસા જેવાં છે.

દુષ્કૃતને ગર્હણીય માનનાર સુકૃતને સેવનીય માને જ.
સુકૃતને સેવનીય માનનાર દુષ્કૃતને ગર્હણીય સ્વીકારે જ.

એટલે સુકૃતસેવન અર્થે ગુણીને નમનારની જેમ
દુષ્કૃતગર્હા અર્થે દુષ્કૃતના વિષયભૂત પોતાના અપરાધોનો
એકરાર કરવા માટે જે જીવરાશિના અપરાધો કર્યા છે,

તે બધાને દુષ્કૃતથી છૂટવા માટે નમવું અનિવાર્ય બને છે.

## પંચ પરમેષ્ઠિ નમસ્કારમાં

દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના ઉભયગુણ સમાયેલાં છે. દુષ્કૃતગર્હા માટે સર્વ જીવોને, સુકૃતાનુમોદના માટે ગુણી પુરુષોને નમવાનો વ્યવહાર શાસ્ત્રોક્ત છે. એ બંને પ્રકારનો વ્યવહાર પરસ્પર પૂરક બનીને આરાધકભાવ વિકસાવે છે.

## સંયમનો અર્થ

સંયમ = પોતાની બુદ્ધિ આત્મનિષ્ઠ હોવી અને તદુપરાંત અંતર્બાહ્ય ઇંદ્રિયો બુદ્ધિના હાથમાં, અંકુશમાં, તાબામાં હોવી તે. બીજા શબ્દોમાં પાંચ ઇંદ્રિય અને છઠ્ઠું મન બુદ્ધિના અંકુશમાં હોવું - છકાય જીવની વધવિરતિના આચરણમાં સુદૃઢ હોવું તે. છકાય જીવમાં જીવત્વનો સ્વીકાર કરી જીવત્વની સાથે તાદાત્મ્યાનુભવનમાં તત્પરતા અને અંતર્બાહ્ય વિષયો એ અનાત્મભાવ હોઈ તેના તરફ વિરતિ, વૈરાગ્ય અને ત્યાગની ભાવનાનું નામ 'સ્થિતપ્રજ્ઞતા' છે.

ઇંદ્રિયોના સંયમ અંગે કાચબાનું દૃષ્ટાંત મનનીય છે.

કર્મમાં અકર્મ જોવું - અકર્મમાં કર્મ જોવું એ બુદ્ધિમત્તા છે. નિષ્કામ કર્મમાં અકર્મ અને સકામ અકર્મમાં કર્મ રહેલું છે, તેથી નિષ્કામ કર્મને 'વિકર્મ' કહેવાય છે.

'વિકર્મ' એટલે વિશિષ્ટ કર્મ અને વિશિષ્ટ એટલે જે કર્મ કરવાથી બંધ ન થાય પણ કર્મના બંધનમાંથી મુક્તિ મળે.

કાષ્ઠને ચેતાવવાથી અગ્નિની ક્રિયા થાય છે અને અગ્નિની ક્રિયા અંતે કાષ્ઠમાંથી ભસ્મ નિપજાવે છે.

નિષ્કામકર્મ વિશિષ્ટકર્મ બની આત્મની ભૂમિકાએ પહોંચે છે.

નિષ્કામતા એ કર્મને વિશિષ્ટકર્મ બનાવે છે અને વિશિષ્ટકર્મ તેના પરિણામે અકર્મ બની જાય છે.

સાધકદશામાં કર્મયોગ એક છે.

સિદ્ધદશામાં કર્મયોગ અને કર્મસંન્યાસ એક જ બની જાય છે.

કર્મયોગની નિષ્ઠા અકર્મમાં, કર્મસંન્યાસની નિષ્ઠા પણ તેમાં જ છે.

## કુંડલિની

કુંડલિની ત્રિકોણાકારે છે. △ = દર્શન, જ્ઞાન, ચારિત્ર.

ઈડા = રાગ, પીંગલા = દ્વેષ, સુષુમ્ણા = સમતા.

મિથ્યાત્વદશામાં કુંડલિની અધોમુખ, જ્યારે સમ્યક્ત્વદશામાં ગ્રન્થિભેદથી ઊર્ધ્વમુખ અથવા પરમાત્મસન્મુખ થાય છે.

सच्चिदानंदविभवात् सकलात् परमेश्वरात् ।
आसिच्छक्तिस्ततो नादो नादाद् बिन्दुसमुद्भवः ॥१॥

'ઈશ્વર' એટલે સિંધુ છે અને જીવ એ એનો બિંદુ છે. એ અપેક્ષાએ 'બિંદુ' શબ્દ જીવનો વાચક બની શકે છે.

Imp.

વિશ્વનાં વિચારો અને તેમાં થયેલાં પરિવર્તનોનો સૂક્ષ્મ અને વ્યાપક અભ્યાસ કરીએ તો જૈન સાધુ-સંતો કેવા Practical રહ્યા છે અને સ્યાદ્વાદે એમાં કેટલા બધા સહાય કરી છે, એનો સરસ ખ્યાલ આવી શકે છે. વ્યાપક અધ્યયન અને દૃષ્ટિ કેળવવામાં આવે તો અને એમાં વર્તમાન કે ભૂતકાળના Dogmatism(અંધશ્રદ્ધા) કે Fanaticism (ધર્મઝનૂન)ને બાદ કરવામાં આવે તો પણ એ વાતનો ખ્યાલ તુરત આવી શકે તેમ છે.

o અહિંસા આયુ વધારે છે, બ્રહ્મચર્ય બળ વધારે છે, ઇંદ્રિયજય આનંદમાં - તત્ત્વજ્ઞાન શક્તિમાં વધારો કરે છે.

## સાદા અને સરળ ઉપચારો

તાવ આવે ત્યારે અજીર્ણ થાય છે, માટે ભોજન જ છોડવું. ઝાડા થયે સુંઠ ફાકવી. સંગ્રહણી થાય, ત્યારે છાસ આપવી. લોહી પાતળું પડી ગયું હોય ત્યારે અરડૂસી વાપરવી. રોગના મૂળ કારણ તરફ પાછા વળતાં રોગ તમારો ગુલામ થશે.

આત્મા તરફ વળો તો કાળ પણ કિંકર બને.

o બ્રહ્મવિદ્યા એ કોઈ ધર્મનો વાડો નથી પણ સર્વ ધર્મનો સમન્વય કરી, આત્મામાં રહેલ અસ્તિત્વને પારખી સત્યની શોધમાં લાગી જનારી વિદ્યા છે.

મોત એ જીવનનો અંત નહિ પણ નવજીવનનું પ્રભાત છે.

મોહનું સ્વરૂપ વીજળી જેવું ભયંકર હોય છે.
વીજળીનો ઝબકારો અલ્પકાળ હોય છે
પણ જો તેનો ભોગ થાય, તેને તે બાળીને ભસ્મ કરે છે.
ઇંદ્રિયોના ધર્મો અને ચિત્તના પૂર્વસંસ્કારોનો કદી સંપૂર્ણ
નાશ થતો નથી અને તે પાછા કયા સમયે અને કેવા
સંજોગો વચ્ચે જાગ્રત થશે એ સમજવું ભારે કઠિન છે.
ધર્મશાસ્ત્રોએ તેથી જ સંયમની વિવિધ વાડો બતાવી છે.
'હોવું' અને 'થવું' - આ બંને શબ્દના અર્થમાં તફાવત છે.
હોવું એ સ્વાભાવિક છે પણ બાળરૂપ છે.
એ હોવામાંથી થવાની ઇચ્છા ઉદ્ભવે છે અને
એ પછી થવાનો પ્રયત્ન શરૂ થાય છે.
થવાનું સિદ્ધ થતાં તે હોવામાં ભળી જાય છે અને
આદિ તથા અંત - તે બન્ને એક જ થઈ જાય છે.
હું 'હોવા' અને 'થવા'ના ભેદની વાત કરું પણ હું 'થવા' મથું
નહિ, તો 'હોવું' અને 'થવું' એ શબ્દો મને બંધનરૂપ બને છે.
જ્યારે કોઈ એક મનુષ્ય 'હોવા' અને 'થવા'ના ભેદની
ખટપટમાં ન પડતાં દરેક ક્ષણે વધારે સારો બનતો જાય છે,
ત્યારે તે સત્યની વધારે ને વધારે નજીક જતો જાય છે.

## હોવું અને થવું એનું તાત્પર્ય એ છે કે:

પરમસત્ય, પરમપ્રેમ, પરમશાંતિ, પરમજીવન, પરમબ્રહ્મ
એ હોવારૂપ છે, છે અને છે જ તથા
વિશ્વ, જગત, સમસ્ત સૃષ્ટિ થવારૂપ છે, છે અને છે જ.

થવારૂપ વિસ્તાર છે, હોવારૂપ મુક્તિ છે.

થવામાં અવિદ્યાપાદ અને વિદ્યાપાદ બંને રહેલા છે તથા
હોવામાં આનંદપાદ રહેલો છે.

## ધ્યાન અને લય

'નમો' પદથી એકબાજુ આત્માનું ધ્યાન થાય છે, જ્યારે
બીજી બાજુ વિષયોની વિસ્મૃતિ થાય છે.
આત્મધ્યાન સુકૃતાનુમોદન સ્વરૂપ છે અને
વિષયવિસ્મરણ દુષ્કૃતગર્હારૂપ છે.
અરિહંતાદિ પદોની સાથે તેનું જોડાણ ચતુઃશરણગમનાત્મક છે.
ધ્યાનમાત્મસ્મૃતિઃ પ્રોક્તમ્ । વિષયવિસ્મૃતિર્લયો ।
'નમો' એ ધ્યાન અને લય ઉભય સ્વરૂપ છે, કેમકે
તેમાં આત્મસ્મૃતિર્ધ્યાનં। અને વિષયવિસ્મૃતિર્લયો ।
એ બંને લક્ષણો લાગુ પડે છે.

0 સમકીતી જીવને તીર્થંકર નામકર્મની સત્તા હોય,
ત્યાં સુધી એટલે કે બંધકાળ સુધી બંધ ચાલુ હોય છે.

શ્રી

'તિર્યંચમાં તીર્થંકર નામકર્મની સત્તા હોય નહિ'
એમ છઠ્ઠા કર્મગ્રન્થના વિવેચન (મહેસાણાવાળા)માં છે.

જગતમાં ધર્મનાં પ્રતીકો અનાદિકાળથી વિદ્યમાન છે.
પ્રારંભમાં કેવળ 'આવાપ-ઉદ્વાપ'ના નિયમ મુજબ
જીવ બાળકની જેમ ધર્મ પામે છે. વડીલની સાથે મંદિરમાં
ગયેલ બાળક નમસ્કારમાં વડીલનું અનુકરણ કરે છે અને
એમ ક્રમશઃ કાળક્રમે તે જીવમાં ધર્મ ક્રિયાશીલ બને છે.
સારાંશ કે બધો ઉપકાર બાહ્યનિમિત્તોનો છે.
જો બાહ્યનિમિત્તો ન હોત તો જીવ ધર્મ ન પામત.
બાહ્યનિમિત્તોની ઉપસ્થિતિમાં મૂળ ઉપકાર અરિહંતોનો છે.

## સ્ફોટવાદ

વૈયાકરણો અથવા મીમાંસકો સ્ફોટને એક
અનાદિ નિત્ય શક્તિ માને છે, જે જુદા જુદા બોલાતા
કે ઉત્પન્ન થતા વર્ણજન્ય ક્ષણિક અર્થોને એકત્રિત કરે છે.

વર્ણાભિવ્યંગ્યઃ સ્ફોટઃ।

આ નિત્ય શબ્દ એ અક્ષર બ્રહ્મરૂપ છે.
વાક્યપદીય ગ્રન્થના મંગલાચરણમાં કહ્યું છે કે:

અનાદિનિધનં બ્રહ્મ શબ્દતત્ત્વં યદક્ષરમ્ ।
વિવર્તતેઽર્થભાવેન પ્રક્રિયા જગતો યતઃ ॥૧॥

(પરિશિષ્ટ-૧૨)

મીમાંસકો કહે છે કે:

स्फोटः शब्दः ध्वनिस्तस्य व्यायाम उपजायते ।

**સ્ફુટિ:** 'સ્ફુટ્' પરથી કે શબ્દધ્વનિ અભિવ્યક્ત થાય છે.

अरणिस्थं यथा ज्योतिः प्रकाशान्तर-कारणं ।
तद्वत् शब्दोऽपि बुद्धिस्थः श्रुतीनां कारणं पृथक् ॥

**સ્ફુટિ:** જે રીતે અરણિકાષ્ઠમાં રહેલો પ્રકાશ અન્ય પ્રકાશનું કારણ બને છે, તેવી રીતે જ્ઞાનમાં રહેલો શબ્દ પણ શ્રુતિ માટેનું એક અલગ પ્રકારનું કારણ બને છે.

જૈન મતે શબ્દોમાં અર્થ જણાવવાનું સ્વાભાવિક સામર્થ્ય માન્યું છે, તેમાંથી અર્થ ઉત્પન્ન થવાનું માન્યું નથી. શરીરાદિ સ્થૂલ વસ્તુઓ અને તેના કારણભૂત જ્ઞાનાવરણાદિ કર્મોને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય અધ્યવસાયરૂપ શુભા-શુભભાવમાં છે. સ્ફુટવાદને કેવળ ભાષાવર્ગણા સાથે સંબંધ નથી કિન્તુ ચારે પ્રકારની ભાષા સાથે સંબંધ માની શકાય.

वर्णव्यतिरिक्तः चरमवर्णानुभवे सति तावद् वर्णाभिव्यङ्ग्यः स्फोट एव वर्णेषु पदेषु वाक्येषु च वाचको मन्तव्यः । स्फुटति - अभिव्यक्तीभवति अर्थः अस्माद् આ વ્યુત્પત્તિથી अर्थवाचकत्वम्, अर्थप्रकाशकत्वम्, अर्थनिष्ठ-विषयता-प्रयोजकशक्तिमत्त्वम् स्फोटत्वम् ।

(પરિશિષ્ટ-૧૩)

આ સ્ફોટનો વૈયાકરણ ગ્રન્થોમાં નીચે મુજબ વિસ્તાર છે:

(૧) વર્ણસ્ફોટ (૨) વાક્યસ્ફોટ (૩) પદસ્ફોટ.

આ ત્રણના જાતિ અને વ્યક્તિના ભેદથી છ સ્ફોટ થાય છે, તેમ જ અખંડ પદસ્ફોટ અને અખંડ વાક્યસ્ફોટ, આવા સંકલના કરવાથી કુલ આઠ સ્ફોટ થાય છે, એમ મંજૂષામાં બહુ વિસ્તાર છે. વળી મીમાંસકો કહે છે:

यत्किंचित्पदजन्य - पदार्थोपस्थिति - सत्त्वे
अर्थस्मरणसमूहात् शाब्दबोधो जन्यते । (પરિશિષ્ટ-૧૪)

આ સ્ફોટનું સ્વરૂપ છે વૈયાકરણનો પૂર્વપક્ષ.

ઘટ: આ પદ કંબુગ્રીવાદિમાન પદાર્થનો બોધક બને છે, તે પરત્વે પૂછવાનું એ કે ઘ + અ + ટ + અ: આ બધાં વર્ણો (૧) સ્વતંત્ર એટલે કે એક એક વર્ણ ઘટ પદાર્થને જણાવે કે (૨) બધા વર્ણો સાથે મળીને ઘટ પદાર્થને જણાવશે? હવે એકએક વર્ણ જો ઘટ પદાર્થને જણાવવાની શક્તિ રાખતો હોય, તો ઘના ઉચ્ચારણ-શ્રવણમાત્રથી જ ઘટ પદાર્થનો બોધ થઈ જશે એટલે બાકીના વર્ણો નકામા થશે અને બધા સાથે મળીને તો ક્યારેય બોધ કરાવી શકશે નહિ કારણકે ઘ બોલીએ છીએ, ત્યારે અ નથી અને આગળ જ્યારે અ બોલીએ છીએ, ત્યારે ઘ વર્ણ નથી.

બધા વર્ણોનું એકીસાથે ઉચ્ચારણ કે અસ્તિત્વ રહેવાનું નહિ
માટે 'ઘટ' શબ્દ ઘટ પદાર્થનો બોધ કઈ રીતે કરાવી શકે?
ઉત્તરપક્ષ - ઉપર મુજબ પૂર્વપક્ષ ઉભો કરી વૈયાકરણીઓ
તેમના મત મુજબ તેનું સમાધાન કર્યું છે, તે આ પ્રમાણે:
એક પદમાં જેટલા વર્ણો હોય, તેટલા વર્ણોથી પ્રકાશિત (બોધ્ય)
સ્વતંત્ર, ભિન્ન, એક શક્તિવિશેષ સ્ફોટ છે, જેના બળથી
વર્ણની ગેરહાજરીમાં પણ એ સ્ફોટ પદાર્થબોધ કરાવે છે.

વૈયાકરણી સ્ફોટને નાદ સ્વરૂપ માને છે.

તે ઉત્પન્ન થતો નથી પણ અભિવ્યક્ત થાય છે.

તેને અભિવ્યક્ત કરનાર (વ્યંજક) પવન છે.

તે પવન નાભિ નીચેના ભાગમાં રહે છે.

most Important તેને 'કોષ્ઠ વાયુ' કહે છે.

વાયુથી જ્યારે તે નાદ વ્યક્ત થાય છે,
ત્યારે પરા-પશ્યંતી-મધ્યમા-વૈખરીવાણી રૂપે કહેવાય છે.

પરા આદિ વાણી સ્ફોટરૂપ છે.

જે પદાર્થ જ્ઞાત છે, તે પદાર્થને કહેવાની જ્યારે ઈચ્છા
થાય છે, ત્યારે તે ઈચ્છાને આધીન પ્રયત્ન થાય છે.
એ પ્રયત્ન પ્રથમ કોષ્ઠમાં થાય છે, ત્યારે
તેનાથી જે નાદરૂપ વાણી અભિવ્યક્ત થાય છે, તે પરા છે.

તે પ્રયત્ન વડે નાભિપર્યંત આવે ત્યારે પશ્યંતી વાણી,
આ નાદ હૃદયપર્યંત આવે ત્યારે તે મધ્યમા વાણી છે
(ત્યાં અર્થાભિવ્યક્તિ બને છતાં પરશ્રોત વડે અગ્રાહ્ય છે),
આ નાદ મુખ સુધી આવે ત્યારે તે વૈખરી વાણી બનીને
(જે પરશ્રોત વડે ગ્રાહ્ય છે), કંઠપ્રદેશથી મસ્તકમાં અથડાઈ
પાછો ફરી કંઠ-તાલુ આદિ સ્થાને અભિવ્યક્ત થાય છે.

o ફૂલ તરફ ધ્યાન રાખીને કર્મ કરનારને
ફૂલનો આનંદ મળે છે પણ કર્મનો નહિ.

આપણે બુદ્ધિમર્યાદા સુધી જ ફૂલની અપેક્ષા રાખીએ છીએ,
તેથી આનંદ ફૂલ મેળવવાની ચિંતાના ગુમાવીએ છીએ.

o મનુષ્યનો મોટામાં મોટો દોષ એ છે કે
તે પોતે પોતાની જાતને નિર્દોષ સમજે છે.

આપણા દોષો દેખાય ત્યારે આપણે ડાહ્યા થયા કહેવાઈએ.
આદમ કો ખુદા મત કહો, આદમ ખુદા નહિ...
લેકિન ખુદા કે નૂરસે, આદમ જુદા નહિ.
તે પોતે પ્રભુ નથી પણ પ્રભુનું તત્ત્વ તેના જીવનમાં છે.
જે વડે ભગવાન પ્રસન્ન ન થાય તે જ્ઞાન અધૂરું જ છે.
જ્ઞાનની શોભા પ્રેમથી છે, ભક્તિથી છે.
જો સ્વપ્નમાં ભગવદ્ભાવ ન જાગે તો એ જ્ઞાન શા કામનું?

જીવ પાસે ઈશ્વર બીજું કાંઈ માંગતા નથી, પ્રેમ માંગે છે.
સંતોની સેવા તથા કથા શ્રવણ કરવાથી જીવન સુધરે છે.
સંતપુરુષ કુસુમથી કોમળ અને વજ્રથી પણ કઠોર છે.
ઈશનું આકર્ષણ વિષયોના આકર્ષણ કરતાં પણ ઓછું છે કારણકે ઈશ અપ્રત્યક્ષ છે અને વિષયો પ્રત્યક્ષ છે.
ઈશનું આકર્ષણ પેદા કરવા માટે શ્રદ્ધા જોઈએ અને એ શ્રદ્ધાને માટે વિશ્વાસ, દૃઢતા અને પવિત્રતા જોઈએ.
આપત્તિ આવે ત્યારે પૂર્ણ શ્રદ્ધા કેળવવા યાદ રાખવું કે

કસોટી કનકની જ થાય, પત્થરની નહિ.

अहं ब्रह्मेत्युपासीत । घटेन्दुवृत्तिवत् । श्रुतिः
ઘડામાં ચંદ્રની જેમ 'હું બ્રહ્મ છું' એમ ઉપાસના કરાય છે.
સર્વત્ર બ્રહ્મદર્શન કરો. દેહદૃષ્ટિ છોડીને દેવદૃષ્ટિ કરો.
મનને શિક્ષિત કરવાની વિધિ = ધ્યાન, ચિન્તન, મનન.
ધ્યાનની સ્વાભાવિક વૃત્તિને સ્વાધીન કરવી તે ધ્યાન છે.
જપથી ધ્યાન, ધ્યાનથી ભાવ અને ભાવથી પ્રેમ વધે છે.

3 પ્રકારે વાદ

મૂડીવાદ = બીજાની અગવડને પોતાની તક માનવી.
સમાજવાદ = શક્તિ મુજબ કામ, જરૂરીયાત મુજબ દામ.
સંસ્કૃતિવાદ = બધું જ ધન ન વ્યક્તિનું, ન સમષ્ટિનું પણ

શરીર, ધન અને એ બેની સાથે સંબંધિત બધું પરમેશ્વરનું. મહેનત મજૂરની, ધન પ્રભુનું. સદ્લક્ષ્મી એ પ્રભુની વિભૂતિ. મહાન કાર્ય માટે ઉપયોગી થાય તે લક્ષ્મી નહિ - મહાલક્ષ્મી છે.

## એકાગ્રતા અને જપ

સમસ્ત શાસ્ત્રો અને સિદ્ધિઓનો આધાર - મુખ્ય દ્વાર એકાગ્રતા અને એકાગ્રતાનું મુખ્ય સાધન જપ છે. જપ માટે સર્વોત્તમ, શ્રેષ્ઠ અને પ્રભાવશાળી પ્રણવમંત્ર છે. એના જપથી ત્રણે પ્રકારના ક્લેશોનો નાશ અને ચારે પ્રકારના પુરુષાર્થોનો લાભ થાય છે. મોક્ષ ચરમ અને પરમ પુરુષાર્થ છે. દ્વૈતવાદી પરમાત્માને સ્વામી - અદ્વૈતવાદી પિતા માને છે.

## જ્ઞાન - અજ્ઞાન - ભૂમિકા

સ્વસ્વરૂપમાં સ્થિતિ તે જ્ઞાન અને તેનું ફળ મુક્તિ છે. સ્વસ્વરૂપ સ્થિતિમાંથી ખસી જવું તે અજ્ઞાન અને તેનું ફળ બંધન (અહંતા-મમતા) છે. રાગ-દ્વેષ એ અજ્ઞાનનું ફળ છે, કેમકે રાગી પોતાના દોષને જોતો અથવા જાણતો નથી અને દ્વેષી પોતાના ગુણને જોતો કે જાણતો નથી. રાગ-દ્વેષથી અજ્ઞાન-અજ્ઞાનથી રાગ-દ્વેષ ઉત્તરોત્તર વધે. જ્યારે અહંતાનો નાશ થાય અને મન શાંત થાય છે, ત્યારે જે સ્વપ્રકાશથી ચિત્ત સ્ફુરે છે, તે સ્વરૂપસ્થિતિ છે.

श्री

## અવર્ણનીય બ્રહ્મ

વેદ, ઉપનિષદ, ષડ્દર્શન, પુરાણો...
એ બધું માનવના મુખથી બોલી શકાય છે એટલે કે તે
હોઠે ચડીને બહાર આવતું હોવાથી ઉચ્છિષ્ટ ગણાય છે.
માત્ર એક તત્ત્વ એવું છે કે જેની વ્યાખ્યા થઈ શકતી નથી.
એ અવ્યાખ્યેય તત્ત્વ છે 'બ્રહ્મ'.
હજી સુધી કોઈ તેનું વર્ણન કરી શક્યું નથી.

0 જાગ્યા ત્યાંથી સવાર, ભૂલ્યા ત્યાંથી ફરીવાર.
ઉપયોગે ધર્મ, પરિણામે બંધ થાય છે.
આસક્તિનું મૂળ અવિદ્યા છે.
દયા, ભક્તિ, ત્યાગ વગેરે વિદ્યાનું ઐશ્વર્ય છે.

परोपकार-कैवल्ये तोलयित्वा जनार्दनः ।
उपकारं गुरुं मत्वा ह्यवतारान् दशाग्रहीत् ॥१॥

અર્થ: પરોપકાર અને કૈવલ્ય બંનેની તુલના કરી, પરોપકારને મહાન જાણીને જનાર્દને દશ અવતાર ગ્રહ્યા.

एतावान् अव्ययो धर्मः पुण्यश्लोकैरुपासितः ।
यो भूतशोक-हर्षाभ्याम् आत्मा शोच्यति, हर्षति ॥१॥

અર્થ: જે આત્મા પદાર્થના શોક-હર્ષથી શોક-હર્ષ કરે છે, તે આત્મા શાશ્વત સ્વરૂપવાળો પવિત્ર શ્લોકોથી ઉપાસ્યો છે.

ક્રિયાએ કર્મ અર્થાત્ મન, વચન, કાયાદિ થતી ક્રિયાઓ.
પરિણામે બંધ અર્થાત્ રાગ-દ્વેષ-૪ કષાયાદિ થતી ક્રિયા.
ઉપયોગે ધર્મ અર્થાત્ જ્ઞાન તથા દર્શનગુણાદિ થતી ક્રિયા.
રુચિ અનુયાયી વીર્ય અર્થાત્ સમ્યક્ત્વ અને ચારિત્રધર્મ.
દર્શનાવરણીય-મોહનીય તથા ચારિત્રાવરણીયના ક્ષયાદિ રુચિ,
જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય કર્મના ક્ષયાદિ ઉપયોગ પ્રગટે.
પ્રશસ્તાપ્રશસ્ત કષાયના ઉદયાદિ પરિણામ પ્રગટે અને
વીર્યાંતરાય કર્મના ક્ષય-ક્ષયોપશમાદિ ક્રિયા પ્રગટ થાય.

## નિત્ય પરમાનંદરૂપ બ્રહ્મ

બ્રહ્મભાવ કે સર્વાત્મભાવ અર્થાત્ અભેદ, અદ્વૈત, અખેદ.
બ્રહ્મ સદ્રૂપ, ચિદ્રૂપ, પરમાનંદરૂપ-વ્યાપક, અસંગ, અક્રિય છે.
દેશ, કાળ, વસ્તુ પરિચ્છેદશૂન્ય સજાતીય, વિજાતીય, સ્વગત
ભેદાદિ રહિત ચૈતન્ય પોતે બ્રહ્મરૂપ છે. સર્વ પ્રકારના
દુઃખાદિ અત્યંત રહિત અને નિત્ય પરમાનંદરૂપ છે. આત્માદિ
અભિન્ન આ બ્રહ્મરૂપમાં ઉત્પીડનરહિત સ્થિતિ તે મોક્ષ છે.
મંત્રના વર્ણો સાધકને ચૈતન્યરૂપ બને એટલે વિધિવિધાનો
સર્જાયા છે. તે દ્વારા સાધક મંત્રચૈતન્યથી પોતાના ઓજસને
પ્રગટાવી શકે છે. 'ઓજસ' એટલે પ્રેમ અને વાત્સલ્ય
ભાવથી પ્રગટતું તથા શાંતિને આપતું એક પ્રકારનું દ્રવ્ય.

# અનાહત નાદ

(૧) જ્યારે કોઈ સાધક અંતર્મુખ થઈ જાય છે અર્થાત્ ઇંદ્રિયો પોતાના ધર્મ છોડી દે છે, આંખો વડે દેખાતો નથી, મુખ વડે બોલતો કે ખાતો નથી, કાન વડે કંઈ સાંભળતો નથી અને બુદ્ધિ વડે વિચારતો નથી અથવા એનું મન, હૃદય, બુદ્ધિ વગેરે બધું આત્મામાં વિલીન થઈ જાય છે, ત્યારે તે સાધકને આનંદ જ આનંદનો અનુભવ થાય છે.

એ અવસ્થામાં એને વિશિષ્ટ નાદ સંભળાય છે.

તેને યોગ-શાસ્ત્રાદિ 'અનાહત નાદ' કહે છે.

કાનના પડદાની શક્તિથી વધુ ઊંચો અવાજ સંભળાતો નથી,

તે Supersonic કહેવાય છે.

કાનના પડદાની શક્તિથી અલ્પ અવાજ પણ સંભળાતો નથી,

તેને ultrasonic કહેવાય છે.

(૨) શબ્દબ્રહ્મનો એક અર્થ સર્વવ્યાપી શબ્દ છે અર્થાત્ શબ્દ External & Omnipresent છે.

એ કદી સમાપ્ત થતો નથી.

(3) ભારતીય metaphysics-તત્ત્વમીમાંસા અનુસાર શબ્દ એટલે કે Sound કદાપિ ન મરવાવાળી ચીજ છે. જો સમાન આંદોલનો અને કંપનોથી શ્રોતાનું મન ઘૂમે, તો

રામચંદ્રના કુગાનો ધ્વનિ આ પ્રભુ વારની વધુ પકડી શકે. આધુનિક ભૌતિકશાસ્ત્ર એમ માને છે કે ઉર્જા ક્યારેય સમાપ્ત થતી નથી પણ એક પ્રકારની શક્તિ બીજી શક્તિમાં પરિવર્તિત થાય છે. દા.ત. ધ્વનિઉર્જા બદલી જઈને વિદ્યુત ઉર્જા અથવા યાંત્રિક ઉર્જામાં પરિવર્તિત થઈ જાય છે.

## આત્મૌપમ્ય ભાવ

યોગ માટે અનિત્યત્વાદિ ભાવનાનો વિભાગ પોતાની સાધનામાં અનિવાર્ય રીતે આવશ્યક તત્વજ્ઞાનને લગતો અને બીજો મૈત્ર્યાદિ ભાવનાનો વિભાગ તત્વજ્ઞાનને જીવનમાં ઉતારવાના ક્રમ અને પદ્ધતિને લગતો રહેલ છે. વ્યવહારની ચાલુ ભાષામાં મોહનો અર્થ આસક્તિ કે રાગ લેવાય છે પણ શાસ્ત્રીય વ્યવહારમાં રાગ જુદો ગણાવાતો હોઈ મોહનો અર્થ કાર્યાકાર્યના વિવેકમાં મુંઝવણ અર્થાત્ અજ્ઞાન, સંશય અને વિપર્યય કે ભ્રમરૂપે લેવાય છે. કષાય અને સંકલ્પવિકલ્પજન્ય વિકૃતિથી મુક્ત થઈ અધ્યવસાય જેટલી શુદ્ધિ પામતો જાય છે, તેટલો જીવનો વ્યવહાર જીવો સાથે આત્મૌપમ્યભાવ વધારે સ્પષ્ટ થતો જાય છે. વળી તે ભાવ સ્પષ્ટ થતો જતો હોવાથી પોતાના જીવનમાં પણ ઉતરતો જાય છે.

## સંતવચન

શુભ શુકન, ઇષ્ટ સ્વરનાડી, શુભ અંગસ્ફુરણા તથા ઉદાત્ત દેખાતાં સ્વપ્નો દ્વારા વિચારક એ સમજી શકે છે કે પોતાની માનસિક, વાચિક અને કાયિક ચેષ્ટા કઈ કોટીની છે? જો તે ચેષ્ટા શુદ્ધ હોય તો નિમિત્તો સારાં અને જો તે અશુદ્ધ હોય, તો નિમિત્તો નઠારાં ઉપસ્થિત થાય છે.

0 વિધિનિષેધોનો સાર ચિત્તશુદ્ધિ રૂપ ભાવને ઉપજાવવો તે છે. જો એવો ભાવ ન ઉપજે તો બધાં વિધિનિષેધો નિષ્ફળ છે, વળી જે શાસ્ત્ર અથવા વચન રાગ-દ્વેષ તથા મોહને પોષનાર ન હોય, તે પરિશુદ્ધ શાસ્ત્રાગમ ઇત્યાદિ. એમાં શુદ્ધિપોષક બધાં જ શાસ્ત્રવચનો સમાઈ જાય છે.

0 અંધકારને શાપ દીધા કરવો, તે કરતાં નાનો સરખો પણ એક દીવો પ્રગટાવવો, એ વધારે ઇચ્છવા યોગ્ય છે.

0 અંતઃકરણની શાંત અને સમાહિત અવસ્થા તે જ વાસ્તવિક રીતે પરમેષ્ઠિ પૂજન છે.

0 ભૌતિકવાદી માનવ ઇંદ્રિયો માટે સ્વતંત્રતા માંગે છે, જ્યારે અધ્યાત્મવાદી ઇંદ્રિયોથી સ્વતંત્ર થઈ મુક્તિ મેળવે છે. તે પાર્થિવ નાશમાંથી છૂટીને અનંતજીવન મેળવે છે. ઇંદ્રિયો માટે જે જીવે છે, તે ઇંદ્રિયો સાથે નાશ પામે છે,

જેઓ પોતે દોષથી ભરેલા છે,
તેઓને જગતના દોષો જોવાનો અધિકાર છે? જરા પણ નહિ.
અસંતોષી માનવીને આંગણે કલ્પવૃક્ષ હોય, તો તે પણ
અસંતોષની આગને કારણે બાવળીયો બની જાય છે,
જ્યારે સંતોષીને આંગણે ઊગેલો બાવળીયો સંતોષના
સુધાસિંચનને કારણે બાવળીયો મટી કલ્પવૃક્ષ બની રહે છે.

o દયા અને માયા વચ્ચે તફાવત છે.
દયા તારી છે, માયા બંધનકારક છે.
પ્રાણીમાત્ર ઉપર સમાન પ્રેમ હોવો એ 'દયા' છે.
માત્ર સ્વસ્ત્રી, પુત્ર, ભાઈ-બહેન વગેરે સગાં-સંબંધીઓ
ઉપર જ પ્રેમ રાખવો, એ 'માયા' કહેવાય.
દયા વિશ્વવ્યાપી છે, જ્યારે માયાનો પ્રદેશ સંકુચિત છે.

## જૂના સુભાષિતો

o કાચ કથીર કાયર નરો, કસે ન ઉપજે પ્રેમ,
કસોટી તો સજ્જન સહે, કાં હીરા કાં હેમ!

o ચંદન, ચંદ, સુમાણસાં - તીનો એક પ્રકાર,
વો ઘસાયાં, વો ઉગાયાં, વો બોલિયાં ઉજાસ.

o કાછ દેઢા, કર વર્ષણાં, મન ચંગા, મુખ મીઠ,
રણ શૂરા, જગ વલ્લભા, સો મેં વિરલા દીઠ.

० यद्भूतहितमत्यन्तम् तत्सत्यं इति नः सत्यम् ।
<u>સૂક્તિ</u>: જે જીવોને અત્યંત હિતકારી હોય તે સત્ય છે
એવું અમારું સત્ય છે.

० धर्मं चरत माऽधर्मं, सत्यं वदत नाऽनृतम् ।
दीर्घं पश्यत मा ह्रस्वं, परं पश्यत माऽपरम् ॥
<u>સૂક્તિ</u>: ધર્મનું આચરણ કરો, અધર્મનું નહિ.
સાચું જ બોલો, ખોટું નહિ. લાંબી દૃષ્ટિ રાખો, ટૂંકી નહિ.
પર એટલે કે શાશ્વતને જુઓ, નાશવંતને નહિ.

० वित्ते त्यागः क्षमाशक्तौ दुःखे दैन्यविहीनता ।
निर्दम्भता सदाचारे स्वभावोऽयं महात्मनां ॥
<u>સૂક્તિ</u>: ધનમાં ત્યાગ, શક્તિમાં ક્ષમા, દુઃખમાં દીનતારહિત
અને સદાચારમાં નિષ્કપટ, એવો મહાત્માઓનો સ્વભાવ છે.

V.V. Imp.

## <u>'થવું' અને 'હોવું'</u>

## To be and to become

આ બે શબ્દોમાં નિશ્ચય અને વ્યવહારનો સંગ્રહ થાય છે.
હોવું તે ભાવરૂપ છે, થવું તે ક્રિયારૂપ છે.
'થવું' વખતે 'હોવું' હૃદયમાં હોય તો જ 'થવું' તે તાત્ત્વિક છે.
'હોવા' વખતે થવાનો પ્રયત્ન હોય તો જ 'હોવું' તે તાત્ત્વિક છે.
આ પ્રથમ ભૂમિકા છે, પછી થવું નીકળી ફક્ત હોવું જ રહે.

'થવું'માં સૂક્ષ્મ કર્તૃત્વાભિમાન છે,
તે પ્રથમ ભૂમિકામાં ઉપાદેય છે, પછીની ભૂમિકામાં હેય છે.
'હોવું'રૂપ બ્રહ્મજ્ઞાનનો માર્ગ પ્રાપ્ત થતાં 'થવું' રહેતું જ નથી.
તાત્ત્વિક દૃષ્ટિએ થવું તે પણ સૂક્ષ્મ બ્રહ્મરૂપ જ છે.
થવાનું હોતું નથી, બની જાય છે.
અંતર શુદ્ધ સ્વભાવ મેં રે, નહીં વિભાવ લવલેશ,
ભ્રમ આરોપિત લક્ષ્ય ધારે, હંસા સહત હૈ કલેશ.
થવાની ક્રિયાને અહીં ભ્રમ આરોપિત લક્ષ્ય કહેલ છે, 'હોવું'
રૂપી મહાસામાન્યમાં 'થવું' વગેરે રૂપ માત્ર ઓગળી જાય છે.
થનાર કે કરનાર આખરે છેવટે પણ કોણ?
એ તે હોવું જ થવારૂપે થયા કરે છે.
'હોવું' રૂપી મહાસામાન્યમાં 'થવું' વગેરે તો આરોપિત છે.
જે છે તેમાં થવાનું શું? એમ સંગ્રહ-નિશ્ચય કહે છે.
તેથી જ તેના મતે સ્વભાવનું પણ કર્તૃત્વ માન્યું નથી.
થવું એ જેને ઉપયોગી હોય, તેને ભલે હોય...
પણ અંતે તે પણ બંધન છે તેમાંથી નીકળ્યે જ છુટકો.
ભવે મોક્ષે ચ સર્વત્ર નિઃસ્પૃહો મુનિસત્તમઃ ।
<u>અર્થ</u>: સંસાર અને મોક્ષમાં સર્વત્ર ઉત્તમ મુની નિઃસ્પૃહ છે.
એ અવસ્થામાં થવું નીકળી જાય છે, ફક્ત હોવું જ રહે છે.

નિઃસ્પૃહતામાં તો રાગ-દ્વેષનું કર્તૃત્વ પણ રહેતું નથી.
આપણે જે થવા માંગીએ છીએ,
તે અનાદિસિદ્ધ જ છે, તો તેમાં થવાનું શું?
સિદ્ધ શબ્દ 'હોવું' અને 'થવું' બંનેનો વાચક છે.
બાકીના અરિહંતાદિ ચાર થવાના વાચક છે.
દેવો મૂર્ચ્છા કરે અજેત | દેવ છે જ તો પછી એમાં મૂર્ચ્છા શું?
તાત્ત્વિક વિચારણામાં મૂર્ચ્છા રહેતું નથી.
'હોવું અને ન થવા દેવું' એ પણ એક પ્રક્રિયા છે.
ન થવા દેવું એટલે વિભાવરૂપે-પરરૂપે ન થવા દેવું.
સ્વભાવભાવભજને સદા રહેવું. જો કે એ પણ સ્થૂલ પ્રક્રિયા છે.
જે સદા સ્વભાવમાં જ છે, તેને પરરૂપે પરિણમાવનાર
આપણે કોણ? તે પરરૂપે થતો જ નથી અને થાય તો
સ્વરૂપે અસત્ થઈ જાય અને એ કદાપિ ઇષ્ટ નથી.
આ બધી વિચારણા શુદ્ધનયની છે.
હોવું-થવુંમાં સત્કાર્યવાદ-અસત્કાર્યવાદ બંને સમાઈ જાય.
સત્કાર્યવાદમાં હોવુંનો એકાંત છે,
અસત્કાર્યવાદમાં થવુંનો એકાંત છે.
<u>નિશ્ચયમાં 'હોવું'ને જેટલું સ્થાન છે,</u>
<u>તેટલું જ વ્યવહારમાં 'થવું'ને સ્થાન છે.</u>

श्री

'तत्स्थ तदं जनता |' मयि तद्रूपं - स एवाऽहं |
અર્થાત્: તત્સ્થ = તે રૂપે થવું, મારામાં તે રૂપ = તે જ હું છું.
तत्स्थ - 'त्वत् प्रसादात् त्वयि स्थितम् |' तत्स्थता |
અર્થાત્: તમારી કૃપાથી તમારામાં રહેવું.
'यो जिनः सोऽहमेव च |' तदं जनता |
અર્થાત્: જે જિન છે, તે હું જ છું.
मम तद्रूपं | स एवाऽहं | અર્થાત્: મારું તે રૂપ, તે જ હું છું.

## કર્તૃત્વાભિમાન નિરાસ

ॐ अर्हं નમઃ | મંત્ર કૃતજ્ઞતા - ઋણીભાવ દર્શાવે તથા ॐ નમઃ સિદ્ધં | આત્મસમદર્શિત્વ - પરમાત્મસમદર્શિત્વ. જાપ કરનારાઓએ પ્રથમ ધ્યેયગુણ નામનું રહસ્યાંગ સ્પષ્ટ સમજી લેવું જોઈએ. તે વિના એકાગ્રતા દુઃશક્ય છે. જો આપણને ધર્મની મહાસત્તા ઉપર પૂરો વિશ્વાસ હોય, તો આપણે ધર્મ સિવાય કશું જ કરવાનું રહેતું નથી. વર્તમાન ક્ષણમાં જે કાંઈ પ્રાપ્ત થયું છે અને થવાનું છે, તેમાં સંતોષ એ પૂર્વે કરેલ ધર્મ પ્રત્યેનો વિશ્વાસ છે. ભવિષ્ય માટે પણ 'બધું સારું થઈ રહેશે' એવો વિશ્વાસ હોવો એ પણ ખરેખર તો ધર્મ પ્રત્યેનો જ વિશ્વાસ છે. જેના વિચારથી કર્તૃત્વાભિમાન ઘટે, આત્મૈક્ય વધે છે.

[illegible]. કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ -
એ પાંચેપાંચ સમવાય આત્માથી ભિન્નાભિન્ન છે.
જેને સાંખ્યો 'પ્રકૃતિ' કહે છે, તે જ આ પાંચ સમવાય છે.
એ પ્રકૃતિ જ લોકનયે કર્ત્રી છે.

કાળ, સ્વભાવ (સાંસારિક), નિયતિ, કર્મ આત્મભિન્ન છે. પુરુષાર્થ પણ કર્મઉદયથી સંચરિત હોવાથી આત્મભિન્ન છે. એ રીતે લોકનયને વિચારવાથી કર્તૃત્વાભિમાન ગળી જાય અને એક આત્મસન્મુખતારૂપ પુરુષાર્થ માત્ર જ બાકી રહે છે. કાળાદિ પાંચે ય વિભુ-વ્યાપક છે. પ્રત્યેક કારણ તત્કાલીન અન્ય સર્વ ભાવોને સાંકળમાંની કડીની જેમ સાપેક્ષ છે. કોઈપણ એક કારણ કે એક કાર્ય એટલે સમગ્ર વિશ્વ. આવા વિશ્વનો કર્તા અલ્પજ્ઞ જીવ શી રીતે હોઈ શકે? જેને કારણના અનંતમા અંશનું પણ પૂર્ણ ભાન નથી,
તે પોતાને કર્તા કેમ રીતે માની શકે?

આધ્યાત્મિક જગતનું તંત્ર અત્યંત સુસંચાલિત છે. હિતમય હોય તે થાય જ છે અને જે થાય છે તે હિતમય જ હોય. સૌ માટે જગતના પ્રત્યેક પ્રસંગમાં જે અમૃત છે, તેના જ દર્શન થાય છે. એ દર્શન જ આનંદમય પ્રશાંતરસને વહેવડાવે છે અને એ જ રસનું અમૃત પ્રાપાવે છે.

બધા જીવોનું હિત ઇચ્છવું એ કેવળ વિચારરૂપે અતિ ઉપયોગી નથી પણ હૃદયરૂપે ઉપયોગી છે. હૃદયને સ્પર્શીને એ ભાવોલ્લાસ ઉઠવો જોઇએ. જેમ અતિશ નિકટના સુપરિચિત ઉપર રાગ હોવાથી તેનું હિત સહજ ઇચ્છાય, તેમાં રસ લેવાય અને હૃદય ભળે તથા અંતરની લાગણી જ્યારે પરાકાષ્ઠાને પામે ત્યારે તેમાં જે રસ હોય તેના કરતાં અનંતા-અનંતગુણી રસ શ્રી તીર્થંકર ભગવંતોને પ્રત્યેક પ્રત્યેક જીવાત્માના ઉદ્ધારસ્વરૂપ માટે હોય છે. એ રસેન્દ્ર રૂપ ભાવ કેવળી પણ વર્ણવી શકવા સમર્થ ન કરી શકે એવો હોય છે. એવો હિતભાવ કોઈ એક જીવ પ્રત્યે પણ આવી જાય, તો પછી તેને વ્યાપક બનાવવો સરળ પડે છે. પ્રકૃતિ જ્ઞાનગમ્ય અને હૃદય ભાવગમ્ય છે.

જ્ઞાનની ઘનતા – ભાવની નમ્રતા

સૌને આત્માનું જ્ઞાન નહિ પણ ભાન (અનુભવ) થાય છે.

જ્ઞાનમાં વિચારો અથડાય છે, જ્યારે

ભાનમાં તો વિચારોને સમેટવાના છે, અક્રિય થવાનું છે.

જ્ઞાન તો માત્ર ભોમિયાનું કામ કરે.

ત્રિગુણાતીતમાં સામ્રાજ્ય ભાવ-હૃદયનું છે, જ્ઞાન-મગજનું નહિ.

ગુણાતીતમાં પ્રવેશ ભાવવાનનો થાય છે, જ્ઞાનવાનનો નહિ.

ત્યાં સમજવાનું કાંઈ નથી, જીવું અનુભવવાનું જ છે.
જ્ઞાન સત્-અસત્‌નું હોય પણ પરનું તો ભાન જ હોય.

संसारस्यलयो मुक्तौ न प्रपंचस्य कर्हिचित्।

સ્મૃતિ:

મુક્તિમાં સંસારનો લય થાય, પ્રપંચ એટલે કે જગતનો નહિ.
સત્યતાદિ જેટલો અભેદ સાધીએ, તે સત્ય જ છે.
વિદ્યા તે કે જેનાથી વેદ પ્રાપ્ત થાય. વેદ કે તેમ હું છું.

सर्वैश्च वेदैरहमेव वेद्यो।

સ્મૃતિ: વેદવાક્ય બધા વડે હું જ વેદવાક્ય છું.
આનંદમય કોશ ભક્તિથી જ વેદાય છે.

સિદ્ધોએ સમાધિ દ્વારા અનુભવીને કહેલું તે 'શ્રુતિ વાક્ય'. આત્મા સ્વસંવિદ્-આત્મસંવિદ્ છે પણ જ્ઞાનસંવિદ્ નથી. સ્મૃતિ ભાવનો-હૃદયનો વિષય છે, તર્ક કે જ્ઞાનનો નહિ. अशक्तिमान् भवेत्साधुः। અર્થાત્: સાધુ અશક્તિમાન હોય. મમત્વ છોડી નિષ્ઠુર બનવાને બદલે સર્વસ્વમાં જ મમત્વ એટલે આત્મીયતા સાધે, અનુભવે ત્યારે સર્વવ્યાપકનો સાક્ષાત્કાર કર્યો કહેવાય. જ્ઞાનીને અભાવ વધવું રહે તો મગજશક્તિની ઘમંડતા છોડી હૃદયના ભાવની નમ્રતાને અપનાવવી જોઈએ. દ્વૈતવાદમાં ભક્તિ અપરિહાર્ય છે,

ૐ શ્રી

કેમકે તે સ્નિગ્ધ-સ્નેહવાળી હોવાથી અંતરરસતા, આર્દ્રતા ભાવ લાવે છે. જ્ઞાન નપુંસક છે, તે પુરુષ કે પ્રકૃતિ કોઈને પણ પ્રિય નથી. જ્ઞાન કાગળના ફૂલોમાં ય સૌરભ શોધે. ભક્તિ સ્વાશ્રયી-સબળા ઉપર દિવ્ય નૈસર્ગિક સુગંધ છે. કર્મયોગમાં જે તકલીફ છે, તે નપુંસક જ્ઞાનને પસંદ નથી.

## ભક્તિનું ખરું રહસ્ય

ભક્તિમાં દીનતા-સેવા-સમર્પણતા છે.

તેથી ભોગ આપવા માટે જ્ઞાન તો કૃપણ છે.

તે વૈરાગ્યબંધુ હોવાથી નિષ્ઠુર છે-ભક્તિથી નાસતો ફરે છે.

ખરો સાક્ષાત્કાર કદાપિ નર્યા જ્ઞાનથી થતો નથી.

પરબ્રહ્મ પામવા જ્ઞાન નહિ પણ ભક્તિ જોઈએ.

ભક્તિની નિશાનીઓ વિનમ્રતા, સદાચાર,

સેવા તથા ભગવાન દ્વારા થતું યોગક્ષેમવહન છે.

ભક્તને જ્ઞાન અને સિદ્ધિઓ સહજ છે, તે શાસ્ત્રો દ્વારા મહામહેનતે મેળવેલ નહિ પણ ભગવાને બક્ષેલ હોય છે.

બ્રહ્મનાં ત્રણ પ્રકારો: ક્ષર-અક્ષર-પરબ્રહ્મ.

ક્ષરબ્રહ્મ-અક્ષરબ્રહ્મ-સમબ્રહ્મ એ અનુક્રમે

તમ-રજ-સત્વપ્રધાન છે.

પરબ્રહ્મ ત્રિગુણાતીત અને ઉત્તરોત્તર વિશાળ છે.

જ્ઞાન એ પ્રકૃતિનો મહિમા વધારવા માટે ભલે સમર્થ હોય,
પરંતુ ભગવાનનો મહિમા વધારવા માટે એ સમર્થ નથી.

<u>ભક્તિ અને સમર્પણ</u>

ભક્તિનું ખરું રહસ્ય સમર્પણમાં તેમ જ
ગુણગ્રહણ અને ગુણીનું અનુકરણ કરવામાં છે.
સમર્પણનું મૂળ કૃતજ્ઞતામાં છે.
પોતાના ઉપર થયેલ ઉપકારનું સ્મરણ આવ્યું તો જ કહેવાય
કે જો પોતે તે પરોપકારગુણનું ગ્રહણ અને અનુકરણ કરે.
વાસ્તવિક ભક્તિ જીવનને પરોપકારપરાયણ બનાવવામાં છે.
સાધકે ચતુર્મુખી સમર્પણ કરવું જોઈએ.
ચતુર્મુખ એટલે અહીં મન, ચિત્ત, અહંકાર અને બુદ્ધિ.
મરણ જાણવું અને ચાખવું – એ બે વસ્તુઓ એક નથી.
પ્રાર્થનાથી પરિસ્થિતિ પલટાય છે?
ના, પ્રાર્થનાથી મનઃસ્થિતિ પલટાય છે અને
પલટાયેલી મનઃસ્થિતિ પોતે જ પરિસ્થિતિને પલટાવે છે.

°

make me feel that I am બ્રહ્મ or
Sachchidananda in essence.
make me attain a feeling of
unbroken oneness.

શ્રી

## ધર્મની ૧૨ સામાન્ય બાબતો

(૧) બંધ અને મોક્ષની માન્યતા. (૨) વિદ્યમાન અવસ્થામાં અસંતોષ. (૩) કર્મ અને પુનર્જન્મની માન્યતા. (૪) પરમોચ્ચ અવસ્થામાં વિશ્વાસ. (૫) એને પ્રાપ્ત કરવા ભક્તિ, ધ્યાન આદિ અનુષ્ઠાનોની મૌલિક એકરૂપતા. (૬) જે વ્યક્તિમાં પરમાત્મરૂપ ભગવાન થયું હોય, તે વ્યક્તિની આરાધના. (૭) જગતનો શિવ સાથેનો સંબંધ બેસાડવો. (૮) શિવનો સામાન્ય અર્થ કલ્યાણ અને વિશિષ્ટ અર્થ કલ્યાણકારી દેવ. (૯) યોગ અને ભક્તિ - બે ધર્મના પ્રવાહો. (૧૦) યોગ એટલે પોતાના આત્મા સાથે જોડાઈ જવાની પ્રક્રિયા કે પરમાત્મા સાથે જોડાઈ જવાની પ્રક્રિયા. (૧૧) પરમાત્મા એ પોતાનો જ વિશુદ્ધ આત્મા. (૧૨) આત્મરૂપ પરમાત્મા કે પોતાથી ભિન્ન પરમાત્માને પામવા માટે આત્મામાંથી રાગ-દ્વેષાદિ ક્લિષ્ટ વૃત્તિઓનો સમૂળગો નાશ કરવાની જરૂરત.

૦ ધર્મગ્રંથના પ્રારંભમાં આસ્તિકો મંગલાચરણ કરે છે.

ભક્તને મન ગુરૂ ઈશ્વરમૂર્તિ - ઈશ્વર ગુરૂમૂર્તિ છે.

સર્વ મંદિરોમાં સર્વોચ્ચ મંદિર હૃદયમંદિર છે.

દેવ દયાનિધિ અને સર્વકામપ્રદ છે.

જગનું અજ્ઞાનદારિદ્ર્ય દૂર કરનાર એટલો દયાળુ બીજો કોણ?

સ્વસ્વરૂપનું ભાન આપનાર એવો જ્ઞાની દાતા કોણ ?

'ભક્તિ' એટલે શ્રેષ્ઠ પ્રેમ, પરમ પ્રેમ, ઉત્કૃષ્ટ અનુરાગ.

ભક્તિ તો મુક્તિથી પણ અધિકી છે.

ભક્તિનો અધિકારી જ્ઞાની - જ્ઞાનનો પાત્ર શુદ્ધચિત્તવાન છે.
જ્ઞાનને બાહુબળની નિરાશા શુદ્ધચિત્તની અપેક્ષા રહે છે.
ભગવાન સર્વ પ્રકારના રૂપ, સર્વ પ્રકારના નામ અને
પોતાના આત્માથી અભિન્ન એવા સ્વાન્તરાત્મા છે.

આત્મા અને પરમાત્માનો સંબંધ પ્રેમરૂપ છે.

સંબંધ સંબંધીથી અભિન્ન છે, તેથી પરમાત્માની જેમ પ્રેમ
પણ સદા અમર જ રહેવાવાળો છે. એથી સ્વરૂપનું સદા
અનુસંધાન એ જ પ્રેમનું રહસ્ય છે. ભક્તના પ્રેમનું લક્ષણ એ
ક્રિયા-ક્રિયા એ ભક્તપણાની નિશાની - સિદ્ધિ એ ક્રિયાની
નિવૃત્તિ. પ્રિયના વિયોગથી શોક - અપ્રિયના સંયોગથી ક્રોધ
આવે. આત્માનો એટલે પોતાનો કોઈ દ્વેષ કરી શકતું નથી.

વિષયરસિકતા એ પ્રેમનું વ્યભિચારીપણું જ છે.

ભક્ત એટલે લેનાર નહિ પણ દેનાર.

ભક્તિ સર્વ સમર્પણ સ્વરૂપ છે.

ભક્તિ એ રાગરૂપ નહિ પણ રાગને ધોનારી છે.
કામના એ આરાધનાની પ્રતિપક્ષ - વિરાધનાસ્વરૂપ છે.

કાંઇપણ માગવું એજ અપરાધનું મૂળ છે.
માંગણ ગૌરવને હણનારી અને લાઘવને લાવનારી છે.

લગ્ન તો દાન છે, તે લેનાર કેવી રીતે બને?

વસ્તુ ઉપરની પોતાની સત્તા ઉઠાવી લઈ બીજાની સત્તા સ્થાપવી તે 'દાન' છે. ભક્તિ ઇચ્છાયુક્ત હોતી જ નથી. વિશ્વંભરના ન્યાયતંત્રમાં પ્રામાણિક શ્રદ્ધા એ ભક્તિનો પ્રાણ છે. ભગવાનથી પોતાની જાતનો ભેદ એ આત્મઘાતી અને પ્રેમનો વેરી છે. આધીનતા મહોરે પારકી બુદ્ધિએ દોરાય છે. કર્મોમાં કર્તૃત્વ અને ભોક્તૃત્વની બુદ્ધિ એ મિથ્યા છે. કર્મ અને તેના ફળમાં પ્રીતિ એ પ્રેમની અશુદ્ધિ છે. કર્મ અને કર્મના ફળની પ્રવૃત્તિઓ સંન્યાસ ન થાય ત્યાં સુધી લગ્ન અશુદ્ધ છે. શુદ્ધિ જ પ્રેમની જનેતા છે.

સ્વના વિસ્મરણમાં અને પ્રેમપાત્રના સ્મરણમાં
પ્રેમની દીપ્તિ વિશુદ્ધિની હદ અનુભવે છે.

કર્મમાં અને કર્મફળના ભાવમાં બળ પૂરનાર ભગવાનનાં નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ છે, તેથી તે બન્ને લગ્નનાં સ્વામિત્વમાં નહિ પણ પ્રભુનાં સ્વામિત્વમાં પરિણમે છે. એ જ સાચી સમજ છે, યથાર્થ જ્ઞાન છે, નિર્મળ બુદ્ધિ છે, નિરાભિમાનતા અને નિરહંકારિતાનું બીજ છે.

શ્રી

## સાચી ભક્તિ એટલે...

અહંકારની અત્યંત શૂન્યતા - ફલેચ્છાનો સર્વથા અભાવ.
અનુભવ જ આત્મનિર્ણાયક છે, કોરી બુદ્ધિની કલ્પના નહિ.
માહાત્મ્ય = મહાત્મભાવ, ઉદારતા, અક્ષુદ્રતા, વિશાળ હૃદયતા.
શ્રદ્ધા એ માતા અને ભક્તિ તેની પુત્રી છે. ભગવાનના
માહાત્મ્યની વિસ્મૃતિ = અશ્રદ્ધા, અવિવેક, મહામૂઢતા.
પ્રભુના સ્થાને પોતાનું સ્થાપન કરવું એ અહંકાર છે.
ભક્તિનો ઉદય આ અહંકારનો નાશક છે.
પ્રેમ પ્રેમ ખાતર હોય છે, કામના ખાતર નહિ.
ભાવપૂર્વકનો પ્રેમ ભાવપૂર્વકનો છે, કામનાપૂર્વકનો નહિ.
પ્રેમમાં પોતાની વિસ્મૃતિ - પ્રેમપાત્રની સ્મૃતિ રહેલી છે.
તેમાં 'મમ'નું નહિ પણ 'તવ'નું ભાન હોય છે.
તેમાં 'કેમ' પણ હોતું નથી.
'કેમ' એ પ્રશ્નાર્થક અવ્યય પ્રેમના દોષને બતાવનારું કલંક છે.
વિશુદ્ધ પ્રેમનું રહસ્ય એટલે પ્રેમપાત્રના સુખે જ સ્વસુખ.
કર્મ, જ્ઞાન કે યોગ - ભક્તિના વિરહમાં ચરિતાર્થ થતાં નથી.
ભક્તિ વિનાનાં તે કર્તૃત્વની આસક્તિવાળાં હોવાથી
બંધનરૂપ બનીને સંસારનું કારણ થાય છે.
અહંકારની એક કણિકા છે, પછી તે કર્મની, જ્ઞાનની કે

શ્રી

યોગની પણ છે, ત્યાં શુદ્ધ વાસ્તવિક ભક્તિનો સદ્ભાવ નથી.
કર્મનું ફળ પરોક્ષજ્ઞાન, જ્ઞાનનું ફળ યોગનિરોધરૂપ
સમાધિ, સમાધિનું ફળ અપરોક્ષજ્ઞાન અને તેનું ફળ
પરમપ્રેમરૂપ ભક્તિ છે, આથી કર્મ વગેરે ભક્તિનાં સહાયક છે.

કર્મ વગેરે કરવા છતાં ભક્તિ ન ઉપજે,
તો ઉપરોક્ત બધાની નિષ્ફળતા સમજવી.

ચિરકાળનો તપ, ઘણું શ્રુત અને ઉત્કૃષ્ટ પણ ચારિત્ર
ભક્તિશૂન્ય હોય તો અનંતદોષક બની અધોગતિ સર્જાવે.
જો કે ભક્તિનો ઉદય થતાં તે બધાં કૃતકૃત્ય બને છે.

નારદ ભક્તિસૂત્ર - ૨૭માં કહ્યું છે કે:

ईश्वरस्यापि अभिमान - द्वेषित्वात् दैन्यप्रियत्वाच्च ।

પ્રભુને અભિમાન સાથે વૈર અને દીનતા સાથે વહાલ છે.

ભગવાન પોતે જ મહાન હોવા છતાં
અભિમાનરહિત અને નમ્રતાની અવધિ છે.

નિરાહારી ભગવાનનો અભિમાન એ આહાર છે.

દીનતા એટલે કૃપણતા નહિ પણ સાત્ત્વિક નમ્રતા.
જ્ઞાનપૂર્વકની આવી નમ્રતા સત્યના સાક્ષાત્કારમાંથી જન્મે.
પ્રભુના માહાત્મ્યના જ્ઞાનમાંથી અને પોતાની અલ્પતાના
અહેસાસમાંથી જન્મનારી દીનતા એ નમ્રતાનું સાચું રૂપ છે.

શ્રી

'પોતાની જાત તણખલા જેવી તુચ્છ અને ભગવાન મેરુ જેવા મહાન છે' એવી સમજણ સાધનપૂર્વકની નમ્રતા છે.

'ભગવાનનું સ્વરૂપ સમુદ્રસમ અને પોતાનું બિન્દુરૂપ પણ નહિ' એવી સમજણ આપણાં જીવનને કૃતકૃત્ય કરે છે.

નમ્રતામાંથી જ ચિત્તની પ્રસન્નતા વિકસતી જીવનરસ ઝરે છે.

આ દીનતા પ્રભુના કૃપાપાત્રને જ મળે છે.

Imp. કર્મ વગેરે અહંકારથી ભરેલાં છે.

V. ભક્ત શબ્દબ્રહ્મમાં નિષ્ણાંત, કર્મમાં કુશળ અને યોગમાં પ્રવીણ હોવા છતાં ભગવાનની કૃપાથી એ બધામાં આત્માભિમાનની મુદ્રા લગાડતો નથી.

'સાચા કર્તા, સાચા જ્ઞાની, સાચા યોગી એક પ્રભુ જ છે. હું તો અલ્પજ્ઞ, અલ્પશક્તિ, સદા ન રહેનારા યોગવાળો અસ્થિર છું. પ્રભુ સર્વશક્તિ, સર્વજ્ઞ, સદાયોગી છે. હું તો તેમનો કૃપાપાત્ર છું, કર્તા અને કારયિતા તે જ છે.

હું સ્વતંત્ર નહિ પણ તેમને પરતંત્ર છું'

આવું સભાન દૈન્ય અને સત્કર્મજીવન છે.

તે શિવત્વનું જીવન એ વાસ્તવિક મરણ છે.

ભક્તિ, અનુભૂતિ અને સ્વરૂપસ્થિતિ પરવિદ્યાથી છે.

તેનું મુખ્ય સાધન સમ્યગ્જ્ઞાન છે.

'જ્ઞાનથી ભક્તિ અને ભક્તિથી જ્ઞાન વધે છે'
એમ પરસ્પર બન્ને હેતુ કે હેતુમદ્‌ભાવ છે.

ભક્તિની ઉત્પત્તિમાં વૈરાગ્ય અને વૈરાગ્યની ઉત્પત્તિમાં રાગીનો સંગત્યાગ મુખ્ય સાધન છે. પરમાત્મા અતીન્દ્રિય છે, તેમનું ભજન-સેવન આજ્ઞાપાલનથી થાય છે. શાસ્ત્ર અને સંત દ્વારા આજ્ઞા જાણી શકાય છે, તેથી સંતોની અને શાસ્ત્રોની સેવા એ જ આજ્ઞાપાલન છે.

રાગીનો સંગત્યાગ ઈશ્વરના અનુગ્રહથી સધાય છે.

પરમપ્રેમની પ્રાપ્તિને ઈચ્છનાર પ્રેમપાત્ર પરમાત્માનું અનુકૂળભાવે આજ્ઞાપાલન દ્વારા સતત સેવન કરે છે.

સત્સંગનું માહાત્મ્ય અદ્‌ભુત છે.

ભગવાનનું એક વિશેષણ સ્તુતિપ્રિય પણ છે.

સંતો સર્વભૂતોના હિતમાં રત રહે છે. અનુગ્રહ સ્વભાવી રહે છે, તેથી સંતોનો સંગ એ સંસારરોગનું ઔષધ છે. ભગવાનનો અનુગ્રહ ભક્તના ભાવની અપેક્ષા રાખે છે. ભગવાન જ્યારે પણ કોઈ ભાવગર્ભ હૃદયને જુએ છે કે તુરત તેના ઉપર અનુગ્રહ કરે છે. સાધુસંગ દુર્લભતમ છે.

મોટાને મોટા જ ઓળખી શકે છે.

સાધુસંગ દુર્લભ-દુર્બોધ હોવા છતાં કદી નિષ્ફળ નથી.

આતર ઘોર અંધકારમાં પણ માર્ગ જ લાગે છે.

સત્સંગને સફળ કરવા માટે દુઃસંગ સર્વદા છોડવો.
સંશય એ જ સંસાર છે. સંશય એ બુદ્ધિનો વિરોધ છે.
બુદ્ધિના આધારે જ આત્માનો ઉદય અને નાશ અસત્ છે.

## યોગક્ષેમવાહક પરમાત્મા

ભક્તિ ત્યાગપ્રધાન છે, ભોગપ્રધાન નહિ.

ભક્તિ શ્રદ્ધા પછી પ્રવૃત્ત થાય, તેથી પોતાના યોગક્ષેમની ચિંતા પોતે ન કરે. ભક્તના સંસારનો વાહક પરમાત્મા છે.

કર્મફળની ઇચ્છા એ ભક્તની ચોરી છે.

ભક્તચોરને ભગવત્પ્રાપ્તિ નથી જ થતી. કર્મપ્રવૃત્તિ ગુણને આધીન છે, તેથી ત્રિગુણને વશ રહેલ જીવને સંપૂર્ણપણે કર્મત્યાગ અશક્ય છે. કર્મત્યાગ પ્રયત્નનો વિષય નથી. પુરુષપ્રયત્ને થાય તેવું કાર્ય તમામ કર્મોને વિધિયુક્ત કરવા અને તે કર્મો તથા તેનાં ફળને પરમાત્મસમર્પિત કરી દેવા. અહંકારની છાપવાળા સર્વ કર્મો જ મમકાર લાવનારા છે. વિદ્યા એ તત્ત્વની પક્ષપાતી નથી, અનુભવરૂપ સંતવાણી છે.

'શાસ્ત્રો કહે છે માટે ધર્મ કે ભગવાન છે' એમ નહિ પણ 'તે જાણે છે, માટે શાસ્ત્ર તેમને વર્ણવે છે' એ ખરું છે.

ગુરુની પદવી ગુણગ્રાહ્ય છે, શબ્દગ્રાહ્ય નહિ.

શ્રી

વસ્તુનું નિર્વચન નીચે પ્રમાણે ૪ પ્રકારે થઈ શકે છે:
જાતિ, ગુણ, ક્રિયા અને સંજ્ઞા.

પ્રેમની અભિધા - લક્ષણા કે વ્યંજના કરવી અશક્ય છે.
યથાર્થ અને પ્રત્યક્ષબોધ અનુભવગોચર છે, શબ્દગોચર નહિ.
ચેષ્ટા તેનું ચિહ્ન છે, લક્ષણ નહિ.

કોઈ વિરલ પુરુષનું વિરક્ત, વિશુદ્ધ, સરળ હૃદય પ્રેમપાત્ર છે.
દરેક ગુણોના જુદાં કાર્યો છે. સત્વનું કાર્ય પ્રકાશ અને સુખ છે. રજનું કાર્ય પ્રવૃત્તિ અને દુઃખ છે. તમનું કાર્ય આવરણ અને મોહ છે. પ્રેમ સુખ-દુઃખ કે મોહસ્વરૂપ નથી. પ્રકાશ, પ્રવૃત્તિ કે આવરણશૂન્ય છે. પ્રેમ પ્રતિક્ષણ વધે છે, કેમકે તે ફળદર્શિ છે. જે વૃદ્ધિગત હોય, તે ફળ છે.
પ્રીતિની સૂક્ષ્મતા બુદ્ધિથી નહિ પણ હૃદયથી અનુભવાય છે.
અનુ = પશ્ચાત્ ભવતિ। પ્રભુપ્રેમને અનુસરે તે અનુભવ.

## ભક્તિ સ્વતઃ પ્રમાણ

શબ્દપ્રમાણમાં શાસ્ત્રકુશળ, અનુમાનમાં ન્યાયવિદ્યાપ્રવીણ અને પ્રત્યક્ષમાં દોષથી અદૃષ્ટ ઇંદ્રિયવાળો પુરુષ અધિકારી છે. ભક્તિમાં તેમ નથી. ભક્તિ હૃદયપ્રધાન છે, બુદ્ધિપ્રધાન નથી અને હૃદય સૌને સરખું છે, તેથી હૃદયમાં સ્ફુરતી ભક્તિ જાતે જ પ્રમાણરૂપ ને અન્ય પ્રમાણોથી નિરપેક્ષ છે.

જેમજેમ ભક્તિ વધે છે, તેમ તેમ દોષનિવૃત્તિ સધાય છે.
એનું જ નામ શાંતિ છે. દોષ જવાથી પરમાનંદ પ્રગટે છે.
શાંતિકારિણી - પરમાનંદદાયિની ભક્તિ સ્વતઃ પ્રમાણરૂપ છે.
ભક્ત આહ્લાદક છે. વ્યથિત ભક્ત અશ્રુપાત કરે
છે અને તે દ્વારા ભગવદ્વિષયક અભાવને સૂચવે છે.
પ્રભુ પ્રત્યેની ભક્તિ સદ્ભાવનાં બંધનમાંથી જ પ્રગટે છે.

ભક્તિના અભાવમાં જ વ્યગ્રતા સ્ફુરે છે.

પોતાનું સર્વભાવે સંપૂર્ણ સમર્પણનું નામ 'ભક્તિ' છે.

સદા ભક્ત હંમેશા નિશ્ચિંત રહે છે.

સફળ સિદ્ધિ ભગવદ્વિષયક ભક્તિના અભ્યાસને આધીન છે.

લોક ભક્તની ઉપર મહાન ઉપકાર કરે છે.

ભક્તને સિદ્ધિ સાધવા માટે પ્રત્યેક પળે સહાયક બને છે.
ભક્તિની સિદ્ધિની પરીક્ષા લોકવ્યવહારથી જ થાય છે.
કામ-ક્રોધ-લોભ અને મોહને જીતવા માટે કામિની, વૈરી,
કંચન અને નાસ્તિકની કથા સર્વદા વર્જ્ય. દૈવત્વની
પ્રાપ્તિ અને આસુરતાની હાનિ માટે ભક્તનો પ્રયત્ન છે.

અહંકાર, દંભ આદિ આસુરી વૃત્તિઓ ત્યાજ્ય છે.

અભિમાન કરવું જ પડે તો ધર્મનું કરવું, દંભ કરવો જ પડે
તો અધર્મનો કરવો, ક્રોધ ક્રોધનો અને લોભ સંતોષનો કરવો.

સેવ્ય, સેવક અને સ્વામીભાવ ઘનિષ્ઠ કરવો. ભાવ ત્રિવિધ છે.
ઉપાસ્ય, ઉપાસક, ઉપાસના, સેવ્ય, સેવક, સેવા, સ્વામી,
ભૃત્ય, આજ્ઞાપાલન, કંઠાવરોધ, રોમાંચ, અશ્રુપાત વગેરે
સાત્ત્વિક ભાવના વિકારોને અનુભવે છે.

ભક્તિના પ્રાદુર્ભાવે કુળ પવિત્ર થાય, ધરતી પુનિત બને.
પૃથ્વી જ્યારે પાપના ભારને સહવા અસમર્થ બને છે,
ત્યારે તેવાઓના જન્મની રાહ જુએ છે.

તીર્થો, શાસ્ત્રો અને સત્કર્મોને ભક્તોથી સાર્થકતા મળે છે.
કૃપણ પિતા પોતાનો ખજાનો સૌની સમક્ષ ઉઘાડતો નથી,
તેમ શાસ્ત્રો પોતાનો મર્મ ભક્તો સમક્ષ જ પ્રગટ કરે છે.

ભક્તિ ભાવનિષ્ઠ છે, ઉપાધિનિષ્ઠ નહિ.
જાતિ વગેરે ઉપાધિ કોટિમાં આવે છે.

પ્રેમની જેમ ભક્તિ પણ એકરસ અને ઉપાધિરહિત છે.
પ્રેમ બધામાં એકરૂપ છે. ભગવાન માત્ર ભાવને પકડે છે;
જાતિ, વિદ્યા, રૂપ, ધન, કુળ કે ક્રિયાના ભેદને નહિ.
ભગવાન ભક્તિને જુએ છે.

ભક્તિથી ખરીદાતા ભગવાન ભક્તના છે, ભાવના નહિ.
પ્રભુને પોતાનાથી ભિન્ન માને છે, તે પ્રભુથી દૂર ફેંકાઈ જાય છે.
વાદ કરવાની ઇચ્છા તત્ત્વને ભગાતો અનિશ્ચય ઉત્પન્ન કરે છે.

જેની વાદતૃષ્ણા જાગે છે, તે તત્ત્વની બાબતમાં નિઃશંક નહિ.
વાદ સંશયમૂલક છે. તે પ્રભુના ગાઢ અપરાધ કરાવનારો છે.
સંશયથી વીંધાયેલાં ચિત્તમાં પ્રેમ અત્યંત જ દુર્લભ છે.
આથી શ્રદ્ધાવાન અને તત્ત્વજિજ્ઞાસુ ભક્તે સ્વપ્ને પણ
સામાને જીતવાની ઇચ્છાથી ક્યારેય પણ વાદ ન કરવો.

V. Imp. વાદનો આશ્રય ન લેવાનાં બે કારણો છે:

(૧) વાદમાં મતવિભિન્નને અવકાશ છે.

(૨) બુદ્ધિ દુષ્ટપ્રસૂતા છે.

મતની વિવિધતા બુદ્ધિનું ભૂષણ છે પણ હૃદયનું દૂષણ છે.
ભક્ત હૃદયપ્રધાન હોય છે. તે બુદ્ધિના ચમત્કારને નહિ પણ
હૃદયના સંતોષને ચાહે છે. વળી બુદ્ધિ દુષ્ટજન્ય હોવાથી
પરમાત્માનો પાર પામવાને માટે સદંતર અસમર્થ છે.
જ્યાં બુદ્ધિ થંભે છે, ત્યાંથી જ હૃદય આગળ ચાલે છે.
પરમાત્મતત્ત્વને માર્ગે બુદ્ધિબંધન બાધરૂપ છે. આ માર્ગે
માત્ર હૃદયમંથન દૃષ્ટિએ જ જોઈ શકાતા ગણાય છે.
ભાવ અને ભક્તિને ઉપકારી એવી બુદ્ધિ જ ગ્રાહ્ય છે,
તે સિવાયની અગ્રાહ્ય છે. વળી બુદ્ધિ તારતમ્યયુક્ત છે.
મતિ એકવિષયક છે, તે કદી સર્વની ન બને.
પરમાત્મનિષ્ઠ મતિ તર્કથી પ્રાપ્ત કરી શકાય એવી નહિ.

મહાનુભાવ સ્વભાવની મતિ શુદ્ધિ જ પ્રાપ્ત કરાવે છે. તે શાસ્ત્રોનો નિરંતર અભ્યાસ કરે, જેથી તે સન્માર્ગે પ્રદીપ્તરૂપે છે. તે સાધક-બાધકગુણપૂર્વકનું તત્ત્વચિંતન-મનન કરે. પ્રભુ કહે છે કે મનનમાં સાધકગુણનો સ્વીકાર અને બાધકગુણનો ત્યાગ આવશ્યક છે. મતિવંત તો ભક્તિને પ્રબોધ કરવામાં કર્મો પહેલ કરે. કર્મોમાં નહિં, પહેલ તેને કરવાની ભાવના અને વિધિમાં અનુકૂળતા છે, તેથી તેને વિધિપૂર્વક સારી પેઠે કરવા.

## કૃતજ્ઞ કેવા હોય?

કૃતજ્ઞ કરેલાને જાણે છે.

કૃતજ્ઞ ગુણ કરનાર પુરુષને, ગુણને, ક્રિયાને, નામને, રૂપને, જાતિને અને ગુણ કરનાર સંબંધીને ગુણ કરનાર તરીકે જાણે તથા દોષ કરનાર સંબંધીને દોષરૂપ જાણે.

V. Imp.

## કૃતજ્ઞતા અને કૃતઘ્નતામાં ભેદ

કરેલા ઉપકાર-અપકાર ઉભયને જાણે તે કૃતજ્ઞ છે. 'ઉપકાર અન્યથી થાય છે તથા અપકાર અન્યને ઉપકાર કરનાર હોવા છતાં ઉપકારી તરીકે ન માનવારૂપ કૃતઘ્નતા દોષથી થાય છે' એમ જે જાણે છે તે કૃતજ્ઞ-ન જાણે તે કૃતઘ્ન છે, તેથી કૃતજ્ઞતા ગુણ છે અને કૃતઘ્નતા દોષ છે.

શ્રીં

નળના માંઢા, માગશર સુદ ૫, ૪૯

જીવની પરતંત્રતાસૂચક બે વાતો મુખ્ય છે:
અહિતનું આકર્ષણ અને હિતમાં વિઘ્નોની પ્રાપ્તિ
તથા અશુભ કર્મના ફળની અનિચ્છાએ પણ અનુભૂતિ.

સમતાઽમૃત - પ્રભાવેન, શુભધ્યાન - નિયોગતઃ ।
સુખં સુખેન પ્રાપ્નોતિ, જીવો મોક્ષં ન સંશયઃ ॥૧॥
(પરિશિષ્ટ-૧૫)

'અમુક મહાત્મા આધ્યાત્મિક છે' એમ જાણવું કઈ રીતે?
જેના સાંનિધ્યથી શાંતિનો અનુભવ થાય તે આધ્યાત્મિક.

શબ્દો અર્થ પછી તે દાસી છે.
દાસી કદી અંતઃપુરમાં જઈ શકે નહિ, રાણી જ જઈ શકે.
આપણી ચેતના રાણી હોઈ તેને ભગવાન સાથે જોડવી.
અહંકાર ઘણી જિદ્દી ચીજ છે. 'મને કશો અહંકાર નથી'
એ પણ સૂક્ષ્મ અહંકાર છે. અહંકારનો ભાર જાય તો
ચેતનાને ઊર્ધ્વગતિ મળે અને તે પ્રભુચરણોમાં પહોંચે.
વિચાર એ બાજુ નડતર છે. મન જ્યારે વિચારોને
ફેંકી દઈને તદ્દન શાંત બને છે, ત્યારે જ તે મન પ્રભુનું
આસન બને છે. પ્રભુ પાસે પહોંચેલી ચેતના પ્રભુને ત્યાંથી
ખેંચી લાવી આપણા નીરવ મનના આસન પર બેસાડે છે.

ભગવાનની પણ કસોટી છે.

જે ભક્ત બનાવે અથવા ભક્તિ આપે તે ભગવાન.

દયા અને પ્રેમની યમુના અને ગંગા

અહિંસા એટલે વૈરત્યાગ.

અહિંસા એટલે સર્વભૂતાત્મ કે ભૂતાત્મદર્શનમાંથી ફલિત થતું આચરણ. પરમાત્મા એટલે યમ-નિયમની સિદ્ધ મૂર્તિ. ઈશ્વરરૂપ થવા માટે અહિંસાદિનું પાલન અનિવાર્ય છે. મનુષ્યની કે જીવમાત્રની ઈશ્વરરૂપતા અનાદિસિદ્ધ છે. જે સિદ્ધ છે, તેને અનુભવના ફલક ઉપર ઉતારવા માટે અહિંસાદિના આચરણ સાધનો છે. શ્રદ્ધાનું બીજું નામ આસ્તિકબુદ્ધિ છે. સ્વાર્થ બે પ્રકારે: અજ્ઞાની અને જ્ઞાની.

જ્ઞાની સ્વાર્થ-પરાર્થમાં સ્વાર્થ જુએ છે.

અજ્ઞાની પરના ભોગે સ્વાર્થને ચાટે છે.

ભાવના ભાવનારૂપે નહિ, નિષ્ઠારૂપ બને, ત્યારે ફળે છે.

આત્મદર્શનને માત્ર ભાવનાત્મક નહિ પણ નિષ્ઠાત્મક બનાવવું હોય તો પોતાની જાત જેટલો જ પ્રેમ સર્વમાં વિસ્તારવો જોઈએ. સર્વભૂત માટે તીવ્રતમ પ્રેમ એ જ સૌને સુખ દેવા માટેની પૂર્વતૈયારી છે.

પ્રેમ એ અહિંસાનું સર્જનાત્મક સક્રિય સ્વરૂપ છે.

# પ્રેમ, દયા અને સક્રિય અહિંસા

પ્રેમની જેમ દયા પણ અહિંસાનું વિધાયક સ્વરૂપ છે.
જગતના દુઃખે દુઃખી થવાની લાગણીનું નામ જ 'દયા' છે.
આત્મીયતામાંથી પ્રગટતી પ્રેમ અને દયાની લાગણીનું જ
નામ રચનાત્મક, સર્જનાત્મક તથા સક્રિય અહિંસા છે.
એ અહિંસાનો પૂર્ણ વિકાસ કરવાનું સાધન આત્મૌપમ્ય
વર્તન છે, જેની માટે આત્મૌપમ્યદર્શન અનિવાર્ય છે.
યથાર્થ આત્મદર્શનમાંથી જ દયા-પ્રેમની ગંગા-યમુના વહે છે.
આત્મૌપમ્ય દર્શન અને વર્તન વિના દુઃખનો અંત અને
સુખની પ્રાપ્તિ ભ્રાંતિમાત્ર છે. યથાર્થ આત્મદર્શનમાં જ
મોહનું મરણ, શોકનો નાશ અને તૃષ્ણાનો ઘાત રહેલો છે.

પ્રેમ અને દયાની આરાધનામાં જ
અનંત સુખનો લાભ રહેલો છે અને
અનંત દુઃખનો અંત પણ અહીં જ રહેલો છે.

અમર્યાદિત આત્માભિમાનમાં અનંત સુખ છે.
વિશ્વરૂપતાની વિસ્મૃતિમાં અનંત દુઃખ છે.

0 તપિ આલોચને।
અહીં તપ ધાતુ આલોચના અર્થમાં છે.
વિચારપૂર્વકનું વર્તન એ તપ છે.

જગમાં દેહ છે, ત્યાં સુધી દુઃખના દર્શને દુઃખ થવાનું જ.
આખું જગત કુદરતી રીતે જ દુઃખથી ભરેલું છે,
તો મારા દુઃખે તેને વળી વધારે દુઃખી શાને કરું?
જ્ઞાન જ્યારે જ્ઞાતારૂપે પરિણમે, ત્યારે જ તે જ્ઞાન છે
અને જ્ઞેયરૂપે પરિણમે ત્યારે તે ભ્રાંતિ છે, અજ્ઞાન છે.
રાગ-દ્વેષરહિત અવસ્થામાં જ્ઞાન જ્ઞાતારૂપે પરિણમતું હોય છે,
સરાગ અવસ્થામાં તે જ્ઞેયરૂપ પરિણમે છે.
સામાન્ય મનુષ્યો જ્ઞેયનું જ્ઞાન કરે છે,
જ્યારે યોગીપુરુષો જ્ઞાનનું જ્ઞાન કરે છે.
જ્ઞાનનું જ્ઞાન તે જ્ઞાતારૂપ છે,
કારણકે જ્ઞાન સ્વયં જ્ઞાતારૂપ છે.
જ્ઞેયનું જ્ઞાન ઇંદ્રિયો કે મન દ્વારા થાય છે,
તેમાં ઘણે ભાગે રાગ-દ્વેષ ભળતા હોય છે,
જ્યારે જ્ઞાનના જ્ઞાનમાં રાગ-દ્વેષ ભળતા નથી,
તેથી તે જ્ઞાન આત્મસ્વરૂપ છે.
આ જ સાચો જ્ઞાનયોગ છે, સતત મધ્યસ્થની દશા છે.
મયિ તદ્રૂપમ્ તસ્મિન્ મદ્રૂપમ્ સ એવ અહમ્ અસ્મિ:
મારામાં તે રૂપ છે, તેમાં મારું રૂપ છે, તે જ હું છું.
'તત્સ્થ તદંજનત્વં'માં મયિ તદ્રૂપમ્ અને સ એવાહં એવા

સમરસાપત્તિ લેવામાં આવે છે. નહિ તદ્રૂપં એ અર્થ તત્સ્થતાથી શા રીતે નીકળે? તત્સ્થનો અર્થ તો 'તે રૂપમાં હું છું' એવો થાય. 'ત્વત્ પ્રસાદાત્ ત્વયિસ્થિતમ્ |' તત્સ્થતારૂપ સમાપત્તિ અને કો જિનઃ સોઽહમેવ ચ માં તદંજનતારૂપ સમાપત્તિ સ્પષ્ટ છે. તત્ત્વદૃષ્ટિએ વિચારતા 'નહિ તદ્રૂપમ્' કહો કે 'તસ્મિન્ મદ્રૂપમ્' કહો, જેમાં કશો જ ભેદ નથી, બંને એક જ છે. તત્ પદ અને અહં પદ શબ્દથી ભિન્ન, અર્થથી એક જ છે એટલે 'નહિ તદ્રૂપમ્'માં રહેલ સપ્તમી પછી અર્થમાં સમજવી. 'નહિ તદ્રૂપમ્' એ રીતે સમજવામાં આવે તો તત્સ્થતા જણાઈ રહે છે

પછી 'તત્' અને 'અહં' બેને

સમાનાર્થક માનવાની આવશ્યકતા રહેતી નથી.

'આત્મા સામાઈએ' એ વાક્ય 'જાતિનું અનુમાન' કરવા સૂચવે છે. પર્યાયાર્થિક નય ગુણનું અનુમાન કરવા કહે છે.

દ્રવ્યાર્થિકનય જાતિનું અનુમાન કરવા કહે છે.

## કોપર - નારીયળના મર્મ

ગમે તેટલો વાદવિવાદ થાય, ભિન્ન ભિન્ન મતવાળા ગમે તેટલા ધમપછાડા કરે, પરન્તુ મૂળ તત્ત્વ છે, તે તો ટંકશાળી સોનું તેમ જ રહેવાનું, તેમાં કશો જ ફરક પડતો નથી.

એક જ્ઞાનમાંથી બીજું કેવી રીતે નિષ્પન્ન થાય?
અથવા એકમાંથી બે કેમ કરીને થાય? તેમ...
અવિનાશી વસ્તુમાંથી નાશવંત વસ્તુ કેવી રીતે નીકળે?
'ક્ષીર નીરોપમા મૈત્રી' અને 'તુલારોપણાધિકરણ'. ક્ષીર અને નીર એકત્ર થયા પછી ઉભયનો અભાવ થઈ જાય છે અને એક નવો ત્રીજો ભાવ ઉત્પન્ન થાય છે. સૂંઠ અને ગોળનું ય મિશ્રણ થતાં એક નવો પદાર્થ ઉત્પન્ન થાય છે, જેના ગુણ-દોષ પૂર્વના બે પદાર્થો કરતાં સાવ જુદા છે. ક્ષીર તે નિશ્ચય અને નીર તે વ્યવહાર એમ પણ ઘટના થઈ શકે અથવા ક્ષીર એ સ્વ-પર અને નીર તે પર-સ્વ.

એ બંનેનું મિશ્રણ થતાં
ચંદન ગંધ સ્થાનીય અટલ માધ્યસ્થ્ય પરિણતિ પ્રગટે છે
(તુલારોપણ ક્રિયામાં પણ આમ જ સમજવું).

ક્ષીર એટલે સ્વપ્રવર્તન કે પરપ્રવર્તન અને નીર એટલે પરપ્રવર્તન કે સ્વપ્રવર્તન. એ બંનેના એકીકરણમાંથી સર્વ પ્રવર્તન નિષ્પન્ન થાય છે, જે સ્વ કે પરપ્રવર્તનના સ્વભાવને ત્યાગે છે. અહીં સ્વપર ભેદ નાશ પામે અને એક અખંડ અદ્વૈત વિલસે છે. આવા ક્ષીર-નીરોપમા મૈત્રી અને તુલારોપણ ક્રિયાને ઘણા

કરુણાના મહાત્માઓને વિષે મુદિતાને ધારણ કરવી એ
જીવનનો સર્વશ્રેષ્ઠ લ્હાવો છે.

આવી મુદિતાનું ફળ સર્વહિતાવહ કરુણા છે.

માધ્યસ્થ્ય એટલે પૂર્વની ત્રણ ભાવનાઓના મિશ્રણમાંથી
ઉત્પન્ન થયેલ એક નવા સર્જન પરિણતિ.

હેતુશુદ્ધ વ્યવહાર = મૈત્ર્યાદિ ચતુષ્ટય (વ્યવહારના હેતુ).
સ્વરૂપશુદ્ધ વ્યવહાર = બાહ્યાનુષ્ઠાન (જિનોક્ત). અનુબંધ
શુદ્ધ વ્યવહાર = જેનું ઉપર્યુક્ત લક્ષ્ય પ્રતિપૂર્ણ નિશ્ચય છે.

આત્મશુદ્ધિનો ઉપાય - તપ

20.96% ઓક્સીજન હવામાં છે.
20% માંથી 16% ઓક્સીજન ફેફસાં ચૂસે તો પાચન થાય.
ઓક્સીજન ક્યારે ચૂસાય?
જ્યારે ફેફસાં પુરેપુરાં ફુલે અને હવા પુરેપુરી ભરાય.
ફેફસાં પુરેપુરાં ક્યારે ફુલે?
જ્યારે ડાયાફ્રામ અથવા તો ઉદરપટલ પુરેપુરો હેઠે ઉતરે.
ઉદરપટલ પુરેપુરો ક્યારે હેઠો ઉતરે?
જ્યારે આંતરડામાં મળ કે પવન ન હોય.
આંતરડામાં મળ કે પવનનો ભરાવો ન થાય તે ખાતર જ
ઉપવાસ, ઉણોદરી, રસત્યાગ વગેરેની જરૂર છે.

એ યાદ રાખજો કે દૃઢ મનની ઇચ્છા તો ભલભલા મોટા અને મજબૂત લોખંડના કિલ્લાના પણ ચૂરેચૂરા કરી નાંખે છે. જ્ઞાનતંતુઓના દોરડામાં પ્રભુનો સંચાર કરવો હોય તો બ્રહ્મચર્ય, પ્રભુનામ, દાન, ઈશ્વરભક્તિ, સેવા વગેરે મનને પ્રસન્ન કરનારા કાર્યો કરો. એ બધાં તમારી પ્રભુ વધારશે.

## સ્વાર્થપણું-પરાર્થપણું સમજાવનાર ગુરુ

આત્માના જ્ઞાન વગર બધા ફેલવો નકામાં છે.

પૈસો એ ફક્ત સાધન છે, સાધ્ય નહિ.

માણસે સુખી થવા માટે અંતર્મુખ થવાની જરૂર છે.

મોહનું મૂળ અજ્ઞાન છે અને દ્વેષનું મૂળ અનાત્મભાવ છે.

જે લે તે ગુરુ નહિ, આપે તે ગુરુ.

સાચો ગુરુ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું કાર્ય કરે છે.

ગુરુ આગળ નમ્રતા રાખો. તમારું વ્યક્તિત્વ નવું બનાવો.

સહન જ જીવનની ઉન્નતિ છે, આપઘાત એ ઉન્નતિ નથી.

જેમ એક દીવાને અડકવાથી બીજા દીવાઓ સળગે છે, તેમ એક પૂર્ણ મહાપુરુષના સંપર્કમાં આવ્યે પૂર્ણ બનાય છે.

ગુરુની ગેરહાજરીમાં પુસ્તક એ પ્રાણ છે.

રોજ બે કલાક સદ્વાંચન કરવું જ જોઈએ.

આરોગ્યનાં 3 મહાશબ્દો - આનંદ, અક્રોધ અને આમોદ.

श्री

आप्तोपसेवी भवति अरोगः । સૂક્તિ: ઉપકારીઓની
સેવા કરનારો નિરોગી થાય છે. જેનાથી તમે ઉપકાર લીધો,
તેને તમારા મરણના છેલ્લા શ્વાસ સુધી ભૂલશો નહિ.
શરીરની પ્રકૃતિ એ મરણ છે અને જીવવું એ વિકૃતિ છે.
તમે જાણો કે હું એટલો મોટો બની જાઉં, તો તે અશક્ય છે,
તેથી એકએક શ્વાસ લ્યો, તે બીજાના ભલા માટે જ લેજો.
સંસાર એ દરિયો છે અને જીવન એ હોડી છે. હોડીને
સુખરૂપ પાર ઉતારવી હોય તો હોડીમાં પાણી ન ભરો.
પાણીને દરિયે જ રહેવા દો. જેટલા એષણા - તેટલા વાંધા,
માટે સ્વાર્થૈષણા છોડો અને એક માત્ર પરાર્થૈષણા જ રાખો.
બીજાનું ભલું કરવામાં તમારું ભલું થવાનું જ છે.
स्वार्थबुद्धिः परार्थेषु पर्याप्तं इति सद्वृत्तम् । સૂક્તિ:
પરોપકારમાં સ્વાર્થબુદ્ધિ વ્યાપેલી હોય તે સદાચરણ છે.

## શરીર અને મનનાં દોષો

શરીરના દોષો વાયુ-પિત્ત-કફ છે.
મનના દોષો રાગ-દ્વેષ-મોહ-સત્ત્વ-રજસ્ અને તમસ્ છે.
શરીરની અને પ્રાણની રક્ષા માટે વિશ્રાંતિ અને વ્યાયામ
ઉભયની એકસરખી જરૂરીયાત છે. ખાધા પછી બાદશાહની
જેમ વિશ્રાંતિ લ્યો અને તે પછી શક્તિ મુજબ શ્રમ કરો.

ઈશ્વરભક્તિ અને પ્રસન્નતા માટે મંત્રજાપ રોજ કરો.

ભક્તિ અમૃત વરસાવનારી છે.

સૌનાં ચિત્તની સાત્ત્વિક પ્રસન્નતાને ભક્તિ પેદા કરે છે.

જો દીર્ઘ જીવવું હોય તો

મૃત્યુ ઉપર જીત મેળવવી હોય, તો અખંડ બ્રહ્મચર્ય પાળો.
ઉંદર છ માસમાં મરે છે, કેમકે બ્રહ્મચર્ય વહેલું તોડે છે.
હાથી 30 વર્ષ બાદ બ્રહ્મચર્ય તોડે છે, તો 200 વર્ષ જીવે છે.
નેપોલિયન કહે છે કે જે રાત્રીએ મેં બ્રહ્મચર્ય તોડ્યું છે,
તેના બીજા દિવસની લડાઈઓમાં હું જરૂર હારી ગયો છું.

ઇષ્ટદેવના મંત્રને રોજ યાદ કરો.

જો મનમાં શાસ્ત્ર અને મંત્રનો સ્વાધ્યાય આવ્યો, તો
કોઈની મગદૂર નથી કે તમને પોતાના ગુલામ બનાવી શકે!

શાસ્ત્ર ભગવાન બનાવવાની વાત કરે છે,
તે દુનિયામાં જેટલી સારી અને કલ્યાણકારી વસ્તુઓ છે,
તેને આપવા માંગે છે, તે સૌને અમર બનાવવા માંગે છે,
બુદ્ધિતત્ત્વ પેદા કરવા માંગે છે, સ્વાધીન બનાવવા માંગે છે.
શાસ્ત્ર એ તો સાક્ષાત્ ભગવાનના મુખની જ વાણી છે.
એક વખત તેનો આસ્વાદ આવશે એટલે તેના સિવાય
દુનિયાની તમામ વસ્તુઓ એકદમ તુચ્છ જ લાગશે.

નમસ્કાર છે, ત્યાં દોષ છે પણ જ્યાં દેવ છે, ત્યાં દોષ નથી.
શરણની વાતો નમસ્કારમાંથી દેવ બનાવવાની છે.
શરણ તો અમૃતોમાંનું પણ અમૃત છે. ઉપદેશક એવા
કેટલાયે શાસ્ત્રોનું પ્રમાણ તો ૧૨૦૦૦થી ય વધુ શ્લોકનું છે.

જ્ઞાનનો રોગ

પોતાના અજ્ઞાનને જાણવું એ જ્ઞાનનું આરોગ્ય છે અને ન જાણવું એ જ્ઞાનનો રોગ છે. જો મનુષ્ય આ રોગને ઓળખી લે, તો તત્કાળ તેનાથી મુક્ત થઈ જાય છે. જ્ઞાની પુરુષને આ રોગ હોતો નથી કારણકે આ રોગ કેમ થાય છે, તેને તેઓ જાણે છે એટલે તેનાથી મુક્ત રહે છે.

o

In democracy,
means and aims are important.
In communism,
only aims are important.

o man is either wasting or killing the time. He must live the time.

Present moment is the
most important moment.
understand what is silence.

श्री

તત્ત્વાર્થ ભાષ્યમાં ઉપશમ-પ્રશમ-મૈત્રી વિષે કહ્યું છે કે:

ભાવયેત્ યથાસંખ્યમ્ મૈત્રીં સર્વસત્ત્વેષુ, ક્ષમેઽહં
સર્વસત્ત્વાનાં। મૈત્રી મે સર્વસત્ત્વેષુ, વૈરં મમ ન केनचित् इति।

આ રીતે મૈત્રીને ભાવે તો... (परिशिष्ट-१६)

સિદ્ધસેની ટીકા-एवं हि भिन्नता यथार्थत्वमासादयति।
અર્થાત્: ક્ષમા ભાવનાથી જ ભિન્નતા યથાર્થપણું પામે છે.
ક્ષમા/ક્ષમાપના વિના સમ્યક્ત્વ ટકે જ નહિ. અંદર રહેલ
ક્ષમા/ક્ષમાપનાનું લિંગ તે પ્રશમ- એ જ પ્રધાન સમ્યક્ત્વ છે.

પ્રશમ અને ક્ષમા/ક્ષમાપના એક જ છે.

સમ્યક્ત્વના પરિણામ ક્ષમા/ક્ષમાપનારૂપ છે.

ક્ષમા કરે નહિ તો સમ્યક્ત્વ ટકે નહિ.

ક્ષમાપનારૂપ મૈત્રીનો સમ્યક્ત્વ સાથે અવિનાભાવ છે.
ઉપશમ-ક્ષમાપના-મૈત્રીને જૈનશાસનનો સાર કહ્યો છે.

ઉપશમ મૈત્રીનો પર્યાય શબ્દ છે.

પ્રશમ અને ઉપશમ પણ અભિન્ન છે.

એ રીતે બાહ્યમૈત્રી તે સમ્યગ્દર્શનનું લિંગ અને
અભ્યંતર મૈત્રી તે સમ્યગ્દર્શનના પરિણામ છે.

जेणमेत्तीं पभावेज्ज, तं णाणं जिणसासणे। અર્થાત્:
જેના વડે મૈત્રી ભાવી શકે, તે જ્ઞાન જિનશાસનમાં છે.

અહીં સાધનનું ફળ મોક્ષની પ્રભાવના કહ્યું છે. જ્યાં શુદ્ધિ જાણે-જણાવે નહિ, ત્યાં શુદ્ધ પ્રાયશ્ચિત્ત વધતું જાય છે. સર્વ જીવોના મોક્ષની રુચિ એ ભવ્યનો સ્વભાવ જ છે, તો ભવ્યમાં તે પ્રગટ ન થાય એમ કેમ બને?

પ્રબોધ ચિંતામણિમાં કહ્યું છે કે:

જ્યારે મનનો નાશ થાય છે, ત્યારે અત્યંત શુદ્ધમાં આવૃત એવા વિશ્વોદ્ધારની અચિંત્ય શક્તિ પ્રગટ થાય છે. વળી પરાર્થસ્પૃહા એ ગુણ હોવાથી તે આત્મસ્વભાવ છે. સિદ્ધમાં તેનો પૂર્ણ આવિર્ભાવ માનવો જોઈએ.

સૂત્રાગમ - અર્થાગમ

આયા સામાઈએ = આત્મા જ મોક્ષ અથવા સામાયિક છે.
આયા સામાઈયસ્સ અટ્ઠે = આત્મા જ મોક્ષ-સામાયિકનું સાધન.
સર્વ સૂત્રાગમમાંથી અર્હંરૂપ અર્થાગમ શોધવો જોઈએ, કારણકે તે તેમાં વ્યાપ્ત છે. તે શોધવાથી શ્રુતનું કાર્ય સમાપ્ત થાય છે. અર્હંરૂપ અર્થાગમ જ્ઞાનરૂપ છે, જ્ઞાનરૂપ હોઈ આત્મરૂપ છે. આપણે નમો અરિહંતાણં ઈત્યાદિ સૂત્રાગમ વાંચતા હોઈએ ત્યારે અર્થાગમરૂપ અર્હં આત્મા તેમાંથી મળવો જોઈએ. એવી રીતે વિચારીએ તો તે મળતો જ રહેલ છે, કારણકે એ વખતે આપણે ધ્યાન કરતા હોઈએ છીએ.

શ્રી

જ્ઞાન તે જ આત્મા છે.

તાત્પર્ય કે સર્વ શ્રુતાધ્યયનમાં આત્મા તો ધ્યેય જ છે,
ફક્ત ઉપયોગ દ્વારા તેને પ્રાપ્ત કરવાની જરૂર છે.
અંતિમ તાત્પર્યાર્થ તરીકે જ્ઞાનને ધ્યેય સાથે ન ભેળવતા
જ્ઞાતા સાથે ભેળવતા રહેવું જોઈએ.
ધ્યેયમાં પણ જ્ઞાનાંશરૂપ જ્ઞાતાને જ જોવો જોઈએ.
સર્વ આગમો, સર્વ શાસ્ત્રો, સર્વ વાણીઓ, સર્વ વિચારો
સમગ્ર જગતમાં જે કાંઈ જ્ઞાન કરાવવાના સાધનો છે,
તે સૌ એક જ વસ્તુને, એક જ આત્માને જણાવવા માંગે છે,
જે આ દેહમંદિરમાં જિનરૂપે સદા વિદ્યમાન છે.
દ્રવ્યાર્થિકનયને સંમત એવું પરમવિશુદ્ધરૂપ સદા વિદ્યમાન છે.
તે જ મોક્ષનું પરમ સાધન છે, ખરી રીતે તે જ મોક્ષ છે.
ત્યાં બંધ-મોક્ષની કલ્પનાઓ પણ નૈશ્ચયિક અજ્ઞાનમાંથી
ઉઠે છે. અજ્ઞાન દૂર થતાં 'જે છે તે છે જ, અહીં કરવા
જેવું શું છે?' તે સંગ્રહનયનું ત્રિકાળાબાધિત પરમસત્ય છે.
પરમર્ષિઓ પ્રત્યે બહુમાન તે આત્મગુણ-આત્મસ્વભાવ છે.
મૈત્ર્યાદિ વિષે પણ તે જ હકીકત લાગુ પડે છે.

મદ એટલે power. Power corrupts.
Absolute power corrupts absolutely.

શ્રીં

V. Imp.

## કેટલા ક્રોડ જાપથી શું મળે?

એક ક્રોડ જાપથી તન, બે કરોડથી ધન, ત્રણ કરોડથી યશ, ચાર કરોડથી સુખ, પાંચ કરોડથી રાજ્ય, છ કરોડથી આંતર-શત્રુઓનો નાશ, સાત ક્રોડ જાપથી સૌભાગ્ય, આઠ ક્રોડથી આપત્તિ ટળે છે, નવ ક્રોડથી અપરોક્ષાનુભૂતિ, ૧૦-૧૧-૧૨ ક્રોડથી સંચિત, પ્રારબ્ધ તથા ક્રિયમાણ કર્મોનો નાશ થાય છે અને ૧૩ કરોડ જાપથી ભગવાનના સાક્ષાત દર્શન થાય છે.

## ક્રોડપતિ યોજના - જાપની રોજ નોંધ રાખવી.

શિવમસ્તુની ભાવનાપૂર્વક નમો અરિહંતાણં પદનો પ્રતિદિન 1000 વખત જાપ કરવાથી 30 વર્ષમાં ક્રોડપતિ બનાય.

o ઇત્યેવં વિમલઃ સ્તુત્વા, જિનં યાવન્મહાશયઃ ।
પંચાંગ-પ્રણતિ-ચક્રે, બ્રહ્માદ્વૈતાનુભૂતિભાગ્ ॥૧॥
- વૈરાગ્ય કલ્પલતા સ્તબક ૬, શ્લોક ૨૭૪

આમ શ્રી તીર્થંકરભગવંતની સ્તુતિ કરીને વિમલ આવા મહાન ઉદાર આશયવાળો થયો, કેમકે પ્રભુપૂજાનું અનંતર ફળ ચિત્તપ્રસન્નતા છે. આશયની ઉદારતા અને ચિત્તની પ્રસન્નતા બે વસ્તુ એક જ છે, તે પછી પંચાંગપ્રણિપાત કરીને ભાવસ્તવ કરે, જેને પરિણામે સચરાચર બ્રહ્મતત્ત્વ સાથે તે અદ્વૈત - અભેદનો અનુભવ કરનાર થાય છે.

એ ન્યાય જિનાજ્ઞામાં જ ચરિતાર્થ થાય છે, એવો બોધ એ
એ યુક્ત છે. દ્રવ્યસ્તવની પૂર્ણાહુતિ થતાં સ્વશરીરાદિ જે
પ્રાકૃતિક ધર્મો છે, તેની પ્રવૃત્તિમાં લય કરીને, ત્યાગ કરીને
જે આત્મા છે, તે હવે સર્વ જીવ સાથે મૈત્ર્યાનુસંધાન-
આત્મૌપમ્ય સેવે છે, એવો અર્થ બહુ ઘટી શકે છે.

चतस्त्रो भावना धन्याः पुराणपुरुषाश्रिताः ।
मैत्र्यादयश्चिरं चित्ते ध्येया धर्मस्य सिद्धये ॥

- જ્ઞાનાર્ણવ પ્ર-૨૭ શ્લોક ૨૪

ધર્મની સિદ્ધિ - પ્રાપ્તિ માટે મૈત્ર્યાદિ ભાવો આવશ્યક છે.

વૈરાગ્ય કલ્પલતા સ્તબક-૫, શ્લોક ૧૩૫૩માં
સમ્યગ્દર્શન મહત્ત્વનું કાર્ય જણાવતા કહ્યું છે કે:

शम-संवेग-निर्वेद-कृपाऽऽस्तिक्यैर्युतं जनम् ।
मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थ्यैश्च करोत्ययम् ॥१॥

(પરિશિષ્ટ-૧૭)

વૈરાગ્ય કલ્પલતા સ્તબક-૬, શ્લોક ૨૭૪માં
રોહિણ્યાદિ વિદ્યાદેવીઓ રત્નચૂડ ચક્રવર્તીને કહે છે કે:

सर्वाः पञ्च-नमस्कारमन्त्र-माहात्म्यमन्त्रिताः ।
प्रवेशं ते करिष्यामः शरीरे पुण्यपावने ॥१॥

(પરિશિષ્ટ-૧૮)

જે સર્વભૂતોને પોતાના આત્મામાં જુએ છે અને પોતાના આત્માને સર્વભૂતોમાં જુએ, તે કોઈની ઘૃણા કરતો નથી.

સર્વભૂતો આત્મામાં છે એ 'સંશ્લેષણ' છે અને
સર્વભૂતોમાં આત્મા છે એ 'વિશ્લેષણ' છે.

<u>ઉપાસનામાં બે વસ્તુ છે: આહ્વાન અને વિસર્જન.</u>

આત્મામાં ભૂતોને માનવા એ સ્વાર્થ અને ભૂતોમાં આત્માને માનવો એ પરમાર્થ. બધા જ ભૂતોને આત્મામાં જોવા એ જ્ઞાન છે અને સર્વભૂતોમાં આત્મા જોવો એ ભક્તિ છે.

<u>જ્ઞાન-દયા-ભક્તિ-પરોપકાર</u>

તત્ત્વજ્ઞાનની 'अहं ब्रह्मास्मि ।'ની ગર્જના છે.
ભક્તિની ગર્જના દયા અને પરોપકારની ભાવના છે.

તત્ત્વજ્ઞાન તો કહે છે કે:

આ જગતમાં દયા કે પરોપકારને પાત્ર કોઈ છે જ નહિ. કોઈને દીન કરાવીને દયા કે મદદ કરવી એ દયા જ નથી. માર્ક્સવાદ પણ કહે છે કે જગતમાં કોઈ દયાપાત્ર રહેવું જોઈએ નહિ. આ એકાંતવાદ છે. અનેકાન્તવાદ જ્ઞાન અને ભક્તિ બંનેને સ્થાન આપે છે. આર્થિક સમાનતા કદી થવાની જ નથી. ભારતીય શાસ્ત્રો કહે છે કે વિષમતામાં રહીને પણ આત્મીયતાથી સમાનતામાં રહી શકાય છે. આત્મીયતા સિદ્ધ

કરવા એ જ ભરોસાની સમસ્યા છે. એ માટે શાસ્ત્રની જરૂર છે.
Reverance for Self and Soulની જરૂર છે.
પોતાના આત્માને આદર અને જીવમાત્રને આદર,
આ એક મહાન દૃષ્ટિકોણ છે.

ભૂતદયા અને પરોપકાર એ પ્રભુના દરબારમાં જવાની
એક પગથિયું છે પણ એ પગથિયું એ જ દરબાર નથી,
તે વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

આખી દુનિયાને ભૂલી જવા માટે ભક્તિ અને મંત્ર છે, પછી
એને પણ ભૂલી જવાય objectless pleasure.
જાગૃત અવસ્થામાં objectless રહી શકાતું નથી.
એ ફક્ત Sound sleepમાં જ બને છે.
object જવાથી subject પણ રહેતો નથી.
Sound sleepમાં વિષયરહિત આનંદ છે.
વિષયરહિત આનંદમાં રાગ, મદ, મત્સર, ઈર્ષા, અસૂયા કાંઈ નથી.
જાગૃત અવસ્થામાં પણ આવો વિષયરહિત આનંદ લેવા
ભાગ્યશાળી વિરલ તેઓ જ ચૈતન્યશક્તિના માહાત્મ્યને
યથાર્થપણે જાણી શકે છે, પરન્તુ આ વાત ઘણી કઠિન છે.
મનને અનુકૂળ થયેલા અનેકાનેક વસ્તુઓને ફેંકી દેવા
એ કોઈ રીતે પણ કાંઈ સરળ વાત નથી.

વિષય, બુદ્ધિ કે મનસ્પર્શી વેદના કે અનુકંપા કેળવી શકાય પણ આત્મસ્પર્શી વેદના કેળવી હોય તો અત્યંત કઠિન છે.
આ મહાન તત્ત્વ બધાના અંતરમાં અને બધાને બહાર છે.
જેમ તત્ત્વજ્ઞાને જ્ઞાનનું માનુષીકરણ કર્યું, તેમ મનુષ્યનું જ્ઞાનીકરણ પણ કર્યું. 'તત્ત્વમસિ।' એમ ઉપનિષદ કહે છે તથા ગીતા કહે છે કે 'સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટો।'
અર્થાત્ઃ હું બધાના હૃદયમાં ગુપ્ત રીતે રહેલો છું.
ધર્મશાસ્ત્ર કહે છે કે ચંદ્ર-સૂર્યને નચાવનારું તત્ત્વ તારામાં છે.
આ અતીન્દ્રિય શક્તિ માનવશરીરમાં શા માટે રહી હશે?
માનવમાં એવું શું છે કે પ્રભુને માનવમાં રહેવાનું મન થયું?
માનવમાં સિંહનું પરાક્રમ નહિ, ચંદ્રની સૌમ્યતા નહિ, ગરુડની દૃષ્ટિ નહિ, લતાનું માર્દવ નહિ, પર્વતનું સ્થૈર્ય કે સાગરનું ગાંભીર્ય નહિ, છતાં બધાને ન રહેતાં પ્રભુ માનવશરીરમાં જ કેમ બેઠા? એનું એક જ કારણ છે કે કર્તૃત્વશક્તિ-કર્તવ્યપરાયણતા માનવ સિવાય બીજે ક્યાંય પણ નહિ.
'મારામાં પ્રભુ વસે છે' એ ભાવના આવે આત્મગૌરવ આવે.
આ ભાવના જાગૃત થાય તો ભિખારી પણ દુઃખી ન રહે.

o

You can't make a man happy.
You must learn how to be happy.

શ્રી

## જ્ઞાન કરતાં ધ્યાન વધે.

જ્ઞાનાત્ ધ્યાનં વિશિષ્યતે । જ્ઞાનનું સ્થાન મગજ છે. ખોપરીએ સૌ સૌની મેળ જ ન બેસે તેથી જુદી જુદી છે. હૃદય બધાનું સરખું હોવાથી ત્યાં વૈષમ્યને સ્થાન જ નથી. જ્ઞાનથી જીવાત્મા-જીવાત્માની જ એકતા દુઃસાધ્ય છે, તો પરમાત્મા તો અસાધ્ય જ રહે એ સમજાય તેવી વાત છે.

## જ્ઞાનજગત કરતાં ભાવનાજગત ઊંચું છે.

## જ્ઞાનબળ કરતાં ભાવનાબળ જોરદાર છે.

જ્ઞાનમાં લૌકિકતા છે, ભાવનામાં અલૌકિકતા છે. ભક્તિ એટલી બધી બળવાન છે કે સાધકોને પણ પરમધામ પ્રાપ્ત કરાવી દે છે, જ્યારે ભક્તિની સરખામણીમાં જ્ઞાન તો એટલું બધું નબળું અને પ્રભાવહીન છે કે સાધકો અને આશ્રિતો ઉપર કંઈ અસર જ કરી શકતું નથી. એને અધિકારી-પાત્ર-પવિત્ર-શિક્ષિત વગેરે જ જોઈએ. માટે બધી રીતે જોતા એક માત્ર ભક્તિ જ બળવાન છે.

નાયમાત્મા બલહીનેન લભ્યતે ।

અહીં બળનો અર્થ ભક્તિબળ છે. એને માટે જ્ઞાની થવાની જરૂર નથી પણ સ્થિતપ્રજ્ઞ-સ્થિતધી થવાની જરૂર છે.

એ સ્થિતપ્રજ્ઞતા ભક્તિ જ આપે છે.

શ્રી

ભક્તની બુદ્ધિ સ્થિર થાય છે, જ્ઞાનીની ચંચળ રહે છે.
ભક્તિથી ચિત્ત નિર્મળ સરળ ને વૃત્તિહીન બને છે.

જ્ઞાન એ બળ નહિ પણ આગ છે.

આ આગ જો નિયન્ત્રિત ન રહે તો ભક્તિરસને જ બાળી
નાખે અને પરલોકનું સુધારવાનું સાધન જ છેડફાઈ જાય.
શુભવાસનાવાન કે વાસનારહિત થવું એ હૃદય દ્વારા બને છે.
વાસના ઉપર જ પરલોકનો આધાર છે.
મગજ અથવા બુદ્ધિની સત્તા આ લોક ઉપર જ છે.
જ્ઞાન માંગે છે મારણુ - નહિ તો રસાયણની જેમ ફૂટી નીકળે.
ભક્તિ અને પ્રેમ એ જ જ્ઞાનનું મારણુ છે.
ભક્તિ વડે જ બધા સર્જનોમાં સરખાપણું જણાય છે અને
તેમ થતાં જ પરબ્રહ્મને પામી શકાય છે.

જ્ઞાની જ્યારે જ્ઞાની મટી ભક્ત થાય ત્યારે જ શ્રેષ્ઠ થાય.

જ્યાં સુધી લેશમાત્ર પણ ભાવની ન્યૂનતા રહે, ત્યાં સુધી
ભક્તમાં વિકલત્વ, બેચેનપણું રહે જ; ભાવલીનપણાની
ન્યૂનતા, ભાવનિમગ્નતાની ન્યૂનતા એને હંમેશા સાલે જ.

V.V. Imp. જ્ઞાનથી શુદ્ધાત્મભાવમાં પ્રવેશ મળે છે.
અપરાભક્તિથી સર્વાત્મભાવમાં પ્રવેશ મળે છે.
પરાભક્તિથી પરમાત્મભાવમાં પ્રવેશ મળે છે.

ભક્તિ એ માંગવાની નહિ પણ અનુભવવાની વસ્તુ છે.
પરબ્રહ્મના સાક્ષાત્કાર માટે માત્ર જ્ઞાન જ નહિ પણ
શ્રદ્ધા, ભક્તિ અને ધ્યાન જરૂરી છે.
જ્ઞાન એ મન - બુદ્ધિનો વિષય છે, જ્યારે
ભક્તિ એ શરણાગતિ - સમર્પણતાનો વિષય છે.
નવે રસોથી પ્રભુના ગુણગાન એ નવધા સંપૂર્ણભક્તિ છે.
જીવાત્માએ પોતાના અધિષ્ઠાન સર્વાત્મા તરફ ધ્યાન લગાડી,
'બંને એક તત્ત્વના છે' એવો સાક્ષાત્કાર કરી, પ્રેમલક્ષણાથી
નિમગ્ન થઈ, સમર્પણતા અને શરણાગતતાથી એક થવાનું છે.
અનન્યાત્મ્ય એવી પ્રેમલક્ષણા ભક્તિ બને છે.
સાધનસંપન્નતાના ઘમંડમાંથી છૂટીને નિઃસાધનતા પ્રાપ્ત
કરનાર ઉપર જ ભગવાનની કૃપા અને પ્રસાદ ઉતરે છે.
જીવાત્મા ભૂત છે, પરમાત્મા ભૂમા છે. જીવાત્માએ પરમાત્મા
માટે કાંઈપણ કરવાનું હોય તો તેના ગુણગાન જ છે.
Imp પ્રભુને પ્રાપ્ત કરવાનું ઉત્તમોત્તમ સાધન શરણાગતતા છે.
મન છે ત્યાં સુધી તેના નિયમન માટે શાસ્ત્રોક્ત અનેક સાધન
બોધ્યા પણ જેણે પોતાનું મન ભગવાનને સોંપી દીધું છે,
મનરહિત થયો છે, તેને કોઈ નિયમનોની આવશ્યકતા નથી.
દેવે દીધેલ શરીરની કૃતકૃત્યતા દેવસેવાથી છે.

પ્રેમલક્ષણા ભક્તિ જ એવું સાધન છે કે જેમાં ચિત્ત, હૃદય, બુદ્ધિ, મન સહિત આખા શરીરસંઘાતની સ્થૂલ-સૂક્ષ્મ બધી જ શક્તિ ભગવત્સેવામાં લગાડી શકાય છે. પ્રેમ-ભક્તિ કરનારને પ્રભુ પોતે જ જ્ઞાની બનાવી દે છે.

આત્મા અક્ષરબ્રહ્મ છે, પરમાત્મા પરબ્રહ્મ છે.

હું કરતો નથી - મારા વડે કરાય છે.

'અહં કરોમિ |' એ ભાવ છોડીને 'મયા ક્રિયતે |' એ ભાવ ભક્તિનો સૂચક છે. ફળરૂપી કાર્ય, ક્રિયારૂપી કર્મ અને કર્તારૂપી કારક અહીં જ્યારે અપૃથક્ થઈ જાય છે, ત્યારે પ્રભુની કૃપા અને પ્રભુના પ્રસાદરૂપી બંને ભુજાઓ વડે ઉંચકાઈને જીવ ભીમભવોદધિને તરી જાય છે. પરબ્રહ્મ અને તેના સ્વભાવબ્રહ્મ એ જ બધું કરે અને કરાવે છે. પરવશ થયા પછી તો ફક્ત ભક્તિ વડે કૃપા અને પ્રસાદ મેળવીને જ પરાશાંતિને પ્રાપ્ત કરવાની રહે છે. સમર્પણભાવનું આ ગુહ્યતમ ગુહ્યથી પણ ગુહ્ય છે, રાજવિદ્યા-રાજગુહ્ય છે. ભક્તિમાર્ગ નિરોધાત્મક છે. બહિર્મુખ પ્રવૃત્તિમાંથી અંતર્મુખ થવું તે જ નિરોધ અને નિવૃત્તિ છે. ભક્તિ તે છે કે જેનાથી ભગવાનમાં અનન્ય ભાવ જાગે અને તેમાં વિઘ્ન નાખનારાં તત્ત્વો ઉપર અણગમો થાય.

ભક્તિ પોતે સ્વયં પ્રમાણરૂપ છે.

શ્રી

## ભક્તિ વડે ધન્ય જ્ઞાન

આલોડ્ય સર્વ-શાસ્ત્રાણિ, વિચાર્યૈવં પુનઃ પુનઃ ।
ઇદમેકં સુનિષ્પન્નં, ધ્યેયો નારાયણઃ સદા ॥૧॥ (પરિશિષ્ટ-૧૯)

જ્ઞાન પ્રાપ્ત કરવાનો એકમાત્ર માર્ગ શાસ્ત્રાભ્યાસ છે.
ભક્તિપ્રાપ્તિના માર્ગો રુચિની વિચિત્રતાથી અનેક છે.

જ્ઞાન દીપ છે, તો ભક્તિ એ મણિ છે.

જ્ઞાન પ્રકૃતિનું જ કાર્ય છે, પુરુષનું નહિ.

પુરુષનું તો ભાન જ રહેવું છે અને તે ભક્તિથી જ થાય છે. જ્ઞાનમાર્ગમાં મોટામાં મોટું વિઘ્ન એ છે કે જ્ઞાન વધારવાના પ્રયત્નમાંને પ્રયત્નમાં મન સહિત સ્થૂલ અને સૂક્ષ્મ ઇંદ્રિયો સતેજ થતી જતી હોવાથી પ્રમાદી બની જાય છે, તેથી અંતર્મુખતાને બદલે બહિર્મુખતા જ વિશેષ કાર્ય છે અને પછી વિષયો સાથે ભટકાતાં ભટકાતાં દુરાચાર વધે છે. આ બધું ભક્તિમાર્ગમાં નથી કારણકે તેમાં જ્ઞાનગર્વથી બહુ ઉત્તેજિત થવાને બદલે સેવાધર્મથી બહુ દીન-સંયમી બને છે, તેથી નમ્રતાપૂર્વક ભક્તિ એક શિરોમણિ સાધન છે, Finishing touch છે, કોઈપણ યોગમાં અનિવાર્ય સાધન છે. જ્ઞાન એટલું અનિવાર્ય સાધન નથી જ. ભક્તને પ્રભુ પોતે જ કૃપા કરીને બુદ્ધિયોગ આપે છે.

શ્રી

ઋષિમુનીઓ અથવા શાસ્ત્રો મારફત મેળવેલ જ્ઞાનની
અપેક્ષાએ તે જ્ઞાન first-hand છે.

જ્ઞાનધ્યાનથી તુષ્ટિપણું અને ઉપાસનાથી પુષ્ટિપણું મળે.

એકત્વથી સમુદ્ર કે સર્જનહાર અને
અનેકત્વથી પરપોટા, મોજા, ફીણ, કણ, બરફ વગેરે સર્જન.
સર્જન સપાટી ઉપર રહેલ છે, ભીતરમાં નહિ.

સર્જન એટલે જગત. સર્જનહારની અપેક્ષાએ પરિમાણતઃ
અને શક્તિતઃ ન્યૂન છે, તદ્દન આંશિક છે અને તે પણ
સર્જનહાર - પાણી વિનાના નહિ - સૂત્રધાર વિનાના નહિ.

સર્વં ખલ્વિદં બ્રહ્મ । અર્થાત્: આ બધું ખરેખર બ્રહ્મ છે.
એ પરપોટા છે અને પરબ્રહ્મ એ સમુદ્ર છે.

પ્ર+નવ, પ્રતિનવ, નિત્યનવ એટલે જગત અશ્વત્થરૂપ છે.

ક્ષરબ્રહ્મ - પુરુષ - આત્મા - અપર - જીવ
અક્ષરબ્રહ્મ - પુરુષોત્તમ - સર્વાત્મા - પર - ઈશ્વર
પરબ્રહ્મ - પૂર્ણ - પરમાત્મા - પરાત્પર - પરમેશ્વર.

જ્ઞાનીને મન દૂધનું દહીં થવું એ ઉપહાસ્પદ વિકાર છે.
ભક્તને મન તે વિકાર જ નવનીત કાઢનારું સાધન છે.

જ્ઞાનીને મંથનની તસ્દી લેવી નહિ, તેથી
વિવર્તનું ભૂત ઊભું કરી છટકવાની કોશિશ કર્યા કરે છે.

કારણ તરફ દ્રષ્ટિયોગ સાધીએ એટલે કાર્યની સત્તા કે
કાર્યનો ઉપયોગ નષ્ટ થઈ જતાં નથી.
કાર્ય તો કારણને ભૂતમાંથી ભવ્ય બનાવે છે.
ધાન્યનો કણ હંમેશા અલગ જ રહે છે,
કિન્તુ પાણીનું બિંદુ સિંધુ સાથે તુરત જ મળી જાય છે.
Electron = પ્રકૃતિ, Proton = પુરુષ,
Neutron = ભક્તિ, બ્રહ્મ = રસ, પરબ્રહ્મ = રાસ,
રેચક - પૂરક = કૃપાપુષ્ટિ, વેણુનાદ = બ્રહ્મનાદ.
વેણુનાદ = મેરૂદંડમાંના સાતે ચક્રોમાંથી કુંડલિનીનો સંચાર.
ભક્તનો સંસારનાદ છોડાવી કુંડલિની નામક આત્માને
બ્રહ્મરંધ્ર પાર ઊર્ધ્વ આગમિત આત્માનંદમાં અને ૐકારરૂપી
કુંડલિનીના ગૂંચળાને જગાડી કોશાતીતમાં લઈ જાય તે વેણુનાદ.
વિરહના તાપથી પાપરૂપો બળી જાય છે અને
મિલનના ભોગથી પુણ્યરૂપો બળી જાય છે.
બ્રહ્મવિદ્યા કરતાં પણ આત્માનુભવ શ્રેષ્ઠ છે.
પ્રભુ આગળ દીનતા એ દીનતા નહિ પણ ભક્તિનું અતુલ
સામર્થ્ય છે. દીર્ઘજીવી થવા કરતાં દિવ્યજીવી થવું સારું.
પ્રાણીને રોગી બનાવનાર કચરો વનસ્પતિને પોષણરૂપ છે.
દીપ રાતના જેટલું પ્રકાશિત થાય તેટલું દિવસે થતું નથી.

જ્ઞાન કર્મબંધ અને
ધ્યાન અકર્મબંધ મોચન કરાવનારું સાધન છે.
ભક્તિ પરબ્રહ્મને પ્રાપ્ત કરાવવાનું સાધન છે.

કૃષ્ણને પૂજનાર ગોપીજન અને પ્રકૃતિને પૂજનાર શાક્તજન જનો પણ 'અહં બ્રહ્માસ્મિ।' થઈ પૂજવાનું પાતક ન કરી. પૂજક ભજવામાં ભેદ જરૂર છે, પૂજ્ય ભજવામાં અભેદ છે. અવિભક્તં વિભક્તેષુ।ની સમજ જ સાચી છે, તેનું જ નામ સમદર્શન, સત્યપ્રતિષ્ઠા અને આત્મીયતાનો સાક્ષાત્કાર છે. ઘટની મૃત્તિકાનું જ્ઞાન સત્યનું જ્ઞાન, સત્યનો યોગ સધાવે છે, તો તેના નામ અને રૂપ સત્યનો ઉપયોગ સધાવે છે. જગતમાં ઘનપણું, શાતપણું, વજનદારપણું ભલે સમાતું હોય પણ એ ત્રણે ગુણોની પૃથકતા પણ છે જ અને તેથી જ એમાંના એકના અનુભવ વખતે અન્યનો અનુભવ થતો નથી.

એકસ્મિન્ વિજ્ઞાતે સર્વં વિજ્ઞાતં ભવતિ।

અર્થાત્: એકને જાણ્યે છતે બધું જણાય છે.

<u>પ્રારબ્ધને શાંતિથી ભોગવો. પુરુષાર્થ મોક્ષમાર્ગમાં કરો.</u>
<u>પ્રાણીમાત્રના દુ:ખમાં ભાગ લ્યો અને દૃષ્ટા તરીકે જુઓ.</u>

વૃત્તિરહિત ચૈતન્યનો અનુભવ થાય અને તેમાં આપણું સ્પષ્ટ હોવાય, તેમ આત્મા સ્પષ્ટ હોવાય ત્યારે જ પુરુષાર્થ

ખરો થયો ગણાય તથા જ્ઞાન અને અનુભવના પરિપાકરૂપે
જગત કાકવિષ્ટા જેવું લાગે ત્યારે વૈરાગ્ય ખરો થયો ગણાય.
આત્મૌપમ્ય દૃષ્ટિ રાખી 'આત્માનું અજ્ઞાન એ જ દુઃખનું
અને આત્માનું જ્ઞાન એ સુખનું કારણ છે' એમ માનો.

વ્યથા માનવીના ચિત્તને અસ્થિર બનાવે છે,
તેમ સદ્વિચારી તરફ વાળે પણ છે.

શુભ કાર્યમાં ઉતાવળ સારી, અશુભ કાર્યમાં ધીરજ સારી.

Imp. માનવજન્મ તો ઘણાને મળે છે,
પણ તેમાં મનનું પ્રભુ સાથે જોડાણ થવું ઘણું દુષ્કર છે.
અનેક જન્મોના નિષ્કામ સાધનાનું તે ફળ હોય છે,
તેથી એનું મૂલ્ય જરા પણ ઓછું ન આંકવું જોઈએ.
જરાપણ શ્રમ જેવું લાગે ત્યારે
Relaxation and Surrenderનો આશ્રય લેવો.

નમસ્કાર ભાવ

પ્રભુસ્મરણની સાધના જેટલી ગુપ્ત તેટલી વધુ ફળદાયી છે.
અતીન્દ્રિય વિષયમાં છદ્મસ્થ મનુષ્ય માટે અતીન્દ્રિય જ્ઞાનને
ધારણ કરનારા પુરુષોનું વચન એ જ પ્રમાણ છે.
એથી શ્રદ્ધા કે જે ધર્મની સર્વ પ્રવૃત્તિઓનો પ્રાણ છે,
એનું બળ ઉત્તરોત્તર વધતું જ જાય છે.

ક્ષમા વીરસ્ય ભૂષણમ્ । ક્ષમા આપવી તે નહિ પણ માંગવી તે વરપુરુષોના ભૂષણરૂપ છે. આ ક્ષમા માંગવાની ક્રિયાની ગતિમાં ક્ષમા આપવાની ક્રિયા સમાઈ જાય છે.

નમસ્કારમાં શબ્દો છે, તે મંત્રરૂપ છે. તે દેવાધિષ્ઠિત છે.

પ્રત્યેક શુભ વસ્તુનું દેવો અધિષ્ઠાન કરે છે.

અનાદિસિદ્ધ વાચ્ય - વાચકભાવ સંબંધના કારણે જ
શબ્દની સાથે અર્થ જોડાયેલો છે.

શબ્દની સાથે અર્થનો વાચ્ય - વાચકભાવ સંબંધ છે. શબ્દોના ઉચ્ચારણ સાથે બુદ્ધિમાનને તેના વાચ્યનું સ્મરણ થાય. વાચ્ય પંચપરમેષ્ઠિ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ નમસ્કારભાવની આરાધનાથી જ પંચપરમેષ્ઠિ બન્યા છે. પોતાની ભૂલોના એકરારરૂપ અને ગુણીઓના ગુણોના સ્વીકારરૂપ નમસ્કારભાવ વિના સમત્વભાવ અશક્ય છે. સમત્વભાવ વિના મોક્ષ કે પછી પરમેષ્ઠિપદ પણ નથી.

## ત્રીજી વસ્તુ

નમસ્કારમાં શબ્દ અને તેના અભિપ્રેત અર્થની સાથે એક ત્રીજી વસ્તુ તે નમસ્કારની ક્રિયા છે. એ ધ્યાનક્રિયા છે. શબ્દાલંબને શબ્દ વાચ્ય બને. પરમેષ્ઠિઓમાં ચિત્તવૃત્તિની લીનતારૂપ ધ્યાન ક્રિયા એ નમસ્કારની ત્રીજી વસ્તુ છે.

એ ગુણીના રાગપૂર્વક થતો નમસ્કાર એ ભાવનમસ્કાર જની પાપક્ષય-મોક્ષ પર્યંતના સર્વ લાભ મેળવી આપે છે. વિશ્વના અશાંત વાતાવરણમાં 'ખામેમિ' અને 'શિવમસ્તુ' વગેરે ભાવનાઓથી ભાવિત થઈને પરમેષ્ઠિ ભગવંતોની શરણાગતિ એ જ સમાધિનો એક માત્ર સાચો માર્ગ છે. મંત્રના પ્રારંભમાં મંત્રદ્રષ્ટા ગણધર ભગવંતો અને ભદ્રબાહુ સ્વામી આદિનું સ્મરણ ધ્યાનવિધિ સર્જક છે. લેખન કાર્યમાં full of common senseની શૈલી એ આજના આ નવતર ઢંગનું ખાસ આકર્ષણ છે. વાચિકમૌન અને માનસિક સમતુલનની સાધના એ વિકાસનું પરમ સાધન છે. ગરદનને સદાયે નમેલી રાખવામાં જ હિત છે. <u>નમ્રતાના માર્ગે જીવ ગણધર, તીર્થંકર અને મોક્ષપદ સુધી પહોંચી શકે છે, જેનો કોઈ વચલો માર્ગ છે જ નહિ. જો હોત તો નમસ્કાર મંત્ર સૌથી મોટો મંત્ર ગણાત નહિ.</u>

નમસ્કાર ભાવના પર્યાયવાચી શબ્દો તરીકે

ક્ષમાભાવ, દાન્તભાવ, પ્રશાન્તભાવ વગેરેને ગણાવી શકાય. કષાયોને નમાવવા તે ક્ષમાભાવ. વિષયોને નમાવવા તે દાન્તભાવ. વાસનાઓને નમાવવા તે શાન્તભાવ. કષાયોને-વિષયોને તથા વાસનાઓને ન નમવું પણ તેના પ્રતિપક્ષ એવા આત્મભાવોને નમવું તે જ ખરો નમસ્કારભાવ છે.

મૂર્તિ વગેરે જડ દ્રવ્યોમાં 'ભાવ ચૈતન્ય' એ કલ્પનાનો વિષય બને છે, પરન્તુ એ કલ્પનાગત ચૈતન્ય પોતાના આત્મચૈતન્યનો જ એક અલગ વિભાગ બની જાય છે.

આમ નામ - સ્થાપનાદિ material

વસ્તુમાં થતી ચૈતન્યની કલ્પના જૈન મતે સંગત થાય છે.

કીર્તિ યા અહંરૂપી શત્રુઓ છુપી રીતે કેવો પગપેસારો કરે છે, તે કદાપિ સાધકના ખ્યાલમાં પણ આવતું નથી.

'શાસ્ત્રવચનો સામાન્ય જનતા કે વિશિષ્ટ વ્યક્તિ માટે હોય, કિન્તુ પોતાને માટે શું?' આવો પ્રશ્ન જ્યારે ઊભો થાય, ત્યારે તો પોતાના જીવનનું સંશોધન જ ઉપયોગી નિવડે.

શાસ્ત્રપ્રમાણની યથાર્થ સમજ કોઈ વિરલ વ્યક્તિને જ હોય છે, તેથી જ અનેક પંથભેદો જોવામાં આવે છે.

ચિત્તવૃત્તિ જેટલી શુદ્ધ, તેટલું દર્શન નિર્મળ.

ઘણુંય તર્કો, ઘણું વાંચન કર્યા પછી નકામા નિવડે છે. આનન્દ ઋદ્ધિ, ભાવનાનું સદૈવ ભાન રહેવું જરૂરી બને છે. ઘેલાય તેટલો સાધનાપંથ સહેલો નથી. પૂર્વ પુણ્યબળે કોઈ મહાન આત્માનું આલંબન મળે તો જ માર્ગ જલ્દી કપાય, હિંમત આવે, સરળતા થાય છે. જેમ વિકાસ સધાય, તેમ માનવજીવન પ્રભુપરાયણતા તરફ વધુ ઢળતું જાય છે.

## અનુભવ-અભ્યાસ-અનુપ્રેક્ષા

(૧) આત્મા માને છે (અનુભવે છે) કે તે અને દેહ એક છે.
(૨) આત્મા પછી એવું માને છે કે તે પોતે જ દેહ છે.
(૩) આત્મા પછી તે અભ્યાસમાં રીઢો થાય અને કદીય સમજાવે તો પણ વસ્તુસ્થિતિ ન સમજે, તે અનુપ્રેક્ષા છે.

અનુભવ એ સ્મરણનું, સ્મરણ એ અભ્યાસનું અને અભ્યાસ એ અનુપ્રેક્ષાનું કારણ બને છે.

અનુભવ = સ્મરણ - પ્રતીતિ।
અભ્યાસ = ચિંતન - શ્રદ્ધાતિ।
અનુપ્રેક્ષા = ધ્યાન - સ્પર્શતિ।

તેનાથી ઉલટો ક્રમ એટલે અભ્યાસમાંથી છૂટવું.

o બિન્દુનાદ એ નાદાનુસંધાન છે.

'નમો અરિહંતાણં।'માં છેલ્લે બિન્દુ લેવાથી નાદ થાય, પરંતુ તે નાદ ૭ આંકડાના ગૂંચળાકાર હોવાથી જ મુશ્કેલ પડે. આટલું અઘરું કાર્ય કોઈ કરી શકે, તો ફળ જરૂર મળે છે.

અર્હંકાર અને ઓંકાર પરશબ્દ તરીકે એક છે.

સર્વ જીવો પ્રત્યે સમતા-માધ્યસ્થ્ય એ ઉપેક્ષાસ્વરૂપપણું કે મૈત્રીસ્વરૂપ એનો નિર્ણય યોગશાસ્ત્રની સ્વોપજ્ઞવૃત્તિના આધારે થઈ શકે છે કે તે માધ્યસ્થ્ય ઉપેક્ષાસ્વરૂપપણું નથી.

## પ્રતિષ્ઠાતત્ત્વ

प्रतिष्ठितं पूजयेत् = પ્રતિષ્ઠા કરાયેલાને પૂજવા જોઈએ.

શિષ્ટ પ્રવૃત્તિ દ્વારા આ વિધિવાક્ય જણાય છે.

જૈનદર્શનમાં અહંકાર કે મમકાર દેવકૃત હોઈ શકે નહિ. એટલે પ્રતિષ્ઠા કરનારે સોઽહંની જે ભાવના (તાત્ત્વિક પ્રતિષ્ઠા આત્મામાં) છે તે (પ્રતિષ્ઠા)ને મૂર્તિમાં લઈ જવાની છે.

મીમાંસકો સંસ્કારજન્ય શક્તિને માને છે. નૈયાયિકો માનતા નથી, બે વચ્ચે આ મૂળભૂત તફાવત છે. જૈનો શક્તિને માને છે. મીમાંસકો મૂર્તિમાં સીધી આધેય શક્તિ માનતા હોય છે. સંસ્કારો દ્વારા એક પ્રકારની શક્તિનું આધાન થાય, એને 'આધેય શક્તિ' કહેવાય છે.

આત્મામાં પ્રતિષ્ઠા કરે એક જાતની શક્તિનું આધાન થાય. હવે આ શક્તિને મૂર્તિમાં શી રીતે લઈ જવી? એ પ્રશ્ન છે.

તેના ઉત્તરમાં સ્વનિરૂપક - સ્થાપ્યાલમ્બનતા સક્રિ: પોતાના સ્વરૂપને બતાવનાર સ્થાપન કરવા યોગ્ય આલંબન-રૂપી સંબંધથી શક્તિને મૂર્તિમાં લઈ જવામાં આવે છે.

સ્વ = प्रतिष्ठाजनिता आत्मगता शक्तिः। તેનું નિરૂપક = પ્રતિમાની પ્રતિષ્ઠા વખતે પ્રતિષ્ઠાપકે કરેલા 'स एव अहं' ઇત્યાકાર 'ધી' રૂપ સ્થાપ્યનું આલંબન એટલે કે પ્રતિમા.

તે પ્રતિમાને જોવાથી એ બુદ્ધિ પેદા થઈ શકે છે.

જૈન મતે આધેય શક્તિ સાથે આત્મામાં અને પરંપરાએ મૂર્તિમાં. નૈયાયિક મતે પ્રતિષ્ઠાધ્વંસથી જ કામ ચાલે છે. પ્રતિષ્ઠિત મૂર્તિમાં આધેય શક્તિ માનવા એમની તૈયારી નથી કેમકે ન્યાયમતે શક્તિને સ્વતંત્ર પદાર્થ માન્યો નથી.

○ શ્રુતનો આનંદ અનુપ્રેક્ષા વિના પ્રાપ્ત થતો નથી.

વાંચનાના સ્વાધ્યાય માટે સાધુનું શરણું, પૃચ્છના માટે ઉપાધ્યાયોના ચરણોની સેવા, પરાવર્તના માટે આચાર્ય ભગવંતોની આચારસુગંધ જીવનમાં ઉતારવાની વૃત્તિ, અનુપ્રેક્ષા માટે સિદ્ધ ભગવંતો પ્રત્યે અસીમભાવ અને ધર્મકથા માટે અરિહંત દેવોની ભક્તિ જોઈએ.

વિશુદ્ધ આત્માઓને અનુકૂળ રહેવાથી જ સત્ત્વના સ્પર્શની શક્યતા રહે છે. આમ નમસ્કારમંત્રની master key થી સૂક્ષ્મ-સૂક્ષ્મતર વિચારો પણ સ્પષ્ટ-સ્પષ્ટતર થાય છે.

પરસ્પરોપગ્રહો જીવાનામ્ ।

અનુવૃત્તિ: પરસ્પર ઉપકાર કરવો તે જીવોનું સ્વરૂપ છે. આ વાત Cosmic relatedness ને જ સૂચવે છે. Law of Relatedness અત્યંત મહત્ત્વનો છે. આ ન સમજાય તો એકત્વ-અન્યત્વાદિ ભાવનાઓની વ્યાખ્યાઓ isolation પ્રત્યે લઈ જનારી થઈ જાય.

ह्रीँ

## ધ્યાનનો અધિકારી

પૂજા એ દ્રવ્યસ્તવ - આજ્ઞારાધન એ ભાવસ્તવરૂપ છે. દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાં મેરુ - સર્ષપ જેટલું અંતર છે. શાસ્ત્રોમાં તપના લાભો વાંચવાથી જેમ તપ સંબંધી પરોક્ષ જ્ઞાન થાય અને તે મુજબ તપ કરીએ ત્યારે તેનો અપરોક્ષ અનુભવ થાય છે, તેમ મનથી જાણેલું - વચનથી પ્રશંસેલું જ્ઞાન જીવનમાં ઉતરે તો જ તેની અપરોક્ષાનુભૂતિ થાય. જેવી રીતે ઈન્ધનમાં રહેલ અતીન્દ્રિય અલૌકિક અગ્નિને પ્રગટાવવા માટે લૌકિક અગ્નિ તે ઈન્ધનમાં મૂકવો પડે, તેવી રીતે આપણામાં રહેલ અતીન્દ્રિય પરમાત્મસ્વરૂપને પ્રગટાવવા માટે પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપ અથવા લૌકિક પ્રતિમાદિ કાયારૂપી ઈન્ધનની સામે ધરવા જ પડે. ગોપીઓ એટલે ઉચ્ચ પ્રકારના મુમુક્ષુ જીવો જ સમજવા.

જડવાદી = ઈશ્વરથી ન ડરનારો.

ધ્યાન અમર છે, દેહ-ગેહ નશ્વર છે.

સદા સર્વકાળે તેનો અધિકારી રહેવાનો જ છે.

ધ્યાન પોતાનું ઘર શોધે છે. જ્યાં સુધી તેને સ્વસ્થાન ન મળે, ત્યાં સુધી અનિર્વચનીય વેદનાનો અનુભવ થાય છે. તેને તો તે અનુભવનારાઓ જ જાણે અથવા સમજી શકે.

નવકાર = Creative understanding.

તત્ત્વાર્થ = Creative awareness.

ઉપપ્લવહ્રાસ-ભાવૈશ્વર્ય-વૃદ્ધિશ્ચ । - ધર્મબિંદુ

અર્થાત્: ઉપદ્રવનો નાશ અને ભાવઐશ્વર્યની વૃદ્ધિ થવી તે.

ધર્મનું પ્રત્યક્ષ ફળ સાત્ત્વિક ચિત્તપ્રસન્નતા છે.

| | | | | |
|---|---|---|---|---|
| ચૂલિકા | = | શત્રુંજય | = | સમ્યગ્ |
| સર્વસાધુ | = | ગિરનાર | = | દર્શન |
| ઉપાધ્યાય | = | અજાહરા | = | જ્ઞાન |
| આચાર્ય | = | શાંતિનાથ | = | ચારિત્ર |
| સિદ્ધ | = | શંખેશ્વર | = | મોક્ષ |
| અરિહંત | = | શામળીયા પાર્શ્વનાથ | = | માર્ગ |

પુરુષાર્થ ઉપરનો એકાંગી ભાર અહંકારને પોષે છે, જ્યારે કૃપા ઉપરનો એકાંગી ભાર પ્રમાદને પોષે છે.

## Cosmic Orderનો વિચાર

તે આરાધનાને કઈ રીતે જીવંત બનાવી શકે એ મહત્ત્વનું છે. વિશ્વ વ્યવસ્થાના પાયામાં Love and Law બંને છે. ધર્મસત્તા Infinite Love + કર્મસત્તા Unviolated Law અથવા Infinite Law. એ બંને સત્યનું નિરપેક્ષપણું દૂર કરી સત્યનું સાપેક્ષપણું લાવવા મથે છે.

The whole universe is in the great Order, precision & infinite beauty. It is governed with infinite love, ઈશ્વરની ચલાવનારા એવાં infinite Law ને ધર્મચલાવનારા, so that every living being find security & nourishment & has its own appointed field of excistence. If we can remove our inner chaos & can establish an inner cosmos, then outer cosmos shall be reflected within us.

## Ideal Reality

Ideal reality means the reality which excists in imagination. Here imagination is not in the sense of imagination but in the sense of consciousness. પોતાના ચૈતન્યમાં સ્થાપિત કરવાની આવડત રાખવી, તેનું જ નામ Ideal Reality છે. Ideal Reality is not only a matter of belief but a matter of feelings too.

o બાહ્ય ધર્મોની ઉપાસના માટે જે ઈશ્વર છે,

તે માત્ર શ્રદ્ધાનો જ વિષય છે.

જૈનોની ઉપાસના માટેના જે પંચપરમેષ્ઠિ છે,
તે એક બુદ્ધિગમ્ય Readymade formula જેવા છે
અર્થાત્ તેમાં જરા જેટલાં પણ સંદેહ કે ભ્રમને સ્થાન નથી.

પરમાત્માના અચિન્ત્ય સામર્થ્યનું, સર્વ શક્તિમાનપણાનું
અને સર્વસિદ્ધિપ્રદાયકતાનું જે વર્ણન શાસ્ત્રોમાં છે, તેને
ઉપાસના માટેની Readymade formula - તૈયાર
સાધન તરીકે સ્વીકારી લઈ ઉપાસના કરવી જોઈએ.

તે અંગે તર્કમાં પડવું જોઈએ નહિ.

જે કોઈ ચૈતન્યને ઉપાસવા ઈચ્છે તેમાં એટલી તન્મયતા
આવવી જોઈએ કે જેનાથી તેનું સંવેદન અનુભવી શકાય.

Imp. તર્ક એ માનવસર્જિત શસ્ત્ર છે.

ઘણું એવું જાણતો છું કે જેનો હેતુ તર્કથી સમજાતો નથી.

માત્ર 'સમર્પિત' જ તેને સમજી શકે.

પ્રભુના અનુગ્રહમાં વચ્ચે તર્કને કોઈ સ્થાન નથી.

મિત્રતા = સર્વ સાથે વિશુદ્ધ ભાવસંબંધ જોડવાની ધારણા.
શાસ્ત્રો વડે સર્વનો પરિચય અને સ્વસંબંધ ઓળખાય છે
તથા સાધના વડે સર્વ સાથેનું સાપેક્ષપણું પ્રગટે છે.

ॐ श्री

The Divine Law, Will of God, ઈશ્વરેચ્છા, કુદરતની મહેર કે જે બિનશરતી સર્વના હિતને સ્પર્શે છે. ધર્મના નિયમમાં પ્રેમ કામ કરે છે તથા કર્મના નિયમમાં ન્યાય કામ કરે છે. ન્યાય એ પ્રેમનું અને પ્રેમ એ ન્યાયનું જ રૂપાંતર છે. એકમાં Law of Love અને બીજામાં Law of Justice કામ કરે છે. જ્યાં જ્યાં પ્રેમ છે, ત્યાં ત્યાં ભગવાન છે. જ્યાં જ્યાં ન્યાય છે, ત્યાં ત્યાં નિયમ છે, ઋત છે, સત્ય છે, અભંગ - અચૂક કાયદો છે.

Each Soul is potentially Divine. The goal is to manifest this Divinity within by controlling nature-external & internal. You do this either by work or worship or psychic control or philosophy by one or more or all of these & be free. This is the whole of religion. Doctrines or dogmas or rituals or books or temples or forms are but secondary details only.

- Swami Vivekananda

अपाणि-पादो जवनो गृहिता ।
पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।
स वेत्ति वेद्यं न च तस्याऽस्ति वेत्ता ।
तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥१॥ (परिशिष्ट-२०)

o 'ખંતો-દંતો-સંતો' એ ત્રણેય ગુણ અનુક્રમે
અહિંસા, સંયમ અને તપના પર્યાયરૂપ કરી શકાય.
એ ત્રણેય ગુણ સર્વ આત્મસમભાવનાં દ્યોતક છે.
'નમવિ' પદનો અર્થ એક બાજુ દ્રવ્ય-ભાવસંકોચ અને
બીજી બાજુ એ સંકોચમાં જ રહેલા ધર્મપ્રશંસાને સૂચવે છે.
દેવ-ગુરુ-ધર્મ ત્રણેયનું મૂળ મૈત્રીભાવમાં રહેલ છે? તથા
તાત્ત્વિક ચિન્તનથી દેવાદિતત્ત્વ ઉપર ભક્તિ સહજ બને છે.
માત્ર વૈરાગ્યના ઉપદેશથી શાસનની વ્યવસ્થા શક્ય નથી,
વૈરાગ્ય સાથે મૈત્રી મળીને જ શાસનના મૂળ ઊંડા લઈ જાય છે.
ઇંદ્રિય-મન જેમ આસ્રવના, તેમ સંવરના પણ સ્થાન છે.
નવકાર આર્ત-રૌદ્રધ્યાનને રોકવામાં પ્રબળ નિમિત્ત છે.
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગ છે,
કારણ કે તે ત્રણેય મૈત્રી આદિ ભાવોથી અનુસ્યૂત છે.
મૈત્રી આદિ ભાવનાનો સાર પણ માધ્યસ્થ્ય ભાવના છે.
મૈત્ર્યાદિ ભાવનાઓની જેમ અનિત્ય આદિ ૧૨ ભાવનાઓ

આત્માને સાથે સાથ સ્પર્શ કરે છે. એ ભાવનાઓ વડે નિર્જરા થાય છે અને સાથે પુણ્યબંધ પણ થાય છે.

મૈત્રી પ્રત્યુપકાર-નિરપેક્ષા પ્રીતિઃ । નિત્યં સર્વકાલં ભાવ્યતો અભ્યસ્યતઃ શુભઃ પ્રશસ્તઃ ભાવઃ સામ્ય-લક્ષણો જાયતે, યમન્યે 'પ્રશાન્તવાહિતા' ઇત્યાચક્ષતે । એવં ચ શુદ્ધોપયોગ-લક્ષણે ધર્મે સામ્ય-દ્વેષોપશમ-દ્વારા મૈત્રી ઉપયુજ્યતે ઇતિ ફલિતમ્ । (પરિશિષ્ટ-૨૧)

ન ત્વહં કામયે રાજ્યં, ન સ્વર્ગં નાઽપુનર્ભવમ્ ।
કામયે દુઃખતપ્તાનાં, પ્રાણિનામાર્તિનાશનમ્ ॥૧॥
(પરિશિષ્ટ-૨૨)

## All about ણમો

'ણમો'ના સ્થાને 'નમો' પણ બોલાય છે,
કિન્તુ તેથી અર્થમાં ફરક પડતો નથી.

નમો = નમન = નમસ્કાર = વંદન એ અર્થ સમાનાર્થ છે. વિશિષ્ટ અર્થમાં એનું અંતિમ પરિણામ જે નમસ્કાર્ય છે, તેના ધ્યાનમાં વિલીન થવું, ધ્યાનમાં ખોવાઈ જવું, સર્વસ્વ સમર્પિત થઈ જવું, હું અને મારું એ તદ્દન ભૂંસાઈ જવું. 'હું' જેવું તો કાંઈ છે જ નહિ, કારણ કે હું તો અનિત્ય અને નાશવંત છું, જે છે તે તે જ છે - નમસ્કાર્ય જ છે.

હું તો Embodiment માત્ર છું. જે જડ છે, તેમાં
પોતે આત્મતાનું આરોપણ કર્યું છે, તેનું વિસર્જન કરવું.

શબ્દબ્રહ્મ માટે ત્રણ stages છે:

(૧) વ્યંજન (૨) અર્થ (૩) તદ્રૂપ.

'નમો'નું ઉચ્ચારણ એ વ્યંજનરૂપ છે.
'મો'નો ઉચ્ચાર દીર્ઘ-પ્લુત વૈખરીથી કે માનસથી કરવાનો છે.
તેનું પરિણમન મધ્યમામાં થઈ પશ્યંતી સુધી થાય,
ત્યાં સુધી ભાન consciousness રહે છે.
પછી વચનોનો ઉગમ પરા - જે અતીન્દ્રિય છે,
તેના મૂળમાં તે શબ્દ વિલીન થાય છે.
જ્યાંથી ઉત્પત્તિ, ત્યાં જ એકાકાર થવું છે,
એટલું ભાન આપણને રહે છે.
V.V. Imp. એ રીતે complete surrender
રૂપ જ 'નમો' પદનું તાત્પર્ય છે.
નવકાર મંત્રના પ્રથમ પદમાં પહેલા બે શબ્દો છે:
'નમો' અને 'અરિહંતાણં'. તેમાં કર્તા હું-અહં કાંઈ નથી.
વાક્યમાં કર્તા, કર્મ અને ક્રિયાપદ ત્રણ જોઈએ, પરન્તુ
સાધનામાં કર્તા અને કર્મ જતાં ફક્ત ક્રિયા જ રહે.
...અને ત્યારે જ ખરી અધ્યાત્મસાધના થઈ કહેવાય.

'નમો'નું ઉચ્ચારણ જ ક્રિયાત્મક હોઈ,
કોઈ શ્રેષ્ઠ વ્યક્તિને કે પોતાના શુદ્ધાત્માને યાદ કરાવે છે.

Physical Plane એટલે વૈખરી અને આકાર દર્શન છે ત્યાં સુધી હું, નમસ્કાર અને જેને કરવો છે તે વ્યક્તિ અલગ જુદા હોઈ શકે. ત્યાં હું ની અલ્પતાનું ભાન જોઈએ અહંકાર કમજોર અને પાપીપણાનું ભાન રહેવું જોઈએ તથા સામે જે વ્યક્તિ કે આલંબન કે goal છે, તે ઉચ્ચતમ છે, તેના કરતાં ચઢિયાતું કોઈ હોઈ શકે જ નહિ એવું દૃઢ ભાન હોવું જોઈએ. 'અરિહંતાણં' ગુણવાચક છે. જેમાં એ ગુણ હોય તેવા અનંતાનંત વ્યક્તિ હોઈ શકે છે. નમસ્કાર ક્રિયાની પ્રાપ્તિ પછી 'તે ગુણ પોતાનામાં આવે એટલે કૃતકૃત્યતા થાય' તે તરફનું લક્ષ હોવું જોઈએ. સતત એવી ઝંખના જોઈએ કે 'ક્યારે અરિહંત થવું છે.'

Central Point તે જ છે.

Imp.

ભક્તિના ચારે પદ તેમાં અને તે પણ એક 'નમો'માં જ સમાય. 'નમો' પ્રણવમાં સમાય અને પ્રણવ પ્રભુમાં કે શુદ્ધાત્મામાં મળી જાય છે. એ તદ્રૂપતા જ અંતિમ સાધ્ય છે. એમાં ઉચ્ચાર, વિચાર અને આચાર ત્રણે મળી જાય છે.

'નમો'થી મન જાય છે અને સમ પ્રગટે છે.

શ્રી

આ ભાવનામાંથી જ યમો, દમો અને શમો પ્રગટે છે.
અહિંસા, સંયમ અને તપ એ એના જ પર્યાયો છે.
તેના મૂળમાં પણ 'નમવું'નો જ ભાવ છે.
સર્વ ભાવે સાધુ જેમણે સમત્વ સાધ્યું છે, તેમને નમ્યા
વિના યમવાનો, દમવાનો કે શમવાનો ભાવ સ્થિર સાનુબંધ
થઈ શકવાનો નહિ. સકલસત્ત્વહિતાશય એજ અહિંસા,
સંયમ કે તપનું મૂળ-કાન્તિ, દમન અને ઉપશમનું બીજ છે.
જેઓ સમત્વભાવને નમ્યા વિના, આદર્શ બનાવ્યા વિના
અહિંસાદિ અથવા તો ક્ષમાદિ ધર્મો પ્રગટી શકતા નહિ.
દોષદર્શનજનિત વૈરાગ્ય ક્ષણભંગુર છે.
ગુણદર્શનજનિત વૈરાગ્ય જ સ્થિર પરમાનંદ પ્રાપ્ત કરાવે.
નાક, કાન અને જીભ જેટલો જ સ્વાભાવિક
આત્મસમભાવ જ્યારે પોતાનામાં પણ અનુભવાય, એવી
પરમ સ્થિતિ ઈશ્વરભક્તિ કે ગુરુકૃપા વિના શક્ય નહિ.

o

૧૮ Dogmatism is a philosophy based upon
first premises whose truth can be
doubted, specifically a philosophy,
which assumes what neither expe-
rience nor reason can corobarate.

હ્રીં

## બ્રહ્મરસ રૂપ નિર્ગ્રંથનું સ્વરૂપ

(૧) બ્રહ્માર્પિત સર્વસ્વો એટલે
બ્રહ્મને વિષે જેણે સર્વસ્વ અર્પણ કર્યું છે તે.
(૨) બ્રહ્મદૃગ્ એટલે બ્રહ્મમાં જ જેની દૃષ્ટિ છે તે.
(૩) બ્રહ્મસાધન: એટલે બ્રહ્મરૂપ જ્ઞાન જેનું સાધન છે તે.
(૪) બ્રહ્મણિ બ્રહ્મણા અબ્રહ્મ જુહ્વદ્ એટલે
ઉપયોગરૂપ બ્રહ્મ વડે, આધારરૂપ બ્રહ્મમાં,
અજ્ઞાન રૂપ અબ્રહ્મને જે હોમે છે તે.
(૫) બ્રહ્મગુપ્તિવાન્ એટલે બ્રહ્મચર્યની જે ગુપ્તિવાળો છે તે.
(૬) બ્રહ્માધ્યયનનિષ્ઠાવાન્ એટલે
૯ અધ્યયનની નિષ્ઠા - મર્યાદા જેને છે તે.
(૭) પરબ્રહ્મસમાહિત: એટલે
પરબ્રહ્મ સાથે એકતાની પરિણતિવાળો છે તે.
(૮) બ્રાહ્મણ: એટલે નિર્ગ્રંથ કે બ્રહ્મરસને પ્રાપ્ત થયેલો સદા
બ્રાહ્મણ, શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રન્થ તે.
એ ૪ નામને ધારણ કરનાર મુનિ પાપ વડે લેપાતો નથી.

- જ્ઞાનસાર અ. ૨૮ શ્લોક-૭-૮

## આત્માની મૂળભૂત પાંચ શક્તિઓ

સત્ - ચિત્ - આનંદ - ઈશિત્વ - વશિત્વ.

## કર્મ અને કર્મફળનું અર્પણ

કર્મફળને બ્રહ્મરસમાં અંતર્ભાવનું કરવું બ્રહ્મરૂપ અગ્નિમાં 'પોતે કરેલું છે' એવા કર્તાપણાના અહંકારને હોમવાથી કર્મનું બ્રહ્માર્પણ પણ યુક્ત છે. ગીતા અ ૪ - શ્લોક ૨૪ પ્રમાણે:

બ્રહ્માર્પણં બ્રહ્મ હવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્ ।
બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મસમાધિના ॥૧॥ (પરિશિષ્ટ-૨૩)

(૧) હોમવાની વસ્તુ બ્રહ્મ છે.

(૨) અર્પણ કરવાની ક્રિયા બ્રહ્મ છે.

(૩) બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ હોમનારે હોમેલું બ્રહ્મ છે.

(૪) બ્રહ્મરૂપ કર્મસમાધિવાળાએ પ્રાપ્તવ્ય પણ બ્રહ્મ જ છે.

કર્મણ્યકર્મ યઃ પશ્યેદકર્મણિ ચ કર્મ યઃ ।
સ બુદ્ધિમાન્ મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ ॥
- ગી. અ ૪ - શ્લોક ૧૮

અર્થ: નિષ્કામ કર્મમાં અકર્મને અને અનાસક્તિપૂર્વક અકર્મમાં કર્મને જે જુએ છે, તે મનુષ્યોમાં બુદ્ધિમાન, યોગી, સર્વ કર્મનો કર્તા છે. ગીતામાં કહેલ આ નિશ્ચયનયે સર્વ સાધનનો આત્માની તત્પરતાએ જાણવું પણ નિરંતર બ્રહ્મનો કર્મ, તત્ફળાર્પણ તથા કૃતનો એકાન્તે અકૃતત્વ બુદ્ધિ તે તો મિથ્યાત્વ વાસનાથી વિલસિત જ કરેલા છે.

જ્ઞાનસાર અ-૧ શ્લોક ૧ માં કહ્યા પ્રમાણે:

સુખી સર્વને સુખી જાણે, તેમ પૂર્ણ જગતને પૂર્ણ જાણે.

નિશ્ચયનયની દૃષ્ટિએ ભ્રાન્તિ નથી.

## અહંતા-મમતા

સૃષ્ટિ-સર્જનહારની વચ્ચે ઊભા રહી પોતે જાણે જાણ સર્જનહાર હોય એમ વર્તનારાઓ ખોટી અહંતા-મમતા ઊભી કરી તે જેના ખપ્પરમાં પોતાની જાતને ફના કરે છે. 'અભિમાન તો રાજા રાવણનું પણ રહ્યું નથી', 'ગર્વ કિયો સોઈ નર હાર્યો' તથા 'પાપમૂલ અભિમાન' વગેરે વાક્યો મિથ્યા અહં-મમની અનર્થકારકતા સમજાવવા બસ છે. 'હું' પણું પોતાનું અસ્તિત્વ જ કેવળ જણાવાતું નથી પણ બીજાનું જાણે નાસ્તિત્વ જ હોય તેવો ભાસ પેદા કરે છે. મમપણું પોતાની માલિકીની વસ્તુ ઉપર મારાપણાની બુદ્ધિ જ જણાવાય છે, એમ નહિ પણ તેના ઉપર નજર કરનારને નેસ્ત-નાબૂદ કરવાનો ભાવ પણ રહેલો છે. અહંતા શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર અને મમતા શુદ્ધ આત્મગુણ ઉપર ધારણ કરવાને બદલે બીજે ધારણ કરવાની વૃત્તિ એ જ સર્વ સંકટો, આપદાઓ અને મુસીબતોનું મૂળ છે. તેનો છેદ કરવા સાચી અહંતા-મમતાને કેળવવી જોઈએ.

સાચી અહંતા-મમતાને કેળવવા તેને નિત્ય ભાવવા જોઈએ. +મકૃત વર્ણાશ્રમાદિ ભેદને નહિ ઇચ્છતો દ્વૈતાસિત+ નયના મતે બ્રહ્મના અંશ - ચૈતન્ય સત વડે સમ-એકરૂપતાવાળા આ ચરાચર જગતને આત્માદિ અભિન્નપણે જે જુએ, તે ઉપદેશકવાળો બીજો મોક્ષમાર્ગ થાય છે. અહીં એટલી વિશેષતા છે કે અન્ય વાદીઓ અદ્વૈત અભેદ કરે છે.

નયના ભેદે નયની વાસના માર્ગાનુસારી છે.

## બ્રહ્મચર્ય અને ભક્તિ

વૃત્તિનું લક્ષણ વીર્યની પુષ્ટિ છે.

ઇંદ્રિયોનો દુર્વ્યય એ પ્રવૃત્તિનો સંકોચ કરવારૂપ છે નથી, ઇંદ્રિયોનો ભાવવ્યય એ આત્માના ધર્મના અને વાર્યગુણોના સ્વરૂપને અનુકૂળ પ્રવૃત્તિ કરવારૂપ છે. જો ગ્રન્થિનો ભેદ થવાથી ભેદ-ઉચ્છેદ અર્થના વિવેકવાળું જ્ઞાન હોય તો પછી ભેદ અને ઉચ્છેદનો વિવેક કરાવનાર શાસ્ત્રરૂપ સાધનની આ જગતમાં આવશ્યકતા જ શી? કોઈપણ ધર્મમાં સૌ પ્રથમ બ્રહ્મચર્યની વાત આવે છે.

બ્રહ્મચર્ય વિના મન સ્થિર રહેતું નથી.

બ્રહ્મચર્યથી મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર પવિત્ર થાય છે.

બ્રહ્મચર્યનું પાલન કરવાથી અંતઃકરણ શુદ્ધિ થાય છે.

જ્ઞાન અને વૈરાગ્યની સાથે ભક્તિ આવવી જોઈએ.

જ્ઞાન અને વૈરાગ્ય વિનાની ભક્તિ દૃઢ થતી નથી.

જ્ઞાન-વૈરાગ્ય સહિત ભક્તિ આવશે તો તે સ્થિર રહેશે.

વરાટ = શ્રેષ્ઠ દિવસ, રાત્રિ = ત્રિગુણાતીત.

રામ સમાન મર્યાદાનું પાલન કરવાથી મનીનો કામ કરે છે.

રામમાં સરળ અક્ષરો છે, જ્યારે કૃષ્ણ એ જોડાક્ષર છે.

૫ + ૨ + ૪॥ + ૮ + ૪॥ = ૨૪ તીર્થંકર.

વેદાંત અધિકારીને માટે છે, તે સર્વ માટે સરળ નથી.

વેદાંત સર્વનો ત્યાગ કરવા કહે છે.

જેઓ તે માટે અધિકારી નથી, તેઓ માટે
ભક્તિ-સમર્પણ અને વૈરાગ્ય-અનાસક્તિ સાધન છે.

ઈશ્વરને સર્વસ્વ સમર્પણ કરો અને અનાસક્તિ ભોગવો.

ભગવાનના નામનું સ્મરણ - કીર્તન કરનાર દરેકની
જાતિ બદલાઈ જાય છે અને દૈવ બની જાય છે.

મરણનું સદા સ્મરણ રાખવું.

પાપથી મુક્ત થવાનો એ જ સૌથી સરળ ઉપાય છે.

શુદ્ધ ઉપયોગ અને શુદ્ધ વીર્યોલ્લાસ સાથે તાદાત્મ્ય-તન્મયતા
ધારણ કરે છે, તેથી અસંગભાવરૂપ ક્રિયા સ્વાભાવિક જ
આનંદરૂપ અમૃતરસથી આર્દ્ર થયેલ છે, ભીંજાયેલ છે.

## જપની સાચી વિધિના ૧૧ સોપાન

(૧) અક્ષમાળા લેવી. (૨) તે માટેના મંત્ર વડે ગંધ(વાસક્ષેપ) અને પુષ્પથી પૂજા કરવી. (૩) દિગ્રક્ષણ પ્રક્રિયા વડે સુખાસનમાં સ્થિર થવું. (૪) વૈખરી, મધ્યમા અને પશ્યંતીરૂપ વાણીની વૃત્તિઓ ચિત્તને ચલિત કરે છે. તે રહિત થઈને મંત્રની માત્રા પ્રમાણે ઘોષબદ્ધ ઉચ્ચારણ કરવું અને સતત ઉદિત અનાહત નાદમાં તન્મયીભૂત થઈને 'મંત્રમાં અનુપ્રવેશ થઈ ગયો છે' તેમ ચિન્તવવું. (૫) ઇંદ્રિયોને અંતર્નિહિત કરી મંત્રદેવતા સાથે આત્માની એકતાની ભાવના કરવી. (૬) આ પ્રકારે પુનઃ પુનઃ પરામર્શપૂર્વક જપ કરવા. પ્રથમ અનુપ્રવેશ, પછી અધ્યાસ અને છેલ્લે પરતત્ત્વ પ્રવેશ કરવો. (૭) ચિત્કળાને સંકલ્પના યોગાદિ પરાવર્તન કરવું. તેના અર્થની ભાવના કરવી તે જાપ છે. (૮) નાદ એ અવ્યક્ત ધ્વનિરૂપ છે, તેથી વિમર્શ માત્ર રૂપ છે અને આહ્લાદ-આનંદના અનુભવસ્વરૂપ છે, નિત્ય ઉદિત રૂપ છે. એનો કોઈપણ ઉચ્ચારયિતા નથી. નાદામર્શ રૂપ છે. સમસ્ત વાચ્યકાદિ અભેદમય પરામર્શ સ્વરૂપ છે. તે જ સદાશિવ અને પરરૂપ છે. તે નાદ સમસ્ત વાચ્યકોટિ અવિભાગ સ્વરૂપ-અભિન્નરૂપ મંત્ર તત્ત્વ શેષીભૂત છે.

(૯) પ્રાણ = શ્વાસોશ્વાસના તાલે જાપ કરવો. એક અક્ષરે એક શ્વાસ એ પ્રમાણેના માપથી એટલે કે જલ્દી પણ નહિ અને ધીમે કે વિલંબે પણ નહિ એ રીતે જાપ કરવો.
(૧૦)ઉલ્લાસ - પ્રવેશરૂપ મધ્યવાટી પ્રભુ પોતાની અંદર જેટલા મંત્રના પરામર્શ લઈ શકે તેટલા જાપને કરવો.
(૧૧)માલા મંત્રીને પ્રભુની શક્તિની અંદર અંશાંશિક ક્રમથી ક્રમશઃ વધારતા જઈને સંયોજન કરતાં કરતાં ત્યાં સુધી અભ્યાસ વધારવો કે જ્યાં સુધી સંપૂર્ણ મંત્રના પરામર્શને પ્રભુશક્તિ વહન કરે. - સ્વ. તં પટલ. ૨ પૃ-૭૮

૦ લકાર નમસ્કાર લાભંકરપદ આપે. લકારના બે અર્થઃ એક તો નમ્રતાપૂર્વક-એકાગ્રતાપૂર્વક અને બીજો લાભની સંખ્યા.

૦ ॐ નમઃ સિદ્ધં । મંત્રનું તાત્પર્ય છે કેઃ સિદ્ધાત્માને નમસ્કાર હો કે નમસ્કાર એજ સિદ્ધિનો મહામંત્ર છે. સર્વ જીવમાત્ર સિદ્ધસ્વરૂપ છે, એમ નહિ પણ સર્વજ્ઞ ભગવંતના જ્ઞાનમાં સિદ્ધ છે તે તમામ ભાવો, પદાર્થો, કાર્યોને નમસ્કાર કરતાં અનુકૂળ રહેવું તે. આ મંત્ર વડે અદ્ભુત રીતે મન-પ્રભુ-આત્માની એકતા સધાય.

૦ ॐકાર આર્તધ્યાન નિવારવા, હ્રીંકાર રૌદ્રધ્યાન નિવારવા, શ્રીંકાર ધર્મધ્યાનની પુષ્ટિ માટે, અર્હંકાર શુક્લધ્યાનની પુષ્ટિ માટે અને નમઃકાર સિદ્ધત્વની પ્રાપ્તિ માટે છે.

ૐ

મંત્ર વડે દેવતા, ગુરુ અને આત્માનું ઐક્ય સિદ્ધ થાય છે.
'ૐ' એ પંચ પરમેષ્ઠિવાચક છે. તેના અંદર 'હ્રીં' ૨૪
તીર્થંકરવાચક, તેના અંદર 'શ્રીં' કુંડલિનીવાચક, તેમાં
'અર્હં' આત્મવાચક, તેના અંદર 'નમઃ' પરિણતિવાચક છે.
૦ પ્રથમ તિર્યક્ગામાનંદ અને પછી ઊર્ધ્વતાગામાનંદ
ઐક્યતાવાચક એવા અન્ય પાંચ બીજ બને છે.
૦ પરબ્રહ્મ સમાધિ = પરબ્રહ્મમાં લીનતા થવા રૂપ સમાધિ.
સ્વાત્મારામ સમાધિ = પોતાના આત્માની રતિરૂપ નિર્વિકલ્પ
સમાધિલીનનો સંસારભાવ પણ સમાધિમાં જ મગ્ન થાય છે.

## ક્રિયાયોગ

સ્વામી યોગાનંદના ક્રિયાયોગ પ્રત્યક્ષમાંથી કેટલીક નવી
પ્રકાશ મળે છે. મન અને પ્રાણ એ સાંખ્ય પ્રમાણે અનુક્રમે
અંતર્વૃત્તિ અને બહિર્વૃત્તિ છે. આયુર્વેદમાં એને સ્પષ્ટપણે
ભૌતિક કહ્યાં નથી તો ય બહારનાં બળો જેવાં કે આહાર,
આઘાત, રોગાદિની એ બંને પર અસર થવાથી અલ્પપ્રાણતા
અને ચિત્તવિપ્લવ અથવા ચિત્તપ્રણાશ થાય છે. દવા અને
આહારની ફેરફારથી તે મટે પણ છે. એ બતાવે છે કે તેના
પર મહાભૂતોનો પ્રભાવ છે. સ્વામી યોગાનંદ કહે છે કે
પ્રાણ અને મન બન્ને આત્માની શક્તિઓ પરિણત છે.

માણસ જ્યાં સૂક્ષ્મ સ્થૂળ ભૂમિકામાં હોય, ત્યાં સૂક્ષ્મ સ્થૂળ મહાભૂતો તેના પર અસર કરે છે. માણસ એમ માને છે કે મારા જીવનનો આધાર, મારા પ્રાણ અને મનનો આધાર બાહ્યપ્રાણ, બાહ્ય પંચમહાભૂતો ઉપર છે (આયુર્વેદે પાંચ આંતરપ્રાણ કહ્યાં છે અને મહાભૂતોને બાહ્યપ્રાણ કહ્યાં છે), ત્યાં સુધી તેના પર બાહ્યપ્રાણ-મહાભૂતોની અસર થાય છે. ક્રિયાયોગની સાધના દ્વારા મનુષ્ય જ્યારે પોતાના પ્રાણને બહિર્મુખતામાંથી પાછો વાળીને અંતર્મુખ કરે છે અને વળી તે પ્રાણને ઇંદ્રિયોમાંથી રોકીને અક્રિય કરે છે, ત્યારે એનો શ્વાસ પણ મનોમય થઈ જાય છે. પ્રાણ અને મન બન્ને સ્વર-સ્વરૂપમાં-પરમ આત્મામાં સ્થિર થાય છે. એ સ્થિતિમાં મનને કે પ્રાણને બાહ્યપ્રાણ-મહાભૂતોની અસર પડતી નથી, એ એનાથી મુક્ત થઈ જાય છે. વિરાટ (Cosmic) પ્રાણ સાથે તે એક થઈ જાય છે. એનામાં અસાધારણ શક્તિઓ પ્રગટે છે. અંતઃકરણની આંતર અને બાહ્યવૃત્તિ એક થઈ જાય છે. એ પ્રાણથી પ્રાણિત થતો દેહ અનંતકાળ સુધી જીવી શકે છે. Sound octaveની દૃષ્ટિએ જોતાં પણ આમાંથી સ્પષ્ટતા મળે છે. પ્રાણના ઘર્ષણથી જ શબ્દ ઉદ્ભવે છે.

શબ્દ પણ શક્તિનો એક તરંગ છે. જ્યારે એ છુટાં છુટાં તરંગો તરફ આપણે સભાન રહીએ છીએ, ત્યારે સ્થૂલ જગતના અનંત પદાર્થો પ્રત્યે પણ સભાન રહીએ છીએ. ક્રિયાયોગથી અર્થાત્ હૃદયમાં ચાલતા ૐકારના સતત નાદ એકાગ્ર ધ્યાન દ્વારા શબ્દબ્રહ્મ અનાહત નાદ અથવા Cosmic Soundમાં જ્યારે સ્થિર થાય છે, ત્યારે Cosmic energyનો સંપર્ક પામે છે, જેની મદદથી યોગીને દૂરદર્શન, દૂરસંવેદન વગેરે પણ થઈ શકે છે.

Imp. શ્વાસને સભાનપણે તથા નિયમિત કરતાં કરતાં અને બધી ઇંદ્રિયોની ચેષ્ટાઓ અને મનની વૃત્તિઓનો નિરોધ કરીને ૐમાં મનને એકાગ્ર કરતાં શ્વાસથી આપણે સભાન બની જઈએ છીએ, શ્વાસઉચ્છ્વાસની પ્રક્રિયા માનસિક બની જાય છે અને ધીમે ધીમે ઝરણુંના (તંત્રગ્રન્થોક્ત) શુદ્ધ અમૃત સ્વરૂપને પમાય છે. એ શક્તિ (અમૃત)ને સહસ્રારથી મૂલાધાર અને મૂલાધારથી સહસ્રાર સુધી ચલાવીએ અર્થાત્ તે તે કેન્દ્રો આકાશની જે જે રાશિઓ સાથે સંબંધ ધરાવે છે, તેની સાથે એકાત્મતા અનુભવે છે.

એથી વિરાટ યજ્ઞના પણ અનુભવાય છે.

સામાન્ય રીતે માણસમાત્રનો વિકાસ મુક્તિમાર્ગે થાય જ છે

પણ પ્રકૃતિના નિયમો પ્રમાણે ચાલશે તો પણ એ ક્રમ બહુ ધીમો હશે. સ્થૂલ પ્રકૃતિ સાથેની આપણી એકાત્મતા છોડીને આત્મા સાથેની એકતા ઉપર ભાર દઈને ક્રિયાયોગ કરીએ, ત્યારે વિકાસ અનેકગણો ઝડપી બની જાય છે. કુદરતી વિકાસક્રમ ગાડાની મુસાફરી છે, ત્યારે ક્રિયાયોગ એરોપ્લેનની મુસાફરી છે. ક્રિયાયોગને ઉગ્ર બનાવવાની પ્રક્રિયા ગુરુગમ માંગે છે, માટે એની સ્પષ્ટતા પુસ્તકમાં નથી.

૦ મનુષ્ય હવે ઉપરનાં આભૂષણોથી નથી શોભતો.

સાચી શોભા દેહની નહિ પણ દિલની છે.

સાચી ત્યાગવૃત્તિ બહારની નહિ પણ મનની હોવી જોઈએ.

## ઉચ્ચ જીવનધોરણ

અર્થશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્ર વધુ કિંમતી છે. જીવનને અર્થલાભથી નહિ પણ સ્વલાભથી શાંતિ વળે છે. સ્વલાભનું સાધન અર્થશાસ્ત્ર નહિ પણ ધર્મશાસ્ત્ર છે. ધનની જે બચત થાય તે અન્યના ઉપયોગમાં આવે એવી ભાવનાવાળા અર્થશાસ્ત્રની જ આજે જરૂર છે. એ માત્ર સાદાઈ કે અપરિગ્રહ નહિ પણ સમાજસેવા છે. આવી ભાવના ઘડવા કોઈ દમન કે નિયમન કામ ન લાગે. કેવળ ધર્મશાસ્ત્રોના અભ્યાસ જ ભાવના જગાડી શકે.

શ્રી

ઊંચું જીવનધોરણ તેનું જ ગણાય કે ધન હોય કે ન હોય,
છતાં સંતોષથી જેનું મન સદા ય આનંદમાં રહે,
જે સૌને સરખા ગણે, પ્રભુમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખે અને
પોતાના સ્વધર્મ તથા સ્વકર્મમાં મગ્ન રહે.

મનની સાદાઈ હોય તો જ તનની સાદાઈ આવે.
જીવનમાં સાદાઈ અને ધ્યેયમાં ઉચ્ચતા રાખવા, એટલે કે:
Simple living and high thinking.
ધ્યેય પ્રભુ પાસે જવાનું અને જીવનમાં સાદાઈ-પવિત્રતા.
પવિત્રતા પ્રેમમાં છે અને તે જ્યારે પ્રભુમાં ભળી જાય છે,
ત્યારે સુખ અને આનંદનું વાતાવરણ સર્જાઈ જાય છે.
પ્રેમ અને પવિત્રતાથી પર એવું અર્થશાસ્ત્ર જીવનધોરણ
ઊંચે નહિ લાવી શકે. જીવનમાં જો ભૌતિક સુખ જ લક્ષ્ય
બની રહે તો માનવ દેવ થવાને બદલે દાનવ થતો જશે.
તત્ત્વજ્ઞાન = જીવ-અજીવ, કર્મસિદ્ધાંત = આશ્રવ-બંધ,
આચારશાસ્ત્ર = સંવર-નિર્જરા, અંતિમધ્યેય = મોક્ષતત્ત્વ.

## કર્મ સિદ્ધાંત

દર્શનશક્તિ = પોતાની સત્તાનું અનુભવન - સ્વસંવેદન.
જ્ઞાનશક્તિ = બાહ્યપદાર્થોને જાણવાની શક્તિ-પરસંવેદન.
ચારિત્રશક્તિ = ઉપયોગશક્તિ, કર્તૃત્વ-ભોક્તૃત્વશક્તિ.

ॐ

जीवो उवओगमओ अमुत्ति कत्ता सदेह-परिमाणो ।
भोत्ता संसारत्थो मुत्तो सो विस्ससोड्ढगई ॥२॥
- द्रव्यसंग्रह गा-२ (परिशिष्ट-२४)

જીવના સંબંધમાં આવવાવાળા પરમાણુને 'કર્મ' કહેવાય છે, કારણ કે તેનું આવવું કાયા-વચન-મનની ક્રિયાથી થાય છે.

કર્મની ૧૦ અવસ્થાઓ = ૧૦ 'કરણ'

(૧) ઉદય (૨) ઉદીરણા (૩) સત્તા (૪) બંધન
(૫) સંક્રમણ (૬) ઉદ્વર્તન (૭) અપવર્તન (૮) ઉપશમન
(૯) નિધત્તિ (૧૦) નિકાચના.

બંધના ચાર પ્રકાર: પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ. બંધ પછી આત્માની સાથે રહેવાના કાળના કારણે તેને સત્તા કહે છે. સ્થિતિ પુરી થયા બાદ ફળપ્રદાન શક્તિ તે ઉદય, સ્થિતિ પુરી થયા પહેલાં ફળ આપે તે ઉદીરણા, સ્થિતિરસમાં વૃદ્ધિ કરાવે તે ઉદ્વર્તન, હ્રાસ કરાવે તે અપવર્તન, એક બાબામાં પરિવર્તન કરાવે તે સંક્રમણ, ઉદયમાં આવતાં રોકે તે ઉપશમન, ઉદય અને સંક્રમણ બંનેને રોકે તે નિધત્તિ તથા ઉદય, ઉદીરણા, ઉદ્વર્તન, અપવર્તન, સંક્રમણ બધાને રોકે તે નિકાચન. એ રીતે ૧૦ કરણો છે. જુદા-જુદા ભાવોને કારણે થતી તે કર્મની અવસ્થાવિશેષ છે.

શ્રી

<u>ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંક્લેશરૂપ પરિણામોથી થાય છે.</u>
જઘન્ય સ્થિતિબંધ ઉત્કૃષ્ટ વિશુદ્ધિની અવસ્થામાં થાય છે.
શાતા વેદનીય કર્મને બંધન, પરિણામને વિશુદ્ધિ અને
અશાતાવેદનીય કર્મ-યોગ્ય પરિણામને સંક્લેશ કહે છે.
વિશુદ્ધ પરિણામોથી પુણ્યપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ બંધાય છે.
વિશુદ્ધ પરિણામોથી પાપપ્રકૃતિઓનો મંદ રસ બંધાય છે.
Imp સંક્લિષ્ટ પરિણામોથી એથી વિરુદ્ધ થાય છે.

સ્થિતિબંધની ઉત્કૃષ્ટતા સંક્લેશને આભારી છે.
રસબંધની ઉત્કૃષ્ટતા વિશુદ્ધિને આભારી છે.
સ્થિતિબંધની જઘન્યતા વિશુદ્ધિને આભારી છે.
રસબંધની જઘન્યતા સંક્લેશને આભારી છે.
દેશઘાતી તથા સર્વઘાતી રસબંધ અનુક્રમે
લતા, કાષ્ઠ, અસ્થિ તથા પાષાણ સમ છે.

પ્રશસ્ત અઘાતી રસબંધ ગુડ, ખાંડ, સાકર, અમૃત સમ છે.
અપ્રશસ્ત અઘાતી રસબંધ લીમડો, હલાહલ વિષ સમાન છે.
પ્રદેશબંધ: આયુનો ભાગ અલ્પતમ, નામ-ગોત્રનો એથી અધિક પરસ્પર સમાન, એથી અધિક જ્ઞાન-દર્શનાવરણ અને અંતરાય-પરસ્પર સમાન, એથી અધિક મોહનીય અને એથી પણ અધિક ભાગ વેદનીયને મળે છે.

ॐ ह्रीँ

## કર્મફળભોગની ધારા

તાત્કાલિક દ્રવ્યાત્મક-ભાવાત્મક પરિસ્થિતિઓ કર્મફળદાયિની શક્તિમાં હાનિ-વૃદ્ધિ-સંક્રમાદિ કરે છે, તો પણ સામાન્યરૂપે કર્મફળભોગની ધારા અવિચ્છિન્નરૂપથી ચાલ્યા જ કરે છે, તેથી જીવની વિભિન્ન દશાઓનું મૂળ અથવા પ્રધાનકારણ પૂર્વોપાર્જિત કર્મજન્ય કહેવાય છે. મન, વચન, કાયાની ક્રિયાઓ રાગ-દ્વેષાદિ આત્મક ભાવના દ્વારા જીવ પોતાની અંદર એવી શક્તિઓ ઉત્પન્ન કરે છે કે જેના પરિણામે તેને નાના પ્રકારના સુખ-દુઃખોનો અનુભવ તથા સંસારચક્રમાં પરિભ્રમણ કરવું પડે છે.

કામ = સંસારસુખ; તેનું સાધન અર્થ છે.

મોક્ષ = સંસારના સુખ-દુઃખોથી નિવૃત્તિ, સંસારનો અંત; તેનું સાધન ધર્મ છે. આપણી શારીરિક તથા માનસિક સાધનાઓ અર્થસંચય કરવાની પ્રવૃત્તિ પરાયણતારૂપ છે. આપણી સૌ ધર્મસાધનાઓ નિવૃત્તિ પરાયણતારૂપ છે.

आशागर्तः प्रतिप्राणि यस्मिन् विश्वमणूपमं ।
कस्य किं कियदायाति वृथा वो विषयैषिता ॥१॥

અર્થાત્: આશારૂપી ખાડો છે, જેમાં દરેક પ્રાણી અણુ જેટલો વિષય પામે છે. તો કોણ કેટલું ગ્રહણ કરી શકે?

તેથી ખરેખર જીવની વિષયો પ્રત્યેની આસક્તિ ફોગટ છે.
સમ્યગ્ = શુદ્ધજ્ઞાનાદિ. દર્શન = ભક્તિ - સચ્ચાઈ અને
સમ્યગ્દ્રષ્ટિતા તથા ધર્મ = ચારિત્ર - રાગ - દ્વેષરહિતતા.

શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।

સંયત: ઈંદ્રિયોના સંયમવાળો અને જ્ઞાનની તત્પરતાવાળો
શ્રદ્ધાવાન જીવ અવશ્ય સમ્યગ્ જ્ઞાનને મેળવે જ છે.
આત્માની શરીરથી ભિન્ન સત્તાનું ભાન એ ધાર્મિકદ્રષ્ટિનું
મૂળ છે. જ્યાં સુધી આ ભાન ન થાય, ત્યાં સુધી જીવ
મિથ્યાદ્રષ્ટિ છે. આ મિથ્યાત્વથી છુટવા માટે આત્મબોધરૂપ
સમ્યક્ત્વનો પ્રાદુર્ભાવ થાય, એનું નામ 'ગ્રન્થિભેદ' છે.

દેહથી અભેદ અધ્યવસાય એને 'ગ્રન્થિ' કહે છે.

જગતમાં આત્મતત્ત્વની સત્તાનો વિશ્વાસ જેને છે, તે
તેના સુખે સુખી થઈ અને દુઃખે દુઃખી થઈ સર્વ જીવના
દુઃખનિવારણ તથા સુખપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બને જ છે.

## Destiny and Free Will

નિયતિ-નિકાચના વડે નિયતિનો અને અન્ય કરણી વડે
Free Will ઉભયનો સમન્વય જૈન ધર્મસિદ્ધાંતમાં છે.

એકાંત નિયતિવાદ કે એકાંત સ્વચ્છંદવાદને
જૈન સિદ્ધાંતમાં ક્યારેય પણ સ્થાન અપાતું જ નથી.

<u>દર્શનમોહ</u> = રૂચિમાં અવિવેક - મનોવૃત્તિ.

<u>ચારિત્રમોહ</u> = વર્તનમાં અવિવેક - મનોવિકાર.

વસ્તુની પ્રાપ્તિ કરાવનાર લાભાન્તરાયનો અને વસ્તુઓનો ભોગોપભોગ કરાવનાર ભોગોપભોગાંતરાય ક્ષયોપશમ છે. વસ્તુની પ્રાપ્તિ અને ભોગોપભોગ દ્વારા સુખ-દુઃખાનુભવ કરાવનાર શાતા અને અશાતાવેદનીય કર્મનો ઉદય છે.

<u>ઉચ્ચગોત્ર</u> = લોકપૂજિત આચરણની પરંપરા.

<u>નીચગોત્ર</u> = લોકનિંદિત આચરણની પરંપરા.

'ગોત્ર ઉચ્ચતા અને નીચતામાં જન્મ પ્રમાણ નહિ પણ આચરણ પ્રમાણ છે' એમ જૈન સિદ્ધાંત કહે છે. માનસિક ગુણ-દોષનું કારણ મોહનીય કર્મ છે, તેમ શારીરિક ગુણ-દોષનું કારણ નામકર્મ છે. પોતાને ક્લેશદાયક બને તે <u>ઉપઘાત</u> અને અન્યને ક્લેશદાયક બને તે <u>પરાઘાત</u>.

<u>આતપ</u> = ઉષ્ણતાસહિત પ્રકાશ (સૂર્ય).

<u>ઉદ્યોત</u> = ઉષ્ણતારહિત પ્રકાશ (ચંદ્ર) ખદ્યોત.

સ્થિર અસ્થિમજ્જાદિ, અસ્થિર રક્ત-વાયુ આદિ. આદેય, અનાદેય એ વચન આશ્રિત છે. યશ-અયશ એ દેહાશ્રિત છે. આમ નામકર્મની પ્રકૃતિઓ દ્વારા જીવનું શરીર, અંગોપાંગ, ધાતુ, ઉપધાતુ તથા કાર્ય વૈચિત્ર્યનું નિયમન - નિર્ધારણ થાય છે. ત્રૈલોક્યપૂજ્યતા એ પણ પુણ્યનો દેહાશ્રિત ધર્મ છે.

ૐ

## સ્યાદ્વાદ - નયવાદ

આસ્તિક્ય = આત્મસત્તામાં વિશ્વાસ. દર્શન = સામાન્ય ગ્રહણ.

દર્શન વડે આત્મસત્તાનું ભાન થાય છે.

જ્ઞાન વડે બાહ્ય પદાર્થોનો બોધ થાય છે.

દર્શનનું ક્ષેત્ર અંતરંગ - જ્ઞાનનું બહિરંગ છે. બંનેનો પરસ્પર સંબંધ કાર્ય-કારણનો છે. આત્માવધાન નહિ હોય, ત્યાં સુધી બાહ્ય પદાર્થોનો સંનિકર્ષ થવા છતાં બોધ નહિ થાય. એનું તાત્પર્ય એ છે કે આત્મચૈતન્યનું અવધાન નહિ હોય, ત્યાં સુધી મન દ્વારા વસ્તુનું જ્ઞાન ગ્રહણ નહિ થાય. એ ચૈતન્યનું અવધાન પરપદાર્થ ગ્રહણ માટે આવશ્યક છે. અહિતમાં પરિણમનનું જ્ઞાન સત્ય હોય તો પણ મિથ્યા છે. હિતમાં પરિણમે તે જ્ઞાન હોય તો પણ સમ્યગ્ છે. અહીં સમ્યગ્-મિથ્યા શબ્દ હિતાહિતપરક અર્થમાં વપરાયો છે.

એકનયથી પ્રવર્તેલાં દર્શનોની અયથાર્થતા અને સ્યાદ્વાદ સિદ્ધાંતને દૂષિત કરનાર ઉક્તિઓનો નિરાસ સમન્વય અનૂઠાત્મક સ્યાદ્વાદથી કરી શકાય છે.

o

o Without character you've nothing,
you are nothing and
you can be nothing.

## રત્નત્રયી એજ ધર્મ

સંવર અને નિર્જરા દ્વારા મોક્ષની સાધના માટે
દર્શન અને જ્ઞાનની જેમ જ ચારિત્રની પણ જરૂર છે.

## અહિંસા પરમો ધર્મ: ।

જેમાં અહિંસાને પરમ સ્થાન છે, શ્રેષ્ઠ સ્થાન છે તે ધર્મ.
ધર્મધ્યાન વડે દૃષ્ટિની શુદ્ધિ, શ્રદ્ધાની દૃઢતા, બુદ્ધિની
નિર્મળતા અને ચારિત્રપાલનમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.

અણુવ્રત = એકાંશવ્રત, મહાવ્રત = સર્વાંશવ્રત.

અહિંસાના ઉપદેશમાં ભાર મુખ્યતયા મનુષ્યની માનસિક
શુદ્ધિ ઉપર રહેલો છે. અસદાચરણનો પરિષ્કાર સ્વતંત્ર
રીતે અને નિષેધાત્મક નિયમો દ્વારા જ કરી શકાય છે.

સામાયિકની અપેક્ષાએ બધા વ્રતો એક જ કહેવાય.
અહિંસાદિ બધા વ્રતો સામાયિકચારિત્રમાં અંતર્ભાવ પામે.

સંલેખણા એ આત્મઘાત નહિ,
કિન્તુ સલામતી માટે બળતા ઘરનો વિધિપૂર્વક ત્યાગ છે.
આત્મઘાત તો તીવ્ર રાગ-દ્વેષની વૃત્તિનું જ પરિણામ છે.

સત્યના બે અર્થ = યથાર્થતા અને હિત.
શબ્દાત્મક વચન મનોવસ્થાને વ્યક્ત કરનારું પ્રતીકમાત્ર છે.

સ્વાધ્યાય = શાસ્ત્રાદિકોનું ગવેષણ.

ક્ષાયોપશમિક ભાવ તે છે કે જેમાં સર્વઘાતી સ્પર્ધકોના ઉદયનો ક્ષય તથા સત્તાગતનો ઉપશમ અને દેશઘાતી સ્પર્ધકોનો ઉદય હોય એવો પરિણામ. ૭મા ગુણસ્થાનકથી અગાઉની અવસ્થા ધ્યાનની છે, કેમકે ધ્યાનાવસ્થા સિવાય પ્રમાદના અભાવનો સંભવ નથી. ૮મું અપૂર્વ-કરણ છે. તેને નિવૃત્તિબાદર પણ કહે છે. ૯મું અનિવૃત્તિ બાદર છે. એમાં સર્વજીવોના પરિણામ એકસરખા હોય છે.

એમાં સમય સમય શુદ્ધતર હોય છે.

જેમ કેસરથી રંગેલા કપડાને ધોઈ નાખવામાં આવે તો પણ તેમાં કેસરી રંગનો અતિસૂક્ષ્મ આભાસ રહી જાય, તેમ ૧૦મા સૂક્ષ્મસંપરાયમાં છેક સૂક્ષ્મ લોભ રહી જાય છે. ૧૧મા ઉપશાંતમોહ - ૧૨મા ક્ષીણમોહમાં વીતરાગતા હોય છે. ત્યાં હજુ જ્ઞાનાવરણાદિ કર્મોની સત્તા છે, તેથી છદ્મસ્થતા ય છે. ૧૩મું સયોગીકેવલી - ૧૪મું અયોગીકેવલી ગુણસ્થાનક છે.

દ્રવ્ય તે છે કે જેમાં સત્તા હોય. સત્તા સ્વયં ત્રિગુણાત્મક છે. તે ત્રણ ગુણનાં નામ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય. ચૈતન્ય ગુણયુક્ત આત્મતત્ત્વ અને ચૈતન્યહીન મૂર્ત ભૌતિક પદાર્થ.

અમૂર્ત આકાશ - કાલાદિ દ્રવ્યગુણપર્યાયાત્મક છે.

ગુણાત્મકતાના કારણે ધ્રૌવ્ય અને
પર્યાયાત્મકતાના કારણે ઉત્પત્તિ અને વિનાશ છે.

## અહિંસા અને અનેકાંત

અનેકાંતનો આધાર જેમ વસ્તુવિચાર કે તત્ત્વચિન્તન છે,
તેમ અહિંસાનો આધાર પણ તે જ છે.
શાસ્ત્રરૂપથી બન્ને જોડિયા સમાન છે,
તેથી પરસ્પર સન્માન-સદ્ભાવ-સહયોગ અનિવાર્ય છે.
અહિંસા બે પ્રકારની છે: ભાવના અને ક્રિયારૂપ.
ક્રિયારૂપ અહિંસા પણ પ્રયોજનાનુસાર અનેક પ્રકારની છે.
સંકલ્પપૂર્વક હિંસા તેનું નામ છે કે જે નિષ્પ્રયોજન
હોય અથવા ક્રોધ, વેર આદિ દુષ્ટ ભાવનાઓથી હોય.
પ્રેમ દિવ્ય એટલા માટે છે કે તે સૌને પ્રિય છે.
પ્રેમની જાગૃતિ સત્સંગથી છે.
સત્સંગનો અર્થ અસત્ સંગની નિવૃત્તિ છે. અસત્ શું?
આત્મભિન્ન સર્વ. તે મને ન જોઈએ, કેમકે તે મારું નથી.
એ જ સત્સંગનો અર્થ.
દાનથી ધનની અને પરોપકારથી મનની શુદ્ધિ થાય છે.
જે પોતાની ચિંતા ભગવાન ઉપર છોડે છે,
તેની ચિંતા સ્વયં ભગવાન કરે છે.
એ માટે ધ્યાન તથા જપની જરૂર છે.
જપ કરવાથી જન્મકુંડલીના ગ્રહો પણ સુધરે છે.

પ્ર. સૌંદર્ય ક્યારે જાણી શકાય? જ. આત્મીયતા વધે ત્યારે.
જાણનો ન દેખાય તે જોનાર કવિ પોતાના વિચારો જોઈ શકે.
બુદ્ધિશાળી તે છે કે જે પોતાની બુદ્ધિને બુદ્ધિનિમિત્ત
સદા ઈશ્વરને સોંપી દે. તેનું જ જીવન સફળ છે.
વિષયમાં સૌંદર્ય વિષયનું નહિ પણ પ્રભુનું છે.
પ્રભુના વિચાર વિનાનું સૌંદર્ય માદક અને મોહક છે.
પ્રભુ સાથેનું સૌંદર્ય બોધક અને પ્રાસાદિક છે.
સૌંદર્યમાત્રનું મૂળ પ્રભુ છે.
મનની તાર્કિકતા શબ્દ જેટલી જ મર્યાદિત છે, કિન્તુ
મગજમાં પ્રભુના વિચારો, હૃદયમાં પ્રભુની ભક્તિ અને
હાથ-પગથી તો પ્રભુની સેવા થવી જ જોઈએ.
યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ।
સૂક્તિ: જે જેને ભજે છે, તે તેવો થાય છે.

°

બાહ્ય goal - શિવમસ્તુ સર્વજગતઃ।
Head - External Force.
અભ્યંતર goal - નમો અરિહંતાણં।
Heart - Internal Force.
Where there is no word,
there is no mind.

0 આપણું અવલંબન ગુરુ હોય છે કિન્તુ
મહાપુરુષોની અનુભૂતિનું અવલંબન ભક્ત હોય છે.
'શિવજી પ્રલયંકારી છે' એનો અર્થ એ કે
જીવનમાં પરિપૂર્ણ જ્ઞાન તરફ જતા જઈએ,
તેમ તેમ સૃષ્ટિ લાગે જ નહિ,
સૃષ્ટિના સંબંધો ફીક્કા લાગે.
જ્ઞાનીના જીવનમાંથી કામ ચાલ્યો જાય છે.
જે વિચારમાં રહે તે જ્ઞાન. જે અનુભૂતિમાં આવે તે વિજ્ઞાન.
જ્ઞાતા અને કર્તાના મિલનને 'વિજ્ઞાતા' કહે છે.
કામાસક્તિનું સ્થાન ભાવાસક્તિ લે ત્યારે જ ભક્તિ જાગે.
માનવ જ્યારે પ્રભુપ્રેમ ભૂલી જાય તથા
ઈશપ્રેમને ન ઓળખી શકે, ત્યારે તેનું પતન થાય છે.
'હું સ્વતંત્ર છું' એ વિચાર જ મોહ છે.
'કોઈ એક શક્તિ મને ચલાવે છે' એ વિવેક છે.
'હું' કાઢવા ભક્તિની જરૂર છે.
ભગવાન જોડે સંબંધ બાંધવાથી આશ્વાસન મળે છે.
પ્રભુ સાથેનો સંબંધ આશ્વાસનમાંથી વિશ્વાસમાં આવે છે.
વિશ્વાસથી મૈત્રી વધે છે.
મૈત્રીમાં પત્નીનો પ્રેમ અને માતાની મમતા હોય છે.

વિશ્વાસમાંથી શ્રદ્ધા, શ્રદ્ધામાંથી પ્રેમ, પ્રેમમાંથી આત્મીયતા અને આત્મીયતામાંથી તદ્રૂપતા આવે છે. પત્નીએ પતિનું સર્વસ્વ પતિમાં તદ્રૂપ કર્યું, તેથી જ પુત્રને ૯ માસ પેટમાં રાખે, જન્મ આપે, પાળે, પોષે, તે છતાં 'પોતાના પતિનો એ પુત્ર છે' એમ કહે. એ રીતે ભક્તિથી અદ્વૈત બને છે.

જ્ઞાનપ્રાપ્તિ માટે અંતઃકરણને વાસનાશૂન્ય કરવું જોઈએ. જ્યાં સુધી એક પણ ભોગ-વાસના અંતઃકરણમાં છે, ત્યાં સુધી જ્ઞાન સ્થિર થઈ શકતું નથી, વિકૃત પણ બની જાય.

માત્ર જાણકારી તે જ્ઞાન નથી.

એ મુજબ આચરણ થાય તો જ જ્ઞાન વાસ્તવિક થયું કહેવાય. જે પુસ્તકમાં હોય તે બુદ્ધિમાં ભર્યું એટલે બુદ્ધિ જાણે પુસ્તક બની ગઈ. તેવું કરવાથી કાર્ય સિદ્ધિ ન થાય.

કાર્યસિદ્ધિ તો જાણકારી મુજબના આચરણથી થાય.

अनन्तपारं किल शब्द-शास्त्रं ।

અર્થાત્: શબ્દશાસ્ત્ર અનંત અપાર છે.

शब्दजालं महारण्यं चित्तभ्रमण-कारणं ।

અર્થાત્: મહાવન સમ શબ્દજાળ ચિત્તભ્રમણનું કારણ છે.

अतः प्रयत्नात् ज्ञातव्यं, तत्त्वज्ञैस्तत्त्वमात्मनः। અર્થાત્: આથી તત્ત્વજ્ઞોએ પ્રયત્નપૂર્વક આત્માનું સ્વરૂપ જાણવું જોઈએ.

'હું શરીર નહિ પણ તેનો નિયમન કરવાવાળો આત્મા છું, હું શરીર, મન, બુદ્ધિ, ઇંદ્રિયો કે તે બધાનો સમૂહ નહિ પણ તે બધા જડ પદાર્થોનો નિયામક છું.' આ જ્ઞાન છે.

मुक्तिस्तु ब्रह्मतत्त्वस्य ज्ञानादेव न चाऽन्यथा ।
स्वप्नबोधं विना नैव स्वस्वप्नो हीयते यथा ॥१॥

(પરિશિષ્ટ-૨૫)

V. Imp.

વિદ્વત્તા શ્રમસાધ્ય છે, જ્ઞાન કૃપાસાધ્ય છે. ઈશ્વર અને ગુરુકૃપા થાય છે, ત્યારે વિશુદ્ધ અંતઃકરણમાં જ્ઞાન સ્વયં સ્ફુરિત થાય છે, તેથી જ્ઞાન સ્વયંભૂ છે પણ પરિશ્રમસાધ્ય નથી. આત્મતત્ત્વના જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રબળ પુરુષાર્થની અથવા ઘણું બધા પુસ્તકો વાંચવાની આવશ્યકતા નથી, પરન્તુ અંતઃકરણને નિર્મળ કરી દૃષ્ટિને સમ બનાવવાની જરૂર છે. જ્ઞાનની પ્રાપ્તિ માટે જરૂર છે અધિકારસંપન્ન થવાની. 'હું આત્મસ્વરૂપ છું' એવું યથાર્થજ્ઞાન થાય તેનું નામ 'મોક્ષ'. એ સિવાય બીજો કોઈ પદાર્થ મુક્તિ નથી. સ્વપ્નનો અંત લાવવા માટે નિદ્રાથી જાગવા સિવાય બીજો કોઈ ઉપાય છે નહિ, એની જેમ આત્મજ્ઞાન એ જ મુક્તિ છે.

वाग् वैखरी शब्दझरी शास्त्रव्याख्यानकौशलं ।
वैदुष्यं विदुषां तद्वत् भुक्तये न तु मुक्तये ॥१॥

(પરિશિષ્ટ-૨૬)

देहात्म-ज्ञानवज् ज्ञानं, देहात्म-ज्ञान-बाधकम् ।
आत्मन्येव भवेद्यस्य स नेच्छन्नपि मुच्यते ॥१॥

(પરિશિષ્ટ-૨૭)

## મૌનપ્રમુખ ચૈતન્યરૂપ લલના

જૈસે લલના લલિત મેં, લાખ ધરતુ હૈ સાર,
તૈસે મૌન પ્રમુખ મેં, ચિત્ત ધરિ કરિ સુવિચાર.

અહીં મૌનભાવને સર્વોત્તમભાવ સાથે સરખાવ્યો છે. અપેક્ષા યોગના તે લલના અને સર્વ ભવો તે લલિત.

કેવા ઉદાત્ત કલ્પના!

સર્વ સમર્પણનો અહીં ધ્વનિ છે અને
તે જ મૌનનો તાત્ત્વિક અર્થ છે.

આમાંથી સાર્વકાલિક અને સાર્વદેશિક મૌન પ્રતિફલિત થાય. લલનાનો લલિત વિષયક સ્નેહભાવ અત્યંત તીવ્રતમ, આર્દ્ર, સર્વસમર્પક હોય છે, અપિતુ જીવનભરનો સ્નેહનો હોય છે.

એ સમર્પણ ભવોભવ સ્નેહનું પણ હોય છે.

નેમ-રાજુલ વગેરે દૃષ્ટાંતો એના સમર્થક છે. આમ જ આ યોગના-કાંતાનો સર્વભવ યોગપતિ સાથે, અંતઃપ્રકાશનો ઉદય થયા પછી અથવા કે નિર્મલ દર્શનના ઉદ્ઘાટન બાદ જ સાર્વકાલિક - સાર્વદેશિક - સાર્વભૌમ સંબંધ બંધાય છે.

સર્વજ્ઞવચન તે શિવ - આપણાં આત્મવચનો તે શિવા.
એ બંનેનું પૃથક્ ચૈતન્ય ન સંભવે.
શિવાએ શિવમાં વિલીન થઈ જ જવું જોઈએ.
મંત્રપ્રમુખ લલના છે, આપણું વચન તે લલિત છે.
લલિત જેમ લલનામાં ભાવ ઘોળણા કરે છે,
તેમ વચને મંત્રપ્રમુખમાં ભાવ ઘોળણા કરવી જોઈએ.

<u>ગુરૂની કરૂણા</u>

તે વિના શિષ્યાત્મામાં અંતઃપ્રકાશનો ઉદય દુઃશક્ય છે.
ગુરૂમાં જે કરૂણા રહેલી છે એ જ ગુરૂતત્ત્વ છે,
જે દેવતત્ત્વમાંથી ગુરૂતત્ત્વમાં પ્રવેશે છે.
ધર્મતત્ત્વ કરૂણારૂપ છે.
કરૂણાનો અસ્ખલિત સનાતન પ્રવાહ
અનાદિકાળથી આ વિશ્વ ઉપર વહ્યા જ કરે છે.
તે તે તીર્થંકરોમાં તે તે વિશેષરૂપે દર્શન આપે છે.
આ રીતે કરૂણાનો માર્ગ અબાધિત, અસ્ખલિત અને સતત પ્રવાહિત રહે છે તથા કલ્યાણગંગા સતત પરિપ્લુત છે.
તે કરૂણાનો જ જો વિનાશ થાય તો માર્ગ અબાધ વહે જ શી રીતે? તીર્થંકરો અને ગુરૂઓ તો નિમિત્તમાત્ર છે.
કરૂણાતત્ત્વ સ્વપ્રયોજન સાથે તીર્થંકરો અને ગુરૂઓને

અસ્તિત્વમાં આવે છે અને એ રીતે વ્યક્તિમાં તે સ્વસત્તાનાં દર્શન કરાવે છે. જડ ચૈતન્ય અને કરુણા અદ્ભુત છે.

અચલ પણ દૃઢ પ્રતીતિ થાય છે કે

આ જગતમાં જે કાંઈ છે, તે આ આત્મા જ છે.
આ આત્મા જ કોઈ વખતે દેવરૂપે, તો કોઈક વખત ગુરુરૂપે, તો વળી કોઈક વખત ધર્મરૂપે સમુપસ્થિત થાય છે.
આપણા સર્વ વિસ્મયોથી આપણે જેને ચિન્તવીએ છીએ, તે આપણે પોતે જ છીએ.

આત્માની પરિણામન શક્તિ અચિન્ત્ય છે.
જે જે ભાવમાં એ પ્રવેશે, તદ્-તદ્રૂપ એ બનતો જાય છે.
આમ જે કાંઈ છે, તે આત્મા છે અને તે જ ઉપયોગી છે.
દેવના દર્શનથી દેવરૂપે થઈને આ આત્મા દર્શન દે છે, એમ ગુરુ અને ધર્મના વિષયમાં પણ તેમ જ સમજવું.

ईश्वरः प्रेरितो गच्छेत् स्वर्गं वा श्वभ्रमेव वा ।
अन्यो जन्तुरनीशोऽयमात्मनः सुख-दुःखयोः ॥१॥

અર્થાત્: ઈશ્વરપ્રેરિત આ જીવ સ્વર્ગ કે નરકમાં જાય છે. આ આત્માને સુખ-દુઃખ આપવા જાતે જીવ સમર્થ નથી.

प्रेक्षावतां प्रवृत्तिः स्वार्थकारुण्याभ्यां व्याप्ता भवतीति ।

અર્થાત્: બુદ્ધિમાન પુરુષોની પ્રવૃત્તિ સ્વાર્થ-કરુણાવાળી હોય.

શ્રી

## યોગ અને તેના વિવિધ પ્રકારો

વિચાર, અનાસક્ત કર્મ, પ્રેમ અને અનુભૂતિ દ્વારા પ્રભુની પ્રાપ્તિ એ જેમાં ધ્યેય છે, તેનું નામ યોગ છે અને તેના વિવિધ નામો રાજયોગ, કર્મયોગ, ભક્તિયોગ વગેરે છે. રાજયોગમાં મુખ્યતા ધારણા-ધ્યાન-સમાધિની, કર્મયોગમાં ફલેચ્છારહિત અનાસક્ત કર્મની, ભક્તિયોગમાં સુંદર વસ્તુ માત્રને પ્રેમ આપવાની, જ્ઞાનયોગમાં સ્વરૂપ અનુભૂતિની છે.

### રાજયોગ

મનની એકાગ્રતા દ્વારા ઈશ્વરપ્રાપ્તિ માટે એકાગ્રતા વૃદ્ધિનો અભ્યાસ એ 'રાજયોગ'. જ્ઞાનપ્રાપ્તિની માત્ર એક જ રીત આપણી પાસે છે અને તે રીત એકાગ્રતાની છે. રસાયણશાસ્ત્રી, ખગોળશાસ્ત્રી, અધ્યાપક કે વિદ્યાર્થી સહુને માટે આ જ રીત છે. શક્તિ અને પ્રેમને જેટલા પ્રમાણમાં એકાગ્ર કરવામાં આવે તેટલા પ્રમાણમાં વધુ જ્ઞાન મેળવી શકાય છે, વધુ જ્ઞાન આપી શકાય છે. ધન મેળવવામાં કે ઈશ્વરની આરાધનામાં કે કોઈપણ કાર્યમાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે તેટલું જ કાર્ય વધારે સારું થશે. રાજયોગના નિરૂપણનો એક માત્ર વિષય એકાગ્રતા છે. જ્ઞાનના ભંડારની પણ એકમાત્ર ચાવી એકાગ્રતા છે.

## કર્મયોગ

'કર્મયોગ' એટલે કર્મ દ્વારા ઈશ્વરપ્રાપ્તિનો અભ્યાસ. વિચારની ભૂમિકા ઉપર જેઓ એકાગ્રતા ન સાધી શકે, તેમણે ઈંદ્રિયો અને મનથી પ્રત્યક્ષ કરી શકાય તેમ હોય, તેવા નક્કર કર્મથી એકાગ્રતા સાધવી. કર્મયોગનું રહસ્ય આસક્તિરહિત કર્મ કરવું તે છે. જ્યારે જ્યારે દુઃખનો અનુભવ થાય છે, ત્યારે ત્યારે તે કાંઈક મેળવવાની વૃત્તિના પ્રત્યાઘાતરૂપે જ હોય છે. સાચો કર્મયોગ એટલે કંઈ બદલો મેળવવાની આશા વિનાનું સત્કર્મ. એથી કર્મ શુદ્ધ થાય અને શક્તિનો વધુમાં વધુ સદુપયોગ થાય છે. ફળની ઈચ્છાપૂર્વક ઘણું કર્મ શક્તિને વેડફી નાંખે છે. મનુષ્ય કોઈને કોઈ કામમાં રોકાયેલો તો હોય જ છે પણ કર્મનું રહસ્ય ન જાણવાથી શક્તિને વેડફી નાંખતો હોય છે.

જ્યારે કર્મોમાંથી ફળાસક્તિ દૂર કરવામાં આવે છે, ત્યારે તે કર્મ પ્રસન્નતા પેદા કરે છે, નવું બંધન ઘડતું નથી અને એ કર્મ જુનાં બંધનોને દૂર કરી આપે છે. બધાં દુઃખ-દર્દ આસક્તિમાંથી, ફળેચ્છામાંથી ઉત્પન્ન થાય છે. કર્મયોગીને તે હોતાં નથી. કર્મયોગનું સ્થાન દાતાનું છે. તેથી પ્રત્યેક કર્મને તે સારી રીતે નિર્લેપણે કરી શકે છે.

## ભક્તિયોગ

ઉપનિષદ અને પ્રેમ માટેનો યોગ એ ભક્તિયોગ છે. ભક્તને ઈશ્વર સાથે પ્રેમ કરવો છે અને તે માટે તે બધા જાતનાં અનુષ્ઠાનો કરે છે. પુષ્પ-ધૂપ-દીપ-મંદિર-મૂર્તિ આ બધા ઉપર તે આધાર રાખે છે. ભક્તિ માટે ભક્તને આ બધાની જરૂર પડે છે. જે સંપ્રદાયો પાસે ભક્તિ માટેનાં અનુષ્ઠાનો અને પુરાણો છે, તેમાંથી જ દુનિયાની મહાન વિભૂતિઓ ઉત્પન્ન થઈ છે. જે સંપ્રદાયોએ પ્રતિમા-પૂજાનાં અનુષ્ઠાનો વિના જ પ્રભુની ઉપાસના કરવાના પ્રયત્નો કર્યા છે, તેમણે ધર્મમાં જે કાંઈ સુંદર અને ભવ્ય છે, તેનો અજાણપણે નાશ કર્યો છે. તેમનો ધર્મ વધુમાં વધુ શુષ્ક અને નીરસ બને છે. જગતના મહાન પુરુષો કે જેમના હૃદયમાં અદ્ભુત રીતે આધ્યાત્મિકતા વિકાસ પામેલી છે, તે બધા આ ભક્તિના અનુષ્ઠાનો દ્વારા જ વિકાસ મેળવી શક્યા છે. ઉપનિષદ પુરુષોને સત્યની સૂક્ષ્મ વ્યાખ્યાઓની જરૂર પડતી નથી.

તેઓ માટે ઈશ્વર એક સત્ય વસ્તુ છે, જે ઇંદ્રિયોથી ગ્રહણ કરી શકાય તેવું તત્ત્વ છે. તેઓ ઈશ્વરને સાક્ષાત્ જુએ છે, સાંભળે છે, અનુભવે છે અને ચાહે છે.

ભક્તિયોગ ઈશ્વર પ્રત્યે પ્રેમ રાખવાનું અને
સૌના પ્રત્યે ચાહના રાખવાનું શીખવે છે.
કોઈપણ સ્વાર્થ વગર નિર્વ્યાજ પ્રેમ કરવાનું શીખવે છે.
પ્રભુ સ્વર્ગે લઈ જાય કે અહીં પુત્ર-પૈસો આદિ આપે,
એ માટે નહિ પણ પ્રભુ કલ્યાણકારી છે, માટે ચાહવાના છે.
પ્રેમ એ જ પ્રેમનો પરમ પુરસ્કાર છે.
ઈશ્વર પોતે પણ પ્રેમસ્વરૂપ છે.
જ્યાં જ્યાં નિઃસ્વાર્થ પ્રેમ છે, ત્યાં ત્યાં ઈશ્વર છે.
જ્યાં કશેક પણ પ્રેમ રહેલો છે, ત્યાં ઈશ્વર રહેલો છે.
જ્યારે હૃદય વિહ્વળ થાય, ત્યારે તે ત્યાં પ્રગટ થાય છે.
ભક્તિયોગ આ શીખવે છે.

## રાજયોગ

તત્ત્વજ્ઞાનીને મન ઈશ્વર પિતા છે, માતા છે, વિશ્વનો
કર્તા, રક્ષક કે નિયામક છે વગેરે પૂરતું નથી. તેને મન તો
ઈશ્વર પ્રાણનો પણ પ્રાણ અને આત્માનો પણ આત્મા છે.
ઈશ્વર સ્વયં પોતાનું સ્વરૂપ છે.
ઈશ્વરથી અન્ય કાંઈ છે જ નહિ.
બધા નાશવંત તત્ત્વો તેના તત્ત્વજ્ઞાનના પ્રહારે ભુક્કા થઈ
સાફ થઈ જાય અને જે ખરેખર શેષ રહે, તે સ્વયં પ્રભુ છે.

તેને મન કરોડો બ્રહ્માંડો પણ
આત્મસત્તાના સાગરમાં એક બિન્દુ સમાન છે.

તત્ત્વચિંતક કે જ્ઞાનયોગી આ જગતની ક્ષુદ્ર વસ્તુઓથી સંતોષ પામતો નથી. તેનો વિચાર રોજના ખાવા-પીવાના વગેરે વ્યવહારથી પર જવાનો છે. હજારો પુસ્તકોનું શિક્ષણ અને સઘળાં વિજ્ઞાનો પણ તેને સંતોષ આપી નહિ શકે. બહુ તો એ વિજ્ઞાનો તેની સામે એક નાનું વિશ્વ ખડું કરશે. તેના આત્માને તો આ બધાથી પર જઈને 'સત્' એટલે કે Reality જેવા રીતે, જેવા સ્વરૂપે છે, તેવા સ્વરૂપે તેને જોઈને અનુભવી, તત્ત્વ સ્વરૂપ બની, વિશ્વાત્મા સાથે એક થઈ, સત્ના હાર્દમાં પહોંચવું છે. આ છે તત્ત્વજ્ઞાનીની વ્યાખ્યા.

જાગ્રત અવસ્થાવાળા જીવાત્માનું નામ 'વિશ્વ' અને
ઈશ્વરાત્માનું નામ 'વૈશ્વાનર' છે.

તપ-ચારિત્ર-દર્શન-જ્ઞાન
: ચારે યોગની ઉપયોગીતા :

| | | | |
|---|---|---|---|
| ચિત્તનાશક માટે રાજયોગ | - | એકાગ્રતા | = તપ |
| ક્રિયાશક્તિજય માટે કર્મયોગ | - | અનાસક્તિ | = ચારિત્ર |
| ઊર્મિશક્તિ માટે ભક્તિયોગ | - | પ્રેમ | = દર્શન |
| તત્ત્વજ્ઞાનજય માટે જ્ઞાનયોગ | - | અભેદાનુભૂતિ | = જ્ઞાન |

શ્રી

## નવકાર પદ

મંગલમય છે નામ મહામંત્રનું, સાચો છે આરામ...
સર્વ જીવોને સુખ દેનારું, અંતરનાં તિમિર હરનારું,
પાપીમાં પાપી દીનદુઃખિયાને એ જ દીધો વિશ્રામ. -૧
સુરવર મુનિવર કીર્તન કરતાં, નામ લઈ ભવસાગર તરતાં
ભક્તિભાવે ગુંજન કરતાં, જાગે આતમરામ. -૨
તારા નામનો મહિમા ભારી, તારું નામ સદા ઉપકારી,
તારા નામે શાતા પામે, જગનાં જીવ તમામ. -૩

## શ્રી શાંતિનાથપ્રભુનું સ્તવન

શાંતિ જિન એક મુજ વિનતિ, સુણો ત્રિભુવનરાય રે;
શાંતિ સ્વરૂપ કિમ જાણિયે, કહો મન કેમ પરખાયે રે? -૧
ધન્ય તું આતમા જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. -૨
ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તિમ અવિતથ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે. -૩
આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ ધાર રે. -૪
શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાળ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરિ, ભજે સાત્વિક સાલ રે. -૫

ફલ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવ સાધન સંધિ રે. -૬

વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે. -૭

દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;
જોગસામર્થ્ય ચિત્તભાવ જે, ધરે મુગતિ નિદાન રે. -૮

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક-પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોય તું જાણ રે. -૯

સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ-મણિ ભાવ રે;
મુક્તિ-સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલધિ નાવ રે. -૧૦

આપણો આતમભાવ જે, એક ચેતનાધાર રે;
અવર સવિ સાથ સંજોગથી, એહ નિજ પરિકર સાર રે. -૧૧

પ્રભુ મુખથી ઇમ સાંભળી, કહે આતમરામ રે;
તાહરે દરિસણે નિસ્તર્યો, મુજ સિધ્યાં સવિ કામ રે. -૧૨

અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારની, જેહથી ભેટ થઈ તુજ રે. -૧૩

શાંતિ સરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ-પર-રૂપ રે;
આગમમાંહિ વિસ્તર ઘણો, શાંતિજિન ભૂપ રે. -૧૪

શાંતિ સરૂપ ઇમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
'આનંદઘન' પદ પામશે, તે લહેશે બહુમાન રે. -૧૫

ॐ ह्रीं

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૧)**
કલ્મષ ક્ષીણ થયેલા મનથી સ્મૃતિમાત્રના નિરોધથી ગમાગમપદમાં રહેલ પરમધ્યેયનું ધ્યાન કરે છે. તે-તે નિયતાકારવાળું અને સંકોચના અભાવપૂર્વક પરમ ધ્યેય, પરમ કારણ એવા શિવસ્વરૂપનું ધ્યાન કરી આત્મા સાથે શિવને અભેદપણે વિચારે છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૩)**
દાન દારિદ્રયનાશ, શીલ દુર્ગતિનાશ, પ્રજ્ઞા અજ્ઞાનનાશ, ભાવના સંસારનાશ કરે છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૩૦)**
જેનું હૃદય દયાવાન, જેનું વચન સત્યથી શોભતું અને જેની કાયા પરનું હિત કરનાર છે, તેને કલિકાલ શું કરી શકે?

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૩૧)**
સર્વ પદાર્થોની વૃદ્ધિનું કારણ હમેંશા સામાન્ય છે અને હ્રાસનું કારણ વિશેષ છે. પ્રવૃત્તિ તો ઉભયની છે. (૧) સામાન્ય એકપણું કરનાર છે, વિશેષ વળી પૃથગ્ કરનાર છે. તુલ્યઅર્થતા સામાન્ય છે અને વિશેષ વળી વિપર્યય કે ભિન્ન અર્થવાળું છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૬૯)**
સજ્જનોના કાન શાસ્ત્ર સાંભળવા વડે શોભે છે - કુંડલ વડે નહીં, હાથ દાન વડે શોભે છે - કંકણ વડે નહીં અને શરીર પરોપકાર વડે શોભે છે - ચંદન વડે નહીં.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૭૨)**
સંતોષ એ શ્રેષ્ઠ લાભ છે, સત્સંગ એ શ્રેષ્ઠ ધન છે, વિચાર કરવો એ શ્રેષ્ઠ જ્ઞાન છે અને સમતા એ શ્રેષ્ઠ સુખ છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૭૬)**
વૈરાગીને ભિક્ષા આપનાર માતા છે, ગુરૂ ભગવંત પિતા છે, શિષ્ય એ કુમારો (પુત્રો) છે, એકાંતમાં આત્મરમણતાનું કારણ શાંતિ એ પત્ની છે.

ૐ

### પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૭૭)

વ્યવહારથી મોક્ષનું કારણ ચારિત્ર અને નિશ્ચયથી મોક્ષનું કારણ દેહરહિત આત્માનું ધ્યાન છે.

### પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૭૯)

મોક્ષમાર્ગમાં જતાં કિલ્લા સમાન, અંધકારની ગ્રંથિ ભેદવામાં આનંદ સમાન, ગુફાના અંધારામાં પ્રકાશ સમાન અને સંસારસમુદ્રમાં દ્વીપ સમાન (પરમાત્મા) છે.

### પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૮૪)

હૃદયકમળની મધ્યમાં રહેલા શબ્દબ્રહ્મનું એક કારણ, સ્વર-વ્યંજનથી વણાયેલું, પરમેષ્ઠિનું વાચક, મસ્તક ઉપર રહેલા શ્વેત કિરણોવાળી કલામાંથી નીકળતાં અમૃતરસની ભીનાશવાળા મહામંત્ર ૐકારને કુંભક કરવા વડે ચિંતવવું.

### પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૮૫)

સંયમી સાધક શરીર - મન - નિયતિને જાણનાર હોય. તે ધાર્મિક, વ્યર્થ ચિંતા વગરનો, આત્મજ્ઞ અને નિર્ભય હોય.

### પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૯૯)

અનાદિ, અનંત અને શાશ્વત જે 'બ્રહ્મ' શબ્દ છે, તે જ તત્ત્વ છે. આ જ બ્રહ્મતત્ત્વ પદાર્થના અસ્તિત્વરૂપે પરિણામ પામે છે, કારણકે જગતની આ પ્રક્રિયા છે.

### પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૦૦)

વર્ણથી વ્યતિરિક્ત, છેલ્લા વર્ણના અનુભવમાં, વર્ણથી જણાતો સ્ફોટ જ વર્ણો-પદો-વાક્યોમાં વાચક છે એમ જાણવું. 'स्फुटति' અર્થાત્ અર્થ જેનાથી અભિવ્યક્ત થાય તે 'સ્ફોટ' કહેવાય. આ વ્યુત્પત્તિથી પદાર્થને જણાવનાર, પદાર્થનો પ્રકાશ કરનાર, પદાર્થમાં રહેલી વિષયતાને જણાવનાર શક્તિવાળાપણું, તે શબ્દનું સ્ફોટસ્વરૂપ છે.

### પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૦૧)

જે પદથી પદાર્થનો ખ્યાલ આવે અને મનમાં એ પદાર્થની સ્મૃતિ થાય, તેનાથી શબ્દબોધ થાય છે ('આ કહેવા માંગે છે' એવી સમજણ મળે છે).

શ્રીઁ

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૩૪)**

સમતા રૂપી અમૃતના પ્રભાવ અને શુભ ધ્યાનના યોગ વડે જીવ અલ્પ પ્રયત્ને પણ મોક્ષ પ્રાપ્ત કરે છે, એમાં સંશય નથી.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૪૫)**

અનુક્રમે બધા જીવો પ્રત્યે મૈત્રી ભાવવી જોઈએ. 'હું સર્વ જીવોને ખમાવું છું. સર્વ જીવો પ્રત્યે મને મૈત્રી છે, કોઈ સાથે મારે વૈર નથી'.

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૪૯)**

શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્યવાળા જીવને આ સમ્યગ્દર્શન એ મૈત્રી-પ્રમોદ-કરૂણા-માધ્યસ્થ્યથી યુક્ત કરે છે.

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૪૯)**

પંચ પરમેષ્ઠિ શ્રી નમસ્કાર મહામંત્રના માહાત્મ્યથી બંધાયેલા અમે બધા તારા પુણ્યથી પવિત્ર શરીરમાં પ્રવેશ કરીશું.

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૫૭)**

સર્વ શાસ્ત્રોના મંથન કરીને તથા વારંવાર વિચારીને એક સાર પ્રાપ્ત થયો છે કેઃ હંમેશા પરમાત્માનું ધ્યાન કરવું જોઈએ.

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૭૩)**

હાથ-પગ વગરનો પણ તે શીઘ્ર ગતિ ગ્રહણ કરનાર છે, ચક્ષુ વિનાનો તે જુએ છે, કાન વગરનો સાંભળે છે, જાણવાલાયક સર્વ તે જાણે છે અને તેને જાણનાર નથી, તે અગ્ર પુરુષને 'મહાન' કહે છે.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૭૪)**

પ્રત્યુપકારની અપેક્ષા વગરની પ્રીતિ તે મૈત્રી છે. હંમેશા આવી ભાવનાનો અભ્યાસ કરવાથી સામ્યસ્વરૂપ શુભ ભાવની પ્રાપ્તિ થાય છે, જેને અન્ય દર્શનકારો 'પ્રશાન્તવાહિતા' કહે છે. આ પ્રમાણે શુદ્ધ ઉપયોગસ્વરૂપ ધર્મમાં સામ્ય (દ્વેષના ઉપશમ) દ્વારા મૈત્રીની ભાવનાનો ઉપયોગ થાય છે, એમ નક્કી થયું.

ૐ

**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૭૪)**

હું રાજ્ય, સ્વર્ગ કે અજન્માવસ્થાની ઈચ્છા કરતો નથી. હું તો દુઃખી જીવોના દુઃખોનો નાશ થાય એવું ઈચ્છું છું.

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૭૯)**

બ્રહ્મને બ્રહ્મ અર્પણ કરવું. બ્રહ્મરૂપી યજ્ઞના અગ્નિમાં બ્રહ્મ વડે હોમાયેલું બ્રહ્મ જ બ્રહ્મકર્મ સમાધિ વડે પ્રાપ્ત કરવા યોગ્ય છે. - ગીતા અ-૪, શ્લોક ૨૪

**પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૧૯૦)**

ઉપયોગમય જીવ અમૂર્ત છે. સંસારમાં રહેલો જીવ સ્વદેહ જેટલા પ્રમાણવાળો, કર્તા અને ભોકતા છે. મુકત જીવ, વિશ્રસા એટલે કે સહજ પરિણામથી જ ઉર્ધ્વગતિવાળો છે.

- દ્રવ્યસંગ્રહ ગાથા ૨

**પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૨૦૨)**

જેમ સ્વયંને જાણ્યા વિના પોતાને આવતું સ્વપ્ન ક્ષય થતું નથી, એ રીતે આત્માની મુક્તિ જ્ઞાનથી જ છે, બીજાથી નહીં.

**પરિશિષ્ટ - ૨૬ (પૃષ્ઠ ૨૦૨)**

વૈખરી વાણી અને શબ્દઝરી એટલે કે અસ્ખલિત વાણીનો પ્રવાહ અને શાસ્ત્રનું સચોટ વ્યાખ્યાન કરવાની કુશળતા. આ બધું પંડિતોની પંડિતાઈ છે, (તે જીવનમાં પરિણત ન થાય) તો તે માત્ર આજીવિકા માટે બને છે, મુક્તિ માટે નહીં.

**પરિશિષ્ટ - ૨૭ (પૃષ્ઠ ૨૦૩)**

'દેહ એ જ આત્મા છે' આવા જ્ઞાનને બાધક એવું જ્ઞાન 'દેહ અને આત્મા જુદો છે' એવા જ્ઞાનની જેમ જેના આત્મામાં થાય છે, તે વ્યક્તિ ઈચ્છે નહીં તો પણ દેહ અને આત્માના વિવેકજ્ઞાનથી મુકત થાય છે.




ઉપર દર્શાવેલ ૬ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૩ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

ॐ ह्रीँ श्रीँ अर्हं नमः ।



नमः ।

અકાર જેની આદિમાં અને
હકાર જેના અંતમાં છે
તથા મધ્યમાં બિન્દુ સહિત રેફ છે,
તે પરમતત્ત્વને જે જાણે છે, તે તત્ત્વનો જાણકાર છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in